Gurjar nagar referred to in the inscription is used for the city of Ahmedabad, the then capital of Gujarat. Mirat-i-Ahmadi refers to Raghunāthadāsa as the personal Diwan of Moez-ud-daula-Haidara Kulikhana, a subedar of Gujarat. Haidara Kulikhana was the Hakem of Surat and in 1715 he started to build Ālamapanāha fort round the suburbs of Surat. In 1717 he established the Haidar suburb in Surat. He came back to Ahmedabad in 1721. during that time Diwan Raghunāthadāsa was working as a deputy of Surat harbour. He also came to Ahmedabad.

During the time of Nizam-Ul-Mulk Raghunāthadāsa handed over the work to his son-in-law Bhogilal and retired from the responsibility.

Looking to the trench of the fort, full of rainwater near Panchkuva situated between Sarangpur and Kalupur gates, Raghunāthadās built the stepwell to get pure water instead of salty water.

Darogas were the superintending officers of the departments of customs, police, jail and treasury etc. Thakur paramānand referred to in the inscription was the chief officer of the sipais (police).



અમૃતવર્ષિણી વાવનો સંસ્કૃત શિલાલેખ



અમૃતવર્ષિણી વાવનો ફારસી શિલાલેખ

# गांधी, फेनो एवं राष्ट्रीय अभिजन का विमर्श

◆

**डॉ. प्रेम आनंद मिश्र***

**प्रस्तावना**

प्रस्तुत अध्ययन उपनिवेशवाद के संदर्भ में राष्ट्रीय अभिजन की भूमिका पर गांधी तथा फ्रेंज फेनो के विचारो का तुलनात्मक विवेचन है। यह विवेचन मूलतः गांधी के हिंद स्वराज (१९०९) तथा फेनो के **द रेचेड ओफ द अर्थ** (१९६७) में वर्णित राष्ट्रीय अभिजन के विमर्श पर आधारित है।[१] वस्तुतः राष्ट्रीय अभिजन का यह विमर्श दोनों लेखकों द्वारा उपनिवेशवाद के विश्लेषण एवं वि-उपनिवेशीकरण[२] के संदर्भ में प्रगट होता है। इन विमर्शों में दो महत्त्वपूर्ण तर्क उभरते हैं। प्रथम गांधी एवं फेनो दोनो ही राष्ट्रीय अभिजन को उपनिवेशवाद के एक अभिक्रम के रूप में देखते है साथ ही वि-उपनिवेशीकरण की प्रक्रिया के शुरूआत भी उन्हीं से करना चाहते हैं। इस मौलिक परिवर्तन के लिए जहाँ 'हिंद स्वराज' में गांधी राष्ट्रीय अभिजन के नैतिक रूपांतरण पर बल देते है, वहीं फेनो 'द रेचेड ओफ द अर्थ' में ऐतिहासिक चरणों में राष्ट्रीय अभिजनों के मनोवैज्ञानिक परिवर्तन को रेखांकित करते है। दूसरे, दोनो ही राष्ट्रीय अभिजन के उस चरित्र की ओर संकेत करते है जो नव-उपनिवेशवाद के आसन्न खतरे को इंगित करता है।

यद्यपि गांधी तथा फेनो उपनिवेशवाद के विश्लेषण एवं वि-उपनिवेशीकरण की पद्धति[३] के संबंध में बिलकुल विपरीत ध्रुव पर है परंतु राष्ट्रीय मुक्ति का अर्थ दोनों के लिए सिर्फ सत्ता के हस्तांतरण तक सीमित नही है बल्कि एक नये मनुष्य के जन्म तथा नवीन व्यवस्था के सर्जन करने से भी है। इस हेतु सर्वप्रथम वे अपने अपने संदर्भ में उपनिवेशवाद की आलोचना में राष्ट्रीय अभिजन की स्थिति को निर्दिष्ट करते हैं।

**गांधी, उपनिवेशवाद की समीक्षा एवं राष्ट्रीय अभिजन**

भारत में ब्रिटिश उपनिवेशवाद के कारणों की समीक्षा करते हुए 'हिंद स्वराज' के हिंदुस्तान कैसे गया? प्रकरण में गांधी एक लंबा अवतरण, कई तर्को के साथ रखते है।

''हिन्दुस्तान अंग्रेजों ने लिया सो बात नहीं है, बल्कि हमने उन्हें दिया है। हिन्दुस्तान में वे अपने बल से नहीं टिके हैं, बल्कि हमने उन्हें टिका रखा है। वह कैसे सो देखें। आपको में याद दिला रहा हूँ कि हमारे देश में वे दरअसल व्यापार के लिए आये थे। आप अपनी कंपनी बहादुर को याद कीजिये। उसे बहादुर किसने बनाया ? वे बेचारे तो राज करने का इरादा भी नहीं रखते थे। कंपनी के लोगों की मदद किसने की ? उनका माल कौन बेचता था ? इतिहास सबूत देता है कि यह सब हम ही करते थे।[४]

यहाँ यह तर्क किया जा सकता है : 'हम' के द्वारा गांधी किसे संबोधित कर रहे है ? इस के दो संभवित उत्तर है। प्रथम, यह सामान्य भारतीयों की ओर संकेत हो सकता है। परंतु गांधी 'हिंद स्वराज' में कईं स्थानों पर यह उल्लेख करते है कि सामान्य भारतीय आज भी उपनिवेशवाद से प्रभावित नहीं है तथा अपना जीवन परंपरागत शैली (स्वराज) से जी रहे है।[५]

तो क्या गांधी का संकेत एक विशिष्ट वर्ग की ओर है ? वस्तुतः गांधी 'हिंद स्वराज' में इस तथ्य

---

* सहायक अध्यापक, गांधीदर्शन विभाग, गूजरात विद्यापीठ, अहमदाबाद

को बार बार उजागर करते है कि अंग्रेजी शिक्षा प्राप्त किया एक विशिष्ट वर्ग - वकील, डॉक्टर, समृद्ध वर्ग - का निहित स्वार्थ ही भारत में उपनिवेशवाद की स्थापना एवं स्थायीत्व का कारण है ।[६]

वस्तुतः गांधी मानते है कि राष्ट्रीय अभिजन का यह निहित स्वार्थ उनके नैतिक पतन को सूचित करता है जो उपनिवेशवाद के स्थापित होने तथा कायम रखने के लिए जवाबदार है । अतः उनका तर्क है "अंग्रेजों को हम हिन्दुस्तान में सिर्फ़ अपनी गरज़ से रखते हैं। हमें उनका व्यापार पसंद आता है। वे चालबाजी करके हमें रिझाते हैं और रिझाकर हमसे काम लेते है । इसमें उनका दोष निकालना उनकी सत्ता को निभाने जैसा है ।"[७] एक प्रमेय के रूप में गांधी प्रस्तुत करते है, कि "हिन्दुस्तान गया ऐसा कहने के बजाय ज्यादा सच यह कहना होगा कि हमने हिन्दुस्तान अंग्रेजों को दिया ।"[८] उप-पाठ के रूप में यह प्रमेय गांधी के उपनिवेशवाद के विश्लेषण के एक नये आयाम को भी प्रगट करता है ।

राष्ट्रीय अभिजन के नैतिक पतन को उपनिवेशवाद के लिए जिम्मेवार मानकर गांधी उन उपनिवेशवादी विमर्श तथा उनसे सहमत कोई राष्ट्रवादिओं जैसे बंकिम इत्यादि के विचारों को अस्वीकार करते है जिसमें यह प्रस्तुत किया गया था कि भारतीय सभ्यता का पिछड़ापन अथवा भारतीय संस्कृति में आधुनिकता के अभाव के कारण देश गुलाम हुआ ।[९] दूसरे शब्दों में गांधी इस तर्क को अस्वीकार करते है कि भारत इसलिए उपनिवेश बना क्योंकि यह सभ्य नहीं था तथा इस में उन सांस्कृतिक गुणों के अभाव थे, जो ब्रिटिश शक्ति का सामना कर सकते। इस तर्क से एक ओर जहाँ गांधी उपनिवेशवाद के सभ्यता-मिशन के तर्क को अस्वीकार करते है वही दूसरी ओर नैतिकता के आधार पर भारत के पुनर्निर्माण की रूपरेखा तैयार करते है ।

इस के अतिरिक्त गांधी इस तथ्य से भी इनकार करते है कि भारत में ब्रिटिश उपनिवेशवाद के स्थापना का कारण ब्रिटेन की सैन्यशक्ति की दृष्टि से भारत से श्रेष्ठ होना था । उनका तर्क है, 'उन्होंने तलवार से हिन्दुस्तान लिया एसा उनमें से कुछ कहते हैं और ऐसा भी कहते हैं कि तलवार से वे उसे रख रहे हैं। ये दोनों बातें गलत हैं । हिन्दुस्तान को रखने के लिए तलवार किसी काम में नहीं आ सकती, हम खुद ही उन्हें यहाँ रहने देते हैं ।'[१०]

गांधी के उपनिवेशवादी विश्लेषण का एक महत्त्वपूर्ण पहलू यह है कि वे उपनिवेशवाद के अभिक्रम को पश्चिमी सभ्यता/आधुनिक सभ्यता की अभिव्यक्ति मानते है । लेनिन ने जिस तरह से उपनिवेशवाद को पूंजीवाद के साथ जोड़ा उसी प्रकार गांधी उपनिवेशवाद को आधुनिक सभ्यता के प्रतिफलन के रूप में देखते है ।[११] हिंद स्वराज में गांधी आधुनिक सभ्यता की उत्तर औद्योगिक आलोचना प्रस्तुत करते हुए यह प्रगट करते है कि आधुनिक औद्योगिक वस्तुओं का उपयोग भौतिक सभ्यता को प्रदर्शित करता है तथा इन वस्तुओं का उपयोग एक प्रकार से उपनिवेशवादी शक्तिओं, मूल्यों एवं संस्थाओं की स्वीकृति है । आधुनिक सभ्यता के व्युत्पन्न उपनिवेशवाद की यह आलोचना सिर्फ राजनैतिक आर्थिक परिणाम को ही व्यक्त नहीं करती बल्कि कहीं गहराई में औपनिवेशक शासन के सांस्कृतिक परिणाम की भी व्याख्या प्रस्तुत करती है जो उनकी दृष्टि में राजनैतिक आर्थिक प्रभावों से कहीं ज्यादा घातक है। अतः उपनिवेशवाद के लिबास में लिपटी यह आधुनिक सभ्यता से गांधी कि सबसे बड़ी शिकायत यह है कि यह भारत को अधार्मिक बना रही है ।[१२]

अतः उपनिवेशवाद के संदर्भ में गांधी इस निष्कर्ष पर पहुँचते है कि आधुनिक सभ्यता के मूल्यों का धीमे धीमे परंतु लगातार जिस प्रकार से प्रसार हुआ है तथा हो रहा है वह एक खास वर्ग-राष्ट्रीय अभिजन वर्ग - को विकसित कर रहा है, जो भारत में ब्रिटिश सत्ता के बने रहने का वास्तविक कारण है ।

इस के अतिरिक्त एक व्यूहरचना के रूप में उपनिवेशवाद जिस प्रकार योजनाबद्ध, सुसंगठित तथा तथाकथित वैज्ञानिक ढंग से उपनिवेशवादी मूल्यों को उपनिवेश के लोगों के बीच संचार करता है उससे राष्ट्रीय अभिजन तथा सामान्य लोग के बीच एक खाई बन जाती है ।[१३]

हिन्द स्वराज के प्रारंभ में गांधी व्यक्त करते है कि राष्ट्रीय अभिजन उपनिवेशवाद के विरुद्ध एक सकारात्मक विकल्प को नहीं प्रस्तुत करते बल्कि इन की नैतिक चेतना पश्चिमी राजनीति, अर्थनीति तथा संस्कृति के अनुकरण को दर्शाती है ।[१४] अत: राष्ट्रीय अभिजन का यही सांस्कृतिक अलगाव उपनिवेशवाद को स्थायी रखने में प्रभावी भूमिका निभाता है । गांधी के शब्दो में ये 'आधे अंग्रेज' है जो भारतीय गुलामी का कारण है ।[१५]

### फेनो, उपनिवेशवाद की समीक्षा एवं राष्ट्रीय अभिजन

यदि गांधी राष्ट्रीय अभिजन के नैतिक पतन को भारत में ब्रिटिश उपनिवेशवाद का कारण मानते है तो फेनो अलजीरिया में फ्रांसिसी उपनिवेशवाद का विश्लेषण करते हुए यह कहते है कि औपनिवेशिक शासन पूर्ण शक्ति अथवा हिंसा द्वारा समर्थित होता है ।[१६] उनका तर्क है कि औपनिवेशिक शासन का प्राथमिक उद्देश्य मातृदेश को लाभान्वित करना है जिस कारण स्वभावत: उपनिवेश की अर्थव्यवस्था कमजोर हो जाती है । उस तर्क को आगे बढ़ते हुए फेनो कहते हैं, कि इस व्यवस्था को परम सत्तापूर्ण शासन तथा राजनैतिक सत्ता के एकाधिपत्य द्वारा बनाये रखा जाता है जो मूलत: पूर्ण शक्ति अथवा हिंसा द्वारा समर्थित होता है। अत: औपनिवेशिक विश्व एक परम विभाजन - स्थानीय एवं उपनिवेशवादी बूर्जुआ के रूप में प्रगट होता है । इस विभाजन को स्थापित करने, जारी रखने तथा उसका पुनरुत्पादन लगातार हिंसा द्वारा किया जाता है जो उपनिवेशवाद की सबसे बड़ी विशिष्टता है । उसके अतिरिक्त स्थानीय लोगों को सिर्फ आर्थिक क्षेत्र से ही निष्कासित नहीं किया जाता बल्कि उनकों सामाजिक राजनैतिक क्षेत्र में भी हाशिए पर रख दिया जाता है ।

वस्तुत: फेनो 'द रेचेड ऑफ ध अर्थ' में उपनिवेशवाद के कारण को स्थापित कर उसके सांस्कृतिक मनोवैज्ञानिक परिणाम पर ज्यादा ध्यान केन्द्रित करते है । औपनिवेशिक आधिपत्य को 'समग्र' मानते हुए फेनो उन अभिक्रमों की चर्चा करते है जिससे विजित राष्ट्र का सांस्कृतिक जीवन नष्ट हो जाता है । उनके शब्दो में,

"Colonial domination, because it is total and tends to oversimplify, very soon manages to disrupt in spectacular fashion the cultural life of a conquered people. This cultural obliteration is made possible by the negation of national reality, by new legal relations introduced by occupying power, by the banishment of the natives and their customs to outlying districts by colonial society, by expropriation, and by the systematic enslaving of men and women."[१७]

फेनो का तर्क है कि उपनिवेशवाद सिर्फ व्यक्ति के मनोविज्ञान को ही प्रभावित नहीं करता बल्कि यह उपनिवेश बने राष्ट्र के अतीत को भी विविध तर्कों के माध्यम से नष्ट करने का प्रयास करता है । उनके शब्दो में,

"Colonialism is not satisfied merely with holding a people in its grip and emptying the natives' brain of all form and content. By a kind of perverted logic, it

turns to the past of the oppressed people, and distorts, disfigures and destroys it."[१८]

अतः इन तर्कों के माध्यम से फेनो यह स्थापित करते है कि उपनिवेशवाद की राजनीति-स्थानीय लोगो के मनोवैज्ञानिक आधिपत्य से द्वंद्वात्मक रूप से जुड़ी है ।

वस्तुतः फेनो की आलोचना का सबसे महत्त्वपूर्ण बिंदु उपनिवेश बने राष्ट्र के लोगों का तीव्र अन्यीकरण है। उनके अनुसार स्थानीय लोगों के योजनाबद्ध ढंग से सांस्कृतिक संरचनात्मक अवनमन एवं उपनिवेशवादिओं की सामाजिक सांस्कृतिक सर्वश्रेष्ठता की परोक्ष घोषणा स्थानीय लोगो को हीन मानव के रूप में निरूपित करती है जिससे स्थानीय लोगो का अस्तित्व एक उपनिवेश के रूप में लज्जाजनक बन जाता है ।[१९] इस के अतिरिक्त वे उपनिवेशवादिओं के इस तर्क को भी उजागर करते है की अगर उपनिवेशवादी चले गये तो स्थानीय लोग पुनः बर्बरता के युग में चले जाएगे ।[२०]

उनके अनुसार इसका मनोवैज्ञानिक परिणाम यह होता है कि उपनिवेश बने राष्ट्र में व्यक्ति की चेतना दो भागों में बँट जाती है तथा वे स्वयं को अस्वीकृत कर उपनिवेशवादी मूल्यों को स्वीकार करने लगते है।[२१] फेनो का तर्क है कि यह मनोवैज्ञानिक परिणाम सर्वप्रथम स्थानीय बौद्धिक वर्ग में घटित होता है जो उपनिवेशवादी मूल्यो को आत्मसात् कर उनके जैसा बनने का प्रयत्न करते है जब कि सामान्य जनता परंपरागत ढ़ंग से जीवन जीती रहती है । फेनो के अनुसार,

"While the mass of people maintain intact traditions which are completely different from those of the colonial situation, and the artisanal style solidifies into a formalism which is more and more stereotyped, the intellectual throws himself in frenzied fashion into the frantic acquisition of the culture of the occupying power and takes every opportunity of unfavorably criticizing his own culture...."[२२]

यहाँ राष्ट्रीय अभिजन के बारे में गांधी एवं फेनो के बीच वैचारिक साम्यता दिखती है । वस्तुतः राष्ट्रीय अभिजन एवं सामान्य लोगो के बीच के अंतर को गांधी तथा फेनो दोनों दर्शाते है । आश्चर्यजनक ढ़ंग से दोनों ही सामान्य लोगों को अपने देश कि संस्कृति को स्थायी रखने वाला मानते है तथा राष्ट्रीय अभिजन को उपनिवेशवाद का अभिक्रम मानते है ।

उपरोक्त विश्लेषण के आलोक में फेनो एवं गांधी के उपनिवेशवाद की आलोचना में राष्ट्रीय अभिजन की स्थिति को देखा जा सकता है। दोनो ही उपनिवेशवाद के सांस्कृतिक राजनैतिक प्रभावो को राष्ट्रीय अभिजन के परिप्रेक्ष्य में देखते है । फिर भी जहाँ फेनो की आलोचना उपनिवेशवाद तक ही सीमित रहती है गांधी उसे आधुनिक सभ्यता के साथ जोड़ कर देखते है । मनोवैश्लेषिक होने के कारण फेनो जहाँ उपनिवेशवाद के मनोवैज्ञानिक प्रभाव को ज्यादा प्रभावी ढंग से प्रस्तुत करते है वही गांधी भारतीय परंपरा के धार्मिक तत्त्व का अनुशीलन करते हुए राष्ट्रीय अभिजन पर उपनिवेशवाद के नैतिक प्रभाव को ज्यादा बारिकी से उकेरते है । फिर भी दोनों की आलोचना का केन्द्रीय तत्त्व राष्ट्रीय अभिजन में व्याप्त अलगाव है ।

फेनो कि दृष्टि में पश्चिमी शिक्षा प्राप्त किया स्थानीय बौद्धिक स्वयं की बजाय स्थानीय जन समुदाय के औपनिवेशिक देश के बुर्जुआ से स्वयं को ज्यादा करीब पाते है । उन के अनुसार स्थानीय बौद्धिकों की यह भूमिका उपनिवेशवादी प्रतिरोध को ज्यादा जटिल बना देती है । वही गांधी के अनुसार राष्ट्रीय अभिजन का नैतिक पतन तथा उपनिवेशवादी मूल्यों के अनुकरण तथा उन्हें श्रेष्ठ समझने की धारणा उपनिवेशवाद के

विरुद्ध प्रतिरोध के लिए घातक है ।

इन वर्गो को उपनिवेशवाद के एक अभिक्रम के रूप में निरूपित करने के बाद विउपनिवेशीकरण हेतु राष्ट्रीय चेतना एवं संस्कृति के निर्माण में गांधी एवं फेनो अपने अपने संदर्भ में उनके मौलिक रूपांतरण की रूपरेखा प्रस्तुत करते है ।

अलजीरियाई राष्ट्रवाद के संदर्भ में चर्चा करते हुए फेनो उपनिवेशवाद के विरुद्ध राष्ट्रीय संस्कृति के निर्माण में राष्ट्रीय बौद्धिकों की भूमिका को तीन चरण में देखते है । प्रथम स्थानीय बौद्धिक पूर्णतः उपनिवेशवादी मूल्यों का अनुकरण करते है तथा अपनी सांस्कृतिक परंपराओं की अवहेलना करते है ।[२३] फेनो इस चरण को आत्मसातीकरण का चरण करते है जिसमें राष्ट्रीय अभिजन अपने देशवासीओं से बिलकुल अलग अलग रहते है एवं स्वयं का उपनिवेशवाद के साथ तादात्म्य रखते हे । दूसरे चरण में राष्ट्रीय अभिजन अनुकरण से असंतुष्ट हो कर अतीत की तरफ पूरी तरह झुक जाते है । फेनो इसे युद्ध-पूर्व-की अवस्था मानते है ।[२४] यह स्वरूप आलोचनाविहिन होता है तथा फेनो मानते है इस सांस्कृतिक महिमा मंडन में राष्ट्रीय अभिजन यह भूल जाते है कि उनका संघर्ष वर्तमान में हो रहा है अतीत में नहीं । अपने संस्कृति का महिमामंडन ही महत्त्वपूर्ण नही है बल्कि संस्कृति के तत्त्वों को संघर्ष के रूप में लाभबंद करने की जरूरत पर वे बल देते है । फेनो के अनुसार इस अवस्था में भी राष्ट्रीय अभिजन आम लोगों से दूर ही रहते है तथा उनका संबंध उनसे बाहरी ही बना रहता है । तीसरे चरण को फेनो संघर्ष का चरण कहते है ।[२५] जिस में राष्ट्रीय अभिजन उपनिवेशवाद के विरुद्ध संघर्ष में लोगो के साथ प्रत्यक्ष रूप से भाग लेते है । इस चरण में निष्क्रिय परंपराओ को उपनिवेशवाद के सामने संघर्ष में एक गत्यात्मक रूप देने का प्रयत्न किया जाता है तथा परम्परागत संस्कृति की पुनर्व्याख्या की जाती है ।[२६] यह नवीन राष्ट्रीय चेतना को जन्म देता है ।

यदि फेनो 'द रेचेड ओफ द अर्थ' में राष्ट्रीय अभिजन के मनोवैज्ञानिक परिवर्तन की ऐतिहासिक चरणों में व्याख्या करते है तो गांधी हिंद स्वराज में राष्ट्रीय अभिजन के नैतिक रूपांतरण पर बल देते है। वस्तुतः भारतीय राष्ट्रीय अभिजन किस प्रकार स्वराज प्राप्त कर सकते है यह हिन्द स्वराज का एक मूलभूत तर्क है। इस संदर्भ में हिंद स्वराज के अंतिम प्रकरण में इस तर्क को बडे ही कलात्मक शैली में प्रस्तुत किया जाता है ।

पाठक : राष्ट्र से आप क्या कहेगे ?

संपादक : राष्ट्र कौन ?

विस्तृत रूप में 'हिन्द स्वराज' में राष्ट्र का अर्थ शुरू से अंत तक प्रजा के रूप में किया गया है परंतु इस बिंदु पर आकर वे इसका विशिष्ट अर्थ करते है। पाठक के द्वारा वे इस विशिष्ट अर्थ को उजागर करते है ।

पाठक : अभी तो आप जिस अर्थ में यह शब्द काम में लेते हैं उसी अर्थवाला राष्ट्र, यानि जो लोग यूरोप की सभ्यता में रंगे हुए हैं, जो स्वराज्य की आवाज़ उठा रहै हैं ।[२७]

वस्तुतः यह कुछ इस प्रकार है, मानो गांधी इस बात पर बल देते है कि राष्ट्रीय अभिजन विशेष अर्थ में राष्ट्र है ।

इस प्रकार 'हिन्द स्वराज' यह सिद्धांत प्रस्तुत करता है कि राष्ट्र निर्माण राष्ट्रीय अभिजन के हाथ में है । वस्तुतः इस सिद्धांत की एक महत्त्वपूर्ण निष्पत्ति यह है कि भारत एक राष्ट्र के रूप में भारतीय

राष्ट्रीय अभिजन - वकील, डोक्टर, राजकीय नेता, समृद्धि वर्ग के नैतिक चरित्र पर निर्भर करता है। यह ध्यान देने योग्य है कि गांधी इन्ही वर्गों की तीव्र आलोचना प्रकरण ११ में वकील तथा प्रकरण १३ में डोक्टर की अपनी पाठ में प्रस्तुत करते है। गांधी इस बात से चिंतित है कि यह अभिजन वर्ग जो सामान्य प्रजा पर महत्त्वपूर्ण प्रभाव डालते हे वे पश्चिमी सभ्यता से संमोहित हो गए है जो राष्ट्र की एकता एवं अखंडितता को प्रभावित करता है। यहाँ गांधी राष्ट्रीय अभिजन को एक अभिभावक वर्ग के रूप में देखते है तथा उनकी दृष्टि में उन्हें नैतिक रूपांतरण की तरफ जा कर आम लोगों की सेवा करनी चाहिए। राष्ट्रीय अभिजन के इस नैतिक रूपांतरण हेतु हिन्द स्वराज के अंतिम प्रकरण में १९ बिंदु प्रस्तुत किये गए है जिस में ३ डोक्टर हेतु, ४ वकील हेतु तथा शेष समृद्ध वर्ग को संबोधित किया है। गांधी के अनुसार मात्र ऐसे ही नैतिक रूपांतरण से उन्हें वह जरूरी शक्ति प्राप्त हो सकती है जो स्वराज के लिए आवश्यक है।

**नव-उपनिवेशवाद के आसन्न खतरे**

राष्ट्रीय अभिजन को उनिवेशवाद के अभिक्रम के रूप में निरूपित करने तथा अपने अपने संदर्भ में उनके मौलिक रूपांतरण की रूपरेखा प्रस्तुत करने के साथ साथ 'हिंद स्वराज' तथा 'द रेचेड ओफ द अर्थ' दोनों नव-उपनिवेशवाद की संभावना की ओर भी संकेत करते है। राष्ट्रीय अभिजन के चरित्र को एक बार फिर से राष्ट्रीय मुक्ति के फलक पर रखकर विमर्श का निर्माण किया जाता है। इस संदर्भ में 'हिंद स्वराज' के प्रकरण ४ स्वराज क्या है ? में एक सटीक संवाद प्राप्त होता है।

संपादक - 'हम मान लें कि हमारी माँग के मुताबिक अंग्रेज चले गये। उसके बाद आप क्या करेंगे ?

पाठक - मान लें कि आप कहते हैं उस तरह वे चले गये, तो मुझे लगता है कि उनका बनाया हुआ विधान हम चालू रखेंगे और राज का कारोबार चलायेंगे।[२८]

वस्तुतः यह राष्ट्रीय अभिजन के उस औपनिवेशिक मानसिकता को प्रदर्शित करता है जिससे स्वतंत्रता के बाद उनिवेशवादी व्यवस्था तथा उनके अभिक्रमो का ही पुनरावर्तन किया जाना है।

भारत में स्वतंत्रता के बाद जिस प्रकार की व्यवस्था बनी उसमें वही विधान चालू रखे गये जो हिंद स्वराज का पाठक (राष्ट्रीय अभिजन) १९०९ में उजागर करता है। 'हिंद स्वराज' के हिन्दी संस्करण (१९५६) में गांधी जीके अनुयायी श्री काकासाहेब कालेलकर दो शब्द में लिखते है - 'धर्मपरायण, नीति-प्रधान पुरानी संस्कृति की प्रतिष्ठा जिसमें नहीं है, ऐसी ही शिक्षापद्धति भारत में आज प्रतिष्ठित है। न्यायदान पश्चिमी ढ़ंग से ही हो रहा है। इसकी तालीम भी जैसी अंग्रेजो के दिनों में थी वैसी ही आज है। अध्यापक, वकील, डोक्टर, इंजीनियर और राजनीतिक नेता-ये पांच मिलकर भारत के सार्वजनिक जीवन को पश्चिमी ढ़ंग से चला रहे है।'[२९]

वस्तुतः उपनिवेशवाद से मुक्ति के बाद के भारत का यह चित्र उन मूल्यों पर प्रश्न खडा कर देता है, जिसके लिए उपनिवेशवाद के विरुद्ध संघर्ष किया गया था।

गांधी की तरह फेनो भी लेटिन अमेरिका के देशो के अनुभव के आधार पर यह चर्चा करते है कि किस प्रकार राष्ट्रीय अभिजन नये ढ़ंग से पुरानी व्यवस्था को ही जारी रखता है। अपनी शैली में फेनो उजागर करते हुए लिखते है,

"In an under developed country an authentic national middle class ought to

consider as its bounden duty to betray the calling fate has marked out for it, and to put itself to school with the people : in other words to put at the people's disposal the intellectual and technical capital that it has snatched when going through the colonial universities. But unhappily we shall see that very often the national middle class does not follow his heroic, positive, fruitful and just path; rather, it disappears with his soul set at peace into shocking ways-shocking because anti-national- of a traditional bourgeoisie, of a bourgeoisie which is stupidly, contemptibly, cynically bourgeois."[30]

नव-उपनिवेशवाद की व्याख्या करते हुए वे कहते है - "The national bourgeoisie steps into the shoes of the former European settlement."[३१]

यह नव-उपनिवेशवाद राष्ट्र के अंदर एक 'आंतरिक उपनिवेश' की स्थापना करता है जिसमें राष्ट्रीय अभिजन सामान्य जनता से उसी प्रकार दूर हो जाते है जिस प्रकार से उपनिवेशवादी उपनिवेश बने राष्ट्र के लोगों से दूर रहते थे । इतना ही नहीं फेनो मानते है कि यह राष्ट्रीय अभिजन पश्चिमी उद्योगों एवं व्यवसायो के प्रबंधक की भूमिका में कार्य करना शुरू करते है और इस प्रकार से स्वतंत्र हुए राष्ट्र यूरोप के अप्रत्यक्ष गुलाम बने रहते हैं । "...because it lives to itself and cut itself from people, undermined by its hereditary incapacity to think in terms of all the problems of the point of veiw of the whole nation, the national middle class will have nothing better to do then to take on the role of manager for Western enterprise, and it will in practice set up its country as the brothel of Europe."[३२]

गांधी तथा फेनो इस तथ्य की ओर ध्यान आकृष्ट करते है की किस प्रकार नये स्वतंत्र राष्ट्र का राष्ट्रीय अभिजन अपनी विशिष्ट शिक्षा तथा सत्ता का उपयोग उपनिवेशवादी प्रशासन के ही पुनरावर्तन में कर सकता है । यह वर्ग नव-उपनिवेशवादी कहा जा सकता है क्योंकि यह अपने ही राष्ट्र के लोगो का शोषण उसी प्रकार कर सकता है जिस प्रकार उपनिवेशवादी करते थे । यह वर्ग सामान्य लोगो के हित में कार्य न कर पश्चिमी उपनिवेशवाद के अभिक्रम के रूप में कार्य कर सकते है । पुनः अपनी शिक्षा तथा सत्ता के बल पर वह ऐसी परिस्थितियों का निर्माण करता है जिससे उसे ही लाभ प्राप्त हो तथा सामान्य वर्ग शक्ति-हीन बना रहे । इस प्रकार राष्ट्र राजनैतिक रूप से स्वतंत्र भले हो गया हो परंतु आर्थिक एवं सांस्कृतिक रूप से वह पश्चिमी राष्ट्र अथवा उपनिवेशवादी राष्ट्र पर ही निर्भर रहता है । गांधी के शब्द में राष्ट्रीय अभिजनो के कारण यह परिस्थिति भारत को 'इंग्लिस्तान' बनाने जैसा है वही फेनो की दृष्टि में उपनिवेश बने राष्ट्र 'यूरोप के वैश्यालय' जैसे है । गांधी तथा फेनो इन परिस्थितियों को जनता के संघर्ष के साथ विश्वासघात के रूप में देखते है । राष्ट्रीय अभिजन के इस चरित्र के कारण फेनो तथा गांधी के लिए उपनिवेशवाद से मुक्ति सिर्फ राजनैतिक मुक्ति हो सकती है, आर्थिक एवं सांस्कृतिक नहीं । इस दृष्टि से आम जनता के आत्मनिर्धारण का प्रश्न महत्त्वपूर्ण हो जाता है । वस्तुतः राष्ट्रीय अभिजन के द्वारा यह संघर्ष के परिणामों का अपहरण है जो जनता को आत्मनिर्धारण के अधिकार से वंचित रखता है ।

## टिप्पणी एवं संदर्भ

१. हिन्द स्वराज गांधीजी की एक क्लासिक रचना है जो मूलतः आधुनिक सभ्यता की आलोचना के रूप में देखी जाती है । इसके अतिरिक्त यह उपनिवेशवादी विमर्श तथा राष्ट्रवादी विमर्श के रूप में एक

हस्तक्षेप के रूप में पढ़ा जा सकता है ।

'द रेचेड ओफ द अर्थ' फेनो (१९२५-१९६१) की एक महत्त्वपूर्ण रचना है । जिस में फ्रांसिसी उपनिवेशवाद के संदर्भ में उपनिवेशवादी हिंसा, राष्ट्रीय संस्कृति तथा राष्ट्रीय चेतना के खतरों के उपर गहरी चर्चा की गई है। दोनों ही पुस्तक में वि-उपनिवेशीकरण के संदर्भ में राष्ट्रीय अभिजन की भूमिका का कोई सुसंगठित उल्लेख नहीं है बल्कि राष्ट्रीय मुक्ति - गांधी के शब्दो में स्वराज तथा फेनो के शब्दो में नेशनल लिवरेशन - के विमर्श में उनकी भूमिका बार बार रखी जाती है । प्रस्तुत शोध पत्र इन्हीं विमर्श विश्लेषण पर आधारित है ।

राष्ट्रीय अभिजन 'हिंद स्वराज' में वकील, डोक्टर, समृद्ध वर्ग, मोडरेट राजकीय नेता, क्रांतिकारी राष्ट्रवादी नेता अंग्रेजी शिक्षा प्राप्त किए वर्ग के रूप में उभरता है वहीं 'द रेचेड ओफ द अर्थ' में यह वर्ग कलाकार, संगीतकार, राष्ट्रीय बौद्धिक तथा अंग्रेजी शिक्षा प्राप्त किए राष्ट्रीय नेता के रूप में चित्रित है । फेनो राष्ट्रीय अभिजन के लिए स्थानीय बौद्धिक शब्द का प्रयोग करते है जबकि गांधी राष्ट्रीय अभिजन के लिए 'हिंद स्वराज' में हम शब्द का प्रयोग करते है ।

राष्ट्रीय अभिजन की भूमिका के संदर्भ में 'हिन्द स्वराज' के प्रकरण ४; 'स्वराज क्या है ?', प्रकरण ७; 'हिंदुस्तान कैसे गया ?' तथा अंतिम प्रकरण २०; 'छुटकारा' ज्यादा ठोस सामग्री प्रस्तुत करते है । 'द रेचेड ओफ द अर्थ' में प्रकरण 2 : The pitfalls of National Consciousness एवं प्रकरण 3 : On National Culture. ज्यादा महत्त्वपूर्ण है ।

२. वि-उपनिवेशीतकरण के संदर्भ में फेनो का यह विचार है कि वि-उपनिवेशीकरण हमेशा एक हिंसक प्रक्रिया है जबकि गांधी वि-उपनिवेशीकरण को आधुनिक सभ्यता एवं प्राचीन सभ्यता के संघर्ष के रूप में देखते है ।

३. फेनो तथा गांधी के बीच अंतर बिलकुल स्पष्ट है - अगर गांधी धार्मिक, राजनैतिक शब्दावली में विमर्श रखते है तो फेनो सार्त्र के अस्तित्वमूलक मानवतावाद से प्रभावित है । ब्रिटिश साम्राज्यवाद के सामने अगर गांधी अहिंसा का धर्मशास्त्र विकसित करते है तो फेनो फ्रांसिसी उपनिवेशवाद के सामने सामूहिक हिंसा के प्रति प्रतिबद्धता दर्शाते है। फिर भी दोनों में कुछ समानताएँ है। दोनों अपनी शिक्षा औपनिवेशिक देश में ग्रहण करते है, गांधी एक वकील के रूप में तथा फेनो एक मनोचिकित्सक के रूप में अपने आपको स्थापित करना चाहते है । दोनों ही अपनी सैद्धांतिकी तीसरे देश-गांधी दक्षिण आफ्रिका में तथा फेनो अलजीरिया में ग्रहण करते है । शायद यही कारण है कि दोनों का उपनिवेशवाद के प्रति विरोध संगत-राष्ट्रवाद तर्क ही सीमित नही है ।

४. गांधी, मोहनदास करमचंद, 'हिन्द स्वराज', अहमदाबादः नवजीवन प्रकाशन, (२०१०), पृ. २१.

५. 'हिन्दुस्तानी सागर के किनारे पर ही मैल जमा है । उस मैल से जो गंदे हो गये हैं उन्हें साफ होना है। हम लोग ऐसे ही हैं और खुद ही बहुत कुछ साफ हो सकते हैं । मेरी यह टीका करोड़ों लोगो के बारे में नहीं है । हिन्दुस्तान को असली रास्ते पर लाने के लिए हमें ही असली रास्ते पर आना होगा । बाकी करोड़ों लोग तो असली रास्ते पर ही है ।' वही, पृ. ७६.

६. यह तर्क विशेष रूप से हिन्द स्वराज के अंतिम प्रकरण में उभरकर स्पष्ट रूप से सामने आता है । हिन्द स्वराज, प्रकरण २०, छुटकारा.

७. वही, पृ. २३

८. वही, पृ. २२

९. Chatterji, Parth. *Nationalist Thought and the Colonial world: A derivative discourse* ? London; Zed books. (1986), p. 86.

१०. उपरोक्त, 'हिन्द स्वराज', पृ. २२

११. Patel, A.J. (1997), *Hind Swaraj and Other Writings*, New Delhi : Foundation books. p.xx

१२. उपरोक्त, 'हिन्द स्वराज', पृ. २४.

१३. 'और फिर सारा हिन्दुस्तान उसमें (गुलामी में) घिरा हुआ नहीं है। जिन्होंने पश्चिम की शिक्षा पाई है और जो उसके पाश में फँस गये हैं, वे ही गुलामी में घिरे हुए हैं।' 'हिन्द स्वराज'. पृ. ४७

१४. अनुकरण की इस धारणा को 'हिन्द स्वराज' में पाठक (राष्ट्रीय अभिजन) कुछ इस रूप में रखता है। 'हम जो शिक्षा पाते हैं वह अगर कुछ काम की हो, स्पेन्सर, मिल बगैरा महान लेखकों के जो लेख हम पढते हैं वे कुछ काम के हों, अंग्रेजों की पार्लियामेन्ट पार्लियामेन्टों की माता हो, तो फिर बेशक मुझे तो लगता हैं कि हमे उनकी नकल करनी चाहिये, वह यहाँ तक कि जैसे वे अपने मुल्क में दूसरों को घुसने नहीं देते वैसे हम भी दूसरों को न घुसने दें। यों तो उन्होंने अपने देश में जो किया है, वैसा ओर जगह अभी देखने में नहीं आता। इस लिए उसे तो हमें अपने देश में अपनाना ही चाहिये। 'हिन्द स्वराज', पृ. १२.

१५. उपरोक्त, 'हिन्द स्वराज', पृ. ८३.

१६. उपनिवेशीकरण एवं वि-उपनिवेशीकरण हमेशा एक हिंसक प्रक्रिया है, Fanon, Frantz. *The Wretched of the Earth*, New York: Grove Press, (1963), p. 26.

१७. Fanon, Frantz, (1963), *The Wretched of the Earth*, New York: Grove Press, p. 236.

१८. वही, पृ. २१०. फेनो की दृष्टि में भौतिक वंचितता के साथ साथ सांस्कृतिक एवं मनोवैज्ञानिक वंचितता भी जुड जाती है।

१९. वही, पृ. २३६. "Every effort is made to bring the colonized person admit the inferiority of his culture which has been transformed into instinctive pattern of behavior, to recognize the unreality of his "nation", and, in the last extreme, the confused and imperfect character of his biological structure."

वस्तुतः एक विदेशी भाषा, संस्कृति तथा सामाजिक राजनैतिक मूल्यों को उपनिवेशवाद के माध्यम से स्थानीय लोगों में संचारित करना स्थानीय लोगों के उपनिवेश पूर्व के संस्कृति को नष्ट करने एवं उन्हें हाशिए पर लाने जैसा था। उपनिवेशवाद के मनोवैज्ञानिक विश्लेषण करते हुए फेनो कहते है, "Every colonized people - in other words in every people in whose soul an inferiority complex had been created by the death and burial of its local cultural originality -finds itself face to face with the language of the civilizing nation, that it with the culture of the the country's cultural standards." वही, पृ. १७,१८.

२०. वही, पृ. २११. "The effect consciously sought by colonialism was to drive into the natives' heads the idea that if the settlers were to leave, they would at once fall back into barbarism, degradation, and bestiality".

२१. वही, पृ. १९४. "Moral consciousness implies a scission, a fracture of consciousness into a bright part and opposing black part. In order to achieve morality it is essential

that black the Negro vanishes from consciousness."

२२. वही, पृ. २३७

२३. वही, पृ. २२२

२४. "Just-before-the battle phase". वही, पृ. २२२.

२५. "Fighting phase" वही, पृ. २२२.

२६. वही, पृ. २३२. "The colonized man who writes for the people ought to use the past with the intention of opening the future, as an invitation to action and a basis for hope."

२७. उपरोक्त, 'हिन्द स्वराज', पृ. ८४.

२८. वही, पृ.११. यह तर्क और प्रबल दिखता है जब गांधी इस का जवाब इन शब्दों में देते है। ''हमें अंग्रेजी राज्य तो चाहिये, पर अंग्रेज (शासक) नहीं चाहिये। आप बाघ का स्वभाव तो चाहते हैं, लेकिन बाघ नहीं चाहते। मतलब यहु हुआ कि आप हिन्दुस्तान को अंग्रेज बनाना चाहते हैं। और हिन्दुस्तान जब अंग्रेज बन जायगा तब वह हिन्दुस्तान नहीं कहा जायगा, लेकिन सच्चा इंग्लिस्तान कहा जायगा। यह मेरी कल्पना का स्वराज्य नहीं है।''

२९. वही, पृ. ६

३०. उपरोक्त, *The Wretched of the Earth*, पृ. १५०

३१. वही, पृ. १५२

३२. वही, पृ. १५४

# માનવદેહનો વૈદિક સંસ્કૃતિમાં સંદર્ભ

◆

ડૉ. હર્ષદેવ માધવ*

માનવદેહ પારાવાર દુઃખનો ખજાનો છે, સંસાર અસાર અને દોષોથી ભરેલો છે એવી માન્યતાઓ ભારતીય સંસ્કૃતિમાં પાછળથી આવી છે. મહાકવિ કાલિદાસ 'કુમારસંભવ'માં બ્રહ્મચારીના વેશમાં આવેલ શિવ પાસે પાર્વતીને પૂછાવે છે, 'પાર્વતી ! તપ કરીને તું શરીરને અતિશય કષ્ટ તો નથી આપતી ને ? શરીર તો ધર્મને સાધવાનું સૌ પ્રથમ સાધન છે'. (કુમાર. ૫.૩૩). ઋગ્વેદ (૧.૮૯.૮) ના ઋષિ કહે છે કે અમે કાનથી કલ્યાણવાચક શબ્દો સાંભળીએ, આંખોથી કલ્યાણકારક વસ્તુઓ જોઈએ, સ્થિર અંગોથી સ્તુતિ કરતાં કરતાં દેવતાઓના હિત માટે આયુષ્ય વીતાવીએ. અથર્વવેદ(૧૯.૬)માં બ્રહ્મા નામના ઋષિ વાણીની દેવીને વિનંતિ કરે છે, 'અમારા મુખમાં વાણી, નાસિકામાં પ્રાણ, નેત્રોમાં ઉત્તમ દષ્ટિ, કાનમાં શ્રવણ શક્તિ અને સફેદ ન હોય એવા કેશમાં સૌન્દર્ય રહે. અમારા દાંત અક્ષુણ્ણ રહે અને ભુજાઓમાં બળ રહે, અમારા ઊરુઓમાં ઓજસ્, પગમાં વેગ, સ્થિર ચાલવાનું સામર્થ્ય રહે. અમારાં બધાં અંગો-અવયવો નીરોગી રહે, અમારું આત્મબળ ઓછું ન થાય' (અથર્વવેદ, ૧૯.૬૦).

વૈદિક સંસ્કૃતિમાં ક્યાંય જીવનની નિંદા નથી. ઊલટું પૂર્ણ આયુષ્ય, સ્વસ્થતા, નીરોગિતા મેળવવાની પ્રાર્થનાઓ છે. ઋષિઓ માગે છે કે અમે સો વર્ષ સુધી જોઈએ - જીવીએ - વિકસતા રહીએ - વૃદ્ધિ પામતા રહીએ - સો વર્ષથી વધુ જીવવાનું થાય તો પણ જીવી લઈએ ! અમે સો વર્ષ સુધી જ્ઞાનસંપન્ન બનતા રહીએ. (અથર્વવેદ ૧૯.૬૭). અહીં ઋષિએ શરીરને પ્રસન્ન જીવનનું સાધન માનીને આનંદથી સંસારમાં રહેવાની પ્રાર્થના કેટલાં બધાં ક્રિયાપદો દ્વારા અભિવ્યક્ત કરી છે !

એક અન્ય સૂક્તમાં ઋષિ કહે છે કે સ્રષ્ટાએ સૃષ્ટિ રચના કરતી વખતે વામ, અસ્થિ, માંસ, મજ્જા વગેરેમાંથી શરીરનાં અંગો સજર્યાં અને એ પછી જુદા જુદા દેવતાઓએ શરીરનાં અંગોમાં પ્રવેશ કર્યો. સૂર્ય આંખોમાં, ચંદ્ર મનમાં, વાયુ ઘ્રાણેન્દ્રિયમાં - એ રીતે સર્વદેવો જુદી જુદી ઇન્દ્રિયોના સ્વામી બનીને પ્રવેશ્યા. સ્વપ્ન, નિદ્રા, આળસ, કુટિલતા, ચોરી, સત્ય, કીર્તિ, બળ, શક્તિ, દાનવૃત્તિ, કંજૂસાઈ, તૃષ્ણા, નિંદા, સ્તુતિ, શોક, શ્રદ્ધા-અશ્રદ્ધા, હાસ્ય-નૃત્ય, આલાપ-પ્રલાપ વગેરે સદ્ગુણો-દુર્ગુણો અને વૃત્તિઓ શરીરમાં પ્રવેશ્યાં. આ જાણનાર માણસ શરીરને બ્રહ્મ માને છે, કેમકે જેમ ગાયો ગૌ શાળામાં રહે તેમ દેવતાઓ અને દેવશક્તિઓ શરીરમાં રહે છે (અથર્વવેદ, ૧૧-૧૦). શરીરમાં અસ્થિ, માંસ, નખ, રૂવાંડાં-એ બધા પૃથ્વીના ગુણો છે. શુક્ર (વીર્ય), લોહી, મજ્જા, મળ, મૂત્ર - આ પાંચ પાણીના ગુણો છે.

નિદ્રા, ક્ષુધા, તૃષા, થાક, આળસ — એ પાંચ તેજના ગુણો છે. ધારણ, ચાલવું, ફેંકવું, સંકોચ કરવો, ફેલાવું - એ વાયુના પાંચ ગુણો છે.

કામ, ક્રોધ, મોહ, લજ્જા અને લોભ આકાશના ગુણો છે. એ રીતે પાંચ મહાભૂતોના પચ્ચીસ ગુણો (ગુણધર્મો) હોય છે એવું જ્ઞાનસંકલિની તન્ત્રનું નિરૂપણ છે ('જ્ઞાનસંકલિનીતન્ત્ર', ૨૦ થી ૨૫ શ્લોકો).

આ શરીર ભોગ અને મોક્ષ પામવાનું સાધન હોવાથી એને પીડા ન આપવી જોઈએ. રાફડા પર લાકડી મારવાથી સર્પ ન મરે એમ શરીરને કષ્ટ આપવાથી મુક્તિ થતી નથી એવું 'કુલાર્ણવતન્ત્ર' સ્પષ્ટ લખે છે (૧-૧૬). ભગવદ્ગીતામાં કૃષ્ણ ભગવાન પણ યોગ માટે મધ્યમમાર્ગ સૂચવે છે. યોગ્ય આહાર, યોગ્ય

---

* અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, હ.કા.આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

વિહાર, ઉચિત પ્રમાણમાં ભોજન અને ઊંઘથી જ યોગ સિદ્ધ થાય છે. શરીરમાં મહાભૂતો અને ઇન્દ્રિયોને કષ્ટ આપીને કરાતાં તપથી આત્મા પણ અપ્રસન્ન રહે છે (ભગવદ્‌ગીતા, ૧૭-૬). 'કુલાર્ણવ તંત્ર' શરીરનું આધ્યાત્મિક મહત્ત્વ સ્થાપતાં કહે છે કે -

**देहो देवालयो देवि जीवो देवः सदाशिवः ।**
**त्यजेदज्ञाननिर्माल्यं सोऽहम्भावेन पूजयेत् ॥**

('કુલાર્ણવતન્ત્ર', ૯.૪૧)

શિવ પાર્વતીને કહે છે કે હે દેવી ! આ દેહ દેવાલય છે, જીવ સદાશિવ છે. અજ્ઞાન રૂપી નિર્માલ્યને ત્યજીને 'સોઽહમ્' (હું એ બ્રહ્મ જ છું.) એ ભાવે શરીરના અવિનાશી તત્ત્વની આરાધના કરવી જોઈએ.

અંતમાં શિવ માનસપૂજાનો આ મંત્ર પ્રસન્નતા, સુખ અને શુભદૃષ્ટિ કેળવવા માટે મદદગાર થાય તેવો છે.

'હે ઈશ્વર ! તમે આત્મા છો, પાર્વતી બુદ્ધિ છે, પ્રાણો શિવના ગણો છે, શરીર શિવાલય છે, વિષયોનો ઉપભોગ તમારી પૂજા છે, નિદ્રા સમાધિ છે, સંસારમાં સંચરણ તમારી પ્રદક્ષિણા છે, મારી આર્ષ વાણી તમારાં સ્તોત્રો છે. હું જે કાંઈ કરું છું તે તમારી આરાધના માત્ર છે.

'હારીત સંહિતા' આયુર્વેદનો ગ્રંથ છે. તેમાં મહર્ષિ આત્રેય કહે છે કે મનુષ્યદેહ પાંચ મહાભૂતો, પાંચ જ્ઞાનેન્દ્રિયો (શ્રોત્ર, ત્વચા, નેત્ર, જિહ્વા, ઘ્રાણ), પાંચ કર્મેન્દ્રિયો (વાક્, પાણિ, પાદ, પાયૂ, ઉપસ્થ) અને રસ, લોહી, માંસ, મેદ, અસ્થિ, મજ્જા તથા વીર્ય એ સાત ધાતુઓનો બનેલો છે. આ દેહમાં દસ પ્રાણ અને વાત, પિત્ત અને કફ નામના ત્રણ દોષો છે. શરીરનો શ્યામ વર્ણ વાત પ્રકૃતિને લીધે હોય છે, ગોરો વર્ણ પિત્ત પ્રકૃતિને લીધે હોય છે અને કફથી શ્યામ, ઘણા વાળવાળો દેહ થાય છે. કફ પ્રકૃતિવાળાને ઘણા રૂંવાટાં અને ગર્વિષ્ઠ સ્વભાવ હોય છે. પિત્ત પ્રકૃતિવાળો માણસ ઓછાં રૂંવાટાંવાળો ગર્વવાન હોય છે. કફથી શરીર સ્નિગ્ધ હોય છે, પિત્તથી શરીર રુક્ષ બને છે.

પાંચ મહાભૂતોમાં આકાશથી તેજ, તેજથી ગર્વ, ગર્વથી પરાક્રમ, પરાક્રમથી અહંકાર, અહંકારથી કોપ, કોપથી તમોગુણ, તમોગુણથી પાપ જન્મે છે. આકાશથી સત્ત્વ, સત્ત્વથી સત્ય, સત્યથી તપ, તપથી નીતિ, નીતિથી વિવેક, વિવેકથી શાંતિ અને શાંતિથી ધર્મ ઉત્પન્ન થાય છે.

રસ તન્માત્રા(જળ)થી કામ, કામથી અભિલાષા, અભિલાષાથી પ્રજા, પ્રજાથી મૈત્રી, મોહ, માયા, ભ્રાન્તિ અને પાપ જન્મે છે. આ રીતે આ દેહ દ્વારા જ પુણ્ય-પાપ, જન્મ-મૃત્યુ થાય છે.

('હારીત સંહિતા', છઠ્ઠું સ્થાન, પ્રથમ અધ્યાય)

શરીર અંગેની વૈદિક સંસ્કૃતિની આ વિભાવના જીવન-ચક્રની પૂર્ણતા માટેની છે. ચક્રની ધરી જેમ 'શરદઃશતમ્' (સો શરદ - સો વર્ષો) શબ્દ ગોઠવાય છે.




શરીરને આધિભૌતિક-આધિદૈવિક-આધ્યાત્મિક પ્રગતિ માટે ઉપયોગી માનવાનો આ અભિગમ આપણને આશાવાદી બનાવે છે. આપણું પૃથ્વી પર આગમન નિરર્થક નથી.

# અથર્વવેદ : એક પરિચય+

◆

પ્રા. ડૉ. શાન્તિકુમાર એમ. પંડ્યા*

**शन्नो देवीरभिष्टय आपो भवन्तु पीतये । शं योरभिस्त्रवन्तु नः ॥**

– પૈપ્પલાદ સંહિતા, ૧.૧.૧

અથર્વવેદ આર્યસંસ્કૃતિ અને સભ્યતાના વિકાસનો ગ્રંથ છે. ગ્રામ અને નગરસંસ્કૃતિ જેમ જેમ સ્થિર થતી ગઈ એમ એમ ઋષિઓ અને તત્ત્વજ્ઞાનીઓ દેવવાદ અને તત્ત્વજ્ઞાનની સાથે સાથે, ઇહલોકના યોગક્ષેત્રની, ચર્ચા કરતા થયા. આર્યોના ભારતમાં આગમનના પ્રશ્નને બાજુએ રાખીએ તો પણ એટલી બાબત તો નિશ્ચિત છે કે પ્રાચીન આર્યો પ્રકૃતિના નિત્ય અને નિરંતર સાન્નિધ્યમાં રહેતા હતા. અગ્નિ, ઇન્દ્ર, વરુણ અને અન્ય પ્રાકૃતિક દેવો જ એમને માટે સર્વ કંઈ હતા. એમના જીવનમાં જે કંઈ જરૂરી હતું તે આ દેવોની કૃપાને જ આભારી હતું. એ બાબતમાં, એમની દૃઢ માન્યતા હતી. અલબત્ત જીવનના આનંદ અંગે એ સભાન હતા. પ્રાકૃતિક સૌંદર્યો, કૃષિકર્મ સાથે સંકળાયેલા ઉત્સવો અને ધાર્મિક પ્રસંગોમાંથી તેઓ ભરપૂર આનંદ લૂંટતા હતા. એમના વિત્ત અને સંવિત દેવોની કૃપાને જ આભારી છે, એ બાબતમાં એમની શ્રદ્ધા દિનપ્રતિદિન બલવત્તર થતી રહી. દેવોને રીઝવવા, એમના સામર્થ્ય-વૈવિધ્યને પ્રગટ કરતાં સૂક્તો નિરંતર રચાતાં રહ્યાં અને પ્રાર્થનાનું સ્વરૂપ પામ્યાં હતાં. પ્રસ્તુત આર્ષદર્શનની સાથે સાથે 'યજ્ઞ' સઘળાં સુખોને પ્રાપ્ત કરવાનું સાધન છે એવી શ્રદ્ધાને કારણે યજ્ઞસંસ્થા પણ બલવત્તર બનતી ગઈ એટલે ઋગ્વેદમાં પ્રાકૃતિક દેવોનું મહત્ત્વ અને યજુર્વેદમાં યજ્ઞપરક મંત્રો કેન્દ્રમાં હતા. બ્રાહ્મણગ્રંથોએ યજ્ઞસંસ્થાને વ્યવસ્થિત, અર્થપૂર્ણ અને ફળદાયી બનાવવાનો સઘન પ્રયાસ કર્યો. સંસ્કૃતિ અને સભ્યતાના વિકાસની સાથે સાથે નૃત્ત, નૃત્ય, નાટ્ય અને સંગીત કલાનો વિકાસ થતો ચાલ્યો, જેને પરિણામે સામવેદમાં સંગીત અને ગીતિને પ્રાધાન્ય પ્રાપ્ત થયું.

ભારતના આ અતિપ્રાચીન સાંસ્કૃતિક વિકાસમાં દેવવાદ, યજ્ઞ અને વેદમંત્રોના ગાન, ગીતિ અને સંગીતે સેંકડો વર્ષો સુધી અત્યન્ત મહત્ત્વનું વર્ચસ્વ જમાવી રાખ્યું હતું પણ ગ્રામ અને નગર સંસ્કૃતિ જેમ જેમ સ્થિર થતી ગઈ એમાંથી દેવો અને યજ્ઞો ઉપરાંત માણસ પોતાની ઐહિક ઇચ્છાઓ વિશે સવિશેષ સભાન થયો. જો કે યજ્ઞસંસ્થાના વિકાસમાં પણ ઐહિક એષણાઓ અને જરૂરિયાતોને પૂરાં કરવાના અનેક ક્રિયાકલ્પોનું પ્રાવધાન હતું પણ પછીનો આર્ય સમાજ આર્યેતર પ્રજાના સમાગમને લીધે પોતાની ઇચ્છાપ્રાપ્તિની ઉપયોગી શોધમાં વધારે સભાન થયો. સાધનશુદ્ધિના આગ્રહો ઢીલા થયા અને જારણ, મરણ કે કાળા જાદુથી પણ લક્ષ્યસિદ્ધિ થતી હોય તો તે કરવાનો છોછ રહ્યો નહિ. પરિણામે અભિચાર અને જાદુટોણાની વિધિઓ અને એ માટેના મંત્રો રચાતા થયા. ઐહિક સુખસગવડોની ચિંતા સાથે જ સભ્યસમાજે આરોગ્ય તેમજ શારીરિક સુખાકારીના પ્રયત્નોને ગતિશીલ બનાવ્યા, જેમાંથી ક્રમશઃ ભૈષજ્યવિદ્યા પણ મહત્ત્વની બની. આ સાંસ્કૃતિક ઝંખના અને શારીરિક અસ્તિત્વને ટકાવી રાખવાના પૂર્વ પુરુષાર્થોથી 'અથર્વવેદ' અસ્તિત્વમાં આવ્યો જેની સાથે સાથે મનુષ્ય યત્ન પણ કેન્દ્રમાં આવ્યો. અથર્વવેદે મનુષ્યના ઐહિક આરોગ્ય અને સાર્વત્રિક સુખાકારીની ચિંતાને પ્રાધાન્ય આપ્યું, જેને પરિણામે અથર્વવેદના વિષયક્ષેત્રમાં માનવ કેન્દ્રસ્થ થયો. દેવવાદ અને યજ્ઞ સંસ્થા એટલી બધી દૃઢમૂલ હતી કે કોઈપણ માનવ પ્રયત્ન આ બન્ને પરિમાણોને અતિક્રમી માનવજીવનને કેન્દ્રમાં મૂકે એની સામે પ્રબળ અવાજ ઊઠે જ. અને આવા જ એક સાપેક્ષ પ્રબળવાદને પરિણામે 'અથર્વવેદ'

+ અમૃતવર્ષિણી પાઠશાળા, વલસાડના ઉપક્રમે સુરત મુકામે 'ગુજરાત મિત્ર' પ્રેરિત 'સંસ્કૃત જ્ઞાનસત્ર'માં આપેલું વ્યાખ્યાન

* નિવૃત્ત અધ્યક્ષ : સંસ્કૃત વિભાગ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ.

ને વેદ તરીકે ન સ્વીકારવાનો સતત પ્રયત્ન વર્ષો સુધી ચાલ્યો. 'વેદત્રયી' કે વેદચતુષ્ટયી'ની ચર્ચા વર્ષો સુધી આપણા દેશમાં થતી રહી છે એ બાબતથી આપ સહુ સભાન છો, એટલે એ ચર્ચાનો અછડતો ઉલ્લેખ કરવાનું મેં જરૂરી માન્યું છે. અથર્વવેદ ને વેદપ્રમાણ માનવાના સઘન પ્રયાસ છતાં સાંસ્કૃતિક વિકાસનો એક એવો તબક્કો આવ્યો, જેમાં બુદ્ધિગમ્ય રીતે સ્વીકારાયું કે અથર્વવેદમાં માનવજીવનને ઉપકારક થાય એવી એટલી બધી વિચારસામગ્રી છે, જેને કારણે એ વેદપ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે. છેવટે સામૂહિક ડહાપણ પ્રવર્તિત થયું અને 'અથર્વવેદ'ને ચોથા વેદ તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ.

મારો આ તર્ક સામાન્ય રીતે વિદ્વત્સમાજમાં પ્રવર્તતા ખ્યાલને આધારે છે પણ મારે અહીં એ સ્પષ્ટ કરવું ઘટે કે ઋક્, યજુસ્ અને સામ અંગેનાં અન્ય અર્થઘટનો પણ છે. વૈદિક સાહિત્યમાં ઘણાં બ્રાહ્મણગ્રંથો, ઉપનિષદો અને ધર્મસૂત્રો તેમજ સ્મૃતિ સાહિત્યમાં ઋક્, યજુઃ અને સામ એમ માત્ર ત્રણ વેદોનો જ ઉલ્લેખ છે. અને અથર્વવેદનો ઉલ્લેખ નથી જેને પરિણામે પણ વેદો ત્રણ જ હતા એમ માનનારાઓના મતને સમર્થન મળ્યું છે. પરંતુ વેદવિદ્યાના વ્યુત્પન્ન સાક્ષર પં. સત્યવ્રત સામશ્રમીજીને મતે વેદો ચાર છે અને જે વૈદિક ગ્રંથોમાં ઋક્, યજુઃ અને સામ એમ ત્રણ જ વેદોનો ઉલ્લેખ છે ત્યાં એ શબ્દો વેદનો બોધ કરાવતા નથી, પણ પદ્ય, ગદ્ય અને ગીતિસ્વરૂપમાં રચાયેલા ત્રણ પ્રકારના વેદમંત્રોના બોધક છે.[૨] અથર્વવેદમાં પદ્ય, ગદ્ય અને ગીતિ એમ ત્રણે પ્રકારનાં સાહિત્યસ્વરૂપોનું અસ્તિત્વ હોઈ એને વેદમાં ન ગણવાનું કોઈ કારણ નથી. વળી જે ગ્રંથોમાં માત્ર ઋક્, યજુઃ અને સામનો ઉલ્લેખ છે એ ગ્રન્થોમાં પણ અન્યત્ર તો અથર્વવેદનું નામ છે જ. આ ઉપરાંત બીજાં કેટલાંક વૈદિક ગ્રંથો, શ્રૌતસૂત્રો અને ગૃહ્યસૂત્રોમાં પણ અથર્વવેદનો સ્પષ્ટ ઉલ્લેખ છે. અથર્વવેદના દ્દષ્ટા છે અથર્વા અને અંગિરસ. અથર્વાના બે પુત્રો ભિષક્ અને બૃહદ્દિવ ઋગ્વેદના દસમા મંડળના અનુક્રમે ૯૭ મા અને ૧૨૦ મા સૂક્તના દ્દષ્ટા છે. દસમા મંડળનું ૧૦૭ મું સૂક્ત અને ૧૧૭મું સૂક્ત અનુક્રમે આંગિરસ - દિવ્યઋષિ અને બીજું અંગિરસના બીજા પુત્ર ભિક્ષુ ઋષિ દ્વારા રચાયું છે. ઋગ્વેદમાં ઠેર ઠેર અંગિરાના પુત્રોનાં બીજાં ઘણાં સૂક્તો પણ છે. અથર્વવેદ આંગિરસવેદ તરીકે પ્રસિદ્ધ છે. તૈત્તિરીય સંહિતામાં ઋક્, સામ અને યજુઃનાં નામોની સાથે આંગિરસ નામ પણ પ્રાપ્ત થાય છે. શતપથ બ્રાહ્મણના ૧૩ મા, ૧૪ મા અધ્યાયમાં અને તૈત્તિરીય આરણ્યકના બીજા અને આઠમા અધ્યાયોમાં અથર્વવેદનો સ્પષ્ટ ઉલ્લેખ છે. ઐતરેય બ્રાહ્મણ (૫.૩૩)માં એમ જણાવાયું છે કે વાણી અને મનથી યજ્ઞ સંપન્ન થાય છે. પ્રથમ ત્રણ વેદ વાણી છે જ્યારે ચોથો વેદ અથર્વવેદ એ મન છે. પ્રથમ ત્રણ વેદોથી વાણીપક્ષનું સંસ્કરણ કરાય છે જ્યારે બ્રહ્મવેદના જ્ઞાતા મન દ્વારા યજ્ઞના બીજા પક્ષ મનનું સંસ્કરણ કરે છે. આજ વાત અથર્વવેદના 'ગોપથ બ્રાહ્મણ' (૩-૨)માં પણ કહી છે.[૩] આ ઉપરાંત છાંદોગ્ય બૃહદારણ્યક, શ્રૌતસૂત્ર, ગૃહ્યસૂત્ર વગેરે ગ્રંથોમાં પણ અથર્વનું અર્થ વિવરણ મળે છે. શૌનકના ચરણવ્યૂહ અને પતંજલિના મહાભાષ્યમાં પણ અથર્વવેદનો ઉલ્લેખ છે. આ બધાં પ્રમાણોને આધારે એમ કહી શકાય કે જ્યાં માત્ર ત્રણ વેદોનો જ નામોલ્લેખ થયો છે ત્યાં તે વેદબોધક, નહિ પણ પદ્ય, ગદ્ય અને ગીતિનો જ બોધ કરાવે છે. 'ત્રયી'ના વિવાદના અનુસંધાનમાં આટલી માહિતી પર્યાપ્ત અને પ્રસ્તુત લાગે છે. વિશેષ પરિચય માટે સત્યવ્રત સામશ્રમીનો 'ત્રયી પરિચય' ગ્રંથ જુઓ.

**અથર્વવેદ** : 'અથર્વવેદ' એ અન્ય ત્રણ વેદો સાથે જ બોલાતું અને વ્યાપક લોકપ્રિયતા ધરાવતું નામ છે. 'અથર્વ' શબ્દ અને વ્યુત્પત્તિ 'નિરુક્ત' (૧૧.૨.૧૭) તેમ જ ગોપથ બ્રાહ્મણમાં પ્રાપ્ત થાય છે. 'થર્વ' ધાતુ 'કુટિલતા' અને 'હિંસા'નો વાચક છે. અથર્વ એટલે કુટિલતા વિનાનો, અહિંસક અથવા અહિંસાવૃત્તિથી મનને સ્થિર રાખનાર પુરુષ. પ્રસ્તુત વ્યુત્પત્તિ અથર્વવેદ (૧૬-૧, ૧૦-૨-૨૬ થી ૨૮)ના આ મંત્રોને આધારે જ આપવામાં આવી છે. અથર્વવેદ ઉપરાંત, આ વેદ માટે પ્રયોજાતાં અન્ય નામો છે 'બ્રહ્મવેદ', 'અંગિરો વેદ', 'અથર્વાંગિરસવેદ'' મુખ્ય છે. આ વેદ બ્રહ્મવેદ એટલા માટે છે કે એમાં પરબ્રહ્મને પ્રાપ્ત કરવાના સ્પષ્ટ ઉપાયો દર્શાવવામાં આવ્યા છે. આ વેદના મંત્રો અથર્વા અને અંગિરસ ઋષિઓનું દર્શન છે એટલે એને અંગિરોવેદ, અથર્વાંગિરસ વેદ પણ છે. ઇન્ડો-યુરોપિયન ભાષાના સંદર્ભમાં વિચારીએ તો પારસીઓના ધર્મગ્રંથ 'અવેસ્તા'માં

પ્રાપ્ત થતો 'અથવન' શબ્દ અથર્વન્‌નો જ પર્યાય જણાય છે. વિદ્વાનોને મતે આ બન્ને શબ્દોનો સામાન્ય અર્થ 'ઋત્વિજ' થાય છે જે પ્રાચીન કાળમાં અગ્નિની ઉપાસના તેમજ પૂજા કરતો હશે. પશ્ચિમના વેદ-અધ્યેતાઓને 'અથર્વન્' એ એવા મન્ત્રો માટે પ્રયોજાતું નામ છે જે સુખ આપનારું જાદુ-ટોણાના અર્થમાં પ્રયોજાતું હશે. અંગિરસ શબ્દ અભિચાર મંત્રો માટે પ્રયોજાતો હશે. જે મંત્રોનો ઉપયોગ જારણ, મારણ તેમજ સંમોહનના હેતુસર થતો હશે. આ વેદમાં રોગનિવારક મંત્રજાપ ઉપરાંત શત્રુઓ અને દુશ્મનોને પરાસ્ત કરવામાં પણ થતો હશે. અથર્વા ઋષિ અંગિરસ વંશમાં જન્મ્યા હોવાથી તેઓ અથર્વાંગિરસ એમ ઓળખાતા હશે એમ પણ કેટલાક વિદ્વાનો માને છે. વળી આ વેદનું બીજું એક નામ ભૃગ્વાંગિરસ વેદ પણ હતું. ભૃગુઋષિ અંગિરાના શિષ્ય હતા તેથી પણ તેઓ આંગિરસ કહેવાતા હતા. અથર્વવેદના પ્રચારમાં ભૃગુઋષિનું પ્રદાન મોટું ગણાય છે.

**અથર્વવેદની શાખાઓ :** મહાભાષ્યકાર પતંજલિએ '**नवधाऽऽथर्वणो वेदः**' એમ કહીને અથર્વવેદની નવ શાખાઓનો નિર્દેશ કર્યો છે. શાખાઓની પ્રસ્તુત સંખ્યા અંગે 'પ્રપંચહૃદય', 'ચરણવ્યૂહ' અને 'સાયણભાષ્ય'માં એકમતી પ્રવર્તે છે પણ આ નવ શાખાઓનાં નામોમાં વૈવિધ્ય છે. જો કે વિદ્વાનો એ નવ શાખાઓનાં નીચે પ્રમાણેનાં નવ નામો યોગ્ય ગણાવે છે. ૧. પિપ્પલાદ, ૨. સ્તૌદ (અથવા તૌદ), ૩. મૌદ, ૪. શૌનકીય, ૫. જાજલ, ૬. જલદ, ૭. બ્રહ્મવદ, ૮. દેવદર્શ અને ૯. ચારણવૈદ.

ઉપર્યુક્ત સંહિતા શાખાઓ પૈકી 'પિપ્પલાદ' તથા 'શૌનક' શાખાઓ વિશે થોડી વિગતો પ્રાપ્ત થાય છે. મૌદ શાખા વિશે મહાભાષ્ય (૪.૧.૮૬), શાબરભાષ્ય (૧.૧.૩૬) તથા અથર્વ પરિશિષ્ટ (૨.૫.૨)માં થોડા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. પણ એ શાખાનો કોઈ ભાગ ઉપલબ્ધ થતો નથી. 'અથર્વપરિશિષ્ટ' ને મતે મૌદ તેમ જલદ શાખાના પુરોહિતોની હાજરીથી જે તે રાષ્ટ્રના નાશની આશંકા રહે છે.[૪]

**पुरोधा जलदो यस्य मौदो वा स्यात् कदाचन ।**
**अब्दाद् दशभ्यो मासेभ्यो राष्ट्रभ्रंशं स गच्छति ॥**

આ ઉલ્લેખ સ્પષ્ટ કરે છે કે સમાજમાં મૌદ અને જલદ શાખાના પુરોહિતોની અવહેલના થતી હશે. અત્યારે અથર્વવેદની જે બે શાખાઓ વિશે માહિતી મળે છે તે છે ૧. પિપ્પલાદ અને ૨. શૌનક.

પૌરાણિક મત પ્રમાણે મહર્ષિ વેદવ્યાસજીએ પોતાના શિષ્ય સુમંતુને અથર્વવેદ ભણાવ્યો હતો.[૫] ભાગવતમાં એવી માહિતી સાંપડે છે કે મુનિ સુમન્તુએ આ અભિચારના પ્રાધાન્યવાળા વેદનો વ્યાપક પ્રચાર કર્યો હતો. અભિચાર મંત્રો દારુણ સ્થિતિનું નિર્માણ કરતા હશે એટલે સમાજમાં સુમન્તુ 'દારુણ મુનિ' તરીકે પ્રસિદ્ધ થયા હતા. સુમન્તુ મુનિએ પોતાના પટ્ટશિષ્ય કબન્ધને અથર્વવેદની બે સંહિતાઓ ભણાવી હતી. કબન્ધે આ વેદ પોતાના બે પટ્ટશિષ્યો 'પથ્ય અને દર્શ'ને ભણાવ્યા. પથ્યના ત્રણ શિષ્યો પૈકી એક તે શૌનક અને 'દર્શ'ના ચાર શિષ્યો પૈકી એક તે 'પિપ્પલાદ'. આ 'શૌનક' અને પિપ્પલાદની બે શાખાઓનું સાહિત્ય પ્રાપ્ત થાય છે. બે શાખાઓનો ટૂંક પરિચય આ પ્રમાણે છે :

૧. **પિપ્પલાદ શાખા** : અથર્વવેદની આ શાખામાં આધ્યાત્મિક ચર્ચાનું આધિક્ય જણાય છે. એમ લાગે છે કે પિપ્પલાદ ઋષિ પરમ આધ્યાત્મિક હશે. અથર્વવેદ સાથે સંકળાયેલા 'પ્રશ્નોપનિષદ્'માં પિપ્પલાદ ઋષિએ સુકેશા, ભારદ્વાજ વગેરે છ ઋષિઓએ રજૂ કરેલી એમની અધ્યાત્મને લગતી શંકાઓનું નિવારણ કર્યું છે. આ ઉપનિષદમાં પ્રાપ્ત થતી ચર્ચાને આધારે એમ કહી શકાય કે પ્રાચીનકાળમાં અથર્વવેદની પિપ્પલાદ સંહિતા વધારે પ્રખ્યાત હશે. એના બે ભાગ પૈકી 'પ્રપંચહૃદય'માં કહેવાયું છે કે 'પિપ્પલાદ' શાખાની મન્ત્રસંહિતામાં ૨૦ કાણ્ડ હતા તેમજ એના 'ગોપથ' બ્રાહ્મણમાં આઠ અધ્યાય છે. પિપ્પલાદ સંહિતાની શારદા લિપિમાં લખેલી એક પ્રત કાશ્મીરમાં ઉપલબ્ધ થાય છે. આ હસ્તપ્રત કાશ્મીરના રાજાએ જર્મન વિદ્વાન રૉથને ઈ.સ. ૧૮૭૫માં ભેટ આપી હતી. જર્મન વિદ્વાન રૉથે ઈ.સ. ૧૯૦૧માં અમેરિકામાં એની ત્રણ ફોટો કોપી પ્રસિદ્ધ કરી હતી.

મહાભાષ્યમાં જણાવ્યું છે તેમ "शन्नो देवीरभिष्टय आपो भवन्तु पीतये । शं योरभिस्रवन्तु नः" મંત્ર આ સંહિતાનો પ્રથમ મંત્ર છે. જ્યારે શૌનક સંહિતામાં એ છઠ્ઠા સૂક્તનો પ્રથમ મંત્ર છે. છાંદોગ્ય મંત્ર ભાષ્યમાં આ બાબતનું સમર્થન મળે છે. મહાભાષ્ય પ્રમાણે આ સંહિતા એ જમાનામાં વિશેષ ખ્યાતિપ્રાપ્ત હતી. પિપ્પલાદની સંહિતાની એક હસ્તપ્રત કાશ્મીરમાં શારદા લિપિમાં ડૉ. બુહ્લરને મળી હતી. આ હસ્તપ્રત ભોજપત્ર પર લખેલી હતી અને અતિશય જીર્ણ અવસ્થામાં હતી. બ્લુમફિલ્ડ નામના જર્મન વિદ્વાને એ હસ્તપ્રતના ૫૪૦ ફોટા અને એની પ્લેટ્સ કઢાવીને ઈ.સ.૧૯૦૧માં પ્રગટ કરી જે ફોટોગ્રાફીને કારણે મૂળ હસ્તપ્રત જેવી જ રહી. પાશ્ચાત્ય વિદ્વાનોના આ સન્નિષ્ઠ પ્રયાસોને કારણે જ અથર્વવેદની સાચી વાચના આપણને મળી. નહિતર અન્ય શાખાઓની જેમ એ પણ કાળની ગર્તામાં લુપ્ત થઈ ગઈ હોત.[૬]

**શૌનકસંહિતા** : અથર્વવેદની શૌનકસંહિતા દેશમાં વધારે પ્રચલિત છે. અને એના કાણ્ડ અને સૂક્તોનું વિષયવસ્તુ નિશ્ચિતસ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. વ્હિટની નામના વિદ્વાને અથર્વવેદનો અનવાદ કર્યો છે.[૭]

અથર્વવેદમાં ૨૦ કાણ્ડ, ૩૪ પ્રપાઠક, ૧૧૧ અનુવાદ, ૭૭૩ વર્ગ, ૭૬૦ સૂક્ત, ૬૦૦૦ મંત્ર છે. અલબત્ત સૂક્તોની સંખ્યાની બાબતમાં વ્હિટની, બ્લુમફીલ્ડ, એસ.પી. પંડિત વગેરેના મતોમાં વધઘટ છે. લહિયાઓના પ્રમાદથી આમ બન્યું હોવાનું મનાય છે. 'અથર્વવેદ'માં ઋગ્વેદના ૧લા, ૮મા અને દસમા મંડળમાંથી કુલ ૧૨૦૦ મંત્ર લેવામાં આવ્યા છે. વીસમા કાણ્ડના કુન્તાપ સૂક્ત અને બીજા બે એક મંત્રોને બાદ કરતાં બાકીના મંત્રો પ્રાચીન ઋગ્વેદસંહિતામાંથી લીધા જણાય છે.

**અથર્વવેદનું વિષયક્ષેત્ર** : અથર્વવેદના વિષયવસ્તુને મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચી શકાય ૧. મન્ત્રો, ૨. ઔષધો અને ૩. વિવિધ પ્રકારના જાદુટોણાં, જારણ મારણ વગેરેના મંત્રો જેને આજની ભાષામાં Black Magic કહેવાય છે તે પ્રાપ્ત થાય છે. આ બધા મંત્રોનો ઉદ્દેશ્ય માણસને બધા જ પ્રકારની આપદાઓ, અડચણો અને રોગમુક્ત કરવાનો હતો. જીવનના ત્રિવિધ સંતાપથી મુક્ત થવાના અતિદૈવિક નુસખાઓ ઉપરાંત ઈહલોકનાં સુખ સમૃદ્ધિ મેળવવાના માર્ગો અને બ્રહ્મવિદ્યાના બળથી મોક્ષપ્રાપ્તિના ઉપાયો પણ એમાં દર્શાવવામાં આવ્યા છે. અથર્વવેદના વીસ કાંડોમાં વૈવિધ્યસભર વિષયોનું નિરૂપણ છે.

| | |
|---|---|
| પ્રથમકાણ્ડ, દ્વિતીય કાણ્ડ | આ બંને કાણ્ડમાં કોઢ, કુષ્ટરોગ, પલિત-રોગ વગેરે મટાડવાના ઉપાયો દર્શાવ્યા છે. |
| તૃતીય કાંડ | બાલગ્રહ, યક્ષ્મા, વશીકરણ વગેરેનું નિરૂપણ છે. |
| ચતુર્થ કાંડ | ધૂમકેતુ ઉત્પાતની શાન્તિના મંત્રો અને વરુણ સ્તુતિ |
| પંચમ કાંડ | ગાયોના અપહરણ કરનારા અને ચોરોના ઉપદ્રવને શાન્ત કરવાના મંત્રો - શૂદ્રોમાં શીતજ્વર, બ્રાહ્મણદ્વેષીઓની ભર્ત્સના. |
| ષષ્ઠ | કફ, ખાંસી વગેરે મટાડવાના મંત્રો અને અગ્નિથી દાઝેલાની પીડા દૂર કરવાના મંત્રો |
| સપ્તમ કાંડ | સર્વત્ર વિજયપ્રાપ્તિના મંત્રો |
| અષ્ટમ કાંડ | મૃત્યુને જીતવાના મંત્રો (૮.૧.૧.૪) |
| નવમ કાંડ | મધુકશ, ઔષધિનું વર્ણન |
| દશમ કાંડ | ઈશ્વરવાદનું નિરૂપણ |
| એકાદશ કાંડ | બ્રહ્મચર્ય અને બ્રહ્મચારીનું મહત્ત્વ |
| દ્વાદશ કાંડ | દેશભક્તિથી સભર એવું પૃથ્વી સૂક્ત |
| ત્રયોદશ કાંડ | પ્રકીર્ણ બાબતો |

ચતુર્દશ કાંડ : વૈવાહિક મંત્રો

પંચદશ કાંડ : વિવિધ વિષયો, વ્રાત્યકાંડ-વ્રાત્ય અને બ્રહ્મ-સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ એમાંથી. व्रात्य-अनुपनीतो ब्राह्मणः ।

ષોડશકાંડ : વિવિધ વિષયો

સપ્તદશ કાંડ : દાર્શનિક મંત્રો

અષ્ટાદશ કાંડ : શ્રાદ્ધ વિષયક મંત્રો, સતીપ્રથાનો નિર્દેશ, યમસ્તુતિ

નવદશ કાંડ : ઋગ્વેદના સાત છંદોની ચર્ચા, નક્ષત્રોનું વર્ણન, ઉલ્કા-રાજ્યાભિષેક વિધિ, રાષ્ટ્ર અને સામ્રાજ્ય વચ્ચે ભેદ-રાજસૂય યજ્ઞનું વર્ણન, વિધિ વગેરે.

વીસ કાંડ : સોમયાગનું વર્ણન.

આમ સાંસ્કૃતિક વિકાસની સાથે જે જે આર્થિક, સામાજિક, ધાર્મિક અને રાજકીય એષણાઓ અને આકાંક્ષાઓ લોકજીવનમાં પ્રગટી હશે એનો આ વિષયવાર આલેખ છે, જે ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનો છે.

યજ્ઞસંસ્થાની દૃષ્ટિએ વિચારીએ તો એ બાબત નોંધપાત્ર છે કે પ્રથમ ત્રણ વેદો સાથે સંકળાયેલા યજ્ઞોમાં અથર્વવેદના મંત્રોનો પ્રયોગ થતો ન હતો, જ્યારે અથર્વવેદીય યજ્ઞોમાં ત્રણ વેદોના મંત્રો પ્રયુક્ત થતા ન હતા. અથર્વવેદીય યજ્ઞોનું સ્વરૂપ પણ ભિન્ન પ્રકારનું હતું. સામવેદમાં જેમ ઉદ્ગાતાનું પ્રાધાન્ય હોય છે એમ અથર્વવેદમાં બ્રહ્મા મુખ્ય છે. બ્રહ્મા જ સમગ્ર યજ્ઞક્રિયાનું સંચાલન અને નિરીક્ષણ કરે છે. બ્રહ્મા ચારે વેદોના જાણકાર હોવા ઘટે. વેદના જ્ઞાન ઉપરાંત એમની પાસેથી વ્યાવહારિક જ્ઞાનની પણ અપેક્ષા રહેતી હતી. બ્રહ્મા જો ચોધારા ન હોય તો એ યજ્ઞક્રિયામાં આવતી ત્રુટિઓ બતાવી શકે નહિ. અન્ય વેદો ઉપરાંત અથર્વવેદના ઊંડા અભ્યાસથી બ્રહ્મામાં ઈહલોક અને પરલોક સંબંધી વિશાળ જ્ઞાન પ્રાપ્ત થતું હતું.[૯]

જેમ ઋગ્વેદનાં પુરુષસૂક્ત, હિરણ્યગર્ભ સૂક્ત અને નાસદીય સૂક્ત પ્રસિદ્ધ છે એમ અથર્વવેદમાં પણ ૧. સ્કમ્ભ સૂક્ત (કાંડ ૧૦ : સૂક્ત ૭ અને ૮), ૨. ઉચ્છિષ્ટ સૂક્ત (૧૧.૯) અને ૩. પૃથિવી સૂક્ત (૧૨મો કાંડ) પ્રસિદ્ધ છે.

૧. **સ્કંભ સૂક્ત :** અથર્વવેદના દસમા કાંડનાં ૭ અને ૮ સૂક્તો સ્કંભ સૂક્તો તરીકે ઓળખાય છે. આ સૂક્તોમાં સચરાચર જગતનું નિરૂપણ છે. સ્કમ્ભ સૂક્તનો વ્યાપ ઘણો મોટો છે. એની વ્યાખ્યા એ સ્કમ્ભ સૂક્તોમાં જ આપવામાં આવી છે. તદનુસાર જેમાં ભૂમિ, અન્તરિક્ષ આકાશ સમાવિષ્ટ છે, જેમાં અગ્નિ, સૂર્ય, ચન્દ્રમા અને વાયુ રહે છે તે જ સ્કમ્ભ છે. આ સ્કંભ જ ભૂત, ભવિષ્ય અને વર્તમાનના અધીશ્વર છે. (૧૦.૭.૧૨,૩૫ અને ૮.૧). દસમા કાંડના આઠમા સૂક્તમાં સ્કંભ અને આત્મા એક જ છે એમ કહેવામાં આવ્યું છે (૧૦.૮.૪૪). આ મંત્રોમાં નિહિત વિચારબીજનો ઉપનિષદોમાં વિકાસ થયો છે.

જુદા જુદા કાણ્ડમાં વિભિન્ન વિષયોને લગતાં જે સૂક્તોનું નિરૂપણ છે એને મુખ્યતયા સાત વિભાગોમાં વહેંચી શકાય :

૧. **ભૈષજય સૂક્તો :** અથર્વવેદમાં મનુષ્ય કેન્દ્રમાં હોઈ મનુષ્યોને પીડતા રોગોનાં કારણ એ રોગ દૂર કરવાના મંત્રો અને દવાઓનો ઉલ્લેખ છે. આયુર્વેદનાં મૂળ અથર્વવેદમાં છે, તેથી આયુર્વેદની દૃષ્ટિએ આ સૂક્તો ઘણાં મહત્ત્વનાં છે. જે રોગોના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે તેમાં તક્મન્ નામનો વિષમ જ્વર, ક્ષય, દાંતની પીડા વગેરે રોગોની ચર્ચા અને એનાં નિવારક ઔષધોનો ઉલ્લેખ છે. સર્પોની પ્રજાતિઓ અને એમના ઝેરનું શમન કરનારા ઉપાયોની ચર્ચા છે.

૨. **આયુષ્ય સૂક્તો :** મનુષ્યના રોગો મટાડવાની સાથે સાથે એના દીર્ઘજીવન માટેની પ્રાર્થનાઓ અને

મન્ત્રો પણ અથર્વવેદમાં પૂરતા પ્રમાણમાં છે. વિવિધ સંસ્કારોની વિધિમાં આ મંત્રો પ્રચુર પ્રમાણમાં પ્રયોજાતા હતા. આપત્તિઓથી બચવા હાથે બાંધવાનાં 'રક્ષાસૂત્રો'ના મંત્રો દીર્ઘાયુષ્યના હેતુથી બોલાતા હતા.

૩. **પૌષ્ટિક સૂક્તો :** મનુષ્ય જીવનમાં સુખાકારી અને એના યોગક્ષેમની ચર્ચા કરતાં સૂક્તો જેમકે ગૃહનિર્માણ, હળ જોડવાં, વાવણી, લણણી, શારીરિક પુષ્ટિ, દેશ અને વિદેશમાં વાણિજ્યની વૃદ્ધિ માટેનાં તેમ જ વિવિધ પ્રકારની માનવ જરૂરિયાતની પૂર્તિ માટેના પ્રાર્થનામંત્રો અથર્વવેદમાં પ્રાપ્ત થાય છે.

૪. **પ્રાયશ્ચિત્ત સૂક્તો :** પ્રાચીન કાળથી જ આપણા દેશમાં પાપ અને પાપને કારણે ઉત્પન્ન થતા અપરાધભાવને દૂર કરવા પ્રાયશ્ચિત વિધિઓનું વિધાન થતું રહ્યું છે અથર્વવેદમાં જ્ઞાત-અજ્ઞાત અપરાધોના નિવારણ માટે વિવિધ પ્રાયશ્ચિત્ત વિધાનના મંત્રો મળે છે.

૫. **સ્રીવિષયક તથા વૈવાહિક સૂક્તો :** સ્રીને લગતાં સૂક્તોમાં એક બાજુ પુત્રોત્પતિ, બાળરક્ષા જેવા મંત્રો છે તો બીજી બાજુ સ્રીને વશ કરવાના, પતિ પર આધિપત્ય મેળવવાના તથા હરીફ પત્નીનો નાશ કરવા જેવા મંત્રો જેને મારણ, મોહન (વશીકરણ) તથા ઉચ્ચાટનના મંત્રો કહે છે.

૬. **રાજકીય મંત્રો :** રાજકારણને લગતી ઘણી વિગતો અથર્વવેદમાંથી પ્રાપ્ત થાય છે. રાજાની વરણી, રાજાનું નિષ્કાસન, પ્રબળ રાજશત્રુને પરાસ્ત કરવાની પ્રાર્થનાઓ, રાજગૃહો અને રાજકીય (યુદ્ધોમાં પ્રયોજાતા રથ, દુન્દુભિ (નગારાં) અને યુદ્ધની ઘોષણા માટે તીવ્ર અવાજ કરતા શંખ વગેરેના નિર્દેશ છે. વીર યોદ્ધાઓમાં જુસ્સા પ્રેરતાં નગારાંના અવાજનું નિરૂપણ કરતું દુન્દુભિ સૂક્ત (૫.૨૧) અથર્વવેદનું એક જાણીતું સૂક્ત છે અને સાહિત્યિક દૃષ્ટિએ એ કાવ્યમય છે.

રાજકારણની વાત કરીએ છીએ ત્યારે અથર્વવેદનું અતિ મહત્ત્વપૂર્ણ અને પ્રસિદ્ધ એવું પૃથ્વીસૂક્ત (ભૂમિસૂક્ત) તો એમાં નિરૂપિત દેશભક્તિથી ભરપૂર છે.

૭. **બ્રહ્મણ્ય સૂક્ત :** તત્ત્વવિદ્યા અને બ્રહ્મવિદ્યાની દૃષ્ટિએ અથર્વવેદમાં વિગતોનું એટલું બધું પ્રાચુર્ય છે કે અથર્વવેદને માટે 'બ્રહ્મવેદ' નામ પણ પ્રસિદ્ધ છે. બ્રહ્મ માટે પ્રયોજાતા 'સ્કમ્ભ' શબ્દની વ્યાખ્યા વિશદ કરતું 'સ્કમ્ભ સૂક્ત' તથા 'ઉચ્છિષ્ટ સૂક્ત' અથર્વવેદનાં પ્રસિદ્ધ સૂક્તો છે : જગતના સમસ્ત પદાર્થોનો આશ્રય અને અધિષ્ઠાન હોવાથી તેને પરમબ્રહ્મ (સ્કંભ) કહેવાય છે. એને જ્યેષ્ઠ બ્રહ્મ પણ કહે છે. અથર્વવેદમાં 'વ્રાત્ય' શબ્દ પણ બ્રહ્મનો વાચક છે. દશ્યમાન જગતનો અપોહ કરતાં જે બચે છે તે 'ઉચ્છિષ્ટ' કહેવાય અને તે જ છે આ પરમ તત્ત્વ

**यच्च प्राणानि प्राणेन यच्च पश्यति चक्षुषा ।**
**उच्छिष्टाज्जज्ञिर सर्वे दिवि देवा दिविश्रिता:'** (૧૧.૭.૩૩)

**અથર્વવેદનું મહત્ત્વ :** અથર્વવેદમાં અભિચાર, જારણ, મારણ અને મોહનના મંત્રોને કારણે સદીઓ સુધી એનો વેદ તરીકે સ્વીકાર ન થયો તો પણ એમાં પ્રાપ્ત થતા ઐતિહાસિક, સામાજિક અને રાજકીય વિગતોના પ્રાચુર્યને લીધે એનું ખાસ મહત્ત્વ છે. પ્રાચીન ભારતીય સમાજનો સાંસ્કૃતિક આલેખ એમાં અવશ્ય પ્રાપ્ત થાય છે, અને માનવસભ્યતામાં આવેલાં જીવનવિષયક પરિવર્તનો, એમનાં રીત-રિવાજ અને માનસિકતા સમજવાની દૃષ્ટિએ એ ઘણો ઉપયોગી છે.

ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં નાટ્યનાં જે ચાર ઘટકતત્ત્વોનાં મૂળ વેદોમાં બતાવ્યાં છે, એમાં રસતત્ત્વ અથર્વવેદમાંથી લેવામાં આવ્યું હોવાનો મત ઘણો સૂચક છે.[૯] રસ નાટકનો આત્મા છે. કહ્યું છે કે रसप्राणो हि नाट्यविधि: । रसा: पुनरात्मा शरीराविर्भावका: ॥ નાટક પણ ચાક્ષુષ યજ્ઞ કહેવાય છે. આ યજ્ઞમાં પ્રાણ પૂરનાર રસનું ઉપાદાનકારણ 'અથર્વવેદ' છે. ઇહલોકમાં ઇષ્ટકામનાઓની પૂર્તિ માટે રસ પડે એવું અથર્વવેદમાં ઘણું છે. न हि रसादृते कश्चिदर्थ: प्रवर्तते[૧૦] એ ઋષિવચનને પ્રમાણીને ચાલીએ તો એમ કહી શકાય કે, અથર્વવેદ

રસથી ભરપૂર છે. એમાં આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક સુખો પ્રાપ્ત કરવાના અનેકવિધ ઉપાયો, ઉપચારો અને અનુષ્ઠાનો છે. રાજ્યનાં સુખ અને સ્થિરતા માટે રાજાના યોગક્ષેમની ઘણી ચિંતા અથર્વવેદમાં છે. એને માટે રાજાના મુખ્ય સલાહકાર પાસે અન્ય ત્રણ વેદો ઉપરાંત બ્રહ્માના મોભાને કારણે અથર્વવેદનું તો ઊંડું જ્ઞાન રહેતું જ. રાજાનાં શાન્તિ અને પૌષ્ટિક કર્મોનું સંપાદન અથર્વવેદથી જ થતું હતું. અથર્વ પરિશિષ્ટમાં તો એવો સ્પષ્ટ ઉલ્લેખ છે કે જે રાજાનાં જનપદોમાં અથર્વવેદનો જ્ઞાતા નિવાસ કરે છે તે રાષ્ટ્ર ઉપદ્રવ અનુભવ્યા વિના વૃદ્ધિ પામે છે.

---

### પાદટીપ

૧. પંચોળી મનુભાઈ (દર્શક), 'આપણો વારસો અને વૈભવ', પૃ. ૨૬ થી ૨૮

૨. પં. ત્રિવેદી, રામગોવિન્દ (૧૯૬૮), 'વૈદિક સાહિત્ય', કલકત્તા : ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, પૃ. ૧૭૦

૩. આચાર્ય બલદેવ ઉપાધ્યાય (૧૯૬૮), 'वैदिक साहित्य और संस्कृति', કાશી, પૃ. ૧૬૫

૪. એજન, પૃ. ૧૬૮

૫. શ્રીમદ્ ભાગવત (૧૨.૭ ૧-૩), વાયુપુરાણ (૬૧.૪૯-૫૩), વિષ્ણુપુરાણ (૩.૬.૯-૧૩)

૬. પં. ત્રિવેદી, રામગોવિન્દ, ઉપર્યુક્ત, પૃ. ૧૭૧, ૭૨

૭. Whitney, W.D. and Longman, C.R., *English Translation of Atharvaveda, Oriental and Linguistic studies*, 2 Vols. New York, 1873-74.

૮. પં. ત્રિવેદી, રામગોવિન્દ, ઉપર્યુક્ત, પૃ. ૧૭૨

૯. जग्राह पाठ्यमृग्वेदात् सामभ्यो गीतमेव च ।
यजुर्वेदादभिनयान् रसानाथर्वणादपि ॥

'નાટ્યશાસ્ત્ર', ૧.૧૭, સંપા. પં. કેદારનાથ (૧૯૮૩), ભારતીય વિદ્યાપ્રકાશન, દિલ્હી,

૧૦. ભરતમુનિ પ્રણીત 'નાટ્યશાસ્ત્ર', અ.૬.૩૨

# ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી મૂર્તિઓનું સ્થાનાંતર

◆

નવીનચંદ્ર ગી. પારેખ*
ડાહ્યાભાઈ બી. પટેલ+

રાજમાતા મીનળદેવીના આગ્રહને વશ થઈને રૂપિયા સિત્તેર લાખની વાર્ષિક ઉપજવાળો યાત્રાળુવેરો ચક્રવર્તી રાજવી જયસિંહ સિદ્ધરાજે માફ કર્યો તે પ્રસંગ; તથા ભાલ પ્રદેશનું ભોળાદ અને તેની ટેકરીના સૂર્યમંદિરનો ચિતાર પુરાતત્ત્વવિદ્ ડૉ. હરિલાલ ગૌદાનીએ તેમના પુસ્તક ''ગુજરાતનો ભવ્ય ભૂતકાળ''માં વર્ણવ્યો છે. આ જકાતનાકાવાળું સૂર્યમંદિર જોવાની પ્રબળ ઇચ્છાથી અમે જ્યારે ભોળાદના નાની બોરૂ ગામની ટેકરી પર પહોંચ્યા ત્યારે મૂળ સૂર્યપ્રતિમા ત્યાં નહોતી. મંદિર તો નષ્ટ થઈ ગયું હતું, અને કેવળ થોડાંક વર્ષો પહેલાં ચણેલી નાની દેરી તથા બે પાળિયા બાજુમાં ગોઠવેલા પડ્યા હતા. આજુબાજુ તપાસ કરી પણ કોઈએ સ્પષ્ટ જવાબ ન આપતાં અમે હતાશ થઈ વિદાય થયા. લગભગ એક વર્ષ બાદ સહલેખક ડાહ્યાભાઈ કોઈ કામ અંગે ધોળકા ગયા ત્યારે ત્યાંની કૉલેજના પટાંગણમાં આજ મૂર્તિ વ્યવસ્થિત ગોઠવેલી નજરે પડી.

ભારતમાં દેવદેવીઓની મૂળ સ્થાન પર સ્થપાયેલી પ્રતિમાઓનું સ્થળાંતર પાછલા એક સૈકાથી મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે, તેની સખેદ નોંધ લેવી ઘટે. આ માટેનાં કારણો ઘણાં છે એટલે તેના વિષે ચર્ચા કેટલીક સ્થાનાંતર થયેલી મૂર્તિઓના સવિસ્તર ઉલ્લેખ પછી કરીશું.

ઇતિહાસ દર્શનના આ અમૂલ્ય વારસા જેવી મૂર્તિઓનું સ્થળાંતર; ઉઠાંતરી અને ચોરી કરીને પરદેશમાં વેચી નાંખવાની તેમજ આવી અનેક અનિષ્ટ પ્રવૃત્તિઓમાં લક્ષ્ય સૂર્ય, નવગ્રહના પાટ, વિષ્ણુ અને તેના વિવિધ અવતારો, ગણેશ, ઉમા-મહેશ, જૈન તીર્થંકરો અને બુદ્ધ પ્રતિમાઓનું હોય છે. અત્રે કેવળ થોડીક સૂર્યપ્રતિમાઓ વિષે ચર્ચા કરીશું.

સ્થાનાંતરિત સૂર્યપ્રતિમાઓના સંદર્ભમાં પ્રથમ એક અતિદુર્લભ કાળા પથ્થરમાંથી કોતરેલો નવગ્રહનો પાટ છે,જેના પાયાની શિલામાં ૬ લીટીનો લેખ છે. કદમાં ૫૬ સે.મી. ઊંચો, ૩૭ સે.મી. પહોળો અને ૧૦ સે.મી. જાડો આ પાટ અત્યારે અમેરિકામાં શ્રીમતી વિલીયમ. ટી. પ્રાઈસના અંગત સંગ્રહાલયમાં મોજૂદ છે.[૧] આ બહેને ઈ.સ. ૧૯૮૮માં પાંચ મહિના માટે તેમણે પ્રાપ્ત કરેલી ૨૮ શિલ્પકૃતિઓ અમેરિકાના અમારીલીઓ મ્યુઝિયમમાં જનતા માટે પ્રદર્શિત કરેલી, તેમાં આ નવગ્રહનો પાટ હતો, જેનું ચિત્ર આ લેખમાં સમાવિષ્ટ કર્યું છે.

શિલાનું લખાણ વાંચી શકાતું નથી, પરંતુ વિદ્વાનોના મંતવ્ય અનુસાર દસમી સદીના પાલ સમયનો પૂર્વ ભારતનો આ નવગ્રહ પાટ છે. પાટની મધ્યમાં રથારૂઢ સૂર્ય, અને બહારની ધરી પર ચંદ્રથી કેતુ સુધીના આઠ ગ્રહો કંડારેલા છે. બંને હાથોમાં કમળ ધારણ કરેલા સૂર્યની નીચે રથ હંકારતો મુગટધારી અરુણ છે. સૂર્યના કુંડળો, કવચ અને મુગટ સાથેનાં આભૂષણો સુંદર બારીક કોતરણીવાળાં છે.

સૂર્યની બન્ને બાજુએ ઉષા અને પ્રત્યુષા આનંદિત મુદ્રામાં તીર ચલાવતી દર્શાવાઈ છે. છેક નીચે ડાબી તરફ દંડ અને જમણી તરફ પિંગળ કલમ અને ખડિયા સાથે સ્પષ્ટ જોઈ શકાય છે. આ શિલ્પની ખાસ વિશિષ્ટતા એ છે કે સાત અશ્વોને બદલે પાંખોવાળા હંસો સૂર્યના રથને હંકારતા દર્શાવાયા છે. અશ્વોને બદલે અન્ય પ્રાણીઓ કે પક્ષીઓ દ્વારા જોડાયેલા સૂર્યરથોવાળાં શિલ્પો ઘણા અલ્પ સમયમાં બન્યાં છે તે કારણે આ

---

* નવીનચંદ્ર ગીરધરલાલ પારેખ, ૧૪, શિવબાગ સોસાયટી, ભૈરવનાથ રોડ, મણિનગર, અમદાવાદ - ૩૮૦૦૨૮
+ ડાહ્યાભાઈ બી. પટેલ, ૩, સમય એપાર્ટમેન્ટ્સ, અંજલિ ચાર રસ્તા, અમદાવાદ.

નવગ્રહનો પાટ અત્યંત દુર્લભ અને વિરલ ગણાવી શકાય. નેપાળમાં પાંખોવાળા ઊડતા સાત અશ્વો દર્શાવતી રથારૂઢ પ્રતિમા છે.[૨] ઉપરાંત કંબોડિયાના અંગકોરવાટમાં સૂર્ય ભક્ત રાજા ઇન્દ્રવર્મન્ બીજાએ નિર્માણ કરેલા મંદિરમાં પણ સૂર્યની વિરલ પ્રતિમા છે.

આ લેખનું બીજું શિલ્પ છે દ્વાદશાદિત્યનું, જેને અમેરિકાના એક વેપારીએ ઈ.સ.૧૯૮૪માં લંડનમાં થયેલી હરાજીમાં આશરે સોળ હજાર ડોલરમાં ખરીદેલું. ચેન્નઈથી પ્રસિદ્ધ થતા ફ્રન્ટલાઈન પખવાડિકમાં[૩] તે સમયે પ્રસિદ્ધ થયેલા અહેવાલના આધારે સ્થળાંતર થયેલી આ સૂર્યપ્રતિમા વિષે પ્રસ્તુત વર્ણન અહીં કર્યું છે.

કાળા પથ્થરમાંથી બનેલી આ પ્રતિમાને મથાળે નવ આદિત્યો કંડારેલા છે. જેમાં આઠ ઊભા સૂર્યોની વચ્ચે બેઠેલી સૂર્ય પ્રતિમા છે. મુખ્ય પ્રતિમાના કમળનાં બાર પર્ણોની બનાવેલી પ્રભાની બન્ને બાજુએ સૂર્યપ્રતિમાઓ છે. આમ મુખ્ય પ્રતિમા સાથે બાર આદિત્યો સમૂહમાં મૂર્તિમાં દર્શાવાયા છે. કિરીટ મુગટ, લાંબા કુંડળો, મેખલા, જનોઈ, વક્ષ-કવચ અને પગનાં અદ્‌ભુત આભૂષણોથી સુશોભિત બીજી અગિયાર સૂર્યપ્રતિમાઓ સાથે ખરેખર અદ્‌ભુત લાગે છે. નીચે ડાબા અને જમણા સ્તંભો પાસે અશ્વિનીકુમારો છે. સૂર્યના પગ પાસે દંડ અને પિંગળ છે. ઉષા અને પ્રત્યુષા પણ બન્ને સ્તંભોને અડીને ઊભેલી દેખાય છે. જૂનાગઢ મ્યુઝિયમમાં જળવાયેલી ઢાંકની દ્વાદશ સૂર્ય પ્રતિમા તેમજ આરસના બાર આદિત્યોના તોરણની સરખામણીમાં આ પ્રતિમા વધુ ભવ્ય લાગે છે. (જુઓ ચિત્ર ૨.)

સૂર્યનું બીજું શિલ્પ વડોદરાની સયાજી હૉસ્પિટલના ખૂણામાંથી ખૂબ જ ઊંડા સ્તરે થયેલા ઉત્ખનન દ્વારા વિખ્યાત પુરાતત્ત્વ વિશારદ સુબ્બારાવને ઈ.સ. ૧૯૬૩માં મળી આવ્યું હતું.[૪] આરસની આ અતિ ભવ્ય મૂર્તિને ઘૂંટણથી પગ નહોતા. આ ખંડિત મૂર્તિ હોવાથી સૂર્યના પગ પાસેનો સૂર્ય પરિવાર, તથા દંડ, પિંગળ વિષે કોઈ અનુમાન કરવું શક્ય નથી. ઉત્તમકક્ષાના ઊંચા ભવ્ય કિરીટ મુગટ અને ગળામાં મણકાવાળા ત્રણ અછોડાથી મૂર્તિ ઘણી શોભી ઊઠે છે. બન્ને હાથોમાં ખીલેલાં કમળો ધારણ કરેલી આ મૂર્તિ ૧૧મી સદીની હોવાનું અનુમાન ઉમાકાંત શાહે કર્યું છે.[૫] આ મૂર્તિને વડોદરાના મ્યુઝિયમને પ્રદર્શિત કરવા માટે સોંપવામાં આવી હતી. કોઈ કારણોસર આ મૂર્તિ જર્મનીના મ્યુઝિયમમાં પહોંચી ગઈ. થોડાક સમય બાદ જ્યારે ઉમાકાંતભાઈ શાહ વ્યાખ્યાન આપવા પરદેશ ગયા ત્યારે આજ મૂર્તિ તેમણે જર્મનીના મ્યુઝિયમમાં પ્રદર્શિત થયેલી જોઈ અને ખૂબ જ વ્યગ્ર થયા હતા.

ચોથી સૂર્ય મૂર્તિ પણ પગ વગરની છે, જે અમદાવાદના સરખેજ ગામના વણકરવાસમાંથી મળેલી શ્વેત આરસની આ પ્રતિમા વાસ્તવમાં સુબ્બારાવને મળેલી પ્રતિમા જેવી જ મનોહર અને ભવ્ય છે. આ બન્ને મૂર્તિઓ ઘણું સામ્ય ધરાવે છે. ગુજરાત રાજ્ય પુરાતત્ત્વ વિભાગના ઉચ્ચ અધિકારી રવિ હજરનીસે આ મૂર્તિનો સવિસ્તર ઉલ્લેખ કર્યો છે.[૬] થોડાંક વર્ષો બાદ આ મૂર્તિ પણ ચોરાઈ ગઈ. પ્રાપ્ત માહિતી અનુસાર મિલ ઉદ્યોગ સાથે સંકળાયેલા એક ધનાઢ્ય વેપારીના બંગલાના દીવાનખાનાના સુશોભન માટે આ મૂર્તિ ગોઠવાઈ છે.

પાંચમી તસવીર રેતિયા પથ્થરની, લાંબા ચોસલામાંથી કોતરીને કંડારેલી આ ભવ્ય મૂર્તિ ભારતના ધનાઢ્ય પારસી ગૃહસ્થ ડૉ. જમશેદજી ભાભાના અંગત સંગ્રહમાં જળવાઈ રહી હતી. મુંબઈમાં પુંડોલે કંપની દ્વારા ઈ.સ.૨૦૧૨માં તેમની મૂલ્યવાન વસ્તુઓની હરાજી થઈ. તે પૈકી અહીં દર્શાવેલી સૂર્યમૂર્તિ રૂા. તેર લાખમાં વેચાઈ ગઈ. (જુઓ ચિત્ર ૫.) પગમાં હોલબૂટવાળી, ગળામાં અદ્‌ભુત આભૂષણો, જનોઈ, માથે બેઠાઘાટનો મુગટ દેખાય છે, પરંતુ સંભવતઃ તે કિરીટ મુગટ હશે જેનો ઉપલો ભાગ ખંડિત થયો હોય. છેક ઉપરના ભાગમાં ત્રિકોણાકાર પરિકરની મધ્યમાં કંડારેલા ગવાક્ષમાં બે કમળો ધારણ કરેલી સૂર્યમૂર્તિ સ્પષ્ટ જોઈ શકાય છે. છેક તળીયે અશ્વો છે, અને પગ પાસે સૂર્ય પરિવાર છે. બન્ને સ્તંભોની ડાબી અને જમણી તરફ સૌથી નીચેના ભાગે બન્ને અશ્વિનીકુમારો ઊભા છે. મધ્ય ભારતની બારમી સદીની આ મુખ્ય મૂર્તિના બન્ને હાથો

ખંડિત છે. એટલે બન્ને હાથોમાં દાંડીવાળાં ખીલેલાં કમળો હોવાનું અનુમાન સૂર્યની મૂર્તિવિધાનનાં વર્ણનો મુજબ કરી શકાય. પ્રાચીન કાળથી ભારતમાં મહદ્ અંશે સૂર્યના બે હાથવાળી કમળો ધારણ કરેલી મૂર્તિઓ જ બની છે.[૭] ડૉ. ભાભાને આ મૂર્તિ ક્યાંથી પ્રાપ્ત થઈ તેની કોઈ જાણકારી નથી. પરંતુ મૂર્તિ સાચે જ એક વિરલ પ્રતિમા છે.

છેલ્લી પ્રતિમા ભાલ પ્રદેશના ભોળાદના સૂર્યની છે. જે અત્યારે ધોળકાની કૉલેજના પ્રાંગણમાં સુરક્ષિત છે. લાલ રંગની આ સૂર્ય મૂર્તિમાં સાત અશ્વોને બદલે ઉચ્ચૈઃશ્રવા અશ્વ પર બેઠેલા સૂર્ય બન્ને હાથોમાં લાંબી દાંડીવાળાં ખીલેલાં કમળ, માથે બેઠા ઘાટની પાઘડી જેવા મુગટ પહેરેલા દેખાય છે. (જુઓ ચિત્ર ૬.) માખેલની સૂર્યમૂર્તિની માફક ભોળાદના આ સૂર્યને પણ મૂછો છે. આ સૂર્યમૂર્તિનું વિશેષ મહત્ત્વ તેના અનોખા વિશિષ્ટ પ્રકારના ઘડતરને લીધે છે. સાત અશ્વોને બદલે ઉચ્ચૈઃશ્રવા અશ્વ, સૂર્યની મૂછો અને પાઘડી જેવા આકારનો મુગટ જુદી જ ભાત પાડે છે. બીજું મહત્ત્વ એ છે કે આ સૂર્ય મંદિર મહીસાગર, સાબરમતી અને ભોગાવો નદીઓના ત્રિભેટે છે. જ્યાં સૈકાઓથી કાદવ ઠલવાઈને કાંપ બને છે અને સાવચેત ન રહો તો કાદવના જાડા થરમાં ખૂંપી જવાય તેવું સ્થળ છે. ત્રીજું કારણ એક ઐતિહાસિક પ્રસંગ છે; કે આ સ્થળેથી મીનળદેવીએ યાત્રાળુવેરો માફ કરાવ્યો હતો. સાંત્વન એટલું જ છે કે સ્થાનાંતર થયેલી આ મૂર્તિ ધોળકાની કૉલેજમાં સુરક્ષિત છે.[૮]

**સ્થાનાંતરનું દૂષણ અને સમસ્યાઓ**

ભારતમાં પુરાતત્ત્વ વિજ્ઞાનના પગરણ ઈ.સ.૧૮૪૦ આસપાસ મંડાયા, અને પ્રથમ પચાસ વર્ષોના ગાળામાં કનિંગહામ, કર્નલ ટોડ, ભાઉદાજી, બર્જેસ, ભગવાનલાલ ઇંદ્રજી જેવા અનેક ધુરંધરોએ ઘણા મોટા પ્રમાણમાં સંશોધનો કરી પુરાતત્ત્વ વિજ્ઞાનનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું. અંગ્રેજોનું શાસન હોવાથી ઘણી મૂલ્યવાન વસ્તુઓ જેવી કે પ્રાચીન મૂર્તિઓ, શસ્ત્રો, હસ્તલિખિત પ્રતો, ચિત્રો, દુર્લભ સંસ્કૃત સાહિત્ય વગેરેનું ગ્રેટ બ્રિટન તરફ સ્થળાંતર કરાયું અને લંડન તથા અન્ય શહેરોનાં સંગ્રહાલયોમાં ગોઠવાયું. ભારત આઝાદ થયું અને આ પ્રવૃત્તિનો પ્રકાર બદલાયો. પુરાતત્ત્વ અવશેષો ખરીદનારાઓ, તેમજ તેની જાહેર હરાજી કરતી સંસ્થાઓ ઇંગ્લૅન્ડ, અમેરિકા જેવી વિકસિત અને સમૃદ્ધ દેશોમાં મોજૂદ હતી, એટલે વિશ્વભરમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરીને મોટી કમાણી કરી લેવા માટે દલાલો, દાણચોરો અને વેપારીઓનો એક મોટો વર્ગ ઊભો થયો. એકલું ભારત જ નહીં પણ આફ્રિકા-દક્ષિણ એશિયાના મોટા ભાગના દેશો સ્વતંત્ર થવાના હતા જેને લીધે આવી પ્રવૃત્તિઓને વેગ મળવાનો હતો.

પુરાતત્ત્વવિદો પોતાના સંશોધનો, ઉત્ખનનો તેમજ સ્થળ તપાસના અહેવાલો કરવા માંડ્યા તેટલા જ વેગથી દલાલો અને મૂર્તિના દાણચોરો વધુ પ્રવૃત્ત બન્યા. દ્વાદશ આદિત્યની મૂર્તિની લંડનમાં સોથબી સંસ્થાએ કરેલી હરાજીમાં સોળ હજાર ડૉલર ઊપજ્યા. જ્યારે ભારતમાં જે સ્થળેથી આ મૂર્તિ ચોરાઈ હશે તે મંદિરના પૂજારીને કદાચ પાંચસો રૂપિયા પણ નહીં મળ્યા હોય. ક્ષત્રપકાળની અતિભવ્ય માતૃકા મૂર્તિ મહુડી-કોટ્યર્કના પૂજારીએ ત્રણ હજારમાં એક અતિ ધનાઢ્ય કુટુંબને આપી જેનો સોદો એક પરદેશી દલાલ સાથે આ ધનવાનોએ રૂા. છ લાખનો કર્યો હતો. અનાયાસે ચોરી પકડાઈ ગઈ અને મંદિરના ટ્રસ્ટે યોગ્ય કાર્યવાહી કરી મૂર્તિ પાછી મેળવી.

તસ્કરીનો બીજો પ્રકાર ઈ.સ. ૧૯૬૫ પશ્ચાદ્ દેશના ધનિક અને માતબર કુટુંબોમાં બંગલાના દીવાનખંડોમાં તથા બાગબગીચામાં પ્રાચીન મૂર્તિઓ ઉઠાવી લાવીને સુશોભન કરવા માટે ઉદ્ભવ્યો. ''આ મૂર્તિ અમે આબુ કે ગ્વાલિયરથી ઉપાડી લાવ્યા'', એવું કહેવામાં તેમને ગર્વ થતો. આ પ્રકારની તસ્કરી છેવટે

( Status Symbol) બની રહી. સરખેજની સૂર્ય પ્રતિમાની ચોરી આ પ્રકારની તસ્કરી છે.

મૂર્તિઓના સ્થાનાંતરનો એક વિચિત્ર પણ રસપ્રદ કિસ્સો વડોદરામાં બન્યો. સયાજીગંજ વિસ્તારના E.M.E. મીલીટરી કેમ્પસમાં સ્થપાયેલી મીલીટરીની સ્કૂલના સંચાલક કમાંડરને સ્કૂલ પાસે મંદિર અને પ્રાચીનકાળનાં શિલ્પો બહારથી લાવીને નવા બનાવેલા મંદિર પાસે ગોઠવવાનો વિચાર આવ્યો. પુરાતત્ત્વ ખાતાની સંમતિ વગર તેમજ જાણ બહાર મીલીટરીના દસ બાર ખટારા મોકલી પાદરા પાસે આવેલા રણુ-પીપળી ગામે જ્યાં રેતિયા પથ્થરોની દુર્લભ મૂર્તિઓનો ઢગલો પડ્યો હતો તે સઘળો જથ્થો સ્કૂલના પ્રાંગણમાં લાવી ગોઠવી દીધો. આ મૂર્તિઓના માલિક મીલીટરીવાળા થયા જે આજદિન સુધી ચાલુ છે.

પુરાવસ્તુઓની ઉઠાંતરી કરવાના પ્રયત્નો હવે આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે પ્રચલિત થયા છે. જે ચિંતાજનક છે. મૂર્તિચોરો પ્રથમમંદિરના ટ્રસ્ટી કે પૂજારીનો સંપર્ક સાધી સોદો નક્કી કરે છે. ત્યારબાદ મૂર્તિના ફોટોગ્રાફ્સ અને ઝેરોક્ષ કોપીઓ બનાવીને તેની આબેહૂબ આકૃતિ જેવું શિલ્પ રાજસ્થાન કે ઓરિસ્સાના શિલ્પકારો પાસે નિર્માણ કરાવે છે. યોગ્ય સમયે મૂળ મૂર્તિને સ્થાને ડુપ્લીકેટ બિરાજમાન થાય છે. આમ નવી મૂર્તિના રૂ. ત્રીસ હજારના રોકાણ સામે જૂની મૂર્તિના સહેલાઈથી પાંચ થી છ લાખ રૂપિયા આ દાણચોરો બનાવી લેતા હોય છે. બીજું ઘણીવાર આસપાસના શ્રદ્ધાળુ લોકો આ નવી મૂર્તિ ગોઠવાય ત્યારે વિરોધ કરતા હોય તો તેમને જૂની મૂર્તિ ખંડિત થઈ હોવાથી અપૂજ્ય બની ગઈ હતી તેથી નવી મૂર્તિ મોટો ખર્ચ કરીને લાવ્યા હોવાનો ડોળ કરીને સમજાવી દેવાય છે. ઉદાહરણ તરીકે વડનગરના સ્મશાનમાં સૂર્ય-ચંદ્રની મૂર્તિ બારીકાઈથી જોશો તો સૂર્યના જમણા હાથની કમળની દાંડી આખી સળંગ દેખાશે, હકીકતમાં આ દાંડી ઘણા વર્ષો પૂર્વે તૂટી ગઈ હતી.[૯] આવો જ કિસ્સો અમદાવાદના બહેરામપુરાના ગંગાનાથ મહાદેવ સામેના સૂર્યમંદિરની સૂર્યમૂર્તિનો છે.

છેલ્લે કેટલીક સંસ્થાઓ, વિદ્યાલયો, યુનિવર્સિટીઓ હવે પુરાતત્ત્વ સર્વેક્ષણ સંસ્થાની પૂર્વમંજૂરી લીધા વિના જ પુરાતત્ત્વ ખાતા જેવી કામગીરી કરે છે અને પુરાવશેષોને પોતાની સંસ્થામાં ખસેડીને પ્રદર્શિત કરે છે. આ કારણથી મહત્ત્વના પુરાતત્ત્વીય પુરાવાનો નાશ થાય છે. વિદ્વાનો દ્વારા આ પ્રકારની પ્રવૃત્તિનો પ્રવાહ ચિંતાજનક કહી શકાય.

આપણે ઈરાનમાં રહેલું મયૂરાસન કે બ્રિટિશ તાજમાં જડેલા કોહીનૂર હીરાને દેશમાં પરત લાવી શકવાના નથી પરંતુ એક તરફ જનજાગૃતિ અને સરકાર તરફથી કાયદાકીય માળખામાં સંશોધન કરીને વર્તમાન કાયદાઓમાં યોગ્ય સુધારાઓ કરીને ઐતિહાસિક મૂલ્યો ધરાવતા પુરાવશેષોની હેરાફેરી અટકાવી શકીશું. હરાજી કરનાર સંસ્થા પૂરતા પુરાવા ન આપે તો હરાજી રોકીને મૂલ્યવાન વસ્તુઓને સરકાર તથા પુરાતત્ત્વ ખાતું પરત મેળવી શકે તેવી કાયદાકીય વ્યવસ્થા થવી જોઈએ. સ્થાપત્યોની જાળવણી માટે ગામના તલાટી, જંગલ હોય તો ફોરેસ્ટ ઑફિસર, અને શહેર હોય તો મ્યુનિસિપાલિટીને જાળવણીની જવાબદારી ફરજિયાત સ્વરૂપે સોંપી શકાય. સરકાર પોતે હરાજી કરતી હોય તો પૂર્વે પુરાતત્ત્વ સર્વેક્ષણની (A.S.I.) મંજૂરી લીધા પછી જ કરી શકે તેવું પ્રાવધાન જરૂરી છે.

અંતમાં પુરાતત્ત્વ ખાતાની ઉદાસીનતા અને બેફીકરાઈ જેવાં વલણોનો ઉલ્લેખ કરવો રહ્યો. મોટા ભાગનાં સ્થાપત્યો કે મંદિરોને ''રક્ષિત ઈમારત''નું બૉર્ડ લગાવ્યા પછી તેનું રક્ષણ કે દેખભાળ કરવાની વ્યવસ્થા શૂન્યવત્ જણાય છે. સાબરકાંઠાના દાવડની વાવ, હાલોલની દક્ષિણે આવેલું દેસર મહાદેવનું મંદિર, બોડેલી પાસેના માંકણી ગામનું શિવાલય વગેરે ઘણાં સ્થાપત્યકીય સ્મારકોના સ્થળતપાસ પ્રવાસો દરમ્યાન અમને કોઈ અવાવરૂ, નિર્જન અને ભેંકાર સ્થળ પર આવ્યાનો ભાસ થયો છે. મૂર્તિઓની કે અન્ય અવશેષોની

ચોરી, તસ્કરી કે અન્ય અનિચ્છનીય પ્રવૃત્તિઓ માટે તંત્રની લાપરવાહી કે ઉદાસીનતા આ માટે કારણભૂત છે એમ લાગે છે.

## પાદટીપ

૧. Dr. Nalini Rao : *Masterpieces of Indian and South Asian Sculpture*, p. 28, Fig. No.25, Soka University of America

૨. Krishna Deva : *Images of Nepal*, A.S.I., New Delhi. 1984

૩. Frontline : જાન્યુઆરી ૨૬નો અંક, ૧૯૮૫, પૃ. ૩૫

૪. સુબ્બારાવ બી. *Baroda Through Ages*

૫. ઉમાકાંત પી. શાહ, *Baroda Museum Bulletin*. Vol. 17, pp. 37-53

૬. હજરનીસ રવિ. 'ગુજરાતની કેટલીક અપ્રસિદ્ધ સૂર્ય પ્રતિમાઓ'. ''સ્વાધ્યાય''. પુ.૨૧, અંક બીજો. પૃ. ૧૯૯-૨૦૦, (ફેબ્રુઆરી, ૧૯૮૪)

૭. નવીનભાઈ પારેખ : 'ઊગતા રહેજો ભાણ'. પૃ. ૯, પ્રકાશક - પુરાતત્ત્વ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ૨૦૧૩

૮. ડૉ. હરિલાલ ગૌદાની : 'ગુજરાતનો ભવ્ય ભૂતકાળ', પૃ. ૯૦-૯૬ (૧૯૬૮). પ્રકાશક : ગંગાદાસ મહેતા, મુંબઈ

૯. જૂના અને નવા સૂર્ય-ચંદ્રની તસવીરોની તુલના માટે જુઓ 'ઊગતા રહેજો ભાણ', પૃ. ૧૦૫, તસવીર નં. ૨૪૪, પ્રકાશક, ગુજરાત રાજ્ય પુરાતત્ત્વ ખાતું, ગાંધીનગર.

# महाकवि श्रीजयदेवविरचितम् प्रसन्नराघवम्+

◆

ડૉ. રશ્મિકાંત એસ. ધ્રુવ*

**પ્રસ્તાવના :**

કોઈ ચમત્કારપૂર્ણ ભાવ કવિના મનમાં ઉત્પન્ન થાય અને એને જ્યારે શબ્દદેહ આપવામાં આવે ત્યારે કાવ્ય બને છે. કાવ્યના બે પ્રકાર છે : ૧. ગદ્યકાવ્ય અને ૨. પદ્યકાવ્ય. ઈશાવાસ્યોપનિષદમાં એક મંત્રમાં કવિપદ પરમાત્મા માટે પ્રયોજાયું છે.

**स पर्यगाच्छुक्रमकायमव्रण-**
**मस्नाविरं शुद्धमपापविद्धम् ।**
**कविर्मनीषी परिभूः स्वयंभू-**
**र्याथातथ्यतोऽर्थान् व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः ॥**

कविः ક્રાન્તદ્રષ્ટા, मनीषी - બુદ્ધિમાન, परिभूः - સર્વજ્ઞ, स्वयंभूः - સ્વતંત્ર.

ભાષ્યકાર શંકરાચાર્ય કવિને 'ક્રાન્તદર્શી' કહે છે. અર્થાત્ કવિ સર્વજ્ઞ છે. 'धाता यथापूर्वमकल्पयत्' અર્થાત્ પરમાત્માએ પૂર્વકલ્પના અનુસાર આ વિશ્વની રચના કરી છે. વિશ્વનો પ્રાચીન ગ્રન્થ વેદ છે. હિન્દુમત પ્રમાણે તેની રચના પરમાત્માએ કરી છે. તેથી પરમાત્માની રચના જ આદિકાવ્ય છે. માનો કે વેદ અપૌરુષેય નથી. તો પણ જુદાજુદા ઋષિઓએ જુદા-જુદા સમયે જે સંકલન કર્યું તેને પ્રાચીન ગ્રન્થ તો કહી શકાય. આમ વેદને આદિકાવ્ય કહેવામાં કોઈ મુશ્કેલી નથી. વેદમાં અનેક જગ્યાએ સુન્દર કલ્પનાવૈવિધ્ય જોવા મળે છે. પ્રસાદ ગુણવાળી શૈલી પણ જોવા મળે છે. ઉપમા, રૂપક, સ્વભાવોક્તિ વગેરે અલંકારો દ્વારા વિષયવસ્તુનું નિરૂપણ જોવા મળે છે, જે સત્કાવ્યનાં આવશ્યક અંગો છે.

नासदीय सूक्त (ऋ. म. १०. सू. १२९) ના પ્રારંભના મંત્રોને તો આધુનિક સમયના રહસ્યવાદ (Mysticism)નાં કાવ્યો સાથે સરખાવી શકાય તેમ છે.

કવિ શબ્દની વ્યુત્પત્તિ જોઈએ. 'कवते कौति कुवते शब्दायत इति कविः ।' આમ જે શબ્દનું સર્જન કરે, વર્ણન કરે તે કવિ છે. પરંતુ અહીં એક મુશ્કેલી ઊભી થાય છે. શબ્દ કે વર્ણન કરનાર પ્રત્યેકને કવિ કહી શકાય નહિ. તેથી કલાત્મક શૈલીને સહારે જે ચમત્કારપૂર્ણ શબ્દો દ્વારા વર્ણન કરે તે કવિ કહેવાય.

મહાન વૈયાકરણ પાણિનિ ભાષાનાં બે વિભાગ જુએ છે : ૧. વેદભાષા અને ૨. લોકભાષા. વેદ પછી લોકભાષામાં આદિકાવ્ય તરીકે વાલ્મીકિ રામાયણને માનવામાં આવે છે. સંસ્કૃતના પ્રાચીન સાહિત્યગ્રન્થોમાં વાલ્મીકિ રામાયણ અને મહાભારતને ઐતિહાસિક મહાકાવ્ય માનવામાં આવે છે. તેથી વાલ્મીકિ અને વેદવ્યાસ મહાકવિ છે. એક કવિ કવિરાજ દંડીની પ્રશંસા કરતાં લખે છે કે -

**'जाते जगति वाल्मीकौ कविरित्यभिधाऽभवत् ।**
**कवी इति ततो व्यासे कवयस्त्वयि दण्डिनि ॥'**

---

+ પ્રસ્તુત લેખ રાષ્ટ્રીય સેમિનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, આંકલાવમાં મુખ્ય વક્તા તરીકે રજૂ કર્યો હતો. ''કાવ્યની પરંપરાનો વિસ્તાર : રામાયણનો પ્રભાવ.'' તા.૩૦-૧-૨૦૧૩

* શ્રીમતી સદ્‌ગુણા ગર્લ્સ કૉલેજ, લાલદરવાજા, અમદાવાદ-૧

જગતમાં વાલ્મીકિના જન્મ પછી એમને 'કવિ' એવી સંજ્ઞાથી નવાજવામાં આવ્યા. ત્યારબાદ વ્યાસને પણ 'કવિ' એવી સંજ્ઞા પ્રાપ્ત થઈ. અને હે દંડી ! આપને પણ 'કવિ' એવી સંજ્ઞા પ્રાપ્ત થતાં કુલ ત્રણ પુરુષ કવિ તરીકે પ્રસિદ્ધ થયા.

દેશ, કાળ અને સ્થિતિ અનુસાર મનુષ્યોનો સ્વભાવ જોવા મળે છે. ભારતવર્ષ ધર્મપ્રધાન રાષ્ટ્ર છે. તેથી રામાયણ અને મહાભારતમાં ઇતિહાસ, ધર્મ અને દાર્શનિક તત્ત્વોનું નિરૂપણ જોવા મળે છે. કાવ્યમાં આગળની રચનાની કોઈને કોઈ અસર પાછળની રચનામાં જોવા મળે છે. પરમાત્માની રચનામાં પણ 'धाता यथापूर्वमकल्पयत्' એ ઉક્તિ સાચી હોય તો અર્વાચીન કવિઓની રચનાઓની તો વાત જ શું કરવી ? આમ વેદના કેટલાક મંત્રોનું લૌકિક આદિકવિ વાલ્મીકિએ પોતાના રામાયણમાં ભાવાપહરણ કર્યું છે અને વ્યાસે મહાભારતમાં રામાયણનું, મહાકવિ ભાસે રામાયણ અને મહાભારતનું, કાલિદાસે રામાયણ, મહાભારત અને ભાસની રચનાઓનું કેટલીય જગ્યાએ ભાવાપહરણ કર્યું છે. એ જ રીતે કાલિદાસની રચનાઓનું ભવભૂતિ, જર્મન દાર્શનિક કવિ ગેટે અને શીલરે ભાવાપહરણ કર્યું છે. આ વાતને મહાકવિ ક્ષેમેન્દ્ર આ રીતે રજૂ કરે છે.

**छायोपजीवी पदकोपजीवी पादोपजीवी सकलोपजीवी ।**
**भवेदथ प्राप्तकवित्वजीवी स्वान्मेषतो वा भवनोपजीव्यः ? ॥**

સંસ્કૃતમાં એક સુભાષિત છે.

**सुखस्याऽनन्तरं दुःखं दुःखस्याऽनन्तरं सुखम् ।**
**चक्रवत्परिवर्तन्ते दुःखानि च सुखानि च ॥**

સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એ ચક્ર ફરે તેમ આવે અને જાય છે. આવી સામાન્ય વાતને ભાસે स्वप्नवासवदत्तम् નાટકમાં પોતાની રીતે રજૂ કરી છે.

**'कालक्रमेण जगतः परिवर्तमाना चक्रारपङ्क्तिरिव गच्छति भाग्यपङ्क्तिः ।'**

કાલિદાસ પણ મેઘદૂતમાં કહે છે કે-

**'कस्याऽत्यन्तं सुखमुपनतं दुःखमेकान्ततो वा ।**
**नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ॥'**

કોને સતત સુખ કે દુઃખ રહ્યા કરે છે ? અવસ્થા ચક્રના આરાના ક્રમ અનુસાર નીચે અને ઉપર રહ્યા કરે છે.

આમ, પૂર્વવર્તી કવિના ભાવનું ઉત્તરવર્તી કવિઓમાં આરોપણ થાય છે.

ભાવાપહરણ જ નહીં, પરંતુ અર્વાચીન કવિઓએ કથાનક પણ પ્રાચીન કૃતિઓમાંથી લીધું છે. મોટાભાગની ભારતીય રચનાઓનું કથાનક રામાયણ, મહાભારત, પુરાણ અને કથાસરિત્સાગરમાંથી લેવામાં આવ્યું છે. પશ્ચિમના દેશોમાં પણ કવિવર હૉમર અને નાટ્યકાર શેક્સપિયર વગેરે કવિઓએ યૂનાની ઐતિહાસિક ગ્રન્થોના આધારે પોતપોતાની રચનાઓમાં કથાનક લીધું છે. કાવ્ય કે નાટકમાં શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત, શાંત અને વત્સલ આ રસોને યોગ્ય સ્થાને પ્રયોજવા જોઈએ. પરંતુ પ્રધાન રસ તરીકે શૃંગાર, વીર કે શાંત રસનો પ્રયોગ કરવો જોઈએ.

**'अपारे काव्यसंसारे कविरेकः प्रजापतिः**
**यथेदं रोचते विश्वं तथेदं परिवर्तते ।**
**शृङ्गारी चेत्कविः काव्यं जातं रसमयं जगत्**
**स चेत्कविवीतरागो नीरसं व्यक्तमेव तत् ॥'**

અપાર કાવ્યસંસારમાં એક માત્ર કવિને જ પ્રજાપતિ (સૃષ્ટિકર્તા) માનવામાં આવે છે. કવિની રુચિ પ્રમાણે સંસાર પરિવર્તિત થાય છે. કવિ શૃંગારી હોય તો સંસાર પણ રસમય બની જાય છે, તે જ કવિ નીરસ અર્થાત્ શાંત રસવાળા હોય તો સંસાર પણ નીરસ લાગે છે.

સામાન્ય રીતે કવિને બે પ્રકારે વિભાજિત કરી શકાય : ૧. પ્રતિનિધિકવિ અને ૨. વિશ્વકવિ. કોઈ દેશ, કાળ અને સ્થિતિ અનુસાર લખનાર કવિ પ્રતિનિધિ કવિ કહેવાય. જે કવિની રચના દેશ, કાળ અને સ્થિતિની સીમા પાર કરીને વિશ્વપ્રસિદ્ધ થાય તે વિશ્વકવિ કહેવાય છે. અશ્વઘોષ જેવા કવિઓને પ્રતિનિધિકવિ કહેવાય અને કાલિદાસ, ભવભૂતિ તથા પાશ્ચાત્ય દેશના શેક્સપિયર જેવા કવિઓને વિશ્વકવિ કહેવાય છે. પરંતુ વિશ્વકવિ પણ કોઈક રીતે પોતાના સમયનું પ્રતિનિધિત્વ કરે છે.

સૈદ્ધાન્તિક દૃષ્ટિએ પણ કવિના બે પ્રકાર પડે છે : ૧. યથાર્થવાદી અને ૨. આદર્શવાદી. પોતાની અનુભૂતિ કે કોઈ વિષયનું યથાર્થરૂપે વર્ણન કરનાર કવિને યથાર્થવાદી કહેવાય છે. એ જ રીતે કોઈ આદર્શને ધ્યાનમાં રાખી રચના કરનાર કવિને આદર્શવાદી કહેવાય છે.

યથાર્થવાદ અને આદર્શવાદ એ બન્નેનો યોગ્ય રીતે પ્રયોગ કરવો તે કવિની ફરજમાં આવે છે.

પ્રાચીન સમયથી જ ભારતવર્ષ એક ધાર્મિક રાષ્ટ્ર છે. તેથી આપણા કવિઓ 'सत्यं शिवं सुन्दरम्'માં જ કલાનો પૂર્ણસાર માને છે. ભારતીય નાટકો સંયોગાન્ત અને પાશ્ચાત્ય નાટકો મોટાભાગે વિયોગાન્ત જોવા મળે છે.

'काव्येषु नाटकं रम्यम्' એવું કહીને કાલિદાસે નાટકનું બહુમાન કર્યું છે. આમ પણ સાહિત્યમાં નાટકનું સ્થાન મહત્ત્વનું છે. નાટકનું સ્થાન દૃશ્યકાવ્યમાં આવે છે. ચાર પ્રકારના અભિનયને કારણે પણ દર્શકો ઉપર નાટકનો વધારે પ્રભાવ પડે છે. સમાજના દરેક વર્ગમાં નાટક પ્રિય બને છે. કાલિદાસ, ભવભૂતિ, શ્રીહર્ષ, જયદેવ, શૅક્સપિયર, જહોન (જાન) ગાલ્સવર્દી, ઈબ્સન, બર્નાડ શૉ વગેરે પોત-પોતાનાં નાટકોને કારણે જ અમર બન્યા છે. ભારતીય નાટ્યશાસ્ત્રના રચયિતા ભરતમુનિ કહે છે કે -

**'न तज्ज्ञानं न तच्छिल्पं न सा विद्या न सा कला ।**
**न स योगो न तत्कर्म नाटके यन्न दृश्यते ॥'**

અર્થાત્ એવું જ્ઞાન, શિલ્પ (કૌશલ), વિદ્યા, કલા, યોગ અને કર્મ નથી જે નાટકમાં જોવા ન મળતું હોય. આપણે ત્યાં તો નાટકને પંચમ વેદ માનવામાં આવે છે.

**મહાકવિ જયદેવનો પરિચય :**

સંસ્કૃત સાહિત્યમાં જયદેવ નામધારી એકથી વધારે કવિઓ થઈ ગયા. ગીતગોવિન્દકાર જયદેવથી આપણે પરિચિત છીએ. તેઓનો સમય વિક્રમની બારમી સદી છે. 'પ્રસન્નરાઘવ'ના રચયિતા જયદેવનો સમય વિક્રમની તેરમી અને ચૌદમી સદીનો મધ્યભાગ માનવામાં આવે છે. વિક્રમની સોળમી સદીમાં મૈથિલ જયદેવ નામના પણ એક કવિ થઈ ગયા.

આપણા આ નાટક 'પ્રસન્નરાઘવ'ના રચયિતા જયદેવના માતાનું નામ સુમિત્રા અને પિતાનું નામ મહાદેવ હતું. નાટકની પ્રસ્તાવનામાં સૂત્રધાર અને નટના સંવાદમાં કવિનો પરિચય આ પ્રમાણે છે :

**कवीन्द्रः कौण्डिन्यः स तव जयदेवः श्रवणयो -**
**रयासीदातिथ्यं न किमिह महादेवतनयः ॥ १४ ॥** (अंक १)

કવીન્દ્ર કૌણ્ડિન્ય મહાદેવપુત્ર તે જયદેવજી અહીં આપના કાનના અતિથિ નથી બન્યા ?

**लक्ष्मणस्येव यस्याऽस्य सुमित्राकुक्षिजन्मनः ।**
**रामचन्द्रपदाम्भोजे भ्रमद् भृङ्गायते मनः ॥ १५ ॥** (अंक-१)

લક્ષ્મણની જેમ સુમિત્રાના ગર્ભમાંથી ઉત્પન્ન જે જયદેવજીનું મન રામચન્દ્રજીના ચરણકમળમાં ભ્રમણ કરનાર ભમરાની જેમ આચરણ કરે છે.

આવા મહાકવિ જયદેવ વિશે નાટકના પ્રથમ અંકની પ્રસ્તાવનામાં નટ કહે છે કે - एवमेतत् । नन्वयं प्रमाणप्रवीणोऽपि श्रूयते । तदिह चन्द्रिकाचण्डातपयोरिव कवितातार्किकत्वयोरेकाधिकरणतामालोक्य विस्मितोऽस्मि। આ સત્ય છે કે કવિરાજ (જયદેવ) ન્યાયશાસ્ત્રમાં પણ નિપુણ છે. ચાંદની અને સૂર્યની જેમ કવિતા અને તાર્કિકતા (નૈયાયિકતા) આ બન્નેમાં એમનો એકાધિકાર જોઈને હું આશ્ચર્યચકિત છું. નટ કહે છે કે જયદેવની કવિતામાં સરળતા અને કોમલતા પણ છે. (नटः अहो ! अस्य कवेः सूक्तीनां सरलता कोमलता च ।) સૂત્રધાર કહે છે કે કવિતામાં (રચનામાં) ક્યાંક કુટિલતા અને કઠોરતા પણ છે. (सूत्रधारः क्वचिद्वक्रता कठिनता च ।) नटः - नूनमस्य कवेः किमपि कौतुकप्रमोदमेदुरमन्तःकरणं, यदेवंविधाः सरसशीतला सूक्तयः समुल्लसन्ति । ચોક્કસપણે આ કવિનું અન્તઃકરણ અનિવર્ચનીય રીતે કુતૂહલ અને હર્ષથી પરિપૂર્ણ છે, જેનાથી આવા સરસ અને મનભાવન સુભાષિત ઉત્પન્ન થાય છે.

જયદેવની બીજી રચના 'ચંદ્રાલોક' નામનો સુપ્રસિદ્ધ અલંકાર ગ્રન્થ છે. તેઓ નાટ્યકાર, અલંકારશાસ્ત્રી અને તર્કશાસ્ત્રના વિદ્વાન હતા. જયદેવજીનું બીજું નામ પીયૂષપર્વ હતું એવો ઉલ્લેખ 'ચન્દ્રાલોક' ગ્રંથમાં છે. તેઓનો સમય વિક્રમ સંવત તેરમી અને ચૌદમી સદીનો મધ્યભાગ માનવામાં આવે છે. મહામહોપાધ્યાય મૈથિલ પંડિત પરમેશ્વર ઝાએ પોતાના 'મિથિલાતત્ત્વવિમર્શ' નામના પુસ્તકમાં પ્રસન્નરાઘવકાર જયદેવજીને મિથિલા નિવાસી કહ્યા છે. અન્ય કેટલાક વિદ્વાનો તેઓને વિદર્ભના કુંડિનપુર નિવાસી દાક્ષિણાત્ય બ્રાહ્મણ માને છે.

**प्रसन्नराघवम् - પાત્ર-પરિચય**

**પુરુષ પાત્રો**

| | | |
|---|---|---|
| સૂત્રધાર | = | પ્રધાનનટ |
| નટ | = | સૂત્રધારસહાયક |
| રામ | = | દશરથપુત્ર, નાટકનાયક |
| લક્ષ્મણ | = | દશરથપુત્ર, રામાનુજ |
| વિશ્વામિત્ર | = | મહર્ષિ |
| જનક | = | મિથિલાપતિ, રામશ્વસુર |
| શતાનન્દ | = | જનકપુરોહિત |
| દાલ્ભ્યાયન | = | યાજ્ઞવલ્ક્યશિષ્ય |
| તાણ્ડયાયન | = | શતાનન્દશિષ્ય |
| પરશુરામ | = | મહર્ષિ, જમદગ્નિપુત્ર |
| મંજીરક, નૂપુરક | = | સ્તુતિપાઠકો |
| રાવણ | = | લંકેશ્વર, રાક્ષસરાજ |
| બાણાસુર | = | બલિપુત્ર, દૈત્યરાજ |
| સાગર | = | નદીપતિ |
| રત્નશેખર | = | ઐન્દ્રજાલિક (જાદુગર) |
| સુગ્રીવ | = | વાનરરાજ, રામમિત્ર, પીઠમર્દ |

| | | |
|---|---|---|
| હનુમાન્ | = | સુગ્રીવમન્ત્રી |
| માલ્યવાન્ | = | રાવણમન્ત્રી, રાક્ષસ |
| વિભીષણ | = | રાવણાનુજ |
| કરાલક | = | માલ્યવાન્ પરિચારક |
| પ્રહસ્ત | = | રાવણસચિવ |
| વિદ્યાધર | = | દેવયોનિવિશેષ |
| તાપસ-ભિક્ષુક | = | કુબ્જકવામન વગેરે ૨૫ પુરુષો પાત્રો છે. |
| | | **સ્ત્રી પાત્રો** |
| સીતા | = | જનકપુત્રી, રામપત્ની, નાટકનાયિકા |
| ગંગા | = | નદી |
| યમુના | = | નદી, સૂર્યપુત્રી |
| સરયૂ | = | નદી |
| ગોદાવરી | = | નદી |
| તુંગભદ્રા | = | નદી |
| ત્રિજટા | = | રાક્ષસી, સીતાસખી |
| મન્દોદરી | = | રાવણપત્ની |

સખી, ચેટી વગેરે નવથી વધારે સ્ત્રી પાત્રો છે.

**प्रसन्नराघवम् - કથાસાર**

મહાકવિ જયદેવજી રચિત પ્રસન્નરાઘવનું કથાવસ્તુ રામાયણ આધારિત છે. રામના જીવન ઉપર આધારિત આ નાટકમાં સાત અંકો છે. અંકાનુસાર કથાનક ટૂંકમાં જોઈએ.

**પ્રથમ અંક**

સંસ્કૃત સાહિત્યની પરંપરાનુસાર પ્રથમ અંકમાં નાન્દી શ્લોક આવેલ છે. અહીં ત્રણ નાન્દી શ્લોકમાં ભગવાન વિષ્ણુની સ્તુતિ કરવામાં આવી છે. ભગવાન વિષ્ણુ પ્રેક્ષકોનું કલ્યાણ અને રક્ષણ કરે એવી ભાવના વ્યક્ત કરવામાં આવી છે.

પ્રસ્તાવનામાં સૂત્રધાર અને નટનો સંવાદ આવે છે. ભગવાન શિવની યાત્રામાં સભાસદો વચ્ચે આ નાટક ભજવાય છે. પ્રત્યેક અંકમાં શૃંગાર વગેરે રસોનો યોગ્ય જગ્યાએ પ્રયોગ થયો છે. 'प्रसन्नराघवम्' એવું નાટક ભજવવાનું છે. રામના ગુણોની પ્રશંસા કરવામાં આવે છે. ત્યારબાદ મહર્ષિ યાજ્ઞવલ્ક્યના શિષ્ય (દાલ્ભ્યાયન)નો પ્રવેશ થાય છે.

**વિષ્કમ્ભક :** યાજ્ઞવલ્ક્યશિષ્ય મહારાજ જનકની ચિંતાનું નિરૂપણ કરે છે. સીતાવિવાહની ચિંતાને કારણે જનક બ્રહ્મવિદ્યા અને રાજલક્ષ્મી પ્રત્યે શિથિલ થયા છે. ત્યારબાદ મંજીરક અને નૂપુરક નામના બે સ્તુતિપાઠકો સંવાદ કરે છે. ભગવાન શિવજીએ આપેલ અને કૈલાસ પર્વતથી પણ વધારે મહત્ત્વનું ત્રિપુરદાહક ધનુષ જનકની પાસે છે. આ ધનુષને જોવા માટે બાણાસુર મિથિલામાં આવે છે. તો બીજી તરફ રાવણની શિવપૂજા પહેલાં જ નન્દનવનનાં બધાં જ પુષ્પો ચૂંટી લેવામાં આવ્યાં છે. આવું કેવી રીતે બન્યું તેના જવાબમાં રાવણના અનુચરો જણાવે છે કે સીતા સ્વયંવરમાં જનાર દેવતાઓના વિમાનોને શણગારવામાં જ બધાં પુષ્પોનો ઉપયોગ થયો છે. સીતા સ્વયંવરની વાત સાંભળીને રાવણ અને બાણાસુરના આગમનની સંભાવના તથા અનિષ્ટની શંકા જોવા મળે છે.

વિષ્કમ્ભક પછી મંજીરક અને નૂપુરક નામના બે સ્તુતિ કરનારાઓ સીતા સ્વયંવરમાં આવેલા રાજાઓનું વર્ણન કરે છે. સ્વયંવરમાં આવેલા રાજાઓ શિવધનુષ ઉપાડવામાં નિષ્ફળ બને છે. ત્યારે મનુષ્યના વેષમાં રાવણનો પ્રવેશ થાય છે. મંજીરક સાથે વક્રોક્તિપૂર્ણ વાતો થાય છે. જેમકે **मञ्जीरकः - (स्वगतम्) कथमयं वाचाटतां प्रकटयति । भवतु । अनयैव तावदेवं निवारयामि । (प्रकाशम्) अये ! एतावति वीरमण्डले त्वमेव नक्षत्रविद्या-कुशलः ।** મંજીરક = (મનમાં) અરે એવી રીતે આ પોતાની વાચાળતા પ્રગટ કરે છે. સારું એ જ (વાચાળતા) રીતે તેને જવાબ આપીશ. (મોટેથી) અરે ! આટલા બધા વીરોમાં આપ એકલા જ નક્ષત્રવિદ્યામાં કુશળ છો. (ક્ષત્રવિદ્યામાં કુશળ નથી.) રાવણ મંજીરક ઉપક ક્રોધ કરે છે. ત્યારબાદ મહેલની અગાશીમાં બેઠેલાં સીતાને જુએ છે. સીતાના લોકોત્તર સૌંદર્યની પ્રશંસા કરે છે. રાવણ શિવધનુષ ઉપાડવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેમાં તે નિષ્ફળતા મેળવે છે. હવે તે પોતાના પરાક્રમથી સીતાને મેળવવાનો પ્રયત્ન કરે છે. પરંતુ મંજીરકે તેની ખૂબ નિંદા કરી. ગુસ્સે થયેલો રાવણ પોતાના દશમુખ અને વીસ બાહુઓને પ્રગટ કરે છે. એને જોઈને નૂપુરક આશ્ચર્ય પામે છે. મંજીરક રાવણને ઓળખી જાય છે. તે બન્ને સાથે રાવણની વક્રોક્તિપૂર્ણ વાતો થાય છે. રાવણ પોતાનું લોકોત્તર પરાક્રમ પ્રગટ કરે છે. એવામાં બાણાસુર ત્યાં આવે છે. હવે રાવણ અને બાણાસુર સંવાદ કરે છે. તેઓ દેવતા વિરોધી છે. પોતાનો ઉત્કર્ષ અને અન્યનો અપકર્ષ દર્શાવે છે. બાણાસુર પણ શિવધનુષ ઉપાડવામાં નિષ્ફળ નીવડે છે. આથી રાવણ તેના ભુજભારની નિંદા કરે છે. બાણાસુર રાવણને ધિક્કારે છે. તેઓના વાદવિવાદ પછી બાણાસુર નન્દનવનને છિન્ન ભિન્ન કરવા માટે ચાલ્યો જાય છે. રાવણ સીતાહરણ માટે તત્પર થાય છે. એવામાં મારીચના રડવાનો અવાજ સાંભળી એને આશ્વાસન આપવા નીકળી જાય છે. બન્ને સ્તુતિપાઠકો પણ જનકને આ વિગત કહેવા માટે જાય છે.

**બીજો અંક : વિષ્કમ્ભક**

યજ્ઞના રક્ષણ માટે દશરથ પોતાના બે પુત્રો રામ અને લક્ષ્મણને કૌશિકમુનિ (વિશ્વામિત્ર)ને સોંપે છે. વિશ્વામિત્ર પણ વીરમાતાના કર્ણભૂષણ તાટંકયુગ્મ, કૌશલ્યા માટે તેમને ભેટ આપે છે. આ કર્ણભૂષણ રાવણની માતા નિકષાને માટે યોગ્ય છે એવો વિચાર કરીને રાવણમંત્રી માલ્યવાન્ તેને લેવા માટે તાટકાની પાસે ભિક્ષુરૂપવાળા એક રાક્ષસને મોકલે છે. થોડા સમય પછી અત્યાર સુધીમાં તાટકા તે કર્ણભૂષણને મેળવી ચૂકી હશે એવો વિચાર કરીને તેણે (માલ્યવાને) તાપસરૂપ ધારી બીજા રાક્ષસને મોકલ્યો. તેઓ મિથિલાના ઉપવનમાં મળે છે. સંવાદ પરથી બન્ને એકબીજાને ઓળખી જાય છે. તાપસ કહે છે કે 'લંકેશ્વર મિથિલામાં પધાર્યા છે એવું સાંભળીને હું અહીં આવ્યો છું, અને તાટકાના સમાચાર જાણવાની ઈચ્છા છે.' ત્યારે ભિક્ષુ કહે છે કે તાટકા રામના બાણ-પ્રહારથી મૃત્યુ પામી છે. એનો એક પુત્ર સુબાહુ પણ મૃત્યુ પામ્યો છે. બીજો પુત્ર મારીચ રામના નારાચથી (બાણનો અગ્રભાગ) દૂર ફેંકાઈ ગયો છે. આ વૃત્તાન્ત સાંભળીને પણ સીતામાં આસક્ત રાવણના મનમાં કોપ જન્મ્યો નથી. એવામાં રામ અને લક્ષ્મણને સામે આવતાં જોઈને બન્ને રાક્ષસો ડરી ગયા.

રામ અને લક્ષ્મણ મિથિલામાં બગીચાની સુન્દરતા અને ચૈત્રમાસની રમણીયતાનું વર્ણન કરે છે. ત્યાં આવેલ ચંડિકા મંદિરમાં ચંડિકાને રામ પ્રણામ કરે છે. એવામાં સીતા પણ સખી સાથે ત્યાં આવીને ચંડિકાને પ્રણામ કરે છે. રામ સીતાનું અલૌકિક સૌંદર્ય જોઈને વિસ્મય પામે છે. સીતા પણ રામને જોઈને પ્રસન્ન થાય છે. લક્ષ્મણમાં વાત્સલ્યભાવ અનુભવે છે. સખી સીતાના મનમાં રામની આસક્તિ સમજી જાય છે. ચેટી આવીને સીતાને કહે છે કે શણગાર માટે આપને માતાઓ બોલાવે છે. સીતા ત્યાંથી ચાલી જાય છે. રામ અને લક્ષ્મણ પણ વિશ્વામિત્રની પાસે જાય છે.

**ત્રીજો અંક :**

પ્રવેશક : મહારાજ જનકના અન્તઃપુરમાં વામનક અને કુબ્જકના સંવાદમાંથી હાસ્યરસ જન્મે છે. વામનક કહે છે કે 'શિવધનુષને જોવા માટે બે ક્ષત્રિયકુમારોની સાથે મહર્ષિ વિશ્વામિત્ર આવશે. એટલામાં

'તાટકાને મારનાર રામ અને લક્ષ્મણને લઈને મહર્ષિ વિશ્વામિત્ર આવી રહ્યા છે' એવું વાક્ય નેપથ્યમાં સંભળાય છે. તે બન્ને રામમાં શિવધનુષ ઉપાડવાની શક્તિ છે એવી વાત રાણીઓને જણાવવા જાય છે.

વિશ્વામિત્ર, રામ અને લક્ષ્મણની સાથે મિથિલામાં પ્રવેશ કરે છે. વિશ્વામિત્ર, રામ અને સીતાના વિવાહ સંદર્ભે ઉત્કંઠિત છે. રામના પ્રશ્નના જવાબમાં વિશ્વામિત્ર, યોગીશ્વર યાજ્ઞવલ્ક્યશિષ્ય જનક રાજાનો પ્રભાવ વર્ણવે છે. એવામાં શતાનન્દ આવે છે. શતાનન્દ વિશ્વામિત્રનું અભિવાદન કરે છે અને જનક વિશ્વામિત્રને પ્રણામ કરે છે. વિશ્વામિત્ર જનકવંશના રાજાઓના લોકોત્તર વૈભવનું વર્ણન કરે છે. જનક પણ વિનયપૂર્વક વિશ્વામિત્રના પ્રભાવનું વર્ણન કરે છે. વિશ્વામિત્ર શતાનન્દ અને જનકને રામલક્ષ્મણનો પરિચય કરાવે છે. રાજા જનક તેઓ તરફ પ્રેમભાવ દર્શાવે છે. વિશ્વામિત્ર જનકને કહે છે કે 'શિવધનુષ લાવવા માટે રામને આજ્ઞા આપો.' જનક તે કામમાં રામની અસમર્થતા વિશે સંભાવના કરે છે. વિશ્વામિત્રે રામના પરાક્રમનું વર્ણન કરી ધનુષ લાવવા માટે રામને આજ્ઞા આપી. એવામાં પરશુરામના પરશુનો સન્દેશો સંભળાવવા કોઈ મુનિએ પ્રવેશ કરીને જનકને કહ્યું - 'રાજાઓને મારીને શિવપરિચારક આ પરશુ (ફરસી) એવો સંદેશ આપે છે કે મહારાજ ! કોઈ રાજકુમારને કન્યાદાન કરીને શિવધનુ ઉપાડવાના પાપથી દૂર રહે, નહીં તો હું આપને દંડ આપીશ.' આવું સાંભળીને જનકે પણ - હે પરશુ ! પ્રતિજ્ઞા અનુસાર હું કન્યાદાન કરું છું. તમે મારા જમાઈની સામે ધારાજલનો (પ્રતિજ્ઞાનો) ત્યાગ કરો. એવો પ્રતિ સંદેશ મોકલાવ્યો. એવું થાય એમ કહીને મુનિ નીકળી ગયા. ત્યારબાદ શિવધનુષ ઉપાડવામાં નિષ્ફળ મનોરથવાળા હજારો રાજાઓને વિશ્વામિત્રે જોયા. અન્તમાં રામે પણછ (પ્રત્યંચા) ચઢાવવાના પ્રસંગમાં અનાયાસ ધનુષને તોડી નાંખ્યું. ત્યારે પ્રસન્ન થઈને વિશ્વામિત્રે માંડવી સાથે ભરત, ઊર્મિલા સાથે લક્ષ્મણ અને શ્રુતકીર્તિ સાથે શત્રુઘ્નનાં વિવાહ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. જનકે સહર્ષ આ પ્રસ્તાવને સ્વીકારી લીધો.

**ચતુર્થ અંક :**

નેપથ્યમાં ધ્રુવા ગીતિ ગવાય છે. ध्रुवा - गीतिविशेषः, तल्लक्षणमुक्तं राजशेखरेण -

**प्रथयति पात्रविशेषान् सामाजिकमनांसि रञ्जयति ।**
**अनुसन्दधाति च रसान्नाट्यविधाने ध्रुवाः गीतिः ॥**

ત્યારબાદ ક્રોધિત ભાર્ગવ પ્રવેશ કરે છે. તેઓ પરશુના પ્રતિસંદેશમાં જનકનો અવિનય જોઈ જગતને જનકરહિત કરવા તૈયાર થયા છે. ત્યારે શતાનન્દના શિષ્ય તાંડ્યાયને પ્રવેશ કરીને તેઓનું અભિવાદન કર્યું અને કથાપ્રસંગમાં શિવધનુષ તૂટ્યાની વાત કહી. આ ધનુષને કોણે તોડ્યું ? ભાર્ગવે એવું પૂછ્યું. ત્યારે તાંડ્યાયને કહ્યું કે 'કૌશિકના યજ્ઞને નષ્ટ કરનાર સુબાહુ અને મારીચ વગેરે રાક્ષસ જેના વશમાં છે' એટલા અધૂરા વાક્યને સાંભળીને ભાર્ગવે 'રાવણે ધનુષ તોડ્યું છે' એવી સંભાવના કરી એને દંડ આપવા નીકળી પડ્યા. પરંતુ થોડીવાર પછી પોતાની સંભાવના ખોટી સમજીને પાછા આવ્યા અને તાંડ્યાયનને ઠપકો આપ્યો. તાંડ્યાયને પણ મારો આમાં અપરાધ નથી કહીને '(એવા રાક્ષસો પણ) જેના બાણના અગ્રભાગમાં રહેનાર પ્રતાપને વશ થઈને પરાભવ પામ્યા.' એ રીતે વાક્ય પૂર્ણ કર્યું. મારીચને દંડ આપનાર તે કોણ છે ? એવું ભાર્ગવે પૂછ્યું ત્યારે તેઓએ 'શ્રીરામચંદ્રજી છે' એવું કહ્યું. ત્યારે રામ અને લક્ષ્મણને ભાર્ગવે જોયા. રામના અતિશય ઉત્કર્ષને જોઈને શું આ મૂર્તિમાન શૃંગાર, વીર અને અદ્ભુત રસથી બનેલ છે ? એવી ઉત્પ્રેક્ષા કરી. પછી બન્ને ભાઈઓ સાથે જામદગ્ન્યનો વક્રોક્તિ અને શ્લેષયુક્ત સંવાદ થયો. એવામાં નેપથ્યમાં 'અરે જામદગ્ન્ય ! વક્રાલાપ શા માટે કરો છો ? અત્યારે આપને શાસિત કરવા માટે ધનુષ લાવવામાં આવે છે.' એવી જનકની વાણી સંભળાઈ. જામદગ્ન્યે પણ યોગાભ્યાસી જનકમાં વીરતા નથી એવું કહ્યું. પુનઃનેપથ્યમાં 'અરે જામદગ્ન્ય ! શાન્તિરૂપ ધનથી સમૃદ્ધ જમદગ્નિના પુત્ર હોવા છતાં તમે શાંતિમાં દરિદ્ર થઈ ગયા છો' એવું શતાનન્દનું વાક્ય સંભળાયું. જામદગ્ન્યે અહલ્યાપુત્ર હોવાને કારણે શતાનન્દની હાંસી ઉડાવી. રામે બન્ને મહર્ષિઓની કુલીનતા

દર્શાવી સમાધાન કરાવ્યું. જામદગ્ન્યે ગુસ્સામાં ભગવાન કૌશિકનો પણ અનાદર કર્યો. ગુરુનો અનાદર જોઈને રામે પણ પરાક્રમપૂર્ણ વાક્યો કહ્યાં. પરશુરામે રામને કહ્યું કે 'વિષ્ણુના કરકમળસ્થિત આ ધનુષને લઈ લો અથવા યુદ્ધ કરો.' રામે પણ તૈયારી દર્શાવી અને બન્ને યુદ્ધભૂમિમાં આવી ઊભા. ત્યારે લક્ષ્મણે રામને વિષ્ણુધનુષ ઉપાડવાની વાત કહી અને પરશુરામે નમ્રતાથી રામમાં ઈશ્વરત્વની ઉત્પ્રેક્ષા કરી. ત્યારે રામે વિજયી હોવા છતાં પરશુરામના ચરણોમાં પ્રણામ કરી નમ્રતા દર્શાવી. પરશુરામે રામને શુભ આશીર્વાદ આપી વિદાય લીધી. રામલક્ષ્મણ પણ સ્વજનોને જોવા માટે ત્યાંથી વિદાય થાય.

**પંચમ અંક :**

ગંગા અને યમુના આવીને વાતચીત કરે છે. ગંગાએ કહ્યું 'તું કેમ આ દિવસોમાં દુઃખી દેખાય છે'? તેના જવાબમાં યમુનાએ કહ્યું 'મારા ભાઈ સુગ્રીવ પોતાના મોટા ભાઈ વાલીની દુર્જનતાથી દુઃખી છે.' દુઃખનું પ્રથમ કારણ આ છે અને બીજું દુઃખનું કારણ એ છે કે 'કોઈ દિવસ તપસ્વીવેશ ધારણ કરનાર કામેદવ અને વસન્ત સમાન બે યુવાપુરુષ અને એક સુન્દરી મને પાર કરીને દક્ષિણ દિશા તરફ ચાલવા લાગ્યાં ત્યારે સુન્દરીએ કહ્યું. 'દેવી યમુના ! પોતાના કુટુંબને દર્શન આપવા કૃપા કરો'. અને હાથ જોડીને મને પ્રાર્થના કરી. આ સાંભળીને ગંગા યમુનાને સાથે લઈને સંદેહ દૂર કરવા સરયૂની પાસે ગઈ. ત્યારે વાતચીતમાં સરયૂએ અયોધ્યાવાસીઓના શોકની વાત કહી. ગંગા પણ દશરથને ઉદ્દેશીને ખૂબ વિલાપ કરીને મૂર્છા પામી. સરયૂએ ગંગાની વિનંતીથી આ વૃત્તાંત સવિસ્તર કહ્યો. કૈકેયીએ મહારાજ દશરથ પાસે પહેલાં કહેલાં બે વરદાન માગ્યાં. પ્રથમ વરદાનમાં રામને ચૌદ વર્ષોનો વનવાસ અને બીજા વરદાનમાં ભરતના યુવરાજ પદની માંગણી કરી. કૈકેયીનું વાક્ય સાંભળીને રામ પિતાજીને અભિવાદન કરી વનમાં ગયા. ત્યારે ગંગાએ યમુનાને પૂર્વે કહેલા વાક્યનું સમર્થન કર્યું. ત્યારબાદ સીતા અને લક્ષ્મણ પણ રામ સાથે વનમાં જવા તૈયાર થાય છે. આમ સરયૂએ કથાપ્રસંગમાં દશરથનો સ્વર્ગવાસ અને નનિહાલથી પાછા ફરેલા ભરતે પિતાની વિપત્તિ અને રામવિયોગથી અસહ્ય દુઃખી થઈ નંદીગ્રામમાં રહીને પ્રજાપાલન કરવાનો નિર્ણય કર્યો છે. એના પછી જે થયું તેને જાણવા માટે મેં એક કલહંસને મોકલ્યો છે એવું કહ્યું. પછી કલહંસે ત્યાં આવીને લક્ષ્મણ અને સીતા બન્ને રામની જે રીતે સેવા કરે છે તે સંભળાવ્યું. આમ, કલહંસે તેઓની વનયાત્રા અને ત્રણ-ચાર દિવસોમાં જ અયોધ્યારાજ્યનું અતિક્રમણ કરીને તરત જ યમુનાને પણ પાર કરી ગોદાવરી પાસે જવું, તથા ત્યાં લક્ષ્મણે શૂર્પણખાનું નાક કાપવું, અન્ય રાક્ષસોને યુદ્ધમાં રામ દ્વારા મારવા આ બધું કહ્યું. પછી તેણે ત્યાં સુવર્ણમૃગનું આગમન, રામનું તેની પાછળ જવું, લક્ષ્મણનું પણ રામની પાસે જવું અને કોઈ ભિક્ષુકનું સીતા પાસે આગમન. આટલું કહીને મૌન થઈ ગયો.

ત્યાર પછી બધા 'પછી શું થયું ?' એ જાણવા માટે વ્યાકુળ થઈને એ સમાચાર કહેવા માટે સરયૂ સમુદ્રની પાસે ગઈ. આ ચરિત્ર ગોદાવરી સમુદ્રને કહી રહી હતી. જેમકે 'રામના બાણથી ઘાયલ તે મૃગ, મારીચ નામના રાક્ષસના રૂપમાં પરિવર્તિત થઈને યમલોકમાં પહોંચી ગયો.' તે ભિક્ષુક પણ સીતાની પાસે રાવણના રૂપમાં આવી સીતાનું હરણ કરી ગયો. માર્ગમાં તેની સામે આવનાર જટાયુને ઘાયલ કરી તે રાવણ લંકામાં ચાલ્યો ગયો. આ કરુણ વૃત્તાન્ત સાંભળીને દયાળુ સમુદ્ર મૂર્છા પામ્યો. ત્યારે ગંગાજી વસ્ત્રાંચલથી હવા નાંખીને તેને ભાનમાં લાવ્યા. ત્યારે તુંગભંદ્રા નામની નદીએ 'રામના બાણોથી વાલિમરણ, સુગ્રીવનું ચક્રવર્તિપદ પ્રાપ્ત થવું, સીતાની શોધ માટે સુગ્રીવે વીર વાનરોને મોકલવા વગેરે વૃત્તાન્ત વર્ણવ્યો.

**ષષ્ઠ અંક**

રાવણે સીતાહરણ કર્યું. તેથી સીતાના વિરહમાં રામ વિલાપ કરે છે. લક્ષ્મણ તેઓને સાન્ત્વના આપે છે. એવામાં ચમ્પકાપીડ અને રત્નશેખર નામના પથિકોની વાતચીત સંભળાય છે. રત્નશેખરે ચિત્રરૂપ દાનવ પાસેથી જાદુગર વિદ્યામાં નિપુણતા પ્રાપ્ત કરી છે. ચમ્પકાપીડ તેને વિનંતી કરે છે કે લંકામાં અનુભવેલ કોઈ

નવીન સરસ પ્રયોગ દર્શાવે. લક્ષ્મણે રામને તે પ્રયોગ જોવા માટે વિનંતી કરી. સીતાનું વચન સાંભળી રામે તે જોવા માટે ઉત્કંઠા કરી. પછી ઐન્દ્રજાલિકની કુશળતાથી લંકાની અશોકવાટિકામાં અશોકશાખાના સહારે સૂતેલા સીતા જોવા મળ્યાં. તે સ્વપ્નમાં રામને જોઈને જગાડવાથી રામનું સ્મરણ કરી અસહ્ય વિરહને કારણે મૂર્છા પામ્યાં. ત્યાં ઉપસ્થિત ત્રિજટા નામની રાક્ષસીએ તેમને આશ્વાસન આપ્યું. સીતાના સ્વપ્નવર્ણનને સાંભળી ત્રિજટાએ સ્વપ્નને શુભસૂચક કહ્યું. એવામાં નેપથ્યમાં કોઈ વાનરનું આગમન અને એની પાસે અક્ષકુમારનું ગમન એવી ઘોષણા થાય છે. રાવણ સીતાને મનાવવાનો પ્રયત્ન કરે છે પરંતુ સીતા તેને ધિક્કારે છે. તેથી ગુસ્સે થયેલો રાવણ મ્યાનમાંથી તલવાર કાઢીને સીતાને મારવા તૈયાર થાય છે. રામ આ જોઈને દુઃખી થાય છે. લક્ષ્મણ કહે છે કે 'આ તો ઐન્દ્રજાલિકની કુશળતા છે.' લક્ષ્મણ રામને અનેક રીતે સમજાવે છે. જ્યારે રાવણે સીતાનું રુધિર લેવા માટે એક કપાલપાત્રની ઇચ્છા કરી ત્યારે એના હાથમાં હનુમાને નાંખેલ અક્ષકુમારનું મસ્તક આવી પડ્યું. જેથી રાવણ બેહોશ થઈ ગયો, ભાનમાં આવીને હનુમાનને મારવા ત્યાંથી ચાલ્યો ગયો. આ જોઈ રામ, લક્ષ્મણ અને ત્રિજટા બધાં ઘણાં ખુશ થયાં. સીતાએ રામવિરહ અસહ્ય હોવાથી અગ્નિપ્રવેશ માટે ત્રિજટાને અગ્નિકણ લાવવા આજ્ઞા આપી. ત્રિજટાએ શોધીને આગ ન હોવાનું કહ્યું. ઉપરાંત સીતાએ અપાર શોકસમુદ્રને તરવો અસમર્થ જોઈ અશોકવૃક્ષને એક અગ્નિકણ આપવા વિનંતી કરી. ત્યારે અશોકવૃક્ષના આગળના ભાગથી અગ્નિકણ સમાન એક વસ્તુ પડી. તે વસ્તુ લેવાથી ખબર પડી કે આ તો રામચંદ્રજીની રત્નજડિત અંગૂઠી છે. ત્યારે હનુમાનજીએ પ્રવેશ કરીને ભાઈની સાથે રામનું કુશળ, સુગ્રીવની સાથે એમની મિત્રતા, વાલિવધ, સીતાવિરહથી રામની દુર્બળતા અને રામને કહેલી પોતાની વિયોગવ્યથા આ બધું કહ્યું. ત્રિજટાના કહેવાથી સીતાએ પણ રામ માટે પ્રતિસંદેશ અને પ્રત્યભિજ્ઞાન માટે ચૂડારત્ન હનુમાનને આપ્યું. હનુમાનજી સીતાની અનુમતિ લઈને, રામનો સંદેશ સંભળાવીને ત્યાંથી ચાલી નીકળ્યા. પછી સીતાની આજ્ઞાથી હનુમાનનો વૃત્તાન્ત જાણવા માટે આકાશચારિણી ત્રિજટા નેપથ્યમાં બોલે છે. તેમાં ઇન્દ્રજિતે હનુમાનને બાંધ્યા, હનુમાનની પૂંછ સળગાવવી, હનુમાન દ્વારા લંકાદહન અને સમુદ્રતરણ વગેરે બાબતો છે. આ સાંભળી રામ વગેરે ખુશ થાય છે. પછી નેપથ્યમાં 'દધિમુખને પીડા આપી, મધુવનમાં મધુપાન કરી હનુમાન, નીલ અને અંગદ વગેરે રામના દર્શન માટે આવી રહ્યા છે' એવું સાંભળી રામ અને લક્ષ્મણ હનુમાનની આગેવાની માટે ચાલ્યાં.

**સપ્તમ અંક :**

**વિષ્કમ્ભક :** પુલસ્ત્યશિષ્ય ગુરુનો સન્દેશ લઈને વિભીષણને મળવા માટે લંકા ગયો. ત્યાં રાવણમન્ત્રી માલ્યવાનના પરિચારક કરાલકની સાથે તેની વાતચીત થવા લાગી. કરાલકે કહ્યું - એકવાર પ્રણામ કરતી વખતે વિભીષણે રાવણને કહ્યું. પરિણામમાં કલ્યાણ ચાહનાર માણસ પરસ્ત્રીનું ભાલ પણ જોતો નથી. આવી વાત ઉપર રાવણે ઉપહાસ કર્યો અને વિભીષણની છાતીમાં લાત મારીને બહાર કાઢી મૂક્યો. પરિવાર સાથે રામનો આશ્રય લીધો. કરાલક પાસેથી આ વૃત્તાંત સાંભળીને મુનિએ 'વિભીષણે પુલસ્ત્યસન્દેશના રહસ્યનું અનુષ્ઠાન કર્યું' એવો વિચાર કર્યો. ત્યારે મુનિએ 'તારી શું ઇચ્છા છે ?' એવું પૂછવાથી કરાલકે 'માલ્યવાનની આજ્ઞાથી હું સીતાવિરહથી વિહ્‌વળ રાવણના મનોરંજન માટે કોઈ ચિત્રકારે રચેલ આ ચિત્રને રાવણની પાસે પહોંચાડું છું' એવું કહ્યું. એટલામાં નેપથ્યમાં રાવણના મદનજ્વરને દૂર કરવામાં આવેલ શીતોપચાર અને એના સેવકો તથા આકાશચારિઓ કે કરેલ અનેક કર્મોનું વર્ણન કરવામાં આવ્યું. કરાલકે રાજદ્વારમાં પ્રહસ્તને જોઈને એના હાથમાં ચિત્ર સમર્પણ કરવાની ઇચ્છા વ્યક્ત કરી અને તે બન્ને ત્યાંથી નીકળી ગયા.

પ્રહસ્તે ચિત્ર લઈને કામપીડિત ખિન્ન રાવણને મનોવિનોદ માટે ચિત્ર જોવા વિનંતી કરી. રાવણે ચિત્ર જોયું. પ્રહસ્તે ચિત્રમાં રહેલ વિષયનું વર્ણન કર્યું. તે ચિત્રમાં પહેલાં બન્નેએ વિકરાળ પ્રાણીઓથી ભરપૂર સમુદ્રથી ઉત્તર તરફ અનેક વાનરો અને એની બાજુમાં ધનુર્ધારી રામ અને લક્ષ્મણને પણ જોયા. આમ તેઓએ સમુદ્રનું રામને આધીન થવું, વિભીષણનો રામને આશ્રય અને વાનરોએ ઉખાડેલ પર્વતશિલાઓથી બનાવેલ

સેતુબન્ધ આ બધું વાતો કરતાં કરતાં જોઈ લીધું. રાવણે પોતાના પરાક્રમના અભિમાનથી રામની પરવા ન કરી. પ્રહસ્તે બળવાન શત્રુનો સંદેહ કરવો તથા એનો પ્રતિકાર કરવો એવું કહ્યું. રાવણે કહ્યું 'વાનરોનો કોલાહલ મન્દોદરીના ભૂષણશબ્દની જેમ મારા મનમાં આનંદ ઉત્પન્ન કરે છે. એવામાં નીચું મુખ કરીને મન્દોદરી રાવણની બાજુમાં આવીને બેસી ગઈ. રાવણે વિષાદનું કારણ પૂછ્યું. પ્રહસ્તે વાનરસેનાનો કોલાહલ ચિંતાનું કારણ છે એમ કહ્યું. ત્યારે રાવણે 'વાનરસેના મારી સામે યુવતીની જેમ કામના જ ઉત્પન્ન કરવામાં સમર્થ છે' એમ કહ્યું. મન્દોદરીએ બીજા કારણથી પણ શત્રુનો ભય બતાવ્યો. પ્રહસ્તે તેનું સમર્થન કર્યું. એવામાં નેપથ્યમાં ક્રમશઃ રાક્ષસો અને વાનરોની સેનાઓનો ઉત્કર્ષ સંભળાયો. ત્યારે રાવણે કુંભકર્ણને જગાડીને રામ સાથે તથા મેઘનાદને લક્ષ્મણ સાથે લડવા આજ્ઞા આપી. કેટલાક સમય પછી કુંભકર્ણ અને મેઘનાદના વધવૃત્તાન્ત સાંભળી મન્દોદરી અને રાવણ બન્ને મૂર્છા પામ્યાં. ભાનમાં આવી રાવણ પ્રહસ્તને લઈને રામની પાસે ગયો અને મન્દોદરીએ કુલદેવતાની પૂજા કરી. ત્યાર પછી વિદ્યાધરદમ્પતિ રામ અને રાવણના યુદ્ધને વર્ણવે છે. વિદ્યાધર કહે છે કે જ્યારે 'રાવણે શક્તિબાણથી લક્ષ્મણને બેહોશ કર્યો ત્યારે રામ વિલાપ કરવા લાગ્યા. હનુમાન ઔષધોના ભંડાર એવા ગન્ધમાદન પર્વતને લઈ આવ્યા. ઔષધોને સૂંઘતાની સાથે જ લક્ષ્મણ ભાનમાં આવી ગયો. નેપથ્યમાં વાનરો અને રાક્ષસો પોતપોતાના સ્વામીનો ઉત્કર્ષ વર્ણવવા લાગ્યા. રામ અને લક્ષ્મણની સાથે રાવણની ઉક્તિ અને પ્રત્યુક્તિ સંભળાવા લાગી. ત્યારે વિદ્યાધર રામના બાણથી ઘાયલ થઈને જમીન પર પડેલ રાવણના સમાચાર પુલોમજાને કહેવા નીકળી જાય છે. તદ્દુપરાંત સીતા, રામ લક્ષ્મણ, સુગ્રીવ અને વિભીષણ વચ્ચે પરસ્પર વાતચીત થવા લાગી. સુગ્રીવ અને વિભીષણે રામના ઉજ્જવળ યશનું વર્ણન કર્યું. સીતાજીના પૂછવાથી લક્ષ્મણે 'હનુમાનજીને અયોધ્યા મોકલવામાં આવ્યા છે' એવું કહ્યું અને અયોધ્યા જવા માટે પુષ્પક વિમાનમાં બેસીને રસ્તામાં બધાં યથામતિ યમુના, ભારદ્વાજાશ્રમ અને સૂર્યોદયનું વર્ણન કરવા લાગ્યાં. એવામાં સૂર્યમંડળમાંથી રામનું અભિનન્દન કરતાં વાક્યો બોલાવા લાગ્યાં અને વિમાન અયોધ્યામાં પહોંચ્યું. રામે સાથીઓ સાથે પુષ્પક વિમાનમાંથી ઊતરીને ગુરુઓ, બાંધવો અને નગરજનોને આનન્દિત કર્યાં.

इति शुभम् ।

**પ્રસન્નરાઘવમ્ = સમીક્ષા**

સંસ્કૃત સાહિત્યમાં પ્રસન્નરાઘવ નાટકની ભેટ લઈ આવનાર જયદેવ વિક્રમ સંવત ૧૩ મી અને ૧૪ મી સદીના મધ્યભાગમાં થઈ ગયા. નાટ્યકાર તરીકે પ્રખ્યાત આ કવિએ પોતાના નાટકનું કથાવસ્તુ રામાયણમાંથી લીધું છે. સંસ્કૃત સાહિત્યમાં મહાવીરચરિતમ્, ઉત્તરરામચરિતમ્, કુન્દમાલા, અનર્ઘરાઘવમ્, બાલરામાયણ જેવાં અનેક નાટકોમાં મર્યાદા પુરુષોત્તમ રામના જીવનનું આલેખન છે. એમાં પ્રસન્નરાઘવ એ નાટકનું અનન્ય સ્થાન છે. અભિનય અને અન્ય ગુણોને કારણે વિદ્વાનો માને છે. 'काव्येषु नाटकं रम्यम् ।'

નાટ્યકાર જયદેવે પ્રથમથી સાત અંક સુધીમાં પોતાની નાટ્યકલાનો પરિચય કરાવ્યો છે. વસ્તુગ્રથનકૌશલ, સુન્દર પાત્રાલેખન, નાટ્યસૂઝ, ઉત્તમ સંવાદકલા અને કાવ્યતત્ત્વ કવિની રચનામાં જોવા મળે છે.

નાટ્યશાસ્ત્રના નિયમ પ્રમાણે જયદેવે પોતાના નાટકનું કથાવસ્તુ પ્રસિદ્ધ ગ્રન્થ રામાયણમાંથી લીધું છે. વર્ષોથી રામનું જીવન લોકોનો આદર્શ બન્યું છે. આ નાટકની ભાવકલા અને અભિનય વિદ્વાનોને આકર્ષે છે. જેમકે રામચરિતમાનસકાર તુલસીદાસે અનેક જગ્યાએ આ નાટકનું અનુકરણ કર્યું છે. જેમ કે પુષ્પવાટિકામાં સીતા અને રામનો પરસ્પર સાક્ષાત્કાર, ભાર્ગવ અને લક્ષ્મણની ઉક્તિ - પ્રયુક્તિઓ વગેરે. એ જ રીતે પદ્યોમાં પણ બન્ને ગ્રન્થોનો ઉપજીવ્ય-ઉપજીવકભાવ ક્યાંક જોવા મળે છે. જેમકે પ્રસન્નરાઘવમાં

**'चन्द्रहास ! हर मे परितापं, रामचन्द्रविरहाऽनलजातम् ।**
**त्वं हि कान्तिजितमौक्तिकचूर्णधारया वहसि शीतलमम्भः ।।'** (૬.૩૩)

રામચરિતમાનસમાં -

**चन्द्रहास ! हरु मम तापं, रघुपतिविरह अनल संजातम् ।**
**शीत निशा तव असिवरधारा, कह सीता हरु मम दुखभारा ॥**

પ્રસન્નરાઘવમાં -

**'उदर्कभूतिमिच्छद्भिः सद्भिः खलु न दृश्यते ।**
**चतुर्थीचन्द्रलेखेव परस्त्रीभालपट्टिका ॥'** ७-१ ॥

ભવિષ્યમાં કલ્યાણની ઇચ્છા રાખનાર સજ્જન, પરસ્ત્રીની ભાલપટ્ટીને ભાદ્ર શુકલ ચતુર્થીની ચન્દ્રરેખાની જેમ જોતો નથી.

રામચરિતમાનસમાં-

**'सो परनारि लिलार गोसाई, तजहु चौथ चन्द्राकी नाई ।'**

સાહિત્યદર્પણકાર વિશ્વનાથ અર્થાન્તરસંક્રમિતવાચ્ય ધ્વનિના ઉદાહરણ માટે પ્રસન્નરાઘવનો નીચેનો શ્લોક લે છે.

**'कदली कदली करभः करभः करिराजकरः करिराजकरः ।**
**भुवनत्रितयेऽपि विभर्ति तुलामिदमूरुयुगं न चमूदृशः ॥''** १-३७॥

કદલી (કેળદંડ) કદલી છે, કરભ (ઉરુ આકારનો હાથનો પાછળનો ભાગ) કરભ છે, હાથીની સૂંઢ હાથીની સૂંઢ છે. મૃગનયના(સીતા)ની આ બન્ને સાથળ ત્રણેય લોકમાં કોઈની સાથે સરખાવી શકાય તેમ નથી.

પ્રથમ અંકમાં તેરમા શ્લોકમાં કવિઓમાં વૃક્ષનું આરોપણ કરીને કવિએ (જયદેવે) અસાધારણ કલ્પનાકૌશલ પ્રગટ કર્યું છે. बीजं यस्य चिरार्जितं सुचरितं, प्रज्ञा नवीनोऽङ्कुरः.... ॥ અર્થાત્ ઘણા સમય પછી મેળવેલ સુન્દર ચરિત્ર જેનું બીજ છે, પ્રતિભા જેનો નવીન અંકુર છે, પંડિત મંડળીનો પરિચય જેનું થડ (શાખા) છે, કાવ્ય જેનાં નવાં પાંદડાં છે અને યશ જેનો પુષ્પપરંપરા છે, એવું કાવ્ય-વૃક્ષ રામચંદ્રની પ્રશંસારૂપ ફળ વિના શું નિષ્ફળ બનાવવામાં આવે છે.

આ ઉપરાંત પ્રથમ અંકના બાવીસમા શ્લોકમાં કવિતામાં કામિનીનું આરોપણ કરીને સુન્દર વાગ્વિલાસ વ્યક્ત કર્યો છે. 'यस्याश्चोरश्चिकुरनिकरः, कर्णपूरो मयूर....॥' અર્થાત્ જેનો (કવિતા કામિનીનો) ચોરનામક કવિ કેશકલાપ, મયૂર કર્ણભૂષણ, ભાસ હાસ્ય, કવિકુલગુરુ કાલિદાસ વિલાસ, શ્રીહર્ષ હર્ષ, બાણભટ્ટ હૃદયવાસી પંચબાણ છે એવી કવિતાકામિની કોના હૃદયમાં કુતૂહલ ઉત્પન્ન નથી કરતી ?

પ્રથમ અંકમાં સ્વયંવર વર્ણનમાં મંજીરક-રાવણનો સંવાદ, બાણ-રાવણનો સંવાદ વાચકો-પ્રેક્ષકોના ચિત્તમાં ચમત્કાર સર્જે છે. સીતાહરણ માટે ઉત્સુક રાવણ આકાશમાં મારીચના રડવાનો અવાજ સાંભળે છે અને સીતાહરણમાં વિઘ્ન આવે છે તે વર્ણન કરીને કવિએ પોતાની બુદ્ધિમતા પ્રદર્શિત કરી છે.

બીજા અંકમાં ભિક્ષુ અને તાપસવેષમાં આવેલા રાક્ષસોનો સંવાદ તેઓના સમાનકાર્યને વ્યક્ત કરે છે. રામ સીતાના અંગોની સુન્દરતા વ્યક્ત કરતાં કહે છે કે -

**बन्धूकबन्धूरधरः सितकेकाभम्......** ॥ (૨.૮)

**कृत्वा प्रबुद्धकमलामखिलां त्रिलोकी....** ॥ (૨.૩૨)

અહીં સીતાની સુન્દરતા, સૂર્યાસ્ત વર્ણનમાં અનુપ્રાસનો પ્રયોગ જોવા મળે છે.

આ નાટકમાં ઉત્તરરામચરિતને જ ઉપજીવ્ય તરીકે લીધું હોય એવું લાગે છે. અનેક શ્લોકોમાં ઉત્તરરામચરિતનો જ ચમત્કાર જોવા મળે છે. જેમકે ઉત્તરરામચરિતમાં વિદૂષકનું પાત્ર નથી તે રીતે પ્રસન્નરાઘવમાં પણ વિદૂષકનું પાત્ર નથી આવતું. ઉત્તરરામચરિતના ત્રીજા અંકમાં યજ્ઞિય અશ્વના વર્ણનમાં હાસ્યરસ જોવા મળે છે તેમ અહીં પણ ત્રીજા અંકમાં વામન-કુબ્જકના સંવાદમાં હાસ્યરસ જોવા મળે છે.

ચોથા અંકમાં શિવધનુષભંગ પ્રસંગે પરશુરામનો ક્રોધ, પરશુરામ-લક્ષ્મણનો સંવાદ વર્ણવાયો છે. રામ પરશુરામને કહે છે કે અમે બ્રાહ્મણનો વધ કરતા નથી. જેમકે 'हारः कण्ठं विशतु यदि वा तीक्ष्णधारः कुठारः .....। (૪.૨૩)

અહીં કવિનો વાગ્વૈભવ જોવા મળે છે.

પાંચમા અંકમાં અયોધ્યાવૃત્તાન્ત સંવાદની કુશળતાથી વર્ણવાયો છે. સરયૂના મુખે કવિએ દશરથના મૃત્યુને પણ સુન્દર રીતે વર્ણવ્યું છે. જેમકે नरेन्द्रः कैकेयीवचनपरिपाटीविगलितः.... ॥ (૫.૧૭) ઉપરાંત નીચેના શ્લોકમાં સરયૂના મુખે મોસાળથી આવેલ ભરતનો માતા સાથેનો સંવાદ ચમત્કારપૂર્ણ શૈલીનું દર્શન કરાવે છે. જેમકે -

સરયૂ :-

**मातस्तात क्व यातः ? सुरपतिभवनं, हा ! कुतः ? पुत्रशोकात्,**
**कोऽसौ पुत्रश्चतुर्णां त्वमवरजतया यस्य जातः, किमस्य ? ।**
**प्राप्तोऽसौ काननान्तं, किमिति ? नृपगिरा, किं तथाऽसौ बभाषे ?**
**मद्वाग्बद्धः फलन्ते किमिह ? तव धराऽधीशता, हा हतोऽस्मि ॥** (૫.૧૮)

સરયૂ - માતાજી ! પિતાજી ક્યાં ગયા ? સ્વર્ગમાં. હાય ! કેવી રીતે ? પુત્રના શોકથી. તે પુત્ર કોણ છે ? ચાર પુત્રોમાં જેનો તું નાનો ભાઈ છે. તેમનું શું થયું ? તે વનમાં ગયા. કેમ ? રાજાની આજ્ઞાથી. તેઓએ એવી આજ્ઞા કેમ આપી ? તેઓ મારા વચનથી બંધાયેલા હતા તેથી આવી આજ્ઞા આપી. એમાં આપને શું ફાયદો થયો ? તારો રાજ્યલાભ. હાય ! હું નષ્ટ થઈ ગયો.

સીતાની કરુણાવસ્થાનું વર્ણન નીચેના શ્લોકમાં જોવા મળે છે.

**भीतं विलोक्य हरिणं करुणार्द्रचिता**
**पत्युर्निजेन पिदधे धनुरंशुकेन ।** .... (૫.૨૩)

ગંગાના મુખે 'પથિકપ્રયાણરીતિ'માં કવિનું વાક્ચાતુર્ય જોવા મળે છે. જેમકે -

**यावत्कर्णौ तपति तपस्तावदेव प्रयाणं.....** ॥ (૫.૨૫)

અર્થાત્ સૂર્ય જ્યાં સુધી કાનને સંતપ્ત કરે (પૂર્વાહ્ન) ત્યાં સુધી જ યાત્રા કરવી, સૂર્યનાં કઠોર કિરણો આવે ત્યારે વિશ્રામ કરવો, સૂર્યનો રથ અપરાહ્ન કાળમાં પહોંચે ત્યારે યાત્રા શરૂ કરવી અને જ્યારે કમળ સંકોચાય ત્યારે રાત્રિનિવાસ શોધી લેવો જોઈએ.

છઠ્ઠા અંકમાં પત્ની વિરહમાં દુઃખી રામનું વર્ણન આવે છે. અહીં કરુણ રસનું નિરૂપણ થયું છે. ઐન્દ્રજાલિકનો પ્રસંગ હૃદયમાં આશ્ચર્ય જન્માવે છે. ત્રિજટાનું સીતાને આશ્વાસન, રાવણની સીતાને સમજાવટ, સીતાએ કરેલ રાવણનો તિરસ્કાર વગેરે વર્ણનોમાં કવિનું વાણીવૈશિષ્ટ્ય જોવા મળે છે.

સીતા માટે રામે મોકલેલ સંદેશમાં કાલિદાસના મેઘસંદેશની સ્પર્ધા જોવા મળે છે. જેમકે - हिमांशुश्चण्डांशुर्नवजलधरो दावदहनः सरिद्वीचीवातः कुपितफणिनिश्वासपवनः ।.... (૬.૪૩) અર્થાત્ ચંદ્ર સૂર્યની જેમ તીક્ષ્ણ કિરણવાળો, નવો મેઘ દાવાનળ સમાન, નદીના તરંગોની હવા ક્રોધિત સર્પના નિઃશ્વાસ વાયુના

જેવી, વેલીનું નવું પુષ્પમાલા સમાન અને કમળોનું ઉપવન કુન્તશસ્ત્રોના સમૂહ જેવું છે. આ રીતે હે સુન્દરી ! તારા વિયોગને લીધે આ સંસાર જ પ્રતિકૂળ થઈ રહ્યો છે.

**कस्याख्याय व्यतिकरमिमं मुक्तदुःखो भवेयं..... ॥** (૬.૪૪)

અર્થાત્ હે ચંદ્રમુખી ! આ વિપત્તિને કોને કહીને આશ્વાસન મેળવું ? આપણા બન્નેના છૂપા પ્રેમતત્ત્વને કોણ જાણે છે ? એક મારું મન તેને જાણે છે. હે પ્રિયા ! એણે પણ ઘણાં સમય પહેલાં તારું અનુસરણ કર્યું છે. તેથી હું શું કરું ?

આ ઉપરાંત છઠ્ઠા અંકના હનુમાનનાં પરાક્રમો પણ આશ્ચર્યકારક છે.

સાતમા અંકમાં માલ્યવાનપરિચારક અને કરાલકનો સંવાદ આવે છે. તેમાં વિભીષણે કરેલું રાવણને સંબોધન ધર્મનીતિથી પૂર્ણ છે. નાટકમાં યુદ્ધદર્શનનો નિષેધ છે. તેથી વિદ્યાધરદમ્પતી દ્વારા કવિએ યુદ્ધવૃત્તાન્ત વર્ણવ્યું છે. રાવણવધનું વર્ણન કરતો શ્લોક મધુર શૈલીનું ઉદાહરણ બને છે. જેમકે -

**विकचकुसुमस्तोमाकीर्णे परागविभूषितः.... ॥** ૭.૫૨

અન્તે રામ, લક્ષ્મણ, સુગ્રીવ, વિભીષણ સૌ ચંદ્રોદય વગેરેનું સુન્દર રીતે વર્ણન કરે છે.

નાટકમાં કવિએ પ્રથમ અંકમાં જ ઉપમા, શ્લેષ, દૃષ્ટાન્ત, પરિણામ, રૂપક, ઉત્પ્રેક્ષા, સમાસોક્તિ, નિદર્શના, સંકર, પરિકર, અતિશયોક્તિ, સન્દેહ, અર્થાન્તર, સંસૃષ્ટિ, અને અર્થાપત્તિ એમ પંદર જેટલા અલંકારોનો પ્રયોગ કરીને પોતાની અલંકારની જાણકારી દર્શાવી છે.

એ જ રીતે પ્રથમ અંકમાં જ કવિએ શાર્દૂલવિક્રીડિત, અનુષ્ટુપ્, વસન્તતિલકા, હરિણી, શિખરિણી, માલિની, મન્દાક્રાન્તા, ઇન્દ્રવજ્રા ઉપેન્દ્રવજ્રા, સ્વાગતા, તોટક અને પુષ્પિતાગ્રા એમ બાર જેટલા છન્દોનો પ્રયોગ કરીને છન્દપ્રભુત્વ પણ દર્શાવ્યું છે.

# વિલક્ષણ શિવ

◆

ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા

શિવમાં પ્રેમ જન્માવવા પ્રથમ તેના વિશે સાંભળો, પછી કીર્તન મનન કરો અને અંતે શરણે થઈ જાવ. એ બ્રહ્મરૂપ એટલા માટે છે કે 'આકાર' છે અને તેથી મૂર્તિની પૂજા થાય છે. એ નિરાકાર પણ છે તેની લિંગ પૂજાય છે. (ભારતમાં લાખો શિવમંદિરો અને શત કોટી શિવલિંગો છે. તેમાં બાર જ્યોતિર્લિંગ અને બાર ઉપજ્યોતિર્લિંગ ખૂબ જ પ્રસિદ્ધ છે. ઉત્પન્ન કરવું, વૃદ્ધિ કરવી, નાશ કરવો, ઊંચી ગતિ અને મોક્ષ આપવો એટલાં કાર્યો શિવજી કરે છે. શિવજી, વિષ્ણુ, બ્રહ્મા અને વિશ્વકર્મામાં શિવજીનું અગ્રસ્થાન છે. ઇંદ્ર, અગ્નિ અને બીજા દેવોથી શરૂ થયેલી ભક્તિમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ભક્તિ ઘણી વિશાળ છે. તેમાંય શિવ અને વિષ્ણુની ભક્તિ તો સર્વ ઠેકાણે પ્રસરી રહેલી છે, ઋષિ હોય કે ઉપનિષદ અથવા પુરાણનો રચનાર હોય કે શંકરાચાર્ય જેવા ગુરુ હોય અથવા કવિ હોય, સૌએ એની કથા ગાઈ છે. શિવની ભક્તિ તો ગરીબ ધનિક દરેકે દરેકના જીવનમાં બરોબર વણાઈ ચૂકી છે. આમ શિવજી, વિષ્ણુ, બ્રહ્મા કે વિશ્વકર્મામાં શિવજીનું સ્થાન મુખ્ય છે. શિવસૂત્રોમાં બ્રહ્માની ઇચ્છાશક્તિ તે ઉમાકુમારી અથવા શક્તિ અને બ્રહ્મા તે શિવ એમ કહેવાયું છે. આ 'મહામાયા મુક્ત બ્રહ્મ' કે 'શક્તિ મુક્ત શિવ' સમગ્રની સૃષ્ટિ, સ્થિતિ અને લય કરનાર હોવાથી વેદોએ તેને ત્રિદેવ – બ્રહ્મા, વિષ્ણુ, મહેશ – રૂપે વર્ણવ્યા છે જેમાં મહેશનું સ્થાન ઉપર કહ્યું તેમ આગળ પડતું છે. 'વેદોમાં શિવ ક્યાં છે' તેનું વિગતવાર પૃથક્કરણ ગુજરાતીમાં ઉપલબ્ધ છે અને તે પંડિત વિષ્ણુદેવે ''શિવમહિમા' (પ્રકાશક : વરદા દેવમાતા, અમદાવાદ-૩૮૦૦૫૦, ૨૦૦૧)માં વિગતે કહેલ છે. કવિઓએ શિવની ભક્તિ અને કથાનાં અનેક સ્તોત્રો રચ્યાં છે. એની એક વિસ્તૃત યાદી બનાવી શકાય. સુરેશ જ. દવેના 'આકાશવિહાર' નામના ગ્રંથમાં (પ્રકાશક : શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ, પ્ર.આ. ૨૦૦૫) એવી એક યાદી ઉપલબ્ધ પણ છે.

'મહાભારત'માં શિવકથાના બધા જ પ્રસંગો મળી આવે છે. દરેક પુરાણમાં પણ શિવકથા તો હોય જ છે. મહાભારતમાં શિવ વિષ્ણુની મૈત્રી, પરસ્પર ભક્તિ અને બીજા પ્રસંગો છે. અનુશાસન પર્વ તો 'વિષ્ણુ-સહસ્રનામ' અને 'શિવસહસ્રનામ' માટે ખૂબ જ પ્રસિદ્ધ છે. શિવનું સ્થાન 'ગુરુ'નું છે અને 'વિષ્ણુ'નું ઇષ્ટદેવ તરીકે. શિવ નિર્મળ મતિ આપે. વિષ્ણુ હૃદયની ભક્તિ જગાડે. એમાં એકતાનાં દર્શન કરવાથી શિવ અને વિષ્ણુ આરાધ્ય બને છે. શિવનું હૃદય વિષ્ણુ અને વિષ્ણુનું હૃદય શિવ બને ત્યારે ભેદ છતાં હરિહરની એકતા સધાય અને અભેદનાં દર્શન થાય. સાધકો એવાં દર્શન, એવી શિવકૃપા, ઝંખે છે.

નિત્ય કર્મોના ફળની ઇચ્છા ન કરનાર જ સાધક છે, એવા તે સાધન અને સાધ્ય તે શિવપદની પ્રાપ્તિ છે.

જુદા જુદા પ્રકારની ભસ્મ હોય છે. તેમાં વેદી અંદરની ભસ્મ શરીર પર ધારણ થાય છે પણ શિવાસી ભસ્મ જેની પાસે હોય તે મહાન બને છે.

શિવલિંગના દર્શન કરી પ્રદક્ષિણા કરવી જોઈએ.

ઐતિહાસિક દૃષ્ટિએ સૌથી પહેલાં શિવ મંદિરો જોવા મળે છે. આ મંદિરોમાં પ્રદક્ષિણા કરવી એટલે જન્મ-મરણનું જોડું શિવજીને અર્પણ કરવું. પ્રદક્ષિણા કરવાથી પાપનો નાશ થાય છે. અર્ધ પ્રદક્ષિણા કરવી. આઠ લિંગનું પૂજન કરવું- એ આઠ શિવજીની મૂર્તિઓ છે. શિવનૈવેદ્યનાં દર્શન કરવાં. એમ કરવાથી પાપનો નાશ થાય. રુદ્રાક્ષ પહેરવો. પાંચ મુખવાળો રુદ્રાક્ષ તે પોતે રુદ્ર (શિવજી) રૂપ જ છે. શિવજીની આરતી ૧૫ વખત ઉતારવી. તેમાં ચાર વખત ચરણની, નાભીમાં બે વખત, મુખારવિંદની એક અને સાત વખત આખા

અંગની ઉતારવી.

શિવજીની મહાનતા એમના ભોળપણમાં છે તેથી જ તો 'કાલકૂટ' વિષનું પાન કરનાર શિવજી 'ભોળાનાથ' કહેવાય છે. સદ્‌ભાવના અને સમર્પણથી સભર એવી ભક્તિથી શિવજી જલદી પ્રસન્ન થાય છે. તેથી જ આશુતોષ કહેવાયા છે. પાસે કંઈ નથી તોપણ ઐશ્વર્ય આપનાર છે. આમ શિવજી બીજા દેવો કરતાં જુદા જ પ્રકારના ગુણધર્મોવાળા છે — અસાધારણ, અસામાન્ય - વિલક્ષણ છે. (ભોળા તો કેવા ? રાક્ષસોથી દુ:ખી થયેલા દેવોએ શિવને ચલિત કરવા કામદેવને કામ સોંપ્યું. મિત્ર વસંતને સહારે કામદેવે શિવને વિચલિત કર્યા. કોપાયમાન થઈ શિવે કામદેવને બાળી નાખ્યો. તોપણ દેવોની વિનંતી સ્વીકારી ઉમા સાથે લગ્ન કર્યાં - શિવના ભોળપણ અને વસંતના પ્રભાવની આ કથા કાલિદાસને પણ કેવી સ્પર્શી ગઈ કે તેમાંથી 'કુમાર સંભવમ્' જન્મ્યું)

આ વિલક્ષણતા સમજવા માટે બ્રહ્મસૂત્રના શૈવ ભાષ્યકારોનો અભ્યાસ કરવો જોઈએ. શૈવધર્મ અને શૈવ ભાષ્યકારોનો આ અભ્યાસ શિવના અદ્‌ભુત રૂપને ચોક્કસ જ સમજાવે છે જે બ્રહ્મજિજ્ઞાસામાર્ગીઓ માટે માર્ગદર્શક બની રહે છે. શૈવ સંપ્રદાયોના સૂક્ષ્મ વિવરણ થકી પણ 'શિવ'નું લૌકિક તથા પ્રત્યક્ષ અર્થઘટન આપણે પામી શકીએ છીએ. રુદ્ર દેવતાની અવધારણા કે ચિંતનમાંથી શિવભગવાન અથવા પરમતત્ત્વના તર્ક સુધીનો ક્રમિક વિકાસ એ મહાવરાથી સમજાય. ઋગ્વેદથી માંડીને આજ સુધીના સાહિત્યમાં સ્પષ્ટ થતું સ્વરૂપ, પ્રતીકો, સંપ્રદાયો, સિદ્ધાંતો, ભાષ્યકારો અને બ્રહ્મસૂત્રોની ઓળખાણ તથા માન્યતાઓ, દંતકથાઓ વગેરે તથા પ્રકૃતિનું રહસ્ય અને શિવ, શિવથી નિર્મિત બ્રહ્માંડ અને સમસ્ત બ્રહ્માંડમાં શિવનું હોવું, શિવ માયા અને સંસાર, શિવની પ્રતિમાઓ - એનું વિજ્ઞાન અને દર્શન, શિવ સત્ય અને સુંદર (અસુંદર અને બિભત્સ હોય તોપણ) છે ઈત્યાદિ પણ એ અભ્યાસને વધુ બળવત્તર બનાવે અને શિવની અસાધારણતા પર પ્રકાશ પાડે. પણ એ તો એક શોધપ્રબંધ ગ્રંથનો વિષય બનીને રહે. અહીં એ શક્ય ન હોઈ — એનો સામને — બીજાને લક્ષ કરતા તત્ત્વ માત્રથી જ એ સમજવા પ્રયત્ન કરીશું.

વિલક્ષણ એટલા માટે છે કે એમનું જીવન બહુ આશ્ચર્યો અને વિરોધોથી સભર છે. — નિર્માણ ચેષ્ટા, માહાત્મ્ય, ભાષા... બધું વિચિત્ર રહ્યું છે. પોતાનામાં જ પરિપૂર્ણ આ જ્ઞાની, જ્ઞાનના પ્રતીક રૂપ ત્રીજું નેત્ર ધારણ કરનાર છે અને 'અનાસક્ત યોગી' છે. પૂર્ણ છતાં પાર્વતીજીને પોતાના અડધા અંગમાં સ્થાન આપ્યું છે જે પુરુષ તથા પ્રકૃતિના સુભગ સમન્વયનું સૂચક છે. ઈચ્છાતૃષ્ણા વિનાના, આત્મમાં જ રત અને એકાંતપ્રિય તથા 'સ્મશાન નિવાસી' છે. રસપ્રદ વેશભૂષાધારી, આ 'ગંગાધર', 'કાલકૂટ'નું પાન કરી કંઠમાં રોકી રાખનારા છે. સંસારની અસારતાનું સૂચન કરતા સંસારના અંતિમ અવશેષ એવા ભસ્મને ધારણ કરે છે. (આમ છતાં વડનગરમાં સોનાના લિંગ સ્વરૂપે બિરાજતા નાગરોના ઈષ્ટદેવ હાટકેશ્વર મહાદેવ પણ એ છે. યજુર્વેદના ૧૬ થી ૧૮ મા અધ્યાયના - રુદ્રી તરીકે પ્રસિદ્ધ છે તેના શ્લોકમાં હિરણ્ય બાહુવાળા એટલે હિરણ્યમય શરીરવાળા એ કહેવાયા છે જે શ્લોકને મુંડકોપનિષદનો પણ આધાર છે.) તો આ સમદૃષ્ટિવાન મહાદેવે — સર્વ બ્રહ્માંડમાં વિસ્તરેલ ઉત્તમ ચેતના જેનું સ્વરૂપ છે અને જે ચેતનપણામાં જ અન્ય દેવોનો સમાસ થઈ જતો હોઈ બધા દેવોથી શ્રેષ્ઠ ગણી મહાદેવ કહેવામાં આવ્યા છે — સર્પ જેવા ક્રૂર પ્રાણીને શણગાર તરીકે ધારણ કર્યો છે. સિંહ પણ એમનો મિત્ર છે. આ બે વાતનું સૂચન કરે છે કે સંસારના ક્રૂર માનવીઓને પણ સારા વ્યવહારથી મિત્ર બનાવી શકાય છે. ડમરુ — જે ઊર્ધ્વ અને અધ:સૃષ્ટિનું પ્રતીક છે. ડમરુ નામક શબ્દ-યંત્રનું રહસ્ય એ છે કે સૃષ્ટિની વ્યક્તતા બહુધા શબ્દને આભારી છે. શબ્દને બ્રહ્મ કહ્યો છે અર્થાત્ એ બૃહદ્ અને ફેલાયેલ છે. ભક્તોને જાગ્રત રાખે છે. ત્રિશૂળ - સત્ત્વ રજસ અને તમસ ત્રણે ગુણોનું પ્રતીક છે. તે ઉપાધિઓનો નાશ કરે છે. એવા આ શ્વેત વર્ણ ભગવાન - અસાધારણ, અસામાન્ય વિલક્ષણ છે. — શ્વેત વર્ણ એટલા માટે કે શિવ પ્રકૃતિનાં કાર્ય બંધ થઈ ગયા પછી, નિષ્ક્રિય, શાંત અને કેવળ ચેતન-ક્રિયા છે જે આત્માની બ્રહ્મમાં લીન થવાની સ્થિતિને દર્શાવે છે.

એવા ભગવાન શિવની આરાધનાની અનન્ય મહત્તા છે. ગીતાના વિભૂતિયોગમાં શ્રીકૃષ્ણ એમને પોતાની વિભૂતિ કહ્યા. ઋગ્વેદમાં 'રુદ્ર'નો ઉલ્લેખ વખતોવખત સૂક્તો અને મંત્રોમાં થતો રહ્યો છે. એ પવન તથા વરસાદ અને વંટોળિયાના તોફાનને પ્રેરણા, ગતિ કે ઉત્તેજન આપનાર દિવ્ય સત્ત્વ છે. યજુર્વેદમાં એમની એ ભયંકર શક્તિનું વિસ્તારથી વર્ણન છે. ઉપનિષદોમાં એમને બ્રહ્મથી જુદા નહિ તેવા કહ્યા છે. પ્રાચીનકાળથી આપણા એ રાષ્ટ્રદેવ છે.

દૂરના દેશોમાં પણ જુદા જુદા નામે 'શિવલિંગ'ની પૂજા થતી રહી છે; ચંપા સામ્રાજ્યના સુવર્ણકાળ દરમ્યાન બંધાયેલાં શિવમંદિરો એ વાતનું અનુમોદન કરે છે કે છેક વિયેટનામ સુધી શિવજીની પૂજા થતી. આજે પણ ૨૫ ટકા લોકો હિંદુ ધર્મ પાળે છે. વિયેટનામી ભાષા ચામ. લોકો ચામ પા તરીકે ઓળખાય છે જેનું અપભ્રંશ થયું છે ચંપા. ઈ.સ. ૧૯૨ થી ૧૮૩૨ સુધી એ સામ્રાજ્ય હતું. શિવ એ લોકના આરાધ્ય દેવ હતા. એમણે મેસો ખાતે શિવમંદિરો બંધાવ્યાં. દરેક સમ્રાટે મંદિરો બાંધ્યાં (ઈ.સ. ૧૯૯૯ માં યુનેસ્કોએ પણ વૈશ્વિક વારસાની યાદીમાં આ સ્થળને ઉમેર્યું છે.) અર્વાચીન સમયમાં સુધ્ધાં વિયેટનામમાં હિન્દુ મંદિરો બંધાયાં છે. હોચી મીનમાં આ મંદિરો આવેલાં છે જે પોંડિચેરીથી અહીં આવીને વસેલા તામિલ લોકોએ અને એમના સમુદાયે બાંધેલાં છે.

શિવ અને શિવલિંગની પૂજા જુદા જુદા નામે સતત થતી રહી છે; દા.ત. રોમમાં 'પ્રિયેપસ' નામે, યુનાનમાં 'ફલ્લુસ' નામે વગેરે. બ્રિટનમાં કેલ્ટિક ટ્રાઈબ્સના જે પૂજારીઓ છે તે રુદ્રપૂજકો છે. ઇન્ટરનેટ પર ઉપલબ્ધ ગોડ ફ્રે હિગિન્સેના પુસ્તક 'ધ કેલ્ટિક ક્રેઈદ'માં એની વિગતો જોઈ શકાય છે. સિંધુ, હડપ્પા અને મોહેં-જો-દડોની સંસ્કૃતિમાં પણ 'શિવલિંગ' પૂજા દેખાય છે. જેનાં પ્રમાણો સંગ્રહસ્થાનોમાં સચવાયેલાં મળે છે.

આરાધના એટલા માટે જરૂરી છે કે સંચિત કર્મની અંદર ઈશ્વર સ્વરૂપ સર્વવ્યાપકતાનો ભાવ આપણે કેળવી શકીએ અને માયા, નિદ્રા, ક્રોધ, મરણ ઇત્યાદિ અગિયાર રુદ્રસ્વરૂપનાં કર્મનો ભાવ દૂર કરી શુદ્ધ કર્મનો દીપક જલાવી શકીએ - એ રીતે આપણે અગિયાર રુદ્રનાં સંચિત કર્મ મહાદેવને અર્પણ કરી સર્વ જગ્યાએ પરમેશ્વરનો વાસ સ્વીકારી એમાં જીવન એક બનાવી શુદ્ધ કર્મને માટે માગણી કરી પ્રાણમાં પ્રભુનું પ્રાગટ્ય કરવાનો પ્રયત્ન કરીએ છીએ – અસુરોના સંહારક મહાકાલેશ્વર કહો, દિવ્ય ચિકિત્સક વૈદ્યનાથ કહો, અમલેશ્વર, ગંગાધર અથવા પાષાણમાંથી પ્રગટેલા ભીમનાથ કહો. એ જ છે સૃષ્ટિની રચના, ભરણપોષણ, વિનાશ કરનાર યા એમાં પરિવર્તનશીલતા જાળવી રાખનાર કે સંચાલન કરનાર અથવા મુક્તિ પ્રદાન કરનાર. એ જ ચરાચર વિશ્વને પૃથ્વીરૂપ ધારણ કરે છે, જળમય રૂપમાં વળી તે છે. પૃથ્વીની અંદર અને બહાર રહીને સૃષ્ટિને કંપિત પણ કરે છે. સર્વને અવકાશ સુદ્ધાં એ જ આપે છે. એવા સર્વવ્યાપી અને આકાશાત્મક રૂપ પણ જે છે તેવા મહાદેવના પ્રાગટ્યની ઝંખના અને પ્રયત્ન આપણે વિવિધ રીતે કરીએ છીએ; દા.ત. હિંમતનગર નજીક સમીધારેશ્વર મંદિર છે ત્યાં શિવલિંગ પર બારે માસ સાત જળધારાઓના સિંચનનો વિધિ સતત વરસાદની માફક થાય છે. અમદાવાદના રખિયાલ સ્થિત શ્રીચકુડિયા મહાદેવ ખાતે ૨૧ ફૂટ ઊંચાઈવાળા શિવલિંગને મહાશિવરાત્રી પર્વ વેળાએ કેવું સજાવાય છે ! રાજકોટથી મોરબી જવાના માર્ગે રતનપુર ગામની ભાગોળે સ્ફટિક મણિ શિવલિંગ તથા શિવપંચાયતનો કેવો ભપકાભર્યો મહોત્સવ થાય છે ! ગિરનારના આશ્રયે શિવરાત્રીનું પર્વ જુદી જ પ્રકૃતિથી ઉજવાય છે. રાત્રે બાર વાગે લાખો લોકોની ભીડ, નાગાબાવાઓની હઠ અને બમ બમ ભોલેના થતા ઉદ્દગારો તથા દર્શન પછી મૃગીકુંડમાં સ્નાન ઇત્યાદિ જોતાં આખું ગિરનારતીર્થ શિવમય થઈ ગયેલું દેખાશે. શ્રાવણ માસના પવિત્ર અવસરે વસ્ત્રાપુરમાં જજીસ બંગલા વિસ્તારમાં પારાના શિવલિંગ પર અનોખો શણગાર કરવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં સોમનાથ મંદિરે કેવી ભીડ ઉમટે છે ! ધર્મશાળાઓ, ટ્રેન અને બસોમાં જગ્યા હોતી નથી, હજારો પદયાત્રીઓ પણ ઉમટે છે-સગુણ સાકાર રૂપમાં ધ્યાન અને પૂજન કરવામાં વધારે સરળતા રહે છે તેથી જ એમની આરાધના શિવલિંગ કે પાર્થિવ પૂજનના રૂપે થાય છે. બ્રહ્મા, વિષ્ણુ તથા બધા દેવતાઓના મનોરથ પણ પાર્થિવ પૂજનથી જ પૂર્ણ થયા છે. આમ છતાં

શિવજી તો અનાદિ અને અનંત છે. એ ત્રણ દેવોમાંના છે. પ્રેત, પિશાચ, ભૈરવ, વિનાયક, યાતુધાન, ડાકિની, શાકિની, કુષ્માણ્ડ, વૈતાલ, યોગિની આદિની રચના એમણે જ કરી છે. જે એમના ગણ છે. અર્ધનારીશ્વર કહેવાય છે. તપથી પ્રસન્ન થાય છે. અને આમ નિરાકાર રૂપે પણ ધ્યાન ધરવાથી પ્રસન્ન થાય છે.

બહુ રૂપ એમની ઓળખ છે. ત્રેવીસ તત્ત્વોની બહાર પ્રકૃતિ, એની બહાર પુરુષ અને પુરુષમાંથી બહાર હોવાને કારણે મહેશ્વર-પ્રકૃતિ અને પુરુષ બંને શિવથી વશીભૂત છે. દુઃખ દૂર કરવાને લીધે તેઓ રુદ્ર, મૂર્તિમાન પિતા હોવાને કારણે પિતામહ, સર્વવ્યાપી તેથી વિષ્ણુ, સંસારનાં સર્વ કાર્યના જ્ઞાતા હોવાને કારણે બધું જાણનાર, રોગ દૂર કરનાર હોવાથી સંસારવૈદ્ય. આમ જુદી જુદી એમની ઓળખ છે. હરિહરાત્મક રૂપે પણ ઓળખ છે. વિષ્ણુએ પોતાના હૃદયમાં વિશ્રામ કરતા શંકરના લિંગનાં દર્શન દેવોને કરાવ્યાં. સત્ત્વગુણી વિષ્ણુ અને તમોગુણી શંકર વચ્ચેની એકતાનો ગૂઢાર્થ પણ વિષ્ણુજીએ પોતાના હરિહરાત્મક રૂપનાં દર્શન કરાવી દેવોને કરાવ્યો. ('શ્રીશિવમહિમ્નઃ સ્તોત્રમ્'ના શ્લોકોને તો શિવ અને વિષ્ણુ એમ બંને ઉપર ઘટાવી શકાય. સ્વામી મધુસૂદન સરસ્વતી જેવા વિદ્વાનોએ તો એમ કર્યું પણ છે ને વ્યાખ્યા રચીને હરિહરના અભેદપણાને વધુ સ્પષ્ટ કરી આપ્યું છે.) એક રૂપ વિરાટ સ્વરૂપનું પણ છે. આ અંતરિક્ષ દેવતાનું જટાસ્વરૂપ આકાશ છે. જટાઓ વાયુમંડળની નિશાની છે. દેદીપ્યમાન ચંદ્રમા મનનું ચિહ્ન છે. ત્રણ નેત્ર-સત્ત્વ, રજ, તમ ગુણો - ભૂત, વર્તમાન અને ભવિષ્ય છે જે સ્વર્ગ, મૃત્યુલોક અને પાતાળની પ્રતિમા છે. તમોગુણી અને સંહારક એવો જીવ સર્પ એમને વશ છે. માનવીનાં પાપોને નષ્ટ કરતું ત્રિશૂળ એમનું શસ્ત્ર છે. ડમરુનો નાદ બ્રહ્મરૂપ છે. મુંડમાળા એમના ગળામાં છે જે મૃત્યુ પણ શિવના શરણે છે તેનું સૂચક છે. આમ ભોળાનાથનું આ રૂપ વિરાટ છે.

વૈદિક ધર્મની વૈષ્ણવ, શૈવ, શક્તિ, ગાણપત્ય અને સૌર એવી શાખાઓ છે. તેમાં વિષ્ણુ, શિવ, શક્તિ, ગણપતિ અને સૂર્યની ભક્તિ થાય છે. આ દેવોનાં નામ ભલે જુદાં છે પણ સ્વરૂપ એક જ છે અને તે 'પરબ્રહ્મ પરમાત્મા'. તેથી કોઈપણ દેવની કરેલી ભક્તિ એ આ એક તત્ત્વને - પરબ્રહ્મ પરમાત્માને જ પહોંચે છે. આ પરમાત્મા સ્થાવર, જંગમ, બધાને પાળે છે, પોષે છે અને સમાપ્ત પણ કરે છે. દરેકને આચરણ પ્રમાણે કામનાની સિદ્ધિનો આનંદ અથવા શોકની સ્થિતિ પણ એના થકી જ પ્રાપ્ત થાય છે. જરૂર પડે એ અવતાર પણ લે છે. પછી એ બ્રહ્મા હોય કે શંકર; દા.ત. વેદો પ્રમાણે કળિયુગના અંતમાં શંકર પોતે 'શ્વેત આર્ય' નામના મહાન તપસ્વી મુનિ થશે. બીજા દ્વાપરમાં 'સુતાર આર્ય' અને ત્રીજામાં 'દમન આર્ય' થશે વગેરે.

શૈવ શાખામાં શિવની ભક્તિ માટે શિવનું સ્તોત્ર મહત્ત્વનો ભાગ ભજવે છે. એ સ્તોત્ર તે 'રુદ્રાષ્ટાધ્યાયી'. (શિવ કાર્યમાં પાંચ બ્રાહ્મણો જમાડવા તે રુદ્રી છે. બ્રાહ્મણો શિવજીના મુખ છે : ઈશાન, પુરુષ, અઘોર, વામદેવ અને સદ્યોજાત). એમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે અનંત કોટી બ્રહ્માંડો તો માત્ર શિવના સ્વરૂપનો ચોથો ભાગ જ છે. તે તો ફક્ત શિવનું દેખી શકાય એ ઈશ્વરપણું કેવળ છે. બાકીનો ભાગ પરમેશ્વર શિવ વિશ્વની પેલે પાર ઊણું, ખંડિત, ઓછું કે અધૂરું નહિ એવા જ્યોતિર્મય સ્વરૂપમાં હયાત છે. જેનો અંશ માત્ર યોગીઓ, પરમહંસો સંન્યાસીઓ વગેરે સમાધિમાં પડીને નીરખી શકે છે. એ પ્રકાશ અબજો સૂર્ય કરતાં પણ વધુ શક્તિશાળી છે. શ્રુતિ કહે છે 'એકો હિ રુદ્રો'. વેદ પણ કહે છે 'સ્ત્રી નહિ, પુરુષ નહિ, નિરાકાર, નિર્ગુણ જાતિરહિત એવા પરમાત્મા છે' અને આ પૂરું સત્ય જ વેદોમાં અનેકવાર કહેવામાં આવ્યું છે.

એ વેદમંત્રો છે જેના દ્વારા શિવજીનો સત્કાર, જળસિંચનનો વિધિ, વેદોક્ત કર્મ-યજ્ઞ અને મંત્રનું રટન ઈત્યાદિ કરવામાં આવે છે. શિવ વેદસ્વરૂપ છે અને વેદ નારાયણનું સાક્ષાત્ રૂપ છે. તેથી તે તેનો અદ્વિતીય યશ છે. ઈશ્વરની માફક એ પણ સનાતન અને મનુષ્યકૃત નહિ એવા - અપૌરુષેય - કહેવાયા છે. પારાશર સ્મૃતિના બ્રાહ્મણ ભાગનો એને આધાર છે. અનંતકલ્પોથી પહેલાં એ વિદ્યમાન હતા તેનાં અનેક પ્રમાણો છે.

તેથી જ તો એ સંપૂર્ણ ધાર્મિક પુરુષોની શ્રદ્ધાની સામગ્રી છે. 'શિવ' અને 'રુદ્ર' સમાનાર્થ છે. 'રુજ' એટલે કે દુઃખનો નાશ કરે છે તેથી 'રુદ્ર' કહેવાય છે. 'રુદ્ર'ની સર્વોત્તમતા બાબતે 'રુદ્રહૃદયોપનિષદ'માં જે કહેવાયું છે તે એ વાતનું પ્રમાણ છે કે એ સાકાર બ્રહ્મ છે. 'રુદ્રાષ્ટાધ્યાયી' શિવની ઉપાસના હેતુએ આપણને મળેલો વેદનો જ સત્ત્વરૂપ સંગ્રહ છે, એમાં ગૃહસ્થધર્મ, રાજધર્મ, જ્ઞાન-વૈરાગ્ય, શાંતિ અને ઈશ્વરસ્તુતિ વગેરે વિષયોનું વર્ણન છે. આ અંગેની વિસ્તૃત વાત મેં સ્વ. રા.સા.પુ. જો ભટ્ટ કૃત 'વેદવિચાર' (આ. ૨, ૧૯૧૦)નું સંપાદન કરતી વેળાએ કરી છે, સાતત્ય સાચવવા મેં એ લખાણ આ ગ્રંથમાં પરિશિષ્ટમાં યથાસ્થાને મૂક્યું છે. નર્મદાશંકર દેવશંકર મહેતાએ લખેલો 'પુરસ્કાર' પણ મૂક્યો છે. રસિકોએ ત્યાં તે જોવું. આ સ્થળે તો મારી કોશિશ શિવના વિલક્ષણ સ્વરૂપને ઉદ્‌ઘાટિત કરી આપવાની છે. અત્રે જે ગ્રંથ સંપાદિત થાય છે તેવા ગ્રંથોની રચના, સંપાદન કે એના પ્રાગટ્ય પાછળ હેતુ શિવતત્ત્વનું આચમન કરાવવાનો પણ હોય છે. વિવિધ શિવતત્ત્વોમાં શિવજીની વિલક્ષણતાનો પણ સમાવેશ થાય જ છે. મારો પ્રયાસ અહીં આ સંપાદકીય લખાણમાં તે ઉપસાવી આપવાનો અને પૂર્વે મેં 'રુદ્રી' તથા 'વેદવિચાર' અંગે જે વિસ્તૃત વાત કરી છે તેની પુનરુક્તિ ટાળવાનો રહ્યો છે. સ્થાન પ્રમાણે મેં શિવજીનાં બંને રૂપો વિશે કહ્યું છે. જેનું વર્ણન મૂળ ગ્રંથમાં છે. એના જપ, પાઠ વગેરે સાધનોથી લોકમાં ભક્તિ, શાંતિ, ધન વગેરે અને પરલોકમાં પરમ પદ મળે છે. એના મહિમાનું વર્ણન સ્મૃતિઓ, બ્રાહ્મણ ગ્રંથો, ઉપનિષદો, પુરાણો વગેરેમાં છે. એ માધ્યમોથી એટલે કે ધ્યાન યજ્ઞ ઇત્યાદિથી દેહ રુદ્રરૂપ થઈ જાય છે. આ લેખમાં પણ યોગ્ય સ્થાને કહ્યું છે તેમ મારાપણું-હું પદ છોડીને કરવામાં આવેલા શતરુદ્રીય એવું નામ એટલા માટે છે કે રુદ્રદેવ ૧૦૦ સંખ્યાવાળા છે. એ રુદ્રોપનિષદ છે. એમાં શિવાત્મક બ્રહ્મનું વર્ણન છે.) રુદ્ર શિવનું જીવાત્મ સ્વરૂપ છે. જગતની શરૂઆત અને નાશ સમયે એ જ શેષ રહે છે. સૃષ્ટિ અને વિનાશ, પ્રણય અને સૃષ્ટિના મધ્યે એ નૃત્ય કરે છે. સૂર્ય ડૂબી જાય, છાયા પણ ન રહે, જળ નીરવ થઈ જાય તે સમયે એ નૃત્યનો આરંભ થાય છે. અંધારું પણ ત્યારે ન રહે. આ નૃત્ય છે તેનાથી જે આનંદ ઉત્પન્ન થાય છે તે જ ઈશ્વરીય આનંદ છે. આ આનંદ જ પરમાત્માનું રૂપ છે. એને પામવા જ આપણે રુદ્રની સ્તુતિ કરીએ છીએ. આ રુદ્ર દુઃખ ને દુઃખનાં કારણોને દૂર કરે છે. એ પૂર્ણ બ્રહ્મ છે એનું સ્વરૂપ વિરાટ, અદ્‌ભુત, વિલક્ષણ અને અનંત છે. જટા, ચંદ્ર, ત્રિનેત્ર, સર્પ, ત્રિશૂળ, ડમરુ, ચર્મ અને ભસ્મધારી તે છે. કનક, કાન્તા અને કીર્તિના આઘાતો જેને હલાવી ન શકે એવા અભેદ્ય પીઠવાળા વ્રતધારી શિવ સુધી પહોંચી શકે. પણ ત્યાં સુધી પહોંચવા માટે પહેલાં કાચબાને પ્રણામ કરવા પડે જે ઇન્દ્રિય નિગ્રહનું અને મહાન શક્તિનું પ્રતીક છે. પછી પ્રણામ કરવા પડે નંદીને જે નિષ્કાર્ય કર્મયોગી છે જે વાહન છે. શિવજીની સ્તુતિ ભાગ્યે જ એવી હશે કે જ્યાં નંદી ઉપર તેમની મુસાફરીનું વર્ણન ન હોય. તે ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ શિવને આધીન છે એનું સૂચક છે. એવા એ શિવનો મહિમા અપરંપાર છે. શિવાલયના ગર્ભગૃહમાં પ્રવેશતાં તમને વિવેકજ્ઞાન અને પ્રાણાયામના પ્રતિક હનુમાનજીનાં અને સૂક્ષ્મબુદ્ધિ ગણેશજીનાં દર્શન થાય. શિવજીના ઓમકારમાં સમગ્ર સૃષ્ટિ છે. માટે જ તો એનું સ્તુતિગાન આપણે કરીએ છીએ. મૃત્યુના ડરમાંથી બચવું હોય તો ઓમકારને પ્રસન્ન કરવો જોઈએ. એમાં સમગ્ર વેદ-ઉપનિષદોના અર્થો સમાયા છે. એ શિવનું જ સ્વરૂપ છે. એનો ઉચ્ચાર ખૂબ પવિત્ર છે. તેથી જ સ્તો વેદો અને શાસ્ત્રોમાં સૌથી ઉત્તમ એકાક્ષરી મંત્ર એ છે. એનો જાદુઈ ધ્વનિ આપણને એક અલૌકિક આનંદ અને સુખ આપે છે. એ પરબ્રહ્મ છે. અમૃત પામવું હોય તો એની ઉપાસના કરી તેને પ્રસન્ન કરવો જોઈએ. એ માટેનો ગ્રંથ છે 'રુદ્રાષ્ટાધ્યાયી' જેનું સ્વ. રા.સા.પુ.જો. ભટ્ટે ૧૯૨૯ માં ('વેદમાધુર્ય અથવા શ્રીશુક્લયજુર્વેદીય રુદ્રાષ્ટાધ્યાયી' એવા નામે) સમશ્લોકી ભાષાંતર કરેલું.

'રુદ્ર' એમ કહ્યું પણ પૂજા-સેવા તો રૌદ્ર અને સૌમ્ય એમ બંને પ્રકારે છે. ઋષિ રુદ્રથી પ્રભાવિત થયા અને રુદ્ર સ્વરૂપની આરાધના તો કરી પણ વારંવાર સ્મરણ તો સુશીલ, શાંત, મનોહર, સુંદર સ્વરૂપનું પણ કર્યું. તેઓ રુદ્રનાં ક્રોધને પ્રણામ કરે છે, બાણ, ધનુષ્ય અને બાહુઓને સુદ્ધાં પ્રણામ કરે છે પણ પુણ્યને પ્રકાશમાં લાવનાર શિવના સ્વરૂપોનું જ આતુરતાપૂર્વક રટણ કરે છે. તેથી જ તો વિશેષ શાંત શરીરનાં અંગોથી મીઠી

નજર ઝંખે છે અને બાણોને કલ્યાણકારી બનાવવાનું, શાંત કરવાનું કહે છે તથા વિવિધ બાબતોમાં રક્ષણ માગે છે. ઋષિ શિવનાં જે જે તત્ત્વોનાં દર્શન કરે છે તે તે સ્વરૂપને પ્રણામ તો વિનમ્ર ભાવે જ કરે છે. એ રીતે પ્રભુના અમૃતની જ એને ધખારી છે અને પ્રભુ અમૃત વહેવડાવે પણ છે. ગંધર્વરાજ પુષ્પદંતાચાર્યે પ્રસિદ્ધ 'શિવમહિમ્નઃ સ્તોત્ર'માં કહ્યું છે કે પ્રભુએ આપેલી શક્તિ મુજબ પક્ષીઓ ઉડાઉડ કરે છે, માનવ પોતાની બુદ્ધિ પ્રમાણે પ્રભુનું ભજન કરે છે અને જીવો ઘણા અલ્પ છે તોપણ પ્રભુ એમના પ્રત્યે અમૃતવર્ષા વહેવડાવે છે તેથી જ તો શિવને ભોળાનાથ કહ્યા છે. 'શિવમહિમ્નઃ સ્તોત્ર' પણ શંકરની સ્તુતિરૂપે એક નાની છતાં ખૂબ જ ઊંચા ગાંભીર્યવાળી રસપૂર્ણ એવી છંદોબદ્ધ સ્તુતિ છે. શિવસ્તોત્રો તો બહુ છે પણ રોજના પાઠ માટે તથા ભક્તિ-પ્રેરણા અર્થે જેની શબ્દાવલી બહુ જ રસમય છે અને છંદો ગેય છે એવી આ રચના ભક્તોમાં વિશેષ પ્રિય બની છે. બ્રાહ્મણો રુદ્રાષ્ટાધ્યાયીનો પાઠ કરે છે. અષ્ટાધ્યાયી રુદ્રી આખા ભારતવર્ષમાં મોટેભાગે એક સરખી થાય છે. સ્વ.રા.સા. પુ.જો. ભટ્ટને એનું ભાષાંતર કરવાનું આકર્ષણ રહ્યું. પણ 'શિવમહિમ્નઃસ્તોત્ર'નું ભાષાંતર એમણે કરેલ નથી. સ્ત્રીઓ અને શૂદ્રોને 'રુદ્રાષ્ટાધ્યાયી'નો પાઠ કરવાનો અધિકાર નથી એટલે એ લોકો 'રુદ્રાષ્ટાધ્યાયી'ને બદલે 'શિવમહિમ્નઃસ્તોત્ર'નો પાઠ કરે છે. શંકરને એ પાઠ એટલો જ પ્રિય છે. એ કૃતિ ઉપર કહ્યું તેમ ગંધર્વરાજ પુષ્પદન્તાચાર્યજીએ બનાવેલ છે. એનું સમશ્લોકી ભાષાંતર મૂલ, પદ, પદાર્થ અને વિવેચન સાથે રા.વિ.પાઠકના પિતાશ્રી વિશ્વનાથ સદારામ પાઠકે ૧૯૦૮માં પ્રગટ કરેલું અને તે સહેલાઈથી ઉપલબ્ધ હતું એટલે પણ કદાચ પુ.જો.ભટ્ટે એનો અનુવાદ કરવાનું ટાળ્યું હશે. અથવા એમ પણ છે કે સ્ત્રીઓ અને શૂદ્રોને રુદ્રાષ્ટધ્યાયીનો પાઠ કરવાનો અધિકાર નથી એ વાત પુ.જો. ભટ્ટને સ્વીકાર્ય જ ન હતી તેથી પણ એમને 'રુદ્રાષ્ટાધ્યાયી'નું જ ભાષાંતર આપવું પૂરતું માન્યું છે.

શ્રી અરવિંદે પાઠકે એમના પિતામહનું ઉપર કહ્યું તે પુસ્તક ૧૯૭૯માં પુનઃ પ્રગટ કરેલું અને આજે પણ તે સહેલાઈથી ઉપલબ્ધ છે. આ બધાં કારણોસર શ્રીપુષ્પદન્તાચાર્યરચિત એ ગ્રંથ અમને પણ આ સંપાદનમાં ગ્રંથસ્થ કરવું નિવારી ન શકાય તેવું લાગ્યું નથી. વળી એ ગ્રંથ પછી પણ વખતોવખત અનૂદિત થતો રહ્યો છે અને સહેલાઈથી ઉપલબ્ધ પણ છે; દાખલા તરીકે શિકાગોથી ડૉ. સી.એલ. શાસ્ત્રીએ તૈયાર કરેલો અનુવાદ જે નીલમ ગૌતમ પટેલે ૨૦૦૪ માં અમદાવાદથી પ્રગટ કરેલ છે અને ઉપલબ્ધ છે એવા બીજા પણ અનુવાદો છે; જેમકે શાસ્ત્રી અમૃતલાલ ત્રિકમજી આચાર્યનો અનુવાદ (હરિહર પુસ્તકાલય, સુરત), કીર્તનકાર શ્રીશાંતિશંકર મહેતાનો અનુવાદ ૧૯૯૫ (સદ્‌વિચાર પરિવાર, અમદાવાદ) વગેરે.

સૃષ્ટિનું સંચાલન કરવા શિવે જે જુદાં જુદાં રૂપ ધારણ કર્યાં તેમાં એક રૂપ તે રુદ્ર છે. દુઃખ અને દુઃખનાં કારણોને દૂર કરવાને લીધે તેઓ રુદ્ર કહેવાય છે. એવા એ રૂપની સ્તુતિ રુદ્રાષ્ટાધ્યાયી છે. આમ છતાં ત્યાં જ એ સીમિત નથી. શિવજીનાં અન્ય સ્વરૂપોને પણ રુદ્રાષ્ટાધ્યાયીનો પાઠ કરનારા સ્મરે છે; જે રીતે પ્રથમ અધ્યાય 'શુભ સંકલ્પ' અંગેનો છે. તેમાં મન 'પરમાત્મામય વૃત્તિવાળું થાઓ' એમ કહ્યું છે. શિવનું આ 'પરમાત્મા' સ્વરૂપ પોતાનાથી અલગ કોઈ અન્ય આત્માના અભાવના લીધે છે તેથી એવી ઝંખના રહી છે. એવું એ પરમાત્મા સ્વરૂપ અન્ય અધ્યાયોમાં પણ યથાસ્થાને યાદ કરાતું રહ્યું છે; બીજા અધ્યાયનો પ્રારંભ જ પરમાત્માના વિરાટ સ્વરૂપના ભવ્ય સુંદરતાભર્યા વર્ણનથી થાય છે. એમાં જ સર્વ સ્થળે સચરાચર વ્યાપીને રહેલા વિષ્ણુરૂપને પણ વર્ણવાયું છે. એ જ અધ્યાયમાં શિવને સાકાર પણ કલ્પાયા છે અને સાકાર હોવાને કારણે પિતામહ છે. છેલ્લા શ્લોકમાં શિવને સર્વજ્ઞ કહ્યા છે. જ્ઞાન પડખારૂપ છે. ચોથા અધ્યાયમાં સૂર્યરૂપી પરમાત્માની ઉપાસના કરતાં કહેવાયું છે કે એ સર્વને શુદ્ધ કરનાર, અનિષ્ટ નિવારણ તથા પોષણ કરતા છે અને ઉપાસકોને રોગથી તારનાર છે. તે રીતે સંસારવૈદ્યના શિવરૂપનું પણ સ્મરણ કરાયું છે. છેલ્લા અધ્યાયમાં જે સ્વસ્તિ પ્રાર્થના છે તે મંગલ સ્વરૂપ-શિવ સ્વરૂપ-ને પામવા અંગેની છે. આ રીતે અનન્ય એવા એમનાં રૂપ રંગ અને ગુણનો અનંત યશ કહેવાયો છે. બ્રહ્માએ સૃષ્ટિની રચના તો કરી પણ વિસ્તાર માટે શિવજીનું હોવું જરૂરી હતું. તેથી તેઓ પ્રગટ્યા, વિભાજીત થયા અને સૃષ્ટિની રચના સંભવિત બની, ભરણ-પોષણ પણ એ જ કરે છે,

વિનાશ, પરિવર્તનશીલતા રાખવાનું અને મુક્તિ આપવાનું કામ પણ એ જ કરે છે – આ કાર્યો કરવા માટે એમણે જે વિવિધ રૂપો ધારણ કર્યાં તે આપણે જોયાં. રુદ્રીનો પાઠ કરનાર આ બધું સ્મરે છે અને એ રીતે પૂર્ણપરમાત્માનો, શિવજીનો, મહિમા કરવાનો અને તેમને પામવાનો એનો પ્રયત્ન છે. (આવા પ્રયત્નો આજ સુધી પણ સતત વિસ્તરતા જ રહ્યા છે. આજનો ટી.વી. યુગ પણ 'દેવો કે દેવ મહાદેવ' જેવી સિરિયલોની સફળતાથી એ મહિમા લગાતાર વધારતો રહ્યો છે. 'લાઇફ઼ ઓ.કે.' માટે આ સિરિયલે ટોપ ટેન પ્રોગ્રામ્સમાં એન્ટ્રી લેવાની સાથે ટી.વી. ઇન્ડસ્ટ્રીમાં હલચલ મચાવી દીધી ન હતી શું ?)

વિવિધ રૂપોની આપણે જે વાત કરી એ પ્રત્યેક રૂપનો આગવો મહિમા છે; દા.ત. સૂર્ય. વેદોમાં સૂર્યના નામની ઋચાઓની સ્તુતિ ઘણી છે. સૂર્ય જગતના આત્મા, પરબ્રહ્મ પરમાત્મા, ભગવાનનું નેત્ર ઇત્યાદિ તરીકે કહેવાયો છે. એ વિષ્ણુનું સ્વરૂપ પણ ગણાયું છે. વેદોમાં વિષ્ણુ સૂર્યનો સમાનાર્થ શબ્દ છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં સૂર્યને પરમાત્મા કહ્યો છે અને બીજા દેવ તેમને વશ છે એમ પણ કહેવાયું છે. એને ઇષ્ટદેવ માનનારા 'સૌર' કહેવાય છે. સૌરની સંખ્યા અસંખ્ય છે. નિમ્બાણકર સંપ્રદાયમાં પણ સૂર્યની આરાધના કરવામાં આવે છે. સૂર્યનાં મંદિરો ખૂબ છે - નગરા, બોરસદ, મોઢેરા, કોણાર્ક, માર્તણ્ડ, અલમોડા, ખજૂરાહો, ત્રિકમગઢ, ગણતાજી, રામકપુર અને બીજે. પહેલાં ઉપાસના મંત્રથી થતી. પછી મૂર્તિપૂજા અસ્તિત્વમાં આવી. દર્શન, પૂજા વગેરે ઉપરાંત યજ્ઞથી પણ સૂર્યનારાયણની પૂજા થાય છે. સૂર્યની ભક્તિથી અને સેવાથી પુત્રની પ્રાપ્તિ થાય છે. કાંચિકાદિ ઋષિને એ રીતે પુત્રની પ્રાપ્તિ થઈ હતી.

વધારે ઉદાહરણ ગણેશજીનું લો. આ એ જ ગણેશજી કે જે શંકર ભગવાનના આશીર્વાદ પામ્યા હતા : 'હે વિનાયક ! તમારી પૂજા સિવાય મંગલકાર્ય અમંગલ બનશે. વેદોના અર્ચન-પૂજનમાં પણ સર્વપ્રથમ તમે જ પૂજાશો. તમારી પહેલી પૂજા કર્યા વગર કોઈનું કાર્ય સિદ્ધ નહીં થાય.' ચંદ્રના શાપ નિવારણ માટે સર્વ દેવોએ અને ચંદ્રે પણ ભાદરવા સુદ ચોથનું વ્રત કરી ગણપતિને પ્રસન્ન કર્યા હતા. ખૂદ ભગવાન કૃષ્ણે પણ ગણેશ ચોથનું વ્રત કરી પોતાને માથે આવી પડેલી ઉપાધિઓમાંથી મુક્તિ મેળવી હતી. ગણેશ ચતુર્થીના વ્રત દ્વારા ગણેશજીનો યશ આખા ભારતમાં જાણીતો છે. સર્વત્ર અગ્રપૂજા દ્વારા દેવ ગણેશજીનો પ્રતાપ સર્વને સ્વીકાર્ય રહ્યો છે. એ જ રીતે રુદ્રાષ્ટાધ્યાયીનો પ્રારંભ પણ ગણેશવંદના વગર થઈ શકે નહિ. પ્રથમ અધ્યાય જે શુભ સંકલ્પ અંગેનો છે તેમાં ગણપતિજીને નિમંત્રણ આપી મધ્યે નિવાસ કરી - રક્ષણ કરવાની પ્રાર્થના કરવામાં આવે છે, વેદમંત્રથી કરાયેલી સુંદર સ્તુતિઓથી પ્રસન્ન અને શાંત કરવામાં આવે છે અને સ્તુતિ કરનારાઓની સર્વ ઇચ્છાઓ પૂરી કરવાની તથા શાંતિ પમાડવાની સ્તુતિ કરવામાં આવે છે. પછી જે શ્રેયકર વિચારવાળું, પરમ મંગલ સ્વરૂપ પરમાત્મામય વૃત્તિવાળું થયેલું મન પરમાત્માના વિરાટસ્વરૂપની સ્તુતિ તરફ વળે છે.

શિવ શબ્દની સિદ્ધિ શિક્ ધાતુથી જ વર્ણવાઈ છે. એ રીતે શિવ પ્રાણીમાત્રમાં છે. દુઃખ અને દુઃખોનાં કારણોને લીધે જીવ એના શરણે જાય છે. એ જ સર્વના નિયામક, સર્વને આશ્રય આપનાર છે. આ સ્થિતિ જે છે તે જ શિવ છે. વેદ પ્રમાણે જોઈએ તો જાગતાપણું, સમણું અને સૂતેલું - ચિત્તની એ ત્રણે અવસ્થાથી રહિત, બધાં દશ્યોથી ત્યજાયેલા જે પોતાની મેળે પ્રકાશિત છે - સત્ ચિત્ અને આનંદરૂપ પરબ્રહ્મ, પરમાત્મા એ જ શિવ છે. એ જ ઉત્તમ તત્ત્વ છે. એની દૈવી શક્તિથી બ્રહ્માંડ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશના રૂપે દેખાય છે.

ભક્તિના અનેક પ્રકાર કહ્યા છે. શિવલિંગ સુદ્ધાં પ્રતીક ભક્તિનો એક પ્રકાર છે. પાર્થિવ પૂજાનું એક અસાધારણ તત્ત્વ છે. ગીતામાં શિવજીનું મહત્ત્વ કહેવામાં આવ્યું છે.

વૈદિક શિવપૂજનમાં આઠ પ્રકારની મૂર્તિઓ જોવા મળે છે. મણિમયી મૂર્તિની વિધિપૂર્વકની સ્થાપનાને ઉત્તમ કહેવાઈ છે. એમાં સ્ફટિક મણિમાં ચોખ્ખાઈ, મર્મ કે અંતિમ હદ સુધી પામવાપણું, પ્રકાશ, શીતલતા જોવા મળે છે. આપણે મહાશિવરાત્રિએ વૈદિક શિવપૂજન કરીએ છીએ. આ પૂજનને ખૂબ જ શુભ અને ફળ

આપનારું કહ્યું છે. શિવનો આ મહિમા છે.

શિવનો યશ જાણવો હોય તો દેવતાઓના પ્રભેદો જાણો અને તેમાં ઈશ્વર કોટિના દેવ તરીકે શિવજીને ઓળખો. નવ ગણ છે. તેમાં રુદ્ર પણ છે તેની સંખ્યા ૧૧ છે. નિવાસ સ્થાનની દૃષ્ટિએ સૂર્યરૂપે એ દ્યુસ્થાનીય છે, વાયુરૂપે અંતરિક્ષસ્થાનીય અને કૈલાસ પર રહેતા હોઈ પૃથ્વીસ્થાનીય દેવતા છે. એ પ્રત્યક્ષ અને પરોક્ષ શક્તિવાળા છે. પદ તો સ્થાયી છે તેથી નિત્યદેવતા છે. શક્તિસંપન્ન, સ્વપ્રકાશવાળા અને સમૃદ્ધિવાળા છે. જગના સંસ્થાપક, સંચાલક, ઉદ્દીપક અને પોષક છે. પંચમહાભૂતના અધિષ્ઠાતા પાંચ દેવતાઓની આપણે જે પૂજા કરીએ છીએ તેમાં પૃથ્વી તત્ત્વના અધિષ્ઠાતા છે. પાંચ દેવોની લિંગપૂજા જે થાય છે તેમાં શિવજીના બાણલિંગ છે. એમનું વાહન નંદી છે. લિંગતોભદ્ર મંડળમાં દેવતાઓની પૂજા થાય છે તેમાં મૂલતઃ તો ભગવાન શિવના પરિકરો, પરિચ્છેદો, આયુધો અને આભૂષણોનું પૂજન થાય છે જેનાથી ભગવાન આશુતોષ પ્રસન્ન થાય છે. પંચાયતન દેવોની પૂજા-અર્ચના મૂર્તિરૂપે પણ થાય છે. સ્માર્ત શૈવો શિવને મુખ્ય અંગી અને બાકીના ચાર દેવોને અંગ માને છે. આ પરમ આરાધ્ય એવા શિવ, શંકર, શંભુ, કલ્યાણમય શાંતમય અને બધી વિદ્યાઓનું મૂલ સ્થાન છે. શિવજીની પાંચ વિશિષ્ટ મૂર્તિઓ પણ છે ઈશાન, તત્પુરુષ, અઘોર, વામદેવ અને સદ્યોજાત. આઠ મૂર્તિઓ પણ છે – શર્વ,ભવ, રુદ્ર, ઉગ્ર, ભીમ, પશુપતિ, ઈશાન, મહાદેવ જે ક્રમે ક્રમે પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, પરમાત્મા, સૂર્ય અને ચંદ્રમાં સ્થિત થયેલ છે. પરમાત્મા મૂર્તિ પશુપતિનાથમાં છે. બાર જ્યોતિર્લિંગો છે – સોમનાથ, મલ્લિકાર્જુન, મહાકાલેશ્વર, ઓમકારેશ્વર, કેદારનાથ, ભીમાશંકર, વિશ્વનાથ, ત્ર્યમ્બક, વૈદ્યનાથ, નાગેશ, રામેશ્વર અને ઘૃષ્ણેશ્વર. એના સહચર છે એકાદશ રુદ્ર અને રુદ્રાણીઓ, ૬૪ યોગિનીઓ, માતૃકાઓ તથા ભૈરવ. સુર અને અસુર બંનેના એ ઉપાસ્ય છે – આ છે શિવનો મહિમા જેના પર વિશેષ પ્રકાશ પાડવા પ્રયત્ન કરીએ.

શરૂઆતમાં શિવલિંગની વાત કરીએ.

ભારતમાં શતકોટિ શિવલિંગો જે છે તેમાંના કેટલાંક ભક્તિપૂર્વક યાચનાથી સ્થપાયેલાં છે. તો કેટલાંક અનોખી અને ચમત્કારિક રીતે થયેલાં છે અને કોઈકની સ્થાપના તો શિવજી દ્વારા સ્વયં થઈ છે; દા.ત. ત્રણ લિંગનું બનેલું જ્યોતિર્લિંગ ત્ર્યંબકેશ્વર જે નાસિકની નજીક આવેલું છે. એની ઉત્પત્તિકથા ગૌતમ ઋષિ સાથે જોડાયેલી છે અને તે એ કે ઋષિનાં પાપ દૂર કરવા શિવજી અહીં પ્રગટ થયા હતા. એમનું એવું પ્રગટવું તે ઋષિની ભક્તિપૂર્ણ યાચનાનું પરિણામ છે. તો ચમત્કારિક સ્ફટિકનું શિવલિંગ ચંદ્રમૌલેશ્વર છે જે ધોળકા તાલુકાના કલીકુંડમાં આવેલું છે. શિવલિંગના એક ભાગમાં ચંદ્રકલાની સીધી અસર દેખાય છે. એ પરપોટા જેવું હોવાથી 'પરપોટિયા મહાદેવ' તરીકે પણ ઓળખાય છે. સ્ફટિકના સુંવાળા, ભવ્ય પરપોટા જેવું એ છે. એના પરપોટાની સંખ્યા ભાગ્યે જ ગણી શકાય. પરપોટામાં ઓમ અને શિવજીની જટાનાં પણ દર્શન થાય છે. એના એ ગૂઢ રહસ્ય પરથી પડદો ઊંચકી શકાતો નથી. એ અનોખું અને ચમત્કારિક મનાય છે. કાશીમાં વિશ્વનાથ બિરાજે છે. એ જ્યોતિર્લિંગ કોઈ મનુષ્યની પૂજા તપસ્યાનું પરિણામ નથી. પણ પાર્વતી સાથેના લગ્ન પછી શિવે આ સ્થળ પોતાના નિવાસસ્થાન માટે પસંદ કર્યું હતું. અંદરથી સત્ત્વગુણી અને બહારથી તમોગુણી રુદ્રની પ્રાર્થનાથી ભગવાન શંકર સ્વયં અહીં આવીને વસ્યા છે. આમ ભારતમાં શિવલિંગો જુદી જુદી રીતે સ્થપાયેલાં છે.

ઉપર શિવલિંગની વાત કરી. પુરાણોમાં કહેલું છે કે બ્રાહ્મણ, ક્ષત્રિયો, વૈશ્ય, શૂદ્રો વગેરે તથા તમામ પ્રકારની અવસ્થાવાળી, બાલ, યુવાન, પરણેલી, વિધવા, સર્વજાતિની સ્ત્રીઓને શિવલિંગની પૂજા કરવાનો અધિકાર છે. અધિકાર પ્રકૃતિનાં અન્ય તત્ત્વોને અને માનવ સિવાયના જીવોને પણ છે અને શિવજીને એ સ્વીકાર્ય છે; દા.ત. દીવ કિલ્લાની પશ્ચિમ દિશાએ બે કિલોમીટર દૂર કુદમ નામનું ગામ છે. ત્યાં ગંગેશ્વર ધામ છે જે પાંચ હજાર વર્ષ પુરાણું અને પાંડવ યુગનું મનાય છે. અહીં સુધી સમુદ્ર પહોંચી જાય છે અને ગંગેશ્વરનાં

પાંચ શિવલિંગો પર સ્વયંભૂ જલાભિષેક કરે છે. વહેલી સવારમાં આ લિંગો પર એક કદાવર નાગ ફેણ ચડાવી ડોલતો દેખાય છે અને ઘંટનાદ થતાં સમુદ્રમાં સરકી જાય છે. બીજું એક ઉદાહરણ 'સ્તંભેશ્વર' તીર્થનું પણ છે. આ તીર્થ મહીસાગર સહિતની આઠ નદીઓના અરબી સમુદ્રના સંગમ સ્થળે, જંબુસરના કાવી કંબોઈના મહીસાગર તટે છે. જેનો ઉલ્લેખ શ્રી શિવમહાપુરાણ અને સ્કંદમહાપુરાણમાં મળે છે. અહીં તારકાસુર હણાયો હતો. સ્કંદમહાપુરાણની એ કથા બહુ જાણીતી છે. દિવસમાં બે વખત દરિયાની ભરતી સાથે શિવલિંગ પાણીમાં સમાઈ જાય છે અને ઓટ સાથે એના દર્શન થાય છે. આ અદ્ભુત અનુભવ શિંવલિંગ પર સાગરના સતત થતા જલાભિષેકને કારણે છે. આ ઘટના પણ ઉપર જે વાત કહી તેને વધુ સ્પષ્ટ કરનારી છે. આવી બીજી ઘટનાઓ પણ છે.

પૂજનનો એવો તો મહિમા છે કે ભૌતિક સુખોમાં એનું રૂપાંતર થઈ જાય છે. પ્રથમ પણ શિવ છે અને છેવટનું પણ શિવ છે. પૂરાપૂર્વથી ચાલ્યા આવતા શાશ્વત, (હિંદુ) વેદધર્મના પરમ કારક અને કાર્ય પણ શિવ છે. એમનાથી જ ધર્મ અને અર્થ, કામ અને મોક્ષ છે. આપણે સૌ એના જ આશ્રયે છીએ. જે એના આશ્રયે નથી તે પ્રાણી દુઃખની આંટીઘૂંટીમાં ફસાતો જાય છે એવું પુરાણોમાં કહ્યું છે. માટે પણ શિવનો મહિમા છે. વેદો પહેલાં શિવનો યશ મંત્ર-તંત્રમાં પણ છે. સુધાકર ચટ્ટોપાધ્યાયે 'રિફ્લેક્શન્સ ઑફ તંત્ર' નામનું એક પુસ્તક લખ્યું છે. એમાં તેઓ 'વેદોનો જન્મ તંત્રવિદ્યામાંથી થયો છે' એમ કહે છે. વેદો પહેલાં તંત્રવિદ્યાનું અસ્તિત્વ હતું. શિવ, શક્તિ, વિષ્ણુ, સૂર્ય, ગણપતિ ઇત્યાદિને તંત્રમાં સ્થાન છે. એટલે કે શિવ અને એનાં સ્વરૂપો વેદો પહેલાં મહિમાવાળાં છે.

આપણે પરમાત્માનું નામ લઈને શિવને નમન કરીએ છીએ. સત્ય છે તે બ્રહ્મ છે. બ્રહ્મ એટલે પરમાત્મા. શિવ છે તે શુભ અને પવિત્ર આત્મતત્ત્વ છે સુંદરમ્ તે પરમ પ્રકૃતિ. તેથી જ સત્યમ્ શિવમ્ સુંદરમ્ કહીએ છીએ. એટલે કે પરમાત્મા. શિવ અને પાર્વતી સિવાય કંઈ બીજું જાણવા યોગ્ય કે લીન થઈ જવા યોગ્ય નથી. ધર્મનું એ મૂળ છે.

આ શિવ યક્ષના સ્વરૂપને ધારણ કરે છે. વેદ બાર રુદ્રોમાં એને ગણે છે. પુરાણોમાં એમનાં ૧૦૮ નામ કહેવાયાં છે. પણ શંકર, મહેશ એવાં નામો વધુ પ્રચલિત છે. કૈલાસ પર્વત એમનું નિવાસસ્થાન છે. ભગવાન કૃષ્ણે કૈલાસ પર્વત પર શિવજીને પ્રસન્ન કરવા તપ કર્યું હતું એમ હરિવંશ પુરાણમાં કહેવાયું છે. શ્રીરામે રામેશ્વરમાં શિવલિંગની સ્થાપના પૂજા, અર્ચના કરી હતી. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ બધા જ દેવો શિવભક્ત છે. કહે છે કે મહાશિવરાત્રિએ - કાલરાત્રિએ શંકર રુદ્રરૂપે અવતર્યા હતા.

શિવજીનો પ્રિય માસ શ્રાવણ છે. ત્યારે પૂજા, વ્રત વગેરે બલવત્તર રીતે થાય છે અને વ્રત પછી પર્વ ખૂબ જ ભાવથી ઉજવાય છે.

વેદ અને ઉપનિષદ સાથેનું વિજ્ઞાન તે ભૈરવતંત્ર (શિવ દ્વારા પાર્વતીને કહેવાયેલાં ૧૧૨ ધ્યાનસૂત્રો), તો શિવપુરાણ અને શિવસંહિતામાં શિવજીની પૂરી શિક્ષા અને દીક્ષા છે એમાં ભક્તિનો મહિમા અને અવતાર વગેરે પણ વિસ્તારથી કહેવાયાં છે.

સંપૂર્ણ ઊર્જા લિંગનું પ્રતીક છે ને સૃષ્ટિ બિંદુ-નાદ રૂપ છે. બિંદુ એટલે શક્તિ અને નાદ એ શિવ. શિવ અને શક્તિનું સંયુક્તરૂપ શિવલિંગમાં છે. એ બંને બ્રહ્માંડનો આધાર છે. તેથી જ તો શિવલિંગની પૂજા-અર્ચના કરવામાં આવે છે. (શિવલિંગની શક્તિના પરચા પણ લોકોએ જોયા છે; દા.ત. પાલનપુર પાસેના ગોખાગામના મહાદેવની કથા અજાયબીથી ભરેલી છે. શિવલિંગ મળી આવ્યા પછી એને મંદિરમાં લઈ જવા માટે ગામલોકોએ ઘણા પ્રયત્નો કર્યાં. માનવશક્તિ ઉપરાંત હાથી ઘોડા અને બળદોને પણ કામે લગાડવામાં આવ્યા હતા પણ એને ખસેડવું શક્ય બન્યું નહિ. આખરે આ જ સ્થળે એની વિધિવત્ સ્થાપના કરવામાં આવી - આ શિવલિંગ પાતાળમાંથી મળી આવ્યું હોવાથી 'પાતાળેશ્વર' કહેવાય છે. ગામમાં એ જૂનું શિવલિંગ

હોવાથી 'ઘરડા મહાદેવ' તરીકે પણ જાણીતું છે.) જ્યોતિર્લિંગ એટલે કે વ્યાપક બ્રહ્માત્મલિંગ. 'વ્યાપક પ્રકાશ'નું મહત્ત્વ ખૂબ જ છે. શિવલિંગના બાર ખંડ શિવપુરાણમાં કહ્યા છે અને તે બ્રહ્મ, માયા, જીવ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, આકાશ, વાયુ, અગ્નિદળ અને પૃથ્વી.

પુરાણો એ વેદોનો વિસ્તાર છે. જે અઢાર ભાગોમાં અને ચાર લાખ શ્લોકોમાં છે. 'શિવપુરાણ' શિવની ભક્તિ અને મહિમા વિશે છે. શિવજીના જીવન પર એમાં પ્રકાશ પાડવામાં આવ્યો છે. એમાં આઠ સંહિતા ઉલ્લેખાઈ છે. જે મોક્ષ આપનારી છે. તે વિદ્યેશ્વર, રુદ્ર, શતરુદ્ર, કોટિરુદ્ર, ઉમા, કૈલાસ, વાયુ એવા નામો ધરાવે છે. શિવજી વિશે બીજું મહત્ત્વનું પુરાણ 'લિંગપુરાણ' છે જે શૈવ સંપ્રદાયનું છે. એમાં લિંગને શિવજીના ઓળખ ચિહ્ન તરીકે કહેવાયું છે. અજ્ઞાત તત્ત્વનો પરિચય પણ એમાં થાય છે. લિંગનો અર્થ સવિસ્તર વર્ણવાયો છે. ગંધ, વર્ણ, રસ, શબ્દ અને સ્પર્શથી નિરપેક્ષ એવી પ્રકૃતિને જ એમાં લિંગરૂપ જણાવાઈ છે.

શિવલિંગ-શિવનું લિંગ સ્વરૂપી પ્રતીક. અસલમાં તો એ બ્રહ્માંડની જ છબી છે. બધા દેવોનું એમાં સ્થાન છે. મૂળમાં બ્રહ્મા, મધ્યમાં વિષ્ણુ અને ઉપરના ભાગમાં ઓમકારરૂપ ભગવાન છે. દેવીઓ, પિતૃઓ, યક્ષ, ગંધર્વ, પશુ-પક્ષી સૌનો પણ સમાવેશ છે. નામ એમ સૂચવે છે કે જીવભાવનો નાશ કરવાની શક્તિ એમાં છે. ભક્ત બધાં પાપોથી મુક્ત થાય છે અને પરબ્રહ્મને પામે છે. એ આકાશરૂપ બ્રહ્મ છે. એનો આધાર પૃથ્વીરૂપી માતા છે. વેદી આદ્યશક્તિનું પ્રતીક છે. એની પૂજા અને લિંગની મદદને આધારે ચિત્તવૃત્તિ માયાથી મુક્ત થઈ નિર્ગુણ બ્રહ્મમાં મળી જાય છે અને જીવ આવાગમનના ભયથી છૂટે છે. લિંગનું પૂજન ઓમ્કાર મંત્ર વડે અને મૂર્તિનું પંચાક્ષર મંત્રથી કરવામાં આવે છે. લિંગ એટલે જ્ઞાન-આત્મજ્ઞાન અથવા પરમેશ્વર અંગેનું જ્ઞાન. અગ્નિપુરાણ, લિંગપુરાણ અને કૂર્મપુરાણે એને પરબ્રહ્મનું મૂર્તસ્વરૂપ કહ્યું છે.

જગતમાં શિવજીનાં મંદિરો લાખોની સંખ્યામાં છે. જ્યોતિર્લિંગ ઉપરાંત કેદારના નામથી જાણીતાં મહત્ત્વનાં પાંચ શિવમંદિરો પણ છે તે કેદારનાથ, મદમહેશ્વર, રુદ્રનાથ, મુંગનાથ અને કલ્પેશ્વર. આ મંદિરો ગઢવાલના પર્વતોમાં રમણીય વિસ્તારમાં છે જ્યાં શિવજીના પૃષ્ઠભાગ, બાહુ, મુખ, જટા અને નાભી એમ અલગ અલગ ભાગોની પૂજા થાય છે. અહીં શિવજીએ પાંડવોને સગોત્ર હત્યાના પાપમાંથી મુક્ત કર્યા હતા. એ અંગેની કથા શિવપુરાણમાં છે. નેપાળમાં પ્રગટ થયા તે 'પશુપતિનાથ' જે પૃષ્ઠભાગ છે. બાકીના ચાર ભાગોની પૂજા અન્ય ચાર કેદારમાં થાય છે. તો શ્રીરામના પરમ સ્વામી રામેશ્વર છે. તામિલનાડુના સમુદ્રતટ પરનું શિવલિંગ સ્વયં રામે સ્થાપ્યું હતું. આ મંદિરનો ઇતિહાસ જાણીતો છે અને તે ભગવાન વિષ્ણુના અવતાર એવા રામ તથા શિવજીના પ્રતાપને પ્રગટ કરતો રહ્યો છે. દ્વારકાપુરીથી ૧૭ માઈલ દૂર નાગેશ્વર છે જે દારુક વનમાં છે. ભગવાન શિવે અહીં અસુર દારિકાનો વધ કર્યો હતો. આ જ્યોતિર્લિંગની કથાઓ રોચક છે. રુદ્રસંહિતા અને ઋગ્વેદનો આધાર લઈને કહેવામાં આવે છે. મહારાષ્ટ્રમાં ખેડની નજીક ભાવગિરિમાં ત્રિપુરાસુરનો નાશ કરનાર ભીમાશંકર છે. કહે છે કે અહીં સહ્યાદ્રિ પર્વતના શિખરે ભીમના રૂપમાં શિવજીએ નિવાસ કર્યો હતો અને રાક્ષસ ત્રિપુરાસુરને હરાવ્યો હતો અને પછી ભક્તોના આગ્રહથી જ્યોતિર્લિંગ સ્વરૂપે પ્રગટ થયા હતા. ભારતમાં શિવજીના આવાં તો અનેક મંદિરો તથા શિવલિંગો આવેલાં છે.

માત્ર ત્રિજગત, ધર્મક્ષેત્ર કે હિમાલયે જ નહિ સાહિત્ય અને બીજા ક્ષેત્રે પણ શિવજી જડ-ચેતનાત્મક સમગ્ર સૃષ્ટિના સ્વામી તરીકે રહ્યા છે; દા.ત. અમિષ ત્રિપાઠીએ શિવને મનુષ્ય તરીકે કલ્પી એમના તત્ત્વજ્ઞાનને એક ભવ્ય સાહસકથાના માધ્યમથી કહ્યું છે જેમાં શિવજીનું વ્યક્તિત્વ એવું ઉજ્જવળ દેખાય છે કે કાળક્રમે તે કઈ રીતે પરમાત્મા બન્યા તે સમજાય છે. એ કથા તે 'ધ ઇમ્મોર્ટલ્સ ઑફ મેહુલા' જે 'શિવા ટ્રાયોલોજી'નું પહેલું અને અદ્ભુત પુસ્તક છે.'

શિવ = શર્વ + ઇ. ઈશ્વરનું અચેષ્ટ સ્વરૂપ કોઈ કલ્યાણમય હેતુઓ માટે કાર્ય સાથે સંબંધવાળું થાય

છે ત્યારે એમાંથી 'ઇ'કારરૂપી ઊર્જા પસાર થાય છે. આમ સમર્થ અને સામર્થ્યનું જોડું વિભાગ ન પડી શકે એવું છે, જે મંદિરો, પૂજા વગેરે માધ્યમોથી આપણે સમજવાનો અને પામવાનો પ્રયત્ન કરીએ છીએ.

પૂજન માટે શિવજીને શુદ્ધ જળનું સિંચન કે તેનો વિધિ કરવો, ચંદન સુગંધનો લેપ કરવો, ભસ્મનું ત્રિપુંડ વગેરે કરવું (પૂજન કરનારે પણ ત્રિપુંડ કરવું, માળા – રુદ્રાક્ષની – પણ ધારણ કરવી) બિલિપત્ર, તુલસીદળ અને ઋતુ પ્રમાણે ફૂલો (કેવડાનાં ફૂલ નહિ), દીપદાન અને નૈવેદ્ય કરવાં. પૂજન કરનાર શિવસ્વરૂપ બને અને શ્રદ્ધા ભક્તિ તથા જ્ઞાનને લીધે આ પૂજન મોક્ષ મેળવવાનું સાધન બને. (ગીતાપ્રેસ, ગોરખપુર તરફથી 'શુક્લયજુર્વેદીય રુદ્રાષ્ટાધ્યાયી'ને સાનુવાદ - હિંદી-પ્રગટ કરવામાં આવેલ છે. એમાં 'શિવપૂજન વિધિ' વિસ્તારથી વર્ણવાઈ છે. રસિકોએ ત્યાં તે જોવી. ગુજરાતીમાં પણ પૂર્વે ઉલ્લેખેલ છે તે પંડિત વિષ્ણુદેવકૃત 'શિવ મહિમા'માં પણ એ વિગતે કહેવાઈ છે. રસિકોએ ત્યાં પણ તે જોવી.)

શિવલિંગના વિવિધ પ્રકારો કહ્યા છે.

ૐકાર સ્વરૂપ છે તે માનવીની તમામ કામનાઓને પૂરી કરે છે. એ ઉત્તમ છે. સૂક્ષ્મ પ્રણવસ્વરૂપ સૂક્ષ્મ અને કળારહિત છે. પણ પાંચ અક્ષરવાળું તે સ્થૂળ અને કળાસહિત છે. ૐકાર લિંગ જપ અને તપ માટે અનુકૂળ છે પણ મોક્ષ તો બંને આપનારા છે.

પૃથ્વીના વિકારરૂપ જે લિંગ છે તે સ્વયંભૂ, બિંદુ (નાદ), સ્થાપિત, ચર અને ગુરુ એવા પાંચ પ્રકારે છે. તપ શક્તિએ પૃથ્વીમાંથી આપોઆપ પ્રગટતું સ્વયંભૂ, જેના પૂજનથી જ્ઞાનમાં વૃદ્ધિ થાય. બિંદુ (નાદ) તે સ્થાવર અને જંગમ છે, ભાવનામય છે, દર્શનરૂપ છે. એમાં ભાવના અને વિશ્વાસનું આરોપણ થાય છે. એ સંપત્તિ અને જ્ઞાનનું ફળ આપે છે. સ્થાપિત પૌરુષ અને પ્રાકૃત એવા બે પ્રકારે છે. દેવો અને ઋષિઓએ જીવના કલ્યાણ માટે મંત્ર સાથે પૌરુષ-લિંગની વિધિપૂર્વક સ્થાપના કરી છે. એ પર્વત, વૃક્ષ અને અનાજ ઇત્યાદિરૂપ ગણાય છે. આઠ સિદ્ધિઓ આપે છે, ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે, બળવાળું અને નિત્ય છે. વિદ્વાનો, રાજાઓ અને ધનવાનોએ તૈયાર કરેલ તે પ્રાકૃત છે, ભલે એ દુર્બળ અને અનિત્ય છે તો પણ જમીન, ચોખા ઇત્યાદિ રૂપનો એમાં સમાવેશ થાય છે. એને કારણે ઉત્તમ સ્ત્રી, ધન વગેરે પ્રાપ્ત થાય છે. આધ્યાત્મિક, આત્મ-સંબંધી લિંગ તે રસલિંગ જે મૂલ્ય ધરાવતું ચર છે અને સર્વ ઇચ્છિત વસ્તુ આપનારું છે. એમાં નાભિ, જીભ વગેરે, શરીરનાં ઉપાંગો, શિવનું ધ્યાન ધરવા ઉપયોગમાં લેવાય છે. તો બાણલિંગ રાજ્ય અપાવનાર, સોનાનું તે દ્રવ્ય અપાવનાર, શિલાનું તે શૂદ્રોને પવિત્ર કરનાર છે. સ્ફટિકનું બાણ ઇચ્છિત કામનાઓ આપે છે. માટીના બનેલા પાર્થિવ લિંગની પૂજા સૌભાગ્યવતી સ્ત્રીઓ કરે છે અને સ્ફટિક તેમજ રસલિંગની પૂજા વિધવા પણ પ્રવૃત્તિમય હોય એવી સ્ત્રીઓ કરે છે. સંન્યાસીઓ સૂક્ષ્મ લિંગને પૂજે છે. આમ વિવિધ પ્રકારો કહ્યા છે.

શિવજીના નિર્ગુણ સ્વરૂપને આકાર ન હોઈ પૂજા અને ધ્યાન માટે દુષ્કર રહે છે. માટે લિંગરૂપે સગુણ કલ્પી નિર્ગુણ બ્રહ્મનું પૂજન અઘરું નહિ એવું કરવામાં આવ્યું છે.

શિવ-શુભ; કલ્યાણકારી; શંકર; મહાદેવ. એનું દર્શન જ જીવને કલ્યાણ માટે તથા અટલતા, દઢતા, નિર્મળતા અને ઉજ્જ્વળતા માટે પ્રેરે છે. માટે જ તો કૈલાસમાં - ઊંચાઈએ - એ નિવાસ કરે છે જ્યાં શીતળતા છે. શીતળતા સજ્જનનું લક્ષણ છે. શિવ એકાંતમાં રહે છે. વૈભવોથી દૂર, સ્મશાનની નજીક રહેવું એ લક્ષ્ય સુધી પહોંચવાનું, એકાંતમાં રહી અલખને આરાધવાનું, સૂચન કરે છે. શિવનો નિવાસ સ્થિરતામાં છે જે માનવને એના વિચાર, વાણી ઇત્યાદિમાં દઢ, નિશ્ચિત રહેવાનો ઈશારો કરે છે કેમકે સ્થિર ચિત્તવાળું અચલિત જીવન જ સાચું જીવન છે. શિવનાં આભૂષણ જુઓ : ગળામાં સર્પ જે ચોંટેલો છે અને આસક્ત, મોહિત, નહિ થવાનો ઉપદેશ આપે છે. શરીરે ભસ્મ છે. દેહ નાશ પામે તેવો છે એ વાતની એ ચેતવણી આપે છે. નીલકંઠ છે જે સૂચવે છે કે આ વિષ પેટમાં જવા દેવું નહિ, એમ થશે તો શરીર નાશ પામશે અને બહાર આવતાં જગત નાશ પામશે. લોકો તો નિંદા, ટીકાનું ઝેર પાતા રહેવાના પણ કાળકૂટ નામના આ વિષને કંઠમાં જ

રહેવા દો એમાં જ બધું શુભ અને કલ્યાણ છે. આમ શંકરનું દર્શન જ વિવિધ રીતે પ્રેરક રહ્યું છે. કુટુંબકબીલો કેવો ? દા.ત. ગણપતિ. પશુનું મુખ છે. છતાં ક્યાંય અરુચિ, અણગમો નથી. સાધનો ક્યાં ? ઉંદર, સિંહ, મોર, પોઠિયો વગેરે. વાસ્તવમાં તો એ સર્વે એકબીજાનાં દુશ્મન છે પણ અહીં એક્સહ, એકસંપ રહે છે, ક્યાંય અશાંતિ નથી, જે માનવીને ઐક્ય અને સંપથી રહેવાનું સૂચન કરે છે - બધાએ મળી એક સરખો વિચાર, નિશ્ચય કરવો, સાથે મળીને, જોડે રહેવું ઇત્યાદિ તરફ ઇશારો કરે છે. શિવ ભસ્મ ચોળે, ખોપરીની માળા પહેરે વગેરે કે જે અમંગલ છે તેને આશરો આપે છે. આમ છતાં એ પોતે તો સૌ કોઈને માટે મંગળ જ છે : મંગલ-અમંગલ, અસુંદર-સુંદર જેવાં દ્વંદ્વોને સાથે લઈને ચાલે છે. એ શિવ છે અને વિષ્ણુ પણ છે. એટલે જ મંગલ અને અમંગલ બંનેનું પ્રતિનિધિત્વ કરી શકે છે. સાપનો ભય નથી કે ચંદ્રમાંથી અમૃત ઝરે એમાં પ્રીતિ પણ નથી. એ તો 'આત્મરામ' છે. એને મંગલ શું કે અમંગલ શું ? દેખાતું શીલ અમંગલકારી લાગે પણ સ્મરણ વરદાન આપનાર અને મંગલકારી છે. આંતરિક શક્તિથી આનંદિત એવા આ પ્રભુનું અનુસરણ અને એમનામાં સમર્પણ તમામ ફળ આપે જ છે.

માટે જ તો બહુજનસમાજના માનીતા અને ઉપાસ્ય પૂજનીય એવા આ દેવને રીઝવવા આપણે એની આરાધના કરીએ છીએ. એનો એક પ્રકાર તો પૂજા, સન્માન, સત્કારનો છે. એ વિવિધ રીતે થાય છે; જેમકે રાજોપચાર, ષોડશોપચાર વગેરે. એ બહુ ભપકાથી, શોભાથી, ઠઠારાથી થાય છે. પણ માનસપૂજા સરળ અને અગત્યની છે. એની સાદાઈમાં તો એનું મોટાપણું છે. ભક્તોમાં તેનો મહિમા અને પ્રતિષ્ઠા ખૂબ છે. એ માટે શંકરાચાર્યજીએ શિવમાનસપૂજાસ્તોત્રની રચના ઘણી સુંદર કરી છે. એમાં શિવજીની આરાધનામાં બધું મનથી કલ્પી લેવાનું અને ભાવના કરવાની. બધું કર્મ શિવને સમર્પણનો ભાવ કરીને જ કરવાનું છે અને તેથી જ તો આપણી પ્રવૃત્તિ શિવપૂજા જ છે. દોષ વિનાના, અમૂર્ત, સમગ્ર અને જેનો આદિ મધ્ય કે અંત નથી એવા શિવજી છે. તેથી બાહ્ય સામગ્રીથી નહિ પણ કેવળ માનસિક રીતે કલ્પી, ભાવના કરી, એમની પૂજા કરવી જોઈએ. એ ઉત્તમ પૂજા છે.

શિવમહિમાને સાચવી રાખવા મહાશિવરાત્રિનું પર્વ સતત ઉજવાય છે. વેદો પોકારી પોકારી કહે છે 'નેતિ-નેતિ', કારણ કે શિવનો મહિમા વાણી અને મનથી બહાર છે, પંડિતોની કલમ પણ હાથથી છૂટી જાય છે. છતાં એ મહિમા જાણવા અને સાચવવા આપણે સતત પ્રયત્નમાં રહીએ છીએ. વદ ચૌદશનો દિવસ એ દૃષ્ટિએ બહુ જ મહત્ત્વનો છે. શિવભક્તો શિવજીના મંદિરમાં લિંગનાં દર્શન કરે છે, જાપ કરે છે, ઉપવાસ કરે છે, અર્ચન વંદન કરે છે અને બિલીપત્રો, પુષ્પો, ચંદન ચઢાવે છે. શિવલિંગ પર પંચામૃત વડે વિધિ કરે છે. લોકો જાગરણ કરી સતત શિવસ્મરણ કરે છે. 'શિવ' એટલે કલ્યાણ. કલ્યાણના આ દેવની આરાધના, ઉપાસના કરી એમને રાજી કરી ભક્તો મૃત્યુ પર વિજય મેળવે છે. જો પૂજા ખરા અર્થમાં સમર્પણ બને તો જેણે આ સકળ વિશ્વ સર્જ્યું છે તેવા મહાદેવ તો શુદ્ધ જળ, ફૂલ કે બિલીપત્ર માત્રથી રાજી થાય છે. જો શિવમંદિર ન હોય તો બિલ્વના વૃક્ષ પાસે જાઓ. મંત્રોચ્ચાર જાણતા ન હો તો સામાન્ય પૂજા કરો. મહાદેવ તો એટલા માત્રથી પણ રાજી થઈ જાય છે.

મહાશિવરાત્રીનો મહિમા શાસ્ત્રોમાં પણ ખૂબ કહેવાયો છે. ઈશાન સંહિતા પ્રમાણે તો આ દિવસે ભગવાન શંકર સ્વયં શિવલિંગના સ્વરૂપમાં પ્રગટ્યા હતા અને બ્રહ્મા, વિષ્ણુએ પણ આ દિવસે શિવલિંગનું પૂજન કર્યું હતું. શૈવ સંપ્રદાયમાં તો આ પર્વ સૌથી વિશેષતાવાળું અને અસાધારણ કહેવાયું છે. સોમનાથ સહિત મલ્લિકાર્જુન, કેદારનાર, ૐકારેશ્વર, વૈજનાથ, નાગેશ્વર, વિશ્વેશ્વર, મહાકાલ, ભીમાશંકર, રામેશ્વર, પરમેશ્વર, અને ત્ર્યંબકેશ્વર એવાં બાર જ્યોતિર્લિંગમાં કાશી, જૂનાગઢ, ઉજ્જૈન, ૐકારેશ્વર ઇત્યાદિ સ્થળોએ જ માત્ર નહિ, મોરેશિયસ જેવા વિશ્વના અન્ય દેશોમાં પણ, જ્યાં હિંદુઓએ પોતાની સંસ્કૃતિ સાચવી રાખી છે, સમસ્ત કામનાની સિદ્ધિ અર્થે આ પર્વની — મહાશિવરાત્રિની- ધૂમ ઉજવણી થાય છે. કહે છે કે આદ્ય શંકરાચાર્યજીરૂપે ભગવાન શંકરે જાતે જ દેહ ધારણ કર્યો હતો. એમણે વૈદિક ધર્મની પ્રતિષ્ઠા કરી, દેશમાં ચાર

પીઠની સ્થાપના કરી. ભગવાન ચંદ્રમૌલેશ્વર મહાદેવ તરીકે જાણીતા કૈલાસપતિની સ્થાપના થઈ. શંકરાચાર્યજીએ આ દિવસે સહુના કલ્યાણ માટે શંકર-પૂજન મહિમા જાગૃત કર્યો. ત્યારે પૂજન, મેળા વગેરે થાય છે, સ્નાનનો પણ મહિમા છે. રુદ્રાભિષેક પણ થાય છે, નમક-ચમક સહિત અથવા ૧૧ આવર્તન દ્વારા કે પૌરાણિક પરંપરા પ્રમાણે બે પ્રકારે ભક્તિ થાય છે. એક ૐકારની પૂજા અને બીજી તે કર્મકાંડ, પૂજન, આરાધના, યજ્ઞ વગેરે. સકામ સેવા અને નિષ્કામ સેવા પણ થાય છે.

મહાશિવરાત્રિના દિવસને સૌથી પવિત્ર પર્વ તરીકે કેમ ગણ્યો છે ? તે એટલા માટે કે મૃત્યુ પર વિજય મેળવનારા, શરણે આવેલાનું કલ્યાણ કરનારા, જન્મ મૃત્યુ વૃદ્ધાવસ્થા અને આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી ઉગારનારા શિવજીના પૂજન અર્ચન માટેનો આ પવિત્ર અને મહત્ત્વનો દિવસ છે. દત્તાત્રેય ભગવાનનું ગિરનાર ક્ષેત્ર હોય કે પછી માણસા ધોરીમાર્ગ પરનું વાસણિયા (વૈજનાથ મહાદેવ) મહાદેવનું મંદિર હોય, ઉજ્જૈન, ત્ર્યંબકેશ્વર અને બીજે કે જ્યાં કુંભ મેળો હોય, ભક્તોનો મહેરામણ ઉમટી પડે છે કેમકે જે, આ એ તીર્થસ્થાન છે કે જ્યાં શિવ અને જીવનું મિલન થાય છે. સૂર્યદેવ પોતાનાં કિરણોથી જગતનો અંધકાર દૂર કરે છે, એવા શરણદાતા ભગવાન શંકરનું, ભક્ત આ દિવસે, શરણ લે છે.

ક્ષણિક સાધનાથી શિવજી ભક્ત પર પ્રસન્ન થાય છે. માટે જ તો બધા દેવોમાં શ્રેષ્ઠ છે અને મહાદેવ કહેવાયા છે.

ભક્તોની બધી કામના પૂરી કરનાર આ દેવને અનેક રૂપે ભક્તોએ જોયા છે. એમાં એક રૂપ છે રુદ્રનું. એનાં પણ પાંચ શરીર છે : રૂપક, રુદ્ર, રુદ્રી, મહારુદ્ર, અતિરુદ્ર. પૂજા-અર્ચના પણ જુદાં જુદાં નામો વતી કરવામાં આવે છે. શાસ્ત્રોમાં શિવપૂજાનાં સરળ વિધાનો જે બતાવ્યાં છે તે પ્રમાણે આરાધના કરવાથી ભક્તોની સાથે એમનાં સંતાનોને પણ ફળ મળે છે. મહાયોગી, મહાતપસ્વી, મહાવૈરાગી, ભગવાન શિવ આ દિવસે (મહાશિવરાત્રિના દિવસે) શિવલિંગરૂપે પ્રગટ થયા હતા, કલ્યાણ હેતુએ નિરાકારમાંથી સાકાર થયા. શિવનો એક પ્રભાવશાળી વિગ્રહ શિવલિંગ છે. શિવલિંગ વગરનું ભારતભૂમિનું કોઈ ગામ નથી. આ શિવલિંગ પર માત્ર જળ અને બિલિપત્ર અર્પણ કરવાથી શિવજી સંતુષ્ટ થાય છે. માટે તો લિંગપૂજાનું બહુ મહત્ત્વ છે. કહે છે કે ધતૂરાનાં ફૂલ અને ફળથી લિંગપૂજા કરનારને ગાયનું દાન કર્યાનું ફળ મળે છે. લિંગપૂજાથી વિદ્યા મળે છે. જીવ ધન-ધાન્ય સહિત આબાદીભર્યું જીવન પસાર કરે છે અને અવસાન બાદ શિવલોક પામે છે. કાર્યસિદ્ધિ માટે માટીના લિંગની પૂજા કહી છે. ભૂમિ મેળવવા માટે પુણ્યવાળા લિંગની પૂજા વર્ણવાઈ છે. એ જ રીતે નિમકમાંથી બનાવેલ શિવલિંગનું પૂજન સૌભાગ્ય અર્પે છે, વંશવૃદ્ધિ માટે વંશાંકુર તથા મહામુક્તિ માટે સુવર્ણમાંથી રચેલા શિવલિંગનું પૂજન કરવાની આજ્ઞા છે.

શ્રાવણમાસ શિવની પૂજા-અર્ચનાનો મહિનો છે. કરુણાનો ભાવ પ્રગટ કરવા માટેનો આ માસ છે. શુદ્ધતાની યાચના કરવા અને મહેશભાવ જોડવા માટે ખૂબ જ અનુકૂળ એવો આ માસ છે. એ હેતુએ જ આપણે આ માસનો મહત્તમ ઉપયોગ કરીએ છીએ, પૂજા, રુદ્રી વગેરે કરીએ છીએ. શિવને એ પ્રિય છે. એ પાછળ પૌરાણિક કથાઓ પણ છે : ભગવાન વિષ્ણુએ વિશેષ પ્રકારે શિવની આરાધના કરી હતી એ સમય શ્રાવણ માસનો હતો. દક્ષપુત્રી સતીએ પતિનું અપમાન જાણી પિતાને ત્યાં યોજેલા યજ્ઞકુંડમાં પ્રાણની આહુતિ આપી હતી, પછી હિમાલયને ત્યાં ફરીથી જન્મ ધારણ કર્યો અને કઠિન તપ કરી શિવજીને પતિરૂપે પ્રાપ્ત કર્યા – આ સમય પણ શ્રાવણ માસનો હતો. ચંદ્ર શાપ નિવારણ અર્થે સદાશિવને શરણે ગયો - એ માસ પણ શ્રાવણ માસ હતો. આવી બધી ઘટનાઓ એમ કહેવા પ્રેરે છે કે ભોળા શિવને શ્રાવણ માસ વધુ પ્રિય છે. વળી પ્રકૃતિ શ્રાવણમાં સર્વ કળાએ શણગાર સજે છે - એ શિવની દૈવી શક્તિ પાર્વતી છે. વર્ષાનો વૈભવ અને સૌંદર્યરૂપે પ્રગટતી પ્રકૃતિ. એ વખતે શિવજી વાદળમાં છુપાઈ ડમરુ વગાડે અને પ્રકૃતિ વધુ ને વધુ નાચી ઊઠે. વરસાદનું સૂરીલું સંગીત હોય ને શિવભક્તોને 'શિવોડહમ્' નો નાદ સંભળાય. આમ હોવાને કારણે પણ શિવજી અને ભક્તોને સુદ્ધાં શ્રાવણ માસ પ્રિય તથા મહિમાવાળો રહ્યો છે. ભક્તો દૂધ, જળ વગેરે દ્વારા મહાદેવને

રીઝવવાનો પ્રયત્ન કરે છે અને મંગલ કામના માટે શીઘ્ર પ્રસન્ન થઈ ફળ આપનાર આ યોગેશ્વર, ભૂતેશ્વર, મહાકાલેશ્વર, કૈલાસવાસીની ભક્તિ કરે છે. આ માસમાં પાર્થિવપૂજનનું મહત્ત્વ પણ શાસ્ત્રોએ કહ્યું છે. કર્મકાંડી બ્રાહ્મણ શિવલિંગ પાર્થિવપૂજનનું મહત્ત્વ પણ શાસ્ત્રોએ કહ્યું છે. કર્મકાંડી બ્રાહ્મણ શિવલિંગ બનાવી પૂજા-અર્ચના કરે છે. શિવભક્તો પાર્થેશ્વર પાસે બેસે છે અને મનોવાંચ્છિત ફળ મેળવે છે. શિવલિંગનું વિસર્જન માસના અંતે કરવામાં આવે છે. એ ક્રિયામાં પાર્થેશ્વર સાથે ભક્ત સમુદાય પણ વરઘોડારૂપે જોડાય છે.

શિવ કલ્યાણકારી કેમ કહેવાય છે ? આ પાછળ પણ કથાઓ છે - એવી કે જેમાં શિવ દેવ ઋષિ માનવ દાનવ સર્વ પર સરખા રીઝે છે. સર્વનું કલ્યાણ કરે છે કલ્યાણકારી છે. સમુદ્રમંથન વેળા એ હળાહળ ઝેર પી ગયા અને દેવદાનવોના ગંભીર કોયડાનો અંત આણ્યો. રાજા ભગીરથની પ્રાર્થના સાંભળી સ્વર્ગની ગંગાને જટામાં ધારણ કરી પછી ગંગાનું પૃથ્વી પર અવતરણ થતાં સગર રાજાના સત્તર હજાર પુત્રોનો મોક્ષ થયો. શાપથી પીડાતા ચંદ્રને નવું જીવન આપ્યું. ભસ્માસુરને પણ વરદાન આપ્યું હતું. આવી તો અનેક ઘટનાઓ છે જેને કારણે શિવ કલ્યાણકારી કહેવાય છે. કલ્યાણની ભાવનાનો પર્યાય જ શિવસ્વરૂપ છે. આસુરી વૃત્તિ, પશુભાવ (મોહિની સ્વરૂપ) જેવાં તત્ત્વો નાશ પામે ત્યારે રુદ્રભાવ નાશ પામે છે અને એમ થતાં જીવનની દિવ્યતા તરફ ઈશ્વર લઈ જાય છે. શિવ દ્વારા નવું જીવન મળે કે મોક્ષ મળે એનો અર્થ જ એ છે કે રુદ્રભાવમાંથી દિવ્યતા તરફની શિવોડહમ્ બનવા તરફની ગતિ સફળ રહી છે.

તો શિવાલયોની ભૂમિ દિવ્ય ચેતનવંતી અને પવિત્ર કેમ છે અને પ્રજાના હૃદયમાં સતત નિવાસ કેમ કરે છે ? શિવાલયોમાંની આઠ મૂર્તિઓનું સ્વરૂપ તે ભવ, રુદ્ર, ઉગ્ર, ભીમ, પશુપતિ, ઇશાન અને મહાદેવ છે જેને ભૂમિ, જલ, અગ્નિ, પવન, આકાશ, ક્ષેત્રજ્ઞ, સૂર્ય, ચંદ્ર તથા શંકર સ્વરૂપ મહેશ ગણી સંસારચક્ર ધારણ કરાવે છે અને મુક્તિ પણ અપાવે છે. આ શિવાલયોની પાછળ પણ પૌરાણિક અને લોક-કથાઓ છે; દા.ત. રાજકોટથી ૭૫ કિ.મી. આવેલ ત્રિનેત્રેશ્વર મહાદેવની વાત લો. (ભારતમાં શિવમંદિરો બે જ ત્રિનેત્રેશ્વર છે. એક હિમાચલ પ્રદેશ બદ્રિકાશ્રમ પાસે અને બીજું આ.) અથવા વલસાડના બહુમાળનું જ્યોતિર્લિંગ ભગવાન ભાવભાવેશ્વર લો. એ સૌની આજુબાજુ કાં તો પૌરાણિક અથવા લોક-કથાઓ છે. મોડાસાની દક્ષિણે આવેલા ડુઘરવાડામાં બે મહાદેવ અને ત્રણ લિંગ ની સ્થાપના ક્યારે અને કઈ રીતે થઈ હશે તે કોઈની જાણમાં નથી પણ તેની લોકકથાઓ તો છે. તમામ વિશે અહીં વિગતે લખી શકાય એમ નથી પણ કેટલીક જોઈએ; દા.ત. ઉત્તરાંચલના ટિહરી ગઢવાલ જિલ્લામાં કેદારનાથ છે. પાપનું પ્રાયશ્ચિત કરવા પાંડવોએ કાશીમાં શિવજીની આરાધના કરી હતી. પણ પરીક્ષા હેતુએ શિવજીએ કેદારનાથ આવીને નંદીનું રૂપ ધારણ કર્યું. ભીમે એમને ઓળખી લીધા. આજે ત્યાં શિવલિંગ છે. કહે છે કે વિષ્ણુના બે અવતાર નર અને નારાયણે પાર્થિવ શિવલિંગનું સ્થાપન કરીને આ સ્થળે તપ કર્યું હતું અને એમણે માગેલા વરદાન પ્રમાણે શિવજી જ્યોતિર્લિંગ સ્વરૂપે અહીં સ્થિર થયા. તો એક કથા પ્રમાણે પાડાનો વધ કરવા જતા ભીમને પાડામાં વસેલા શંકરે પ્રાયશ્ચિત કરવા કહ્યું અને ત્યાં શિવલિંગરૂપે સ્થિર થયા વગેરે. તો ઘૃષ્ણેશ્વર (કે ઘુમેશ્વરમ્) મહારાષ્ટ્રમાં ઇલોરાની ગુફાઓ નજીક આવેલું છે. આ તીર્થ ઓછું જાણીતું છતાં અનેક કથાઓવાળું અને મહિમાવાળું છે. સુધર્મ નામના રાજાને ઘૃષ્ણા નામની સ્ત્રી હતી. એ દરરોજ એકસો આઠ પાર્થિવ શિવલિંગ બનાવી પૂજા કરતી. એમ કરતાં એક લાખ પાર્થિવ શિવલિંગોની પૂજા પૂર્ણ થઈ. શિવજી પ્રસન્ન થયા અને વરદાન આપ્યું કે 'સૌના કલ્યાણ માટે અહીં સ્થાયી થઈશ'. સુરતથી પૂર્વ દિશાએ આવેલું બાલપુર ગામ ત્યાં કદમેશ્વરનું મંદિર છે. ભોળી આદિવાસી પ્રજા વચ્ચે ભોળાનાથને વસવાનું મન થયું હતું એવી વાર્તા લોકમાં ચાલે છે. અંકલેશ્વરનું અંતરનાથ મહાદેવ. અક્રૂરજીએ રેવાના દક્ષિણ કિનારે તપ કરી શિવજીને પ્રસન્ન કર્યા. તેથી શિવજીએ વરદાન આપ્યું કે 'હું તારા નામની સંજ્ઞાથી રહીશ અને તું અમરત્વ પામીશ.' અક્રૂરજીએ ત્યાં શિવજીની સ્થાપના કરી અને તે સ્થળ અક્રૂરેશ્વર મહાદેવ તરીકે ખ્યાત થયું. શિવ અંતરની ઇચ્છા પૂરી કરતા હોવાથી જે મંદિર થયું

તે અંતરનાથ મહાદેવ તરીકે પણ જાણીતું થયું. બીજું એક ઉદાહરણ શ્રીશૈલમ્‌ના જ્યોતિર્લિંગ અંગેનું લો. એ બાર જ્યોતિર્લિંગમાંનું એક છે. શિવ-પાર્વતીએ ગણેશને પહેલા પરણાવ્યા એટલે કાર્તિક સ્વામી હિમાલયમાંથી દક્ષિણમાં જતા રહ્યા. માતા-પિતા એમને મનાવવા ગયાં. કાર્તિકજીએ રાજી થઈ વરદાન માગ્યું, 'આપ અહીંયાં જ બિરાજો'. તે સ્થળ શ્રીશૈલમ્. દક્ષિણમાં કાર્તિકજી સુબ્રહ્મણ્યમ્ સ્વામી તરીકે ઓળખાય છે. સોમનાથની કથા પણ એટલી જ જાણીતી છે. દક્ષ રાજાએ આપેલા શાપમાંથી મુક્તિ મેળવવા ચંદ્ર મૃત્યુંજય ભગવાન શિવની અર્ચના, પૂજા વગેરે કર્યું અને પ્રસન્ન થયેલા ભોળાનાથની કૃપાથી એ ફરીવાર કલાયુક્ત થયો. એની પ્રાર્થનાથી શિવજીએ ત્યાં-પ્રભાત ક્ષેત્રમાં - વાસ કરવાનું સ્વીકાર્યું. આજે પણ એ 'સોમનાથ'ના નામથી પૂજાય છે. સાત ખંડોમાં કહેવાયેલું અને ૮૧,૦૦૦ શ્લોકોનું બનેલું સ્કંદપુરાણ ભારતની તીર્થયાત્રાનું મહાપુરાણ છે. એનો સાતમો ખંડ પ્રભાસખંડ છે. જેમાં પ્રભાસતીર્થની સમગ્ર કથા છે. કહેવાયું છે કે સૌ દેવો અહીં બિરાજે છે. સોમનાથનું મંદિર છ વાર ખંડિત થયું. લોકશ્રધ્ધા અને મહિમા કેવો કે દરેક વખતે તે ફરીથી ઊભું થયું. ખંડનની તાકાત કરતાં નવનિર્માણની તાકાત કેવી શક્તિશાળી છે તે દર્શાવતો એ બોલતો પુરાવો અને પ્રાણવાન સંદેશ છે. (કહે છે કે આર્ય પ્રજાનું એક જૂથ જે ક્રેટેના ટાપુથી માંડીને ઇજિપ્તની આસપાસના પ્રદેશમાં વસવાટ કરતું હતું અને પોતે ચંદ્રમાંથી ઉત્પન્ન થયા છે એમ માનતું અને પછીથી સૌરાષ્ટ્રના કુશસ્થલીની આસપાસ વસી ગયું હતું. ચંદ્રકથા જાણે આ જૂથની કથા છે. એ પ્રજા ચંદ્રની જેમ ખીલતી અને નાશ પામ્યા જેવી થઈ જતી અને વળી પાછી આબાદી પામતી દેખાય છે.) અમદાવાદમાં પણ, શાસ્ત્રીબ્રીજના નારોલ તરફના છેડે, ઉત્તર તરફ જતાં, સોમનાથ મહાદેવ છે. એ સંદર્ભની દંતકથા ખૂબ ચાલે છે. તે એ કે ઓગણજના પાટીદારો વેરાવળ સોમનાથથી શિવજીની અખંડ જ્યોત લાવ્યા હતા અને જ્યોતનું આ સ્થાને સ્થાપન કર્યું હતું. આવી જ કથા ખેડા-ધોળકા હાઈવે પર આવેલ રઢુ નામના ગામની છે. એની દક્ષિણે પાંચ નદીઓનો સંગમ છે. ત્યાં કામનાથ મહાદેવનું મંદિર જે છે તે બહુ જાણીતું છે. કહે છે કે જેસીંગભાઈ નામના પટેલ મહાદેવજીની જ્યોત લાવેલા છે. એ અખંડ જ્યોત આજે પણ એ જ સ્થિતિમાં છે. હરદ્વારથી હૃષીકેશ અને હૃષીકેશથી જમણી બાજુ ૨૨ કિ.મી. દૂર હિમાલયના ડુંગરોના વિકટ રસ્તાઓ પાર કર્યા બાદ ઊંડાણની જગ્યાએ 'નીલકંઠ મહાદેવ' આવેલ છે. સમુદ્રમંથનના ઝેરના દોહનનું આ સ્થળ છે. પોતાના કંઠને ઝેરની અસરથી હળવું કરી રાહત મળે એવું કરવા અને દાહના શમન માટે શિવજીએ આ પવિત્ર સ્થળે તપ કર્યું હતું તેથી તે નીલકંઠ મહાદેવ તરીકે જાણીતું બન્યું. માન્યતા એવી છે કે કરેલાં પાપો આ ધર્મક્ષેત્રમાં આવવાથી નાશ પામે છે. કજરી વનમાં શિવલિંગ છે. પાપનું પ્રાયશ્ચિત કરવા પિતાની આજ્ઞાથી પરશુરામે અહીં શિવલિંગ સ્થાપી કાવડમાં ગંગાજળ ભરી મહાભિષેક કર્યો હતો. ત્યારથી ત્યાં કાવડમાં ગંગાજળ ભરી લાવી અભિષેક થાય છે.

રુદ્રી, રુદ્રજાપ કરી ભક્તો આ શિવાલયોની ભૂમિ દિવ્ય ચેતનવંતી અને પવિત્ર કરે છે. રુદ્રાષ્ટાધ્યાયી એ મહાત્માઓએ વેદના સારરૂપ કરેલો સંગ્રહ છે. વાયુપુરાણ પ્રમાણે એમાંના 'ચમક' નામના અધ્યાય તથા 'પુરુષસૂક્ત' ત્રણવાર જપવાથી ભક્ત બ્રહ્મલોકમાં પ્રતિષ્ઠા પામે છે અને જે એનો હંમેશાં જપ કરે છે તે શિવજીમાં એવી રીતે પ્રવેશે છે કે જેવી રીતે ઘરનો માલિક ઘરમાં પ્રવેશે છે. ભસ્મધારણ કરી, ભસ્મમાં શયન કરનાર જિતેન્દ્રિય થઇને રુદ્રીનો પાઠ કરે તો માનવયોનિમાંથી મુક્તિ પામે છે. રોગી અને પાપી પણ જો જિતેન્દ્રિય થઈને રુદ્રીના પાઠ કરે તો એમાંથી મુક્ત થઈ સુખ પામે છે. શંખ ઋષિએ પણ કહ્યું છે કે શતરુદ્રીયના જાપ એ મહાપાતકોનું પણ પ્રાયશ્ચિત છે.

મન, વિષયલોલુપ થઇને અધોગતિને પ્રાપ્ત ન કરે અને પોતાની વૃત્તિઓ સ્વચ્છ રાખી શકે એ માટેની રુદ્રની ધાર્મિક ક્રિયા કરવી એ અગત્યનું તથા ઉત્તમ સાધન છે. કૈવલ્ય ઉપનિષદ્‌માં કહેવામાં આવ્યું છે કે જે શતરુદ્રીય પાઠ કરે છે તે જેવી રીતે અગ્નિથી નીકળેલો પદાર્થ, સુવર્ણ વગેરે પવિત્ર થઈ જાય છે તેવી રીતે પવિત્ર થાય છે. વાયુપુરાણ પણ કહે છે કે મહેશ્વરનું ધ્યાન કરતાં રુદ્રીનો જપ કરે છે તેને પૃથ્વીનું દાન

કરે તેનાથી પણ વિશેષ ફળ મળે છે અને મમત્વને છોડીને સદા રુદ્રદેવનો જપ કરે તે સદેહે રુદ્ર થઈ જાય છે. એમાંના મંત્રોનો અર્થ તથા ઉપયોગને જાણીને જો કાર્ય કરવામાં આવે તો તે વિશેષરૂપે ફલદાયક હોય છે તેથી અર્થનું જ્ઞાન ચોક્કસ જ હોવું જોઈએ. અર્થ જાણનારા જ કલ્યાણને પ્રાપ્ત કરે છે અને પાપરહિત બની વૈકુંઠને પામે છે. જાબાલ ઉપનિષદમાં એમ લખવામાં આવ્યું છે કે બ્રહ્મચારીઓએ યાજ્ઞવલ્ક્યઋષિને પ્રશ્ન કર્યો કે કયો જપ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે ? ઋષિએ ઉત્તર આપ્યો કે 'શતરુદ્રીય'ના જપથી. એ સાચું છે કે શતરુદ્રીયના પાઠમાત્રથી કર્માનુષ્ઠાનમાં સફળતા મળે છે, પરંતુ અર્થજ્ઞાનથી વિશેષ વીર્યવાન થવાય છે. તેથી ચોક્કસ જ એ જ્ઞાન હોવું જોઈએ. એ માટે વ્યાકરણ, છંદ વગેરેની જાણકારી હોવી જોઈએ. પણ ભાષ્યોમાં એ બધું સુલભ થઈ જાય છે. ઉપર કહ્યું એ ઉદ્દેશે જ સ્વ. રા. સા. પુ. જો. ભટ્ટે સંસ્કૃત અને તેના ગુજરાતી ભાષાંતર ઇત્યાદિમાં 'રુદ્રાષ્ટાધ્યાયી'ની રચના કરી છે.

આમ આ ગ્રંથમાં રુદ્રીના મૂળ મંત્રો અને સમશ્લોકી ભાષાંતર સાથે આપવામાં આવ્યા છે. ઉપરાંત વાક્યના શબ્દનો વર્ગ કહેવામાં આવ્યો છે અને અર્થ, અનુવાદ તથા ઉપયોગમાં આવે તેવી સમજૂતી માટે લખેલી ટીકા પણ સામેલ કરવામાં આવી છે. આ ઉચિત જ થયું છે. આપણા ધાર્મિક ગ્રંથોમાં પણ વેદાર્થ અને વેદતત્ત્વાર્થનો મોટો મહિમા કહેવાયો છે. એમ કહેવાયું છે કે વેદ વાંચીને એનો અર્થ નહિ જાણનાર વ્યક્તિ ભાર વહન કરનાર પશુ સમાન છે. અથવા એને ઉપવનના એવા વૃક્ષ સાથે સરખાવી શકાય કે જે પોતે આ અમૃતનો સ્વાદ લઈ શકતું નથી કે કોઈ અન્ય એ માણી શકે એમ પણ કહી શકતું નથી. એ રીતે લેખકે કરેલો પ્રયાસ ઉચિત જ છે. પાઠ અને અનુષ્ઠાન કરવાને માટે મંત્રોનો વિનિયોગ કઈ રીતે કરવો તે લેખકે બતાવ્યું છે. આશા છે કે એમણે કરેલું વિવેચન અને દરેક પાના નીચે અથવા અધ્યાય વગેરેને છેડે ગ્રંથ ઉપરનું તે તે સ્થળના નિર્દેશવાળું ટિપ્પણ, પાદ-નોંધ, પણ વાચકોને ઉપયોગી થઈ પડશે. ભગવાનના સગુણ સ્વરૂપની સાથે નિર્ગુણ સ્વરૂપનું વર્ણન એ વેદાંતના અધ્યયન કે આવી નોંધ વગર સમજવું શક્ય નથી તેથી તે ખૂબ જ ઉપયોગી સિદ્ધ થશે.

પુરુષોત્તમભાઈના સમયની અને એમને સ્વીકાર્ય એવી જોડણી અમે એમના અગાઉના ગ્રંથોમાં અભ્યાસ હેતુએ યથાવત્ સાચવી રાખી છે. આ પુસ્તકમાં પણ સમશ્લોકી કવિતા જે છે તેમાં છંદને નુકસાન ન થાય તે કારણે એમની જોડણી જેમ હોય તેમ રાખી છે. પણ ભાવકોને ગ્રંથ રોજબરોજ ઉપયોગમાં લેવાનો હોઈ, એમને અનુકૂળ આવે તે માટે, ગદ્યની જોડણી બદલી છે અને ગુજરાત વિદ્યાપીઠના 'સાર્થ ગુજરાતી જોડણીકોશ' પ્રમાણે સુધારી છે. વળી જે રીતે વિદ્વાન બ્રાહ્મણો વગેરે પૂજાપાઠનાં સાધનો પોતાની પાસે રાખે છે તે રીતે આ ગ્રંથ પણ એઓ પોતાની પાસે રાખશે. આમ બધાની જેમ વિદ્વાનોને પણ આ ગ્રંથ એટલો જ ઉપયોગી છે તેથી પણ અમે એમ કર્યું છે.

આ ગ્રંથની રચના માટે સ્વ. રા. સા. પુ. જો. ભટ્ટને હજારો શાબાશી આપીએ તોપણ ઓછી છે કારણ કે એમણે ઘણો જ શ્રમ લઈને બધાને કામમાં આવે એવો આ ગ્રંથ આપ્યો છે, એટલું જ નહિ, શ્રી. સાયણાચાર્ય, શ્રી મહીધર, શ્રી ઉવ્વટજી જેવાનાં ભાષ્યોનો પણ વ્યવસ્થિત અભ્યાસ કરી એ અભ્યાસને ઉપયોગમાં લઈ તથા તૈલંગણ બ્રાહ્મણોને બોલાવી રુદ્રીના શ્લોકો કઈ રીતે બોલવા તે નક્કી કરી ગ્રંથને પ્રામાણિક અને મૂલ્યવાન બનાવ્યો છે. આ નિષ્ઠાને કારણે પણ આ પરમ સાર્થક ગ્રંથનું નિર્માણ કરનાર સ્વ. રા.સા. પુ. જો. ભટ્ટ વિશેષ ને વિશેષ ધન્યવાદના અધિકારી છે.

(પુ. જો ભટ્ટ કૃત 'વેદમાધુર્ય અથવા શ્રી શુકલયજુર્વેદીય રુદ્રાષ્ટાધ્યાયી' (૧૯૨૯) એ ગ્રંથના પુનઃ સંપાદન વેળાએ લખાયેલ લેખ)

# પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ : તાલીમાર્થીઓ, શિક્ષકો અને શિક્ષક-પ્રશિક્ષકોની દૃષ્ટિએ*

◆

ડૉ. હરેશ પંડ્યા+

**ભૂમિકા**

શિક્ષણના પ્રાથમિક, માધ્યમિક અને સ્નાતક કક્ષા સુધીના તબક્કાઓમાં પ્રાથમિક શિક્ષણ એ પાયાનો તબક્કો છે. અહીં શિક્ષકે બાળકનો સર્વાંગી વિકાસ કરવાનો હોય છે. આથી આ ક્ષેત્રનો શિક્ષક સજ્જ હોવો આવશ્યક છે, ત્યારે પ્રાથમિક શિક્ષકોના ઘડતરનું કાર્ય કરતું પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણનું ક્ષેત્ર પણ મહત્ત્વપૂર્ણ બની ગયું છે. આ ક્ષેત્રમાં ગુણાત્મક સંશોધન થાય અને તેનાં પરિણામો દ્વારા આ ક્ષેત્રને વધુ સમૃદ્ધ, પારદર્શી અને અસરકારક બનાવી શકાય તેવા ઉદ્દેશ સાથે.

''પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ : પ્રશિક્ષણાર્થીઓ, શિક્ષકો અને શિક્ષક પ્રશિક્ષકોની દૃષ્ટિએ'' એવા શીર્ષક નીચે પ્રસ્તુત સંશોધનકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

**અભ્યાસના હેતુઓ**

૧. પ્રશિક્ષણના ક્ષેત્રમાં પ્રવેશ અને વિકાસના સંદર્ભમાં શિક્ષક-પ્રશિક્ષણની ભૂમિકા જાણવી.

૨. પ્રશિક્ષણાર્થીઓ, પ્રાથમિક શિક્ષકો, અને શિક્ષક-પ્રશિક્ષકોની શિક્ષક-પ્રશિક્ષણ વિષયક માન્યતાઓ અને અનુભવો તપાસવાં.

૩. પ્રશિક્ષણાર્થીઓ, શિક્ષકો અને શિક્ષક-પ્રશિક્ષકોની પ્રવેશ સમયની પ્રશિક્ષણ વિષયક માન્યતાઓ અને તાલીમ અનુભવો વચ્ચેનો સંબંધ તપાસવો.

૪. પ્રશિક્ષણાર્થીઓ, શિક્ષકો અને શિક્ષક-પ્રશિક્ષકોની ભાવિ શિક્ષણ વિષયક માન્યતાઓ અને અનુભવોનો તાલીમ સાથેનો સંબંધ, જીવનમાં તાલીમની ઉપયોગિતા અને અસર જાણવી.

૫. પ્રશિક્ષણાર્થીઓ, પ્રાથમિક શિક્ષકો, અને શિક્ષક-પ્રશિક્ષકોના ભાવિ શિક્ષક-પ્રશિક્ષણને વધુ સમૃદ્ધ બનાવવાના સૂચનો મેળવવા.

પ્રસ્તુત ગુણાત્મક અભ્યાસમાં સંશોધકે અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખીને અભ્યાસ માટેના પ્રશ્નો બનાવ્યા હતા. જેમાં પ્રશિક્ષણાર્થીઓ, શિક્ષકો અને શિક્ષક પ્રશિક્ષકોની તાલીમ પ્રવેશ સમયની માન્યતાઓ, તાલીમ અનુભવો, તાલીમના વિષયો વિશેની માન્યતાઓ, તાલીમના શિક્ષક જીવનમાં ઉપયોગ બાબતે તેઓની માન્યતાઓ, તાલીમની જીવન પર અસર, તેમજ તાલીમ વધુ અસરકારક બને તે માટે તેમનાં સૂચનો મળી શકે તેવા પ્રશ્નો રચવામાં આવ્યા હતા.

**અભ્યાસની ક્ષેત્ર-મર્યાદા :** પ્રસ્તુત સંશોધનકાર્યમાં પૂર્વસેવાકાલીન પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ સાથે સંકળાયેલ પ્રશિક્ષણાર્થીઓ, પી.ટી.સી. થયેલ પ્રાથમિક શિક્ષકો અને શિક્ષક-પ્રશિક્ષક તરીકે કાર્યરત તેમજ નિવૃત્ત પ્રશિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. માહિતીનું ગુણાત્મક વિશ્લેષણ કરવા માટે વિષયવસ્તુનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું.

---

* પ્રસ્તુત અભ્યાસ સંશોધકે પોતાના પીએચ.ડી. ના સંશોધનના ભાગરૂપે હાથ ધર્યો હતો.

+ અધ્યાપક, શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર, ભાવનગર

**અભ્યાસનું મહત્ત્વ**

આ અભ્યાસ દ્વારા પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ વિષયક કથાઓ પાત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી. તેના દ્વારા તેઓની તાલીમ વિષયક માન્યતાઓ, તાલીમ અનુભવો, શિક્ષકના વિકાસમાં તાલીમની ભૂમિકા, શિક્ષકના જીવનમાં તાલીમનો કેવો ઉપયોગ થાય છે ? તાલીમની જીવન પર કેવી અસર થાય છે ? વગેરે બાબતો અંગે મહત્ત્વપૂર્ણ માહિતી પ્રાપ્ત થઈ હતી. આ ઉપરાંત તાલીમ વધુ સમૃદ્ધ, વ્યવહારુ અને પારદર્શી બને તે અંગેના દિશાનિર્દેશો પ્રાપ્ત થયા હતા જે આ ક્ષેત્ર માટે ખૂબ જ ઉપયોગી થઈ પડે તેવા હતા. તાલીમમાં જોવા મળતી કેટલીક મર્યાદાઓ પણ અભ્યાસમાંથી નિષ્પન્ન થઈ હતી.

**સંશોધન યોજના**

નમૂના પસંદગી. અભ્યાસનાં પાત્રોની પસંદગી હેતુલક્ષી ઢબે કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓમાં પ્રથમ વર્ષનું પરિણામ, શિક્ષકો અને પ્રશિક્ષકોની વય, શૈક્ષણિક કાર્યઅનુભવ, અધ્યાપન વિષય, આ ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કે પ્રતિષ્ઠિત ઍવોર્ડ પ્રાપ્તિ વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને ૧૫ પ્રશિક્ષણાર્થીઓ, ૧૧ શિક્ષકો અને ૧૫ પ્રશિક્ષકોની પસંદગી આ ગુણાત્મક સંશોધનકાર્ય માટે કરવામાં આવી હતી.

**ઉપકરણ :** આ અભ્યાસમાં સંશોધકે પસંદ કરેલ પાત્રોને નિમંત્રણપત્ર પાઠવીને પ્રાથમિક શિક્ષક-પ્રશિક્ષણ વિષયક કથા લખાવી હતી. આમ સંશોધનનું મુખ્ય ઉપકરણ કથા હતી. આ ઉપરાંત રૂબરૂ કે ટેલિફોનિક મુલાકાત, સંશોધકની અવલોકન નોંધ વગેરે ગૌણ ઉપકરણ બનેલ.

**માહિતી એકત્રીકરણની પ્રવિધિ**

અભ્યાસમાં સમાવિષ્ટ પાત્રો પાસેથી માહિતી મેળવવા માટે એક 'નિમંત્રણ પત્ર' તૈયાર કરવામાં આવેલ. જેમાં કથાલેખનના નિમંત્રણની સાથે કેટલાક મુદ્દાઓ, કથા લખતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. દરેક અભિપ્રાયો નિર્ભિકપણે મળી રહે તે માટે સંશોધનમાં અભ્યાસની ગોપનીયતા સ્પષ્ટ કરવામાં આવી હતી.

**માહિતીનું વિશ્લેષણ**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીના વિશ્લેષણ અને અર્થઘટન માટે બોગડાન અને બિકલેન (૧૯૯૮) તથા મેકમિલન અને શૂમેકર(૧૯૮૪)ની સૂચનાઓ તેમજ માઈલ્સ અને હ્યુબર મેન (૧૯૯૪)લિખિત Qualitative Data Analysis : An Expanded Source Bookના આધારે વ્યાસ (૨૦૦૮) દ્વારા લખાયેલ લેખમાં ગુણાત્મક સંશોધનમાં માહિતીના વિશ્લેષણ અંગે અપાયેલ નિર્દેશોને ધ્યાનમાં રખાયા હતા. વિશ્લેષણ અને અર્થઘટન સમયે સંશોધનના પૂર્વકલ્પિત હેતુઓને અનુરૂપ પ્રશ્નોને ધ્યાનમાં રાખવામાં આવ્યા હતા.

**તારણો**

૧. પ્રશિક્ષણના ક્ષેત્રમાં પ્રવેશના સંદર્ભે પ્રશિક્ષણાર્થીઓ, શિક્ષકો અને શિક્ષક-પ્રશિક્ષકો દૃઢ માન્યતા ધરાવતા હતા કે તાલીમથી સારા શિક્ષક બની શકાશે કે સારા શિક્ષકોનું ઘડતર કરી શકાશે.

૨. તાલીમથી આજીવિકા સરળ થશે તેવી માન્યતા પણ મોટા પ્રમાણમાં જોવા મળી હતી.

૩. તાલીમ દ્વારા સ્વાવલંબન, સાદાઈ, નિયમિતતા, વાચનટેવ, આત્મવિશ્વાસમાં થયેલ વધારો વગેરે જેવા ગુણોનો વિકાસ થયો હતો. આમ, શિક્ષકના ઘડતરનું કામ અસરકારક બન્યું હતું.

૪. સૈદ્ધાંતિક વિષયોના શિક્ષણની તુલનાઓ પ્રાર્થના સંમેલન, સહઅભ્યાસ 'પ્રવૃત્તિઓ, સતત શિક્ષણ અને ઇન્ટર્નશિપનો શિક્ષક ઘડતરમાં સિંહફાળો જોવા મળ્યો હતો.

૫. છાત્રવાસી સંસ્થાઓમાં છાત્રાલયમાં મળતી અપૂરતી સુવિધા તેમના દુ:ખદ અનુભવ તરીકે ઉપસી આવી હતી.

૬. આંતરિક મૂલ્યાંકનમાં અનુભવાતાં દૂષણોથી સૌ ચિંતિત હતા, છતાં આંતરિક મૂલ્યાંકન શિક્ષક ઘડતર પ્રક્રિયાનું પ્રાણરૂપ તત્ત્વ હોઈને વધુ પારદર્શી બને તે સ્વરૂપે અપનાવવાના આગ્રહી હતા.

૭. કેટલાક અધ્યાપકોનું પ્રતિબદ્ધતાપૂર્વકનું અધ્યાપન પાત્રો માટે આદર્શરૂપ હતું, પરંતુ ક્યાંક ક્યાંક અધ્યાપકોના વાણી અને વર્તનમાં જોવા મળતા તફાવત હતાશા જન્માવનારા હતા.

૮. તાલીમી વિષયોમાં મનોવિજ્ઞાન એ સૌના માટે પ્રેરણારૂપ અને અગત્યનો વિષય હતો. જ્યારે કેટલાક વિષયોમાં થતું પુનરાવર્તન અભ્યાસક્રમના સાતત્ય અને સંવાદિતામાં બાધારૂપ હતું.

૯. તાલીમ દરમિયાન અનૌપચારિક રીતે વિકસતા ગુણો તાલીમના ઔપચારિક પ્રભાવ દ્વારા થતા વિકાસ કરતાં આગળ હતા. જીવન ઘડતરમાં તાલીમ દરમિયાનનો આ સમયગાળો જ પ્રભાવશાળી હતો. જેનાથી માનવીય અભિગમ અને કેટલાંક મૂલ્યોનો વિકાસ સ્વાભાવિક થયો હતો. જીવન તરફ જોવાનો એક દૃષ્ટિકોણ તાલીમ દરમિયાન જ વિકસ્યો હતો.

૧૦. પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણને વધુ સમૃદ્ધ બનાવવાના અગત્યનાં દિશાસૂચનો પણ પ્રસ્તુત અભ્યાસ દ્વારા પ્રાપ્ત થયાં હતાં.

# કેળવણીકાર : શ્રી કરુણાશંકર ભટ્ટ

◆

**ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી**

બાલમંદિરથી માધ્યમિક શાળાના શિક્ષકો તથા કૉલેજોના અધ્યાપકો અનેકાનેક વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે, એમના અનેક વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉચ્ચ શ્રેણીએ ઉત્તીર્ણ થાય છે તેમજ લેખન, રમતો, નાટ્યાદિ લલિત કલાઓ ઇત્યાદિમાં ઇનામો અને ચંદ્રકો મેળવે છે, કૉલેજોના અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ વર્ગની વિવિધ પદવીઓ પ્રાપ્ત કરી અર્થોપાર્જનની લાયકાત પ્રાપ્ત કરે છે. પરંતુ વિદ્યાર્થીઓમાં સદાચાર તથા સમાજસેવાની ઉદાત્ત ભાવના સિંચનાર કેળવણીકાર તો આંગળીના વેઢે ગણાય તેટલા જ. તેવા કેળવણીકારોમાં શ્રી કરુણાશંકર ભટ્ટ નામાંકિત છે.



મહેમદાવાદ તાલુકામાં બીડજ ગૌશાળા પાસે આવેલા સારસા ગામમાં શ્રી કુબેરજી ભટ્ટ નામે રૈક્વ (રાયકવાળ) બ્રાહ્મણ જે રણછોડજીના પરમ ભક્ત હતા, તેમને ઇષ્ટદેવના કરુણા(કૃપા)થી આ પુત્ર પ્રાપ્ત થયેલા, તેથી તેમનું નામ 'કરુણાશંકર' રાખેલું.

કરુણાશંકરનો જન્મ વિ.સં. ૧૯૨૯ (ઈ.સ. ૧૮૭૩)માં માતા દિવાળીબહેનના પિયેર ભાદરણ (તાલુકો બોરસદ)માં થયેલો. તેઓ પાંચ વર્ષના થયા ત્યારે તેમને વિદ્યાભ્યાસ માટે મોસાળમાં રાખવામાં આવ્યા, જ્યાં મામા કેશવલાલ એમના વિદ્યાભ્યાસમાં સક્રિય રસ લેતા. ભાદરણની શાળામાં યોગ્ય શિક્ષકોનો અભાવ હતો, તેથી તેઓ થોડાં વર્ષ પછી ધર્મજમાં રહેતા બીજા મામા ગણપતરાવના આગ્રહથી વધુ શિક્ષણ લેવા ધર્મજ ગયા. શુદ્ધ ઉચ્ચાર, સુરેખ અક્ષર અને વિદ્યા-પ્રેમના સંસ્કાર એમને મોસાળમાં મળ્યા.

ભાદરણમાં કે ધર્મજમાં ત્યારે માધ્યમિક શિક્ષણની શાળાની સગવડ નહોતી. ધર્મજના કેટલાક મિત્ર વડોદરાની અધ્યાપન-પાઠશાળામાં પ્રાથમિક શિક્ષણ આપવાની તાલીમ લેતા હતા; કરુણાશંકરે પણ હવે ત્યાં તાલીમ લેવાનું નક્કી કર્યું. આ સંસ્થાના આચાર્ય, હતા મણિશંકર રત્નજી ભટ્ટ (કવિ 'કાન્ત'). આ સંસ્થામાં કરુણાશંકરે બે વર્ષ તાલીમ લીધી. અહીં એમને અનેક અર્વાચીન શિક્ષણદૃષ્ટિઓ તથા શિક્ષણ પદ્ધતિઓ વિશે અવનવી જાણકારી સાંપડી. એમના સહાધ્યાયીઓમાં ધર્મજના શ્રી શિવાભાઈ જેઠાભાઈ પટેલ અને અમરેલીના શ્રી દેવચંદ આડતિયા એમના ગાઢ મિત્ર બન્યા. આ ત્રણેય તાલીમાર્થીઓ કવિ કાન્તના આજીવન પરમ ભક્ત બની રહ્યા.

૧૮૯૩માં શ્રી કરુણાશંકરના વડોદરા રાજ્યની સરકારી ગુજરાતી શાળામાં જોડાયા. શરૂઆતમાં એમની નિમણૂંક સંખેડા તાલુકાના કોસીંદ્રા ગામમાં થઈ. કરુણાશંકર અહીં મળસકે ચાર વાગ્યે ઊઠી સૂર્યોદય સુધી સ્વાધ્યાય કરતા; સવારે સાતથી દસ અને બપોર પછી બેથી પાંચ સુધી શાળામાં શિક્ષણ આપતા. સમય જતાં આ શાળામાં છઠ્ઠું ધોરણ પણ ઉમેરાયું. અહીં તેઓ સાત વર્ષ રહ્યા. એ દરમિયાન એમણે મનોવાંછિત આદર્શને અમલમાં મૂક્યો. એમને મન શિક્ષણ એટલે શાળાકીય ભણતર જ નહિ, એ ઉપરાંત 'મનની કેળવણી અને ચારિત્ર્યનું ઘડતર હતું.'

૧૮૯૫માં દિવાળીબાએ જબુગાલના શ્રી પ્રભાશંકર પંડિતનાં પુત્રી રૂપબા ઉર્ફે ચંચળબા નામે કન્યા સાથે કરુણાશંકરનું લગ્ન કરાવ્યું. ચંચળબા સંસ્કારી અને સેવાભાવી હતા.

એ પછી શિક્ષકની બીજાં અનેક સ્થળોએ બદલી થઈ. ૧૯૦૩માં એમની બદલી પેટલાદ-બોરસદ પાસે આવેલા ગંભીરા ગામમાં થઈ. ત્યાંની શાળામાં ચાર ધોરણ હતાં. એમણે ક્રમશઃ પાંચમું અને છઠ્ઠું ધોરણ ઉમેરાયું. આગળ જતાં અહીં અંગ્રેજી ૧લા ૨જા અને ૩જા ધોરણના શિક્ષણનો પણ પ્રબંધ કર્યો. ૧૯૦૬માં પાટણમાં ભરાયેલ જૈન કોન્ફરન્સમાં તેમજ ૧૯૦૭માં મુંબઈમાં ભરાયેલી બીજી ગુજરાતી સાહિત્ય પરિષદમાં તેઓ ગંભીરાના વિદ્યાર્થીઓને લઈ ગયા. ગામના વિદ્યાર્થીઓને સ્વચ્છતા, નિર્વ્યસનતા અને સમાજસેવાની પ્રેરણા આપી; ને તેઓ દ્વારા તેમના વાલીઓને પણ તેવું સાંસ્કૃતિક શિક્ષણ પ્રાપ્ત થયું. ગંભીરાના શિક્ષણકાર્યથી કવિ ન્હાનાલાલ, શ્રી મોતીભાઈ અમીન, શ્રી મણિશંકર ભટ્ટ તથા અન્ય કદરદાનીઓએ પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા યોગ્ય પ્રશંસા કરી. પરંતુ ગંભીરામાં આ બધી શાળાઓના સંચાલન માટે આર્થિક તંગી પ્રવર્તતી. શ્રી મોતીભાઈ અમીને કરુણાશંકરને સરકારી ગુજરાતી શાળાની નોકરી છોડી પેટલાદની માધ્યમિક શાળામાં જોડાઈ જવા આગ્રહ કર્યો.

કરુણાશંકર માધ્યમિક શાળામાં તેમજ ત્યાંના છાત્રાલયમાં સંસ્કાર-શિક્ષણની અનોખી સુવાસ પ્રસારતા. આથી એમના વિદ્યાર્થીઓ વિદ્યાવ્યાસંગી, સાહિત્યરસિક અને નિષ્ઠાવાન બનતા. અહીં કરુણાશંકરને અનેક અનુભવી બાહોશ શિક્ષકોનો સહવાસ થયો.

ગંભીરા-નિવાસ દરમિયાન શ્રી કરુણાશંકર પોતાના ઉત્તમ ગુરુ કવિ કાન્તના સતત નિકટ સંસર્ગમાં રહેલા ૧૯૧૧માં શ્રી મોતીભાઈ અમીનની બદલી વડોદરાના પુસ્તકાલય વિભાગમાં થઈ. એવામાં શ્રી કરુણાશંકરે બંગાળી તથા મરાઠી ભાષાનો અભ્યાસ કરેલો તેમજ મોન્ટેસોરીના સિદ્ધાન્તોનું હાર્દ સમજી લઈ બાળ કેળવણીથી પણ વાકેફ થયેલા.

ગંભીરા-નિવાસ દરમિયાન એમના કુટુંબમાં ૧૯૦૬માં કુસુમબહેનનો જન્મ થયેલો; ને પેટલાદના નિવાસ દરમ્યાન ૧૯૧૦માં ચંદ્રકાન્તનો જન્મ થયો. કરુણાશંકર પેટલાદમાં ૧૯૦૮ થી ૧૯૧૫ સુધી રહ્યા. વડોદરા રાજ્યની શાળાઓમાં ૧૫ વર્ષ નોકરી કરેલી. તે દરમ્યાન તેઓ શ્રી મણિશંકર ભટ્ટે લખેલા ''શિક્ષણનો ઇતિહાસ'' નામે ગ્રંથને શિક્ષણનો આદર્શ ગ્રંથ ગણતા.

૧૯૪૦માં એમણે બંગાળના શાંતિનિકેતનની મુલાકાત લઈ શ્રી રવીન્દ્રનાથ ઠાકુરની ઉચ્ચ ભાવના ઝીલી હતી. પેટલાદની માધ્યમિક શાળાનો મેટ્રિકનો વર્ગ સરકારને સોંપાતાં કરુણાશંકરને ત્યાંથી છૂટા થવું પડ્યું.

એવામાં શ્રી જીવણલાલ અમરશી મહેતા તથા ગુજરાત કૉલેજના પ્રા. સાંકળચંદ જે. શાહની ભલામણથી અમદાવાદના શેઠ શ્રી અંબાલાલ સારાભાઈ તથા તેમનાં પત્ની સરલાદેવીની પોતાનાં બાળકો માટે એક ઉત્તમ શિક્ષકની જરૂર હોઈ એમની મુલાકાત લેવા ભલામણ કરી. એ મુલાકાતમાં શિક્ષણને લગતાં વિવિધ સ્વરૂપો વિશે વિચારોની આપલે થઈ. ૧લી ઑક્ટોબર, ૧૯૧૫ના રોજ શ્રી કરુણાશંકરે મિરઝાપુરમાં 'શાન્તિસદન'માં રહેતા એ કુટુંબનાં બાળકોને પોતાની વિભાવના અનુસાર શિક્ષણ આપવાનું શરૂ કર્યું. વાલી તરીકે તેમની રોજ-બ-રોજની કાર્યવાહીથી વાકેફ રહેવાનું શ્રી સરલાબહેને સ્વીકાર્યું ને મૃદુલાબહેન તથા ભારતીબહેનથી આ શિક્ષણકાર્ય શરૂ થયું. બાળકોને લખતાં-વાંચતાં શીખવવાનું તો એક કલાક ચાલતું, પરંતુ આ માસ્તર તો ત્યાં ઘણા કલાક રોકાઈ અધ્યયન-અધ્યાપનમાં પ્રવૃત્ત રહેતા. થોડા સમયમાં આ શિક્ષણના સંસ્કાર-શિક્ષણની અસર વાલીઓ, તેમના નોકર ચાકરો તથા નિવાસસ્થાન પર પ્રસરી સમય જતાં આ બાળકોમાં સુહૃદભાઈ અને લીનાબહેન ઉમેરાયાં. શ્રી કરુણાશંકરને ત્યારે ત્રણ સંતાન હતાં : કુસુમબહેન, ચંદ્રકાન્ત અને દીનબંધુ.

૧૯૧૫માં ગાંધીજીએ અમદાવાદમાં નિવાસ કર્યો; કરુણાશંકર અવારનવાર એમનો સત્સંગ સાધતા એમાં શ્રી અંબાલાલ સારાભાઈના કુટુંબને પણ ગાંધીજીનો પરિચય કરાવ્યો. ઉનાળામાં સરલાબહેન લાંબા પ્રવાસ ગોઠવતાં; એ પ્રવાસમાં બાળકોની સાથે કરુણાશંકર માસ્તર પણ હોય જ. સમય જતાં આ બાળકો તથા

એમના વાલીઓમાં સંસ્કાર શિક્ષણની અસર વધતી રહી; તે બાળકોના શિક્ષણ માટે વિષયવાર શિક્ષક ઉમેરાતા રહ્યા.

આગળ જતાં શ્રી અંબાલાલનું કુટુંબ શાહીબાગના 'રીટ્રીટ' બંગલામાં રહેવા લાગ્યું.

આ દરમિયાન શ્રી મણિશંકર ભટ્ટ સાથે કરુણાશંકરને પત્રવ્યવહાર ચાલુ હતો. ૧૯૨૦માં અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન ભરાયું, તે પ્રસંગે શાન્તિનિકેતનથી શ્રી રવીન્દ્રનાથ ઠાકુર તથા શ્રી ક્ષિતિમોહન સેન પધારેલા; શ્રી અંબાલાલ અને સરલાદેવીના આગ્રહથી એમનો ઉતારો 'રી-ટ્રીટ'ના અતિથિગૃહમાં રખાયેલો; ત્યાં તેઓની સ્વાગતા તથા સરભરા શાન્તિનિકેતનની ઢબે કરાયેલી; એ આયોજનના પ્રેરક હતા શ્રી કરુણાશંકર.

શ્રી સરલાબહેનના પરિવારમાં ગૌતમભાઈ અને વિક્રમભાઈને ઉમેરો થયો. સરલાબહેન હજી પોતાનાં બાળકોને ઇંગ્લૅન્ડમાં ભણાવવા માગતાં હતાં. ૧૯૨૦માં એ વાલીઓએ બાળકો સાથે આ માસ્તરને પણ સાથે લીધેલા. સંસ્કાર શિક્ષણની દૃષ્ટિએ ત્યાંની શાળાઓથી સંતોષ થતાં કરુણાશંકરે ત્યાંના સન્નિષ્ઠ શિક્ષકોને અમદાવાદ તેડાવી 'રી ટ્રીટ'માં જ મોટા પાયે શાળા શરૂ કરવાની સલાહ આપી.

૧૯૨૧માં કાગ્રેસનું અધિવેશન અમદાવાદમાં ભરાયું. આ સમયથી કરુણાશંકરે સ્વદેશીની ભાવનાને અનુસરી ખાદી પહેરવી શરૂ કરી. ૧૯૨૧માં અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠ સ્થપાઈ. ત્યાંના અનેક વિદ્વાન અધ્યાપકોનો કરુણાશંકરે સંપર્ક કર્યો.

કવિ કાન્તે નિરાશાના આવેશમાં પોતાનાં કાવ્યોને ભસ્મીભૂત કરી પછી ખેદ અનુભવેલો; ત્યારે કરુણાશંકરે સાચવી રાખેલાં તેમનાં કાવ્યો પરથી 'પૂર્વાલાપ' નામે કાવ્યસંગ્રહ છપાયો (૧૯૨૩માં). પરંતુ એના સર્જક એ પ્રકાશન જોતાં પહેલાં અચાનક અવસાન પામ્યા. આથી કરુણાશંકરના જીવનમાં એમની ભારે ખોટ પડી.

૧૯૨૩માં કરુણાશંકરના છેલ્લા સંતાન શ્રીદેવીનો જન્મ થયો.

સમય જતાં 'રી ટ્રીટ'ની કુટુંબશાળાનો ઘણો વિકાસ થયો. સારાભાઈ કુટુંબમાં તથા આ કુટંબશાળામાં ભારતીબહેન, લીનાબહેન ઉપરાંત ગીતાબહેન તથા ગિરાબહેનનો ઉમેરો થયો. શિક્ષકોમાં પણ વિવિધ વિષયો તથા પ્રવૃત્તિઓના અનેક નામાંકિત શિક્ષક ઉમેરાયા.

શ્રી કરુણાશંકરનાં આદર તથા પ્રેરણાનું સ્થાન હવે મહાત્મા ગાંધીજી અને ગુરુ ટાગોરમાં કેન્દ્રિત થયું. સારાભાઈ કુટુંબને કરુણાશંકર પ્રત્યે પરમ આદર હતો. એમની શિક્ષણદૃષ્ટિ તથા શિક્ષણ પદ્ધતિમાં પૂરી શ્રદ્ધા હતી. શ્રી અંબાલાલ તેમણે પગાર ઉત્તરોત્તર વધારતા રહેતા. આમ છતાં કુટુંબશાળાનું ક્ષેત્ર એમને બંધિયાર લાગતું. બીજી બાજુ કોસીંદ્રા તથા ગંભીરાના સ્નેહીજનો સાથે તેમનો સંપર્ક ચાલુ હતો. કોસીંદ્રામાં છેલ્લા ચારેક વર્ષથી ખાનગી રાહે આદર્શ કેળવણીની શાળા ચાલતી હતી. એમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હવે પ્રૌઢ બની હતા. શ્રી કરુણાશંકર જેવા ગુરુજી હવે આ ઉંમર નોકરી ન કરતાં કોસીંદ્રામાં નિવૃત્ત જીવન ગાળે એમ ઇચ્છતા હતા.

૧૯૨૧થી કોસીંદ્રામાં સાત ધોરણની પ્રાથમિક શાળા ઉપરાંત ત્રણ ધોરણની એ.વી.સ્કૂલ ચાલતી હતી. કોસીંદ્રા અને એની આસપાસનાં ગામોનાં વિદ્યાર્થીઓને કેળવણી માટે અનેક ઉમદા શિક્ષક ઉપલબ્ધ થયા હતા. હવે અહીં આદર્શ આશ્રમશાળા સ્થાપવાનું યોજાયું. ૧૯૨૭ થી ૧૯૩૦ સુધી કરુણાશંકરે આ આશ્રમશાળામાં સેવા આપી. કરુણાશંકર આશ્રમ શાળામાં પગાર લેતા નહિ, તેથી તેમના કુટુંબનિર્વાહની જરૂરિયાતો આશ્રમશાળાના વ્યવસ્થાપકો પૂરી પાડતા. અહીં શ્રી ક્ષિતિમોહન સેન જેવા વિદ્વાનોનાં વ્યાખ્યાન યોજાતાં. ગુજરાતના અનેક નામાંકિત વિદ્વાનો આ આશ્રમશાળાની મુલાકાત લેતા.

૧૯૨૯માં કરુણાશંકરના ચિ. ચંદ્રકાન્ત તથા ચિ. દીનબંધુને કોસીંદ્રામાં ઉપનયન-સંસ્કાર દેવાયા. અહીંની આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓ વિવિધ વિષયોમાં ઘણા તેજસ્વી બનતા ગામમાં પ્રવર્તતી જૂની કુરૂઢિઓ વચ્ચે ત્યાં હવે સુધારક વૃત્તિઓ પ્રવર્તતા લાગી. ૧૯૨૯ના ડિસેમ્બરમાં લાહોરમાં શ્રી જવાહરલાલ નહેરુના પ્રમુખપદે કાગ્રેસનું અધિવેશન ભરાયું ત્યારે કરુણાશંકર કોસીંદ્રાના વિદ્યાર્થીઓને લાહોર લઈ ગયા, જે પછી તેઓએ શાંતિનિકેતનની પણ મુલાકાત લીધી. આ ગામના અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ કોટિના અભ્યાસ માટે શાંતિનિકેતનની શાળાઓમાં દાખલ થયા. એમાં શ્રી ચંદ્રકાન્ત તથા દીનબંધુનો તેમજ શ્રીદેવીનો પણ સમાવેશ થયો હતો.

આ બધો વખત કરુણાશંકર અમદાવાદની (રી ટ્રીટ) શાળાના સંચાલકો તથા વાલીઓ સાથે પત્રવ્યવહાર કરતા. હવે એ બહુ એમને અમદાવાદ આવવા આગ્રહ કરતા હતા. ૧૯૩૦ થી ૧૯૩૮ દરમિયાન કરુણાશંકર પાછા એ કુટુંબશાળામાં પ્રવૃત્ત થયા. એ સમયે ત્યાં સમયસર દેશમાં રાજકીય સ્વાતંત્ર્યની લડત ચાલતી હતી. ૧૯૩૦માં મહાત્મા ગાંધીજીની આગેવાની નીચે દાંડીમાં મીઠા સત્યાગ્રહ ખેલાયો. એમાં અનેક સત્યાગ્રહીઓની ધરપકડ થઈ. એમાં સરલાબહેનનાં પુત્રી મૃદુલાબહેન તથા કરુણાશંકરના પુત્ર ચંદ્રકાન્ત પણ જોડાયેલા.

૧૯૩૧માં ૫૮ વર્ષની પાકટ વયે કરુણાશંકર બંગાળી શીખી ગયા. લીનાબહેન સારાભાઈ બંગાળી ગીતો તથા નૃત્યકલાનું શિક્ષણ લેતાં. ૧૯૩૩માં કરુણાશંકર સહકુટુંબ શાંતિનિકેતન ગયા. શાંતિનિકેતનમાં દીનબંધુએ સિતાર-વાદનમાં નિપુણતા પ્રાપ્ત કરી. ૧૯૩૫માં કરુણાશંકર લીનાબહેન સાથે કલકત્તા અને શાંતિનિકેતન ગયા. એ વર્ષે નડિયાદમાં વિઠ્ઠલ કન્યા વિદ્યાલય સ્થપાયું. કરુણાશંકરે લીનાબહેન સાથે દક્ષિણ ભારતનો પ્રવાસ કર્યો. લીનાબહેને શ્રી મદનમોહન મંગળદાસ સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું, ત્યારે તેમના મામા તરીકે કરુણાશંકરે લગ્નમંડપમાં કન્યા પધરાવેલી.

શ્રી સારાભાઈના કુટુંબનાં સર્વ સંતાન પુખ્યવયનાં થતાં રી-ટ્રીટની કુટુંબ થવાની કારકિર્દી પૂરી થઈ. છતાં ભારતીબહેન તથા લીનાબહેને આ પરમ ગુરુના સાન્નિધ્યનો લાભ લેવાનું ચાલુ રાખ્યું. ૧૯૩૮માં કરુણાશંકરે અમદાવાદમાં શિક્ષણ કાર્ય સમેટી લીધું, ૧૯૩૯માં અહીં પોતાનું ઘર વસાવ્યું ને ૧૯૪૦માં પુખ્ત વયનાં કુસુમબહેનનું લગ્ન યોજ્યું.

કરુણાશંકર પોતાને ત્યાં અનેક સગાંવહાલાંને અભ્યાસ વગેરે માટે રાખતા ને પોતાની સઘળી કમાણીથી સર્વ સ્વજનોનો નિર્વાહ કરતા. આથી એમના હંમેશા અર્થસંકોચ રહેતો. એવામાં એમના ભૂતપૂર્વ વિદ્યાર્થી સી.ડી. અમીન દ્વારા મુંબઈના જાણીતા શેઠ શ્રી તુલસીદાસ કીલાચંદ પોતાના ભાઈ રામદાસ તથા અંબાલાલનાં સંતાનોના શિક્ષણ માટે ઉત્તમ શિક્ષકની શોધમાં હતા તેમની સાથે કરુણાશંકરની મુલાકાત યોજી. પરસ્પર વિચારવિમર્શના અંતે સહમતિ સધાતાં કરુણાશંકરે મુંબઈની આ કુટુંબશાળાની નવી કામગીરી શરૂ કરી. કરુણાશંકરે આ કુટુંબમાં સંતાનોની ભિન્નભિન્ન કક્ષા અનુસાર વિવિધ વિષયોના ત્રૈમાસિક અભ્યાસક્રમ ઘડ્યા ને પોતાના નીવડેલા સહશિક્ષકોને મુંબઈ બોલાવી આ કુટુંબશાળાનો ઉત્તરોત્તર વિકાસ કર્યો.

એમનું કુટુંબ હજી અમદાવાદમાં હતું. ત્યાં કુસુમબહેનને ૧૯૪૨ના એપ્રિલમાં પુત્ર-જન્મ થયો. એનું નામ 'તારક' રાખવામાં આવ્યું. શ્રીદેવી મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં. કુસુમબહેનના પતિ કનકરાય વડોદરામાં બરોડા બેન્કમાં કાર્ય કરતા હતા ને અહીં પોતાના મોટાભાઈ બાબુરાવને ત્યાં રહી કુસુમબહેનને મળતા રોજ આવતા. પરંતુ એક દિવસે અહીં એમનું અચાનક અવસાન થયું. આ દુ:ખદ ઘટનાના સમાચાર મળતાં કરુણાશંકર તાબડતોબ અમદાવાદ આવી પહોંચ્યા ને આઘાતને અંતરમાં સમાવી દઈ સહુને સાંત્વન આપવા લાગ્યા.

૧૯૪૩માં ચંદ્રકાન્તનું લગ્ન લેવાયું, શ્રી ગિજુભાઈ બધેકાનાં પુત્રી સુશીલાબહેન સાથે.

'હિંદ છોડો'ની ઉગ્ર લડતને લીધે અમદાવાદમાં કૉલેજો બંધ હતી. મુંબઈમાં કરુણાશંકર મકાનની

શોધમાં હતા. મલબાર હિલ ઉપર કાર્ટર રોડ પર એક મકાન ખાલી હતું, તે એમને મળી ગયું, હવે એમણે પોતાના કુટુંબને મુંબઈ બોલાવ્યું ને શ્રીદેવીને ત્યાંની એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ કર્યાં. અમદાવાદની જેમ મુંબઈમાં પણ કરુણાશંકરને અનેક સ્નેહીઓ અને વિદ્વાનોના સત્સંગનો લાભ મળતો.

૧૯૪૩ના સપ્ટેમ્બરમાં એમને લકવાનો હુમલો થયો. શ્રી તુલસીદાસે એમને હરકિશન હૉસ્પિટલમાં દાખલ કરાવ્યા.

અમદાવાદથી અનેક સ્નેહીઓ એમની ખબર લેવા મુંબઈ આવ્યા. ૧૯૪૩ની ૨જી ઑક્ટોબરના દિવસે એમનું નિધન થયું.

પછી એમનું કુટુંબ મુંબઈનું ઘર છોડી અમદાવાદ આવ્યું અને અહીં ધાર્મિક ઉત્તરક્રિયા કરી. અમદાવાદમાં શ્રી સરલાદેવી સારાભાઈના પ્રમુખપદે શોકસભા મળી, જેમાં ડૉ. હરિપ્રસાદ દેસાઈ, શ્રી રતિલાલ મો. ત્રિવેદી વગેરે વક્તાઓએ સદ્‌ગતને શ્રદ્ધાંજલિ અર્પી. આ સર્વ પ્રવચનો કરુણાશંકર સ્મારક સમિતિએ 'શ્રદ્ધાંજલિ' નામે પુસ્તિકામાં પ્રકાશિત કર્યાં. કરુણાશંકરે પોતાના આચારવિચાર તેમના સંસ્કાર-શિક્ષણ દ્વારા ઉદાત્ત માનવતાના સંસ્કાર સિંચતી કેળવણી આપી એ એમનું ચિરંજીવ સંભારણું બની રહ્યું.

૧૯૪૭માં ગુજરાત વિદ્યાસભાના અધ્યાપક શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી સાથે શ્રીદેવીનું લગ્ન લેવાયું. ૧૯૪૮માં દીનબંધુનું લગ્ન થયું, મુંબઈના શ્રી રતિલાલ વકીલનાં પુત્રી મંજરીબહેન સાથે.

શ્રી કરુણાશંકરના પેટલાદના વિદ્યાર્થી શ્રી દેસાઈભાઈ ના. પટેલે પોતાના એ ગુરુ વિશે એક નાનું પુસ્તક લખેલું, તે તેમનું અકાળ અવસાન થતાં અપ્રકાશિત રહેલું. સ્વ. દેસાઈભાઈનાં વિદ્યાર્થિની શ્રી રેખાબહેન ભો. પટેલ દ્વારા આ પુસ્તક વડોદરાના ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ દ્વારા પ્રકાશિત કરવાનું યોજાયું. એના ખંડ ૧ તથા ૨માં ખૂટતી વિગતો આ લેખકે પૂરી પાડી અને સદ્‌ગતના નિકટ સંપર્કમાં આવેલી વ્યક્તિઓને લખેલા લેખોના ખંડ ૩ માટેની સામગ્રી પણ પૂરી પાડી. 'કરુણાશંકર : શિક્ષક વિભૂતિ' શીર્ષકવાળું આ પુસ્તક ૧૯૬૨માં પ્રકાશિત થયું.

એ અગાઉ દીનબંધુ ૧૯૪૪માં એમ.એ. થયા. ૧૯૪૭માં શ્રીદેવીનું આ લેખક સાથે લગ્ન થયું. ૧૯૫૫માં ચંચળબા અવસાન પામ્યાં. ચંદ્રકાન્તને ત્યાં બે પુત્ર જન્મ્યા - સચીન્દ્ર ૧૯૪૫માં અને પ્રશાંત ૧૯૪૮માં. દીનબંધુને ત્રણ સંતાન હતાં - નિવેદિતા (દત્તા) (૧૯૫૦), આનંદ (૧૯૫૩) અને અમિત (૧૯૫૫).

ઈ.સ. ૧૯૭૩માં શ્રી કરુણાશંકરની જન્મશતાબ્દી આવતી હતી. એ અગાઉ એમની છબી કોસીંદ્રાની માધ્યમિક શાળામાં તેમજ ગંભીરાના વિદ્યાલયમાં મુકાઈ હતી. શ્રી મોહનદાસ પટેલે સદ્‌ગત શિક્ષકે વિલાયતથી લખેલા પત્રો ટાઈપ કરાવેલા, શ્રી ચંદ્રકાન્તે એમના પત્રોમાંથી તેમજ દીનબંધુએ એમની નોંધપોથીઓમાંથી ઉપયોગી અંશોનું દોહન કરેલું. હવે શ્રી રસિકલાલ છો. પરીખના પ્રમુખપદે શ્રી કરુણાશંકર શતાબ્દી સમિતિની રચના કરવામાં આવી. શતાબ્દીની ઉજવણી તથા સદ્‌ગતનાં ઉપયોગી લખાણોના પ્રકાશન માટે જરૂરી ભંડોળ એકત્ર કરાયું.

સદ્‌ગતના જન્મદિને એમની જન્મ-શતાબ્દી પહેલાં અમદાવાદમાં ઉજવાઈ. શ્રી ર.છો. પરીખે, લીના બહેને, ભારતીબહેને અને શ્રી ચં.ચિ. મહેતાએ પ્રાસંગિક પ્રવચન કર્યાં. શ્રી સરલાદેવીએ સમારંભનું પ્રમુખપદ સંભાળ્યું. પછી વલ્લભવિદ્યાનગરમાં, વડોદરામાં, જબુગામમાં, કોસીંદ્રામાં અને ગંભીરામાં પણ આ આદરણીય શિક્ષકની જન્મશતાબ્દી ઉજવાઈ.

આ પ્રસંગે 'સંસ્કાર-શિક્ષક' નામે સ્મારક-ગ્રંથ તેમજ 'સંસ્કારલક્ષી શિક્ષણ, ગ્રંથ ૧ : પત્રો' નામે ગ્રંથ પ્રકાશિત થયા. આગળ જતાં ૧૯૮૨માં 'સંસ્કારલક્ષી શિક્ષણ, ગ્રંથ ૨ : નોંધપોથીઓ, ખંડ ૧ થી ૩ અને

૧૯૮૭માં એના ખંડ ૪ થી ૭ પ્રકાશિત થયા. છેવટમાં આ લેખક તૈયાર કરેલ 'સંસ્કારમૂર્તિ કેળવણીકાર કરુણાશંકર' નામે વિગતવાર ગ્રંથ પણ પ્રકાશિત થયો. એમાં સદ્‌ગતના જીવનના વિવિધ તબક્કાઓ ઉપરાંત જરૂરી વંશાવળીઓ તેમજ એમના જીવનની તથા તે પછીની વિવિધ ઘટનાઓની મહત્ત્વની સાલવારી પણ આપવામાં આવી છે.

શ્રી કરુણાશંકર પ્રતિભાસંપન્ન શિક્ષકવિભૂતિ કે આદર્શ સંસ્કાર-શિક્ષક હતા. વળી તેઓ સાક્ષાત્ સંસ્કારમૂર્તિ હતા. એમની જીવનદૃષ્ટિ વિચાર, વાણી અને વર્તનોને આવરી લેતી જો સાંગોપાંગ જીવનના પ્રત્યેક પાસાને સર્વતઃ સંસ્કારસંપન્ન બનાવતી. જેને માટે મહાત્મા ગાંધીજીએ લખેલું કે 'તે ગુજરાતનું રત્ન હતા. તેની સેવા, અનુપમ હતી'. 'તે ખરેખર સર્વતોમુખી સંસ્કારમૂર્તિ' હતા.


સૌ. ચંચળબહેન અને કુ. કુસુમબહેન


કરુણાશંકરનાં સંતાનો (પુખ્ત વયે)


'રીટ્રીટ' કુટુંબશાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ



શ્રી ચંચળબા (ઉત્તરાવસ્થામાં)



શાંતિનિકેતન જતા વિદ્યાર્થી-વૃંદ સાથે

# સ્વાતંત્ર્ય સંગ્રામમાં બોચાસણનું પ્રદાન

◆

ડૉ. રઘુવીર જ. મકવાણા*

[ગતાંકથી ચાલુ]

**દાંડીકૂચ : પૂર્ણ સ્વરાજને પંથે :**

૧૯૨૮ના ડિસેમ્બરની ૩૧મી તારીખે કલકત્તા કાગ્રેસે હિન્દને સાંસ્થાનિક સ્વરાજ આપવાની માગણી કરી. યુવા વર્ગને આ માગણી મંજૂર ન હતી. તેના નેતા પંડિત જવાહરલાલ નહેરુ અને સુભાષચંદ્ર બોઝ હતા. ગાંધીજીએ ઠરાવ મૂક્યો. તે પર મત લેવાયા. સુભાષબાબુને ૯૦૦ મત અને ગાંધીજીને ૧૩૦૦ મત મળ્યા.

૧૯૨૯ના વર્ષના આરંભે કલકત્તા અધિવેશનમાં ઠરાવ થયો કે ૧૯૨૯ના વર્ષના અંત સુધીમાં અંગ્રેજો હિન્દને સાંસ્થાનિક સ્વરાજ આપશે તો મહાસભા તેને આવકારશે. નહિ આપે તો મહાસભા અહિંસાત્મક અસહકાર અને ના-કરની લડત ઉપાડશે.

મહાસભાની માગણી અંગ્રેજ સરકારે ન સ્વીકારી. લાહોરના અધિવેશનમાં મહાસભાએ 'પૂર્ણ સ્વરાજ'ની માગણી કરી.

ગાંધીજીને પૂર્ણ સ્વરાજ માટે બે વરસ જોઈતાં હતાં. યુવાનોને સાથે રાખવા તેમણે એક વરસ આપી દેવું પડ્યું. પૂર્ણ સ્વરાજની લડત માટે યુવાનો ૧૯૨૯ના ડિસેમ્બરની ૩૧મીની રાહ જોઈ રહ્યા હતા. આ દિવસે અવિભક્ત પંજાબના પાટનગર લાહોરમાં રાવી નદીને તટે કાગ્રેસનું અધિવેશન ભરાયું. તેમાં ગાંધીજીએ પૂર્ણ સ્વરાજનો ઠરાવ રજૂ કર્યો. પ્રવચન કરતાં તેમણે કહ્યું, ''સરકારને આપેલી મુદ્દત પૂરી થઈ છે. આપણે હવે પૂર્ણ સ્વરાજની લડત શરૂ કરીએ છીએ. લાંબી અને આકરી મજલ કાપવાની છે. તેને માટે ભારે ભોગો આપવા પડશે. સૌ તૈયાર રહેજો.''[૧૪]

૧૯૩૦ની જાન્યુઆરીની ૨૬મીને પ્રજાસત્તાક દિન તરીકે ઉજવવાની જનતાને અપીલ કરી. તે દિવસે જાહેર સભાઓમાં એ વિષે ઢંઢેરો વાંચવાનો અનુરોધ કરવામાં આવ્યો. અને સંપૂર્ણ સ્વાતંત્ર્ય માટે મહાસભા જે અહિંસક કાર્યક્રમ આપે તેમાં જોડાવાની પ્રતિજ્ઞાઓ લેવાઈ.'

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતીથી દક્ષિણ ગુજરાતમાં સાગર કિનારે આવેલા દાંડી ગામ સુધી ૨૪૦ માઈલ પગપાળા જઈને મીઠાના કાયદાનો ભંગ કરવા ગાંધીજીએ યોજના ઘડી. આ દાંડીકૂચ ૧૯૩૦ના માર્ચની ૧૨મીએ આરંભાઈ. એપ્રિલની પાંચમીએ દાંડી પહોંચીને મીઠાનો કાયદો તોડવાનો હતો. ૨૫ દિવસનો આ લાંબો કાર્યક્રમ હતો. તે દ્વારા ગાંધીજીનો સંદેશો હિંદના ખૂણે ખૂણે પહોંચાડી લોકજાગૃતિ વધારવાનો હતો. આમ ''પ્રજાની પ્રતિજ્ઞાના અનુસંધાનમાં જનતાને જાગૃત કરી, સંઘ શક્તિમાં શ્રદ્ધા ધરાવતી થાય અને અંગ્રેજોને પ્રજાકીય શક્તિનું ભાન થાય એમ બહુવિધ હેતુઓને ધ્યાનમાં રાખીને ગાંધીજીએ 'દાંડીકૂચ' યોજી.[૧૫] ગાંધીજીએ આ પદયાત્રામાં પોતાના આશ્રમના ચુનંદા ૮૦ (૭૯) સાથીઓને પસંદ કર્યા.

ગાંધીજીની દાંડીકૂચ શરૂ થાય તે પહેલાં સરદાર પટેલ ખેડા જિલ્લામાં એક વાર આવી જાય તો જનતામાં જાગૃતિ આવે, ઉત્સાહ વધે, તેમ વિચારી જિલ્લાના આગેવાનોને સરદાર સાહેબને આવવા વિનંતી કરી. માર્ચની ૭મીએ આણંદ થઈને બોરસદ આવે. સાંજના મહીસાગરના કિનારા પરના કંકાપુરા ગામમાં સભાને સંબોધે એમ ગોઠવ્યું. રાસમાં બપોરનું ભોજન લેવાનું ગોઠવ્યું. અહીં સભા ગોઠવાઈ. રાસ ખાતે

* પૂર્વ આચાર્ય, પ્રા. શિક્ષક અ. મંદિર, વલ્લભ વિદ્યાલય, બોચાસણ, જિ. આણંદ

સરકારે સરદારની ધરપકડ કરી. આ સમાચાર જાણી ગાંધીજી બોલી ઊઠ્યા : ''સરકારે વલ્લભભાઈને પકડીને ઊંબાડિયું કર્યું.'' સરદારની ધરપકડે ગુજરાતમાં આપભોગની તમન્ના વધારી. બોરસદ તાલુકાની પ્રજામાં દેશદાઝ જન્મી.

મહાત્મા ગાંધીજીનો દાંડીકૂચનો સંઘ ૧૯૩૦ના માર્ચની ૧૮મીએ સાંજે બોરસદ પહોંચ્યો.[૧૬] અહીં ઇ.એમ.હાઈસ્કૂલના વિશાળ પ્રાંગણમાં બોરસદ અને બોરસદ તાલુકાના વીસેક હજાર સ્ત્રી-પુરુષની વિરાટ સભા થઈ હતી. જેમાં બોચાસણની પ્રજાએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. તે સભામાં મહાત્મા ગાંધી સમક્ષ સારી સંખ્યામાં હાજરી આપી હતી. તે સભામાં મહાત્મા ગાંધી સમક્ષ બોરસદ તાલુકાના ૮૮ ગામોમાંથી ૭૦ મુખી મતાદારો અને રાવણિયાનાં રાજીનામાં રજૂ થયાં. બીજા દિવસે ૧૯મી માર્ચ, ૧૯૩૦ના દિવસે રવિશંકર મહારાજની કર્મભૂમિ અને સરદાર સાહેબની જ્યાં ધરપકડ થઈ તે ગામમાં ગાંધીજીનો સંઘ પહોંચ્યો. વિશાળ જનમેદનીને સંબોધતા ગાંધીજીએ કહ્યું, ''આજે અમે બે તાલુકામાં પ્રવેશ કર્યો છે કે, જે તાલુકામાં સરદાર વલ્લભભાઈને પકડવામાં આવ્યા હતા... સરદારે તમારી સેવા કરી તેને માટે આ કેદરૂપી ઇનામ મળ્યું. કેટલાક મુખી, મતાદારોએ રાજીનામાં આપ્યા... માટે ધન્યવાદ... પગાર માટે મુખીપણું કરતો હોય એવો એક પણ માણસ મારા જોવામાં આવ્યો નથી. લોકો પર જુલમ કરવાનો અથવા સરકાર જે જુલમ કરે છે તેમાં ભાગ લેવાનો મુખીને અધિકાર મળે છે. એ અધિકારને લીધે હલકો સ્વાર્થ પોષાતો હોય અથવા પોતાના કામમાં લાભ થતો હોય એવા અયોગ્ય કારણે તે વળગી રહ્યા છે. પણ હવે તમે ક્યાં લગી એ ગામોને ચૂસવામાં તમારો ફાળો ભરતા રહેશો... જે ગામ મૂઠીભર માણસોથી ડરી જાય છે. અને પોતાને પસંદ નથી પડતું તેવું કામ કર્યે જાય છે. એમાં નથી ભૂષણ રાવણિયા, તલાટી, મુખીનું કે નથી ગ્રામવાસીઓનું. આ જુલમ દૂર કરવા સારુ સરદાર મથી રહ્યા હતા એ એમનો ગુનો. જે કોમને માટે સરદાર તમારી પાસે આવ્યા તે કોઈથી ય છાનું ન હતું. સત્યાગ્રહી કેમ ઊઠે છે, બેસે છે, ખાય છે, પીએ છે અને વિચારે છે એ બાળક પણ જોઈ શકે છે.

..... આ રાજ્યનો દ્રોહ કરવો એ મારો ધર્મ છે. અને એ ધર્મ પ્રજાને શીખવી રહ્યો છું. જે રાજ્યની અંદર ગરીબ અને તવંગર ઉપર મીઠા જેવી વસ્તુને મિષે એક સરખો કર નાંખવામાં આવતો હોય, જે રાજ્યમાં દરવાન, પોલીસ, લશ્કર પાછળ લખલૂટ ખર્ચ થતો હોય, જે રાજ્યનો મોટો સૂબો રૈયતની આવક કરતાં પાંચ હજાર ગણો પગાર લેતો હોય, જે રાજ્યમાં ૨૫ કરોડ રૂપિયા અફીણ દારૂમાંથી મેળવાતા હોય અને ૬૦ કરોડ રૂપિયાનું કાપડ પરદેશથી આવતું હોય અને જ્યાં કરોડો માણસ બેકાર રહેતા હોય તેવા રાજ્યનો નાશ કરવો, એનો દ્રોહ કરવો અને પ્રતિક્ષણ પ્રાર્થના કરવી કે એ રાજ્યનીતિ બળો એ ધર્મ છે.

... આ તાલુકામાં દરબાર વરસોથી આવીને વસ્યા છે... રાજપાટ... ભલેને નાનકડા ગામનું હોય છોડીને આવ્યા છે... એમની પાસેથી ત્યાગ અને હિંમત શીખો. આવા આવા તાલુકાના મુખી મતાદાર મુખીપણાં ન છોડે તો કેવું ગણાય... આજે તો પૈસાની નહિ તમારી જાતની જરૂર છે.

... આ ધર્મયુદ્ધ કોઈનો વાળ વાંકો કરવાનું નથી. આપણે પોતે દુઃખ સહન કરીને સરકારને શીખવીશું અને જગતની લાગણી પેદા કરશું અને છેવટે રાજકર્તાનું હૃદય પરિવર્તન કરાવીશું... મીઠાના કરના કાયદાનો એટલે સુધી ભંગ કરશું કે એમ કરતાં આપણને જેલમાં નાંખે, ચાબુક મારે કે જે કાંઈ કરવું હોય તે કરે એ સહન કરવા તૈયાર રહીશું.[૧૭]

બોચાસણ ગામના મુખી મથુરભાઈ જીજીભાઈ પટેલને સરકારે રાવ બહાદુરનો ઇલ્કાબ આપ્યો હતો. એટલે તે સરકારના પક્ષકાર તરીકે જ વર્તતા હતા. ગામમાં પ્રતિકૂળતા હોવા છતાં મહાત્મા ગાંધીજીએ કરેલી ધર્મયુદ્ધની હાકલ બોચાસણ ગામે અપનાવી લીધી અને આઝાદી મળતાં સુધી આ જંગમાં લડવાનો દૃઢ નિશ્ચય કર્યો.

ખેડા જિલ્લાના કંકાપુરા પાસે મહીસાગર પાર કરી ગાંધીજી ભરૂચ જિલ્લામાં પહોંચ્યા. ખેડા જિલ્લાના

આગેવાનો પોતપોતાનાં મથકો પર પહોંચી ગયા. ગાંધીજી દાંડી પહોંચે અને કાયદાનો સવિનય ભંગ કરે એટલે તરત જ સૌ કોઈ કાયદા ભંગ કરવા માટેની પૂર્વ તૈયારીના કામમાં લાગી ગયા. જેમણે સ્વયં સેવકો તરીકે નામ નોંધાવ્યાં હતાં, તેઓ ગામેગામ ફરીને સત્યાગ્રહ સૈનિકો નોંધવા લાગ્યા. જોતજોતામાં યુદ્ધનું વાતાવરણ ખડું થઈ ગયું.

ગાંધીજી ૨૫ દિવસમાં ૨૪૧ માઈલ કૂચ કરીને ૫મી એપ્રિલે દાંડીના દરિયા કિનારે આવી પહોંચ્યા. આ ૨૫ દિવસમાં સમગ્ર ગુજરાત અને જાગ ઉઠા હિંદ.

જલિયાંવાલા બાગના હત્યાકાંડની સ્મૃતિમાં ૬ઠ્ઠી એપ્રિલે મીઠાના કાયદાનો ભંગ કરવાનો હતો. ગાંધીજી સાથે જ આખા દેશમાં કાયદા ભંગ કરવા લોકો તત્પર થઈ બેઠા હતા. કવિ શ્રીધરાણીએ પ્રત્યક્ષ દર્શન કરી લખ્યું : એક એ અનંતમાંથી સાત સિંધુ ઉમટ્યા.' સમસ્ત દેશમાં આ લડતે ચિનગારી ચાંપી. રણ અને હિમગિરિના શિખરોમાં પણ મીઠું બનાવી, વેચી સવિનય કાનૂન ભંગ કર્યો.

ગાંધીજીએ દરિયા કિનારે સ્નાન કરી, પ્રભુ નામ સ્મરણ કરી કાંઠા ઉપર પડેલા મીઠાની મૂઠ્ઠી ભરી. એ જ વખતે ત્યાં એકઠા થયેલાં હજારો સ્ત્રી-પુરુષોએ સરકારી કાયદાનો ભંગ કર્યો. એ જોઈને કવિના હૃદયમાંથી કવિતા સરી પડી.

*'ચપટી મીઠું ઉપાડી રાજ્ય આખું ઉખેડ્યું'*

ગાંધીજીએ ચપટી મીઠું ઉપાડ્યું તેજ ઘડીએ હજારો હિન્દીઓના મનમાં ઘર કરી બેઠેલી અંગ્રેજી રાજ્યની જડ ઉખડી ગઈ.

સાદું કરકસર ભર્યું અને સ્વાશ્રયી જીવન જીવતા બોચાસણના પાટીદારો ખેડાની લડતથી જ પોતાની શક્તિ પ્રમાણે ભક્તિ કરતાં રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં રસ લેતા હતા. જમીન વિહોણા બારૈયાઓ પર તેમનું વર્ચસ્વ હતું. ખેત મજૂર તરીકે જીવતા બારૈયા લોકોએ પણ પાટીદારોને રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સાથ, સહકાર અને સહાનુભૂતિ આપી. ખભેખભા મેળવીને સાથોસાથ રહ્યા.

બોચાસણ ગામના ખેડૂતો ખેતી પર નિર્ભર હતા. ગાંધીજી ખેડૂતો અને ગામ પ્રજાને સ્પર્શતા સવાલો લઈને લડતા હતા. તેથી તેથી ખેડૂત, મજૂર સૌને ગાંધીજી પોતાના લાગતા હતા.

દાંડી જઈ મીઠાનો કાયદો તોડનાર ગાંધીજી અને તેમના કાયદા ભંગની વાત બોચાસણના લોકોને ગમી ગઈ. એ વખતે લડત અંગે 'ખેડા જિલ્લા સંગ્રામ સમાચાર' અને 'બોરસદ સંગ્રામ સમાચાર' નામની પત્રિકાઓ પ્રસિદ્ધ થતી. તેમાં આ પ્રકારના સમાચાર પ્રકાશિત થતા. 'મીઠા ઉપર કર નાંખીને બ્રિટિશ સરકાર પ્રજાના ગજવામાંથી વરસે દહાડે છ, સાત કરોડ રૂપિયા કાઢી લે છે... માંસાહારી ઈંગ્લેન્ડમાં દર વરસે માથાદીઠ ૬૨ શેર મીઠું વપરાય છે. ઠંડા દેશ કરતાં ગરમ દેશમાં વધારે મીઠું જોઈએ છે. માંસાહારી કરતાં અન્નાહારી લોકોને વધારે મીઠું જોઈએ છે. છતાંય ગરમ અન્નાહારી હિન્દુસ્તાનમાં લોકોને વધારે મીઠું જોઈએ છે. છતાંય ગરમ અન્નાહારી હિન્દુસ્તાનમાં માથાદીઠ ૨૧ શેર મીઠું વરસે વપરાય છે... ચાર હજાર માઈલનો સાગરકાંઠો અને મીઠાની અનેક ખાણો હોવા છતાં હિંદને જોઈએ તેટલું મીઠું મળતું નથી... વિલાયતી વહાણોમાં આવતા મીઠાના પૈસા ઉપજાવી લેવાના હેતુએ પણ દેશના બધા મીઠા ઉપર સરકારે કર નાંખી દીધો છે. ખેડૂતને પોતાને, કુટુંબને અને ખેતીના પાકને પણ મીઠાની જરૂર રહે છે. આથી આ કર સર્વથા અન્યાયી છે.[૧૮]

આવી પત્રિકાઓએ, આગેવાનોનાં પ્રવચનોએ જનતામાં જાગૃતિ આણી. દાંડીકૂચને અનુકૂળ વાતાવરણ ખડું થયું.

ખેડા જિલ્લામાં મીઠા સત્યાગ્રહ માટે બે સ્થળની પસંદગી કરવામાં આવી હતી. એક કપડવંજ

તાલુકાનું લસુન્દરા અને બીજું બોરસદ તાલુકાનું બદલપુર. આ કાર્યક્રમને જિલ્લા વ્યાપી કરવા માટે આ મુજબ સપ્તપદીની યોજના કરવામાં આવી હતી.

૧. મીઠા સત્યાગ્રહ
૨. દારૂનાં પીઠાં ઉપર પેકેટિંગ
૩. મહેસૂલ ન ભરવું.
૪. વિદેશી કાપડનો બહિષ્કાર.
૫. સ્વયંસેવક અને સ્વયંસેવિકાની ભરતી કરવી.
૬. ખાદી અને રેંટિયા કાર્ય.
૭. વાનરસેના.

૧૯૩૦ના એપ્રિલની છઠ્ઠી તારીખે ગાંધીજી મીઠાનો કાયદો તોડે તે જ દિવસે બોરસદ તાલુકાના બદલપુર ગામે મીઠાનો સત્યાગ્રહ શરૂ કરવાનું નક્કી થયું હતું.

આ અંગે રાષ્ટ્રીય સપ્તાહ ઉજવવાનું નક્કી થયું હતું. ગામેગામ રોજ સવારે પ્રભાત ફેરી નીકળતી, રાષ્ટ્રગીતો ગવાતાં, સરઘસ અને સભાઓના કાર્યક્રમ યોજવામાં આવતા. તેને માટે ગામેગામ સ્વયંસેવકોની નોંધણી કરવામાં આવતી. લગભગ બે હજાર સ્વયંસેવકોની નોંધણી થઈ ગઈ હતી. દરરોજ એક સો સ્વયંસેવકો કાયદા ભંગ માટે બોરસદ છાવણીમાં આવે તેવી ગોઠવણ કરવામાં આવી હતી. બદલપુરના નમક સત્યાગ્રહમાં બોચાસણના શ્રી ભવાનભાઈ સોમાભાઈ બારૈયા જોડાયા હતા.[૧૯] શ્રી નરસિંહભાઈ બાબરભાઈ પટેલ અને બીજાઓ મળી ૮ થી ૧૦ વ્યક્તિઓએ એમાં ભાગ લીધો હતો. એ બદલપુરની ખારી વેચવાનું કામ કરતા હતા.

**આઝાદીની લડતની પ્રેરણા**

બોચાસણ ગામના આઝાદીની લડતના સૈનિકો સાથેની વાતચીતથી એ તારણ પર અવાય કે, આ ગામે મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, કાકાસાહેબ કાલેલકર, રવિશંકર મહારાજ, દરબાર ગોપાળદાસ, શ્રી શામળભાઈ બેચરભાઈ પટેલ, શ્રી શિવાભાઈ આશાભાઈ પટેલ, શ્રી પશાભાઈ ભાઈલાલભાઈ અમીન, શ્રી ચંદુલાલ સરૈયા, ખાનપુરના અમીન, શ્રી જયશંકર ભટ્ટ ઇત્યાદિ મહાનુભાવો પાસેથી પ્રેરણા મળતાં હિંદુસ્તાન દેશના આઝાદી આંદોલનમાં ઝંપલાવ્યું હતું.[૨૦] અને કાગ્રેસના કાર્યકર્તા શ્રી શામળભાઈ બેચરભાઈ પટેલ તે મહાત્મા ગાંધીજીની ૮૦ સત્યાગ્રહીઓની ટૂકડી જે ગામે મુકામ કરવાની હોય ત્યાં પૂર્વ તૈયારી કરવા માટે ગૂજરાત વિદ્યાપીઠની બે અરુણ ટૂકડીઓ નીકળી હતી. તેમાં ''બીજી ટુકડીના આગેવાન ખેડા જિલ્લાના મલાતજ ગામના વતની હતા. તેઓ ચાર ચોપડી ભણેલા. પરંતુ આર્ય સમાજના રંગે રંગાયેલા એટલે જુસ્સાબાજ અને ગુસ્સાબાજ પણ હતા. આ 'અરુણ ટૂકડીના સ્વયંસેવકો ગ્રામજનો સાથે મળીને ગામેગામ સરસ વ્યવસ્થા ઉભી કરી તેમાં તેમને અહિંસક લશ્કરી તાલીમ મળી. જે તાલીમ સત્યાગ્રહ સંગ્રામ દરમિયાન જેલ જવામાં, લાઠીમાર જેવાં કષ્ટો સહન કરવામાં અને રચનાત્મક કાર્યો નિષ્ઠાપૂર્વક ચલાવવામાં ખૂબ કામ લાગી.[૨૧] આ રીતે ઘડાયેલા કાર્યકર શ્રી શામળભાઈ બેચરભાઈ પટેલ બોચાસણમાં આઝાદી આંદોલનનું થાણું નાખીને બેઠા. બોચાસણ અને આસપાસનાં ગામડાંઓના લોકોને ના કરની લડતમાં નેતૃત્વ આપતા રહ્યા.

નમક-સત્યાગ્રહની લડત પૂરજોશમાં ચાલતી હતી, ત્યારે સરકારે તા. ૦૫-૦૫-૧૯૩૦ના દિવસે ગાંધીજીની કરાડી સત્યાગ્રહ છાવણીમાં ધરપકડ કરી. પકડાતાં પહેલાં મહાત્મા ગાંધીજીએ જનતા જોગ સંદેશામાં જણાવ્યું :

'....કુરબાની વિના મળેલું સ્વરાજ કદી ટકે નહિ એટલે લોકોને ભલે પેટ ભરીને કુરબાની કરવી

પડે. સાચી કુરબાનીમાં કેવળ એક તરફથી જ કષ્ટ સહન કરવાનું હોય છે એટલે કે કોઈને માર્યા વિના પોતે મરીને જીવવાનો મંત્ર સાધવાનો હોય છે. એ મંત્ર હિન્દુસ્તાન સાધો. અત્યારે તો મૂઠીભર મીઠામાં હિન્દુસ્તાનનું સ્વમાન અને સર્વસ્વ છૂપાયેલાં છે. એ મૂઠી ભલે ભાંગી જાય પણ કદી ન ઉઘાડવી જોઈએ.''

'.....હું પકડાઈ જાઉં એટલે સાથીઓએ કે લોકોએ ગભરાવાનું મુદ્દલ કારણ નથી. આ લડતને ચલાવનારો હું નથી પણ ઈશ્વર છે. એ બધાંના હૃદયમાં વાસ કરે છે. એ જો આપણામાં શ્રદ્ધા હશે તો દોરશે જ. માર્ગ અંકાઈ ગયેલો છે. મીઠું ઉપાડવા કે બનાવતા ને ગામના ગામ ઊલટી પડે, મદ્યપાનનાં અને અફીણનાં પીઠાંને, વિદેશી વસ્ત્રોની દુકાનોને બહેનો ઘેરે અને કાર્ય સિદ્ધ કરે. ઘેરઘેર નાનામોટાં બધાં તકલી ચલાવતાં થઈ જાય, અને ઢગલાબંધ સૂતર રોજ કંતાયને વણાય, વિદેશી વસ્ત્રની હોળી થાય. હિન્દુ કોઈને અસ્પૃશ્ય ન ગણે. હિન્દુ, મુસલમાન, શીખ, પારસી, ખ્રિસ્તી બધા હૃદયથી ભેટે. નાની કોમોનું પેટ ભરાતાં જે મળે તેથી મોટી કોમ સંતોષ પામે. નિશાળિયાઓ સરકારી નિશાળ છોડે અને સરકારી નોકરો જેમણે રાજીનામાં આપ્યાં છે એવા બહાદુર પટેલ તલાટીની જેમ રાજીનામાં આપી લોકસેવામાં રોકાઈ જાય. એટલે ઘેર બેઠાં આપણને પૂર્ણ સ્વરાજ મળશે.'[૨૨]

મહાત્મા ગાંધીજીની ધરપકડ થઈ તે પહેલાં સરદાર વલ્લભભાઈ પટેલ, દરબાર ગોપાળદાસ અને રાસના આગેવાન શ્રી આશાભાઈ પટેલની ધરપકડ અંગ્રેજ સરકારે કરી. આથી રાસ ગામના આગેવાનો રોષે ભરાયા હતા. તા. ૨૧-૦૪-૧૯૩૦ના દિવસે એક ગામસભા ભરવામાં આવી. તેમાં આ પ્રમાણે ઠરાવ પસાર કરવામાં આવ્યો.

'સરદાર વલ્લભભાઈને અમારા ગામેથી સરકારે પકડ્યા. દરબાર ગોપાળદાસ અને જિલ્લાના અમારા ગામના આગેવાનો તથા શ્રી આશાભાઈ ઉપર જૂઠું તહોમત મૂકી કેદ કર્યા, તેમજ આ બધા ઉપર ન્યાયનું નાટક ભજવી ધ્યેયપૂર્વક આકરી સજાઓ કરી, તેથી જ્યાં સુધી સરકાર વગર શરતે સજાઓ રદ કરીને એ બધાને જેલમાંથી છૂટા કરે નહીં ત્યાં સુધી અમારું આ રાસ ગામ સરકારને મહેસૂલ ભરશે નહિ.'[૨૩]

સાબરમતીથી દાંડી સુધીની મહાત્મા ગાંધીજીની ઐતિહાસિક કૂચ દરમ્યાન ગુજરાતમાં ઘણાં ગામોએ અસહકારના ઠરાવ કર્યા હતા, પરંતુ મહેસૂલ ન ભરવાનો નિર્ણય કર્યો ન હતો. એ પગલું ગંભીર હતું. મહાત્મા ગાંધીજીએ રાસની પ્રજાને બહાદુરી માટે ધન્યવાદ આપ્યા. સાથોસાથ અગ્નિ પરીક્ષા સારુ તૈયાર રહેવા ચેતવણી પણ આપી.

'મહેસૂલ ન ભરવાની વાત સરકાર સાંખે તેમ નથી. મહેસૂલ ન ભરવાનું પગલું ભરવાનો ક્રમ હજુ શરૂ નથી થયો, પણ જેને હિમ્મત હોય તે ભલે ન ભરે. કરાડીના પાંચા પટેલે એકલાએ તેમ કર્યું જ હતું. ના ! પણ આમ કરનાર પોતે ભારે જોખમ ખેડે છે. એ સમજી લે. ઘરબાર, ઢોરઢાંખર, વેચાઈ જાય તો લોકોએ નવાઈ ન માનવી. બારડોલીની જેમ ખેડામાં નહીં થઈ શકે. બારડોલીની લડાઈ (૧૯૨૮ની લડત) જૂથ પ્રકારની અને સંકુચિત હતી. તે હક મેળવવાની હતી. આ હકૂમત છીનવવાની છે. બેની વચ્ચે આસમાન જમીનનું અંતર છે એટલે રાસે પગલું ભર્યું છે તે ઉપર કાયમ રહેવાની પૂરતી તે આત્મશુદ્ધિ કરે, ત્યાગ કેળવે. જે બીજાં ગામો રાસનું અનુકરણ કરવા ઇચ્છે છે તે શાંતપણે પોતાની શક્તિનું માપ કાઢે.''[૨૪]

મહાત્મા ગાંધીજીની ચેતવણીનો મર્મ સમજનારા રાસ ગામના ટેકીલા ખેડૂતો આકરી કસોટી માટે તૈયાર હતા.

નાકરની આ લડતમાં રાસની આસપાસમાં આવેલાં બોરસદ તાલુકાનાં બોરસદ, રાસ, બોદાલ, વીરસદ, બોચાસણ, આંકલાવ, નિસરાયા, ભેટાસી, પામોલ, સુણાવ[૨૫], ઢૂંઢાકૂવા, વહેરા, જોષીકૂવા, પીપળીવ, પાળજ, પોરડા, ઇસણાવ, આમોદ, દાવલપુરા, રૂપિયાપુરા વગેરે મુખ્ય હતા.[૨૬]

આ ગામના લોકોએ દારૂ-નિષેધ, વિદેશી કાપડનો બહિષ્કાર, રેંટિયા અને ખાદી પ્રવૃત્તિ, કોમી એકતા તેમજ સ્ત્રી જાગૃતિ ઈત્યાદિ રચનાત્મક કાર્યક્રમો ઉત્સાહથી ઉપાડી લીધા હતા.

રાસ એ બ્રિટિશ શાસનનું ગામ હતું. તેની નજીકમાં જ ભાદરણ ગાયકવાડી ગામ હતું. તેના પાટીદારો સુખી અને સમૃદ્ધ હતા. ભાદરણથી આ લડતનું સંચાલન થાય તો બ્રિટિશ સરકારના સકંજામાંથી બચી શકાય એથી તેનું સંચાલન કેન્દ્ર ભાદરણ રાખવામાં આવેલું. અહીંથી 'બોરસદ સત્યાગ્રહ સમાચાર' નામની પત્રિકા પ્રસિદ્ધ થતી. તેમાં લડતના વિગતવાર સમાચાર આવતા. આસપાસનાં ગામોમાં દરરોજ નક્કી કરેલા દિવસે પત્રિકાઓ પહોંચી જતી. આ લડત દરમ્યાન બોચાસણના શ્રી આશાભાઈ શિવાભાઈ પરમાર, શ્રી પૂનમભાઈ હેમાભાઈ પરમાર, શ્રી મોતીભાઈ કાળાભાઈ પરમાર અને શ્રી પૂંજાભાઈ કાળાભાઈ પરમારે પત્રિકાઓ લાવીને બોચાસણ, પેટલાદ, સુણાવ વગેરે ગામોમાં પહોંચાડવાનું કામ કર્યું હતું.[૨૭]

બોચાસણે રાસના ના-કરના ઠરાવનો સંપૂર્ણ અમલ કરવાનું વિચાર્યું. એમ શ્રી નારણભાઈ માધાભાઈ પટેલ જણાવે છે. બોરસદ તાલુકાનાં કુલ ૧૪ ગામોએ ના-કરની લડતમાં સંપૂર્ણ મહેસૂલ ન ભરવાનું નક્કી કર્યું.

બોચાસણ ગામે પણ મહેસૂલ ન ભર્યું. અમલદારો મહેસૂલ વસૂલ કરવા કડકાઈ કરવા લાગ્યા. ધરપકડો કરી, મારઝૂડ પણ કરી પણ બધું વ્યર્થ નીવડ્યું. તેથી અમલદારો મહેસૂલ વસૂલ કરવા માટે જમીન વિહોણા ગરીબોને લાલચ આપતા, મુખી મતાદારને પ્રલોભન આપતા. તેમ છતાં તેમના કોઈ ઉપાયો કારગત નીવડ્યા નહિ તેથી જમીનો ખાલસા કરી, જોર જુલમથી વસૂલાત કરવાનો સરકારી અમલદારોનો ઇરાદો હતો. રાસ અને બોચાસણે કોઈપણ ભોગે સરકારને મહેસૂલ પેટે એક પૈસો પણ ન આપવા મક્કમ નિર્ધાર કર્યો. સત્યાગ્રહી તરીકે ગામ છોડીને હિજરત કરવાનું મુનાસિબ માન્યું. બોચાસણની ગ્રામ સમિતિના પ્રમુખશ્રી ભાઈલાલભાઈ પ્રભુદાસ પટેલ, મંત્રી શ્રી શનાભાઈ લલ્લુભાઈ પટેલે ગામ આગેવાનોને એકઠા કર્યા અને રાતોરાત હિજરત કરી જવાની વ્યવસ્થા ગોઠવી. ગામનાં બધાં જ પાટીદાર કુટુંબોનાં ગાડાં તૈયાર કરવામાં આવ્યાં. તેમાં લઈ શકાય તેટલો જીવન જરૂરી સામાન ભરવામાં આવ્યો. બાળ-બચ્ચાં અને વૃદ્ધોને ગાડામાં બેસાડી ઘરોને તાળાં માર્યાં. ૧૯૩૦ના ઑક્ટોબર માસમાં ગામના તમામ પાટીદારોએ ગામ છોડ્યું.

બોચાસણની આજુબાજુમાં આવેલાં ગાયકવાડી ગામો રૂદેલ, ભારેલ અને સુંદરણાની સીમમાં ઘાસથી છવાયેલા માંડવા બાંધ્યા. પોતાનાં પાકાં ઘર છોડી સીમમાં રહેવા લાગ્યા. સૌ હિજરતીઓના સંપ અને સહકારથી જંગલમાં પણ મંગલ કર્યું. સન ૧૯૩૦ના આઝાદી આંદોલનમાં આ હિજરત અદ્વિતીય પગલું હતું. બાજુમાં આવેલા રૂદેલ, ભારેલ અને સુંદરણા વગેરે ગાયકવાડી ગામોના આગેવાનો અને ગામ લોકોએ હિજરતી ભાઈબહેનોને સંપૂર્ણ સાથ સહકાર આપ્યો. આમ ત્યાગ અને સ્વાર્પણનું અદ્‌ભુત વાતાવરણ સર્જાયું. આ ઉપરાંત માતર અને આણંદ તાલુકાનાં કેટલાંક ગામોએ પણ ના-કરની લડતમાં જોડાયાં હતાં. વડદલા, દંતાલી, ગાના, સંદેસર વગેરે ગામો પર દમન કર્યું હતું. બોરસદ તાલુકાના ગામોમાં સરકારી દમનનો કોરડો વધુ કડકાઈથી વીંઝાયો હતો.

બોચાસણ ગામ ખાલી થયા પછી સરકારી અમલદારો જપ્તી માટે આવતા. હિજરતી પાટીદારોએ પોતાના ઘરને તાળું માર્યું હતું. શ્રી શિવાભાઈ પૂંજાભાઈ પટેલ, શ્રી મંગળભાઈ વાઘજીભાઈ પટેલ, શ્રી નરસિંહભાઈ બાબરભાઈ પટેલ અને શ્રી શનાભાઈ લલ્લુભાઈ પટેલના ઘરોની જપ્તી થઈ. તેમાં ખાટલા, ગોદડાં, ખેતીનાં ઓજારો, વાસણકૂસણ વગેરે જે જે હાથવગું મળ્યું તે તે ઉઠાવી ગયા. ઘર માલિકોને સમાચાર મળ્યા એટલે તેઓ ગામમાં આવ્યા. પોલીસ તેમને પકડી થાણામાં લઈ જાય અને મારઝૂડ કરતી. આવા સંખ્યાબંધ બનાવો બન્યા.

હિજરતી શ્રી પરષોત્તમ રણછોડભાઈ પટેલ તેમના ઘરનો સરસામાન એક બાજુ એકઠો કરી ભીંત

ચણી લીધી. અને બારણે તાળું મારી દીધું હતું. તેમના ઘરની જપ્તી આવી. તાળું તોડી તેમના મકાનમાંથી દાદર, કમાડ કાઢી લીધાં. ઘરમાં દાટેલી કે સંતાડેલી રકમ કે દરદાગીના, વાસણો વગેરેની જપ્તી થઈ તેમજ પાણિયારું, ચૂલા અને ખાંડણિયા આદિ ખોદી કાઢ્યાં. આ પ્રકારે બીજાં પાંચ જણના ઘરની જપ્તી થઈ હતી.[૨૮]

હિજરતી ખેડૂતોની યાતનાઓના કંઈ પાર નહોતો. પોતાનાં પાકાં મકાનો છોડીને ગાયકવાડી રુહમાં માંડવા બાંધીને વસેલા પાટીદારોની કસોટી કુદરતે પણ કરી. હિજરત દરમિયાન શિયાળામાં માવઠું થયું. જ્યાં માંડવા બાંધ્યા હતા તે નીચાણવાળા ભાગમાં પાણી વહેવા લાગ્યાં. ભારેલની સીમમાંના એક માંડવામાં હિજરતી શ્રી રામાભાઈ ખોડાભાઈ પટેલનાં પત્નીને તે જ પ્રસૂતિ થઈ.[૨૯] તેમની પથારી ન પલળે તે માટે હિજરતીઓએ આપસૂઝથી કામ કર્યું. માવઠાથી પહેરવાનાં-ઓઢવાનાં કપડાં તથા પથારી-પાગરણ અને અનાજ પલળી ગયાં.

ભીંજાયેલી દશામાં સ્ત્રી-પુરુષો, વૃદ્ધો અને બાળકો રાતદિવસ બેસી રહ્યાં. ખુલ્લાં ખેતરોમાં સુસવાટા મારતો ઠંડો પવન વાતો હતો જે હિજરતીઓના દુ:ખમાં વધારો કરતો હતો. તે બધાંએ આ હાડમારીથી હેરાન-પરેશાન થઈ ગયાં પણ એ બધી હેરાનગતિની પાછળ પ્રતિજ્ઞાપાલનની હૂંફ હતી. પ્રતિજ્ઞા-પાલનનો સંતોષ હતો. સ્વાર્પણની ગરમી હતી. જેમ જેમ તેમના માથા પર મુશ્કેલીઓ ઊતરી આવી તેમ તેમ તે વધારે ઘડાયા. વધારે ઘસાયા અને વધારે મક્કમ બન્યા.[૩૦]

આ લડત દરમિયાન બોચાસણના બારૈયા ભાઈઓનો સહકાર હતો. તેઓ ના-કરની લડતમાં જોડાયા નહોતા. પરંતુ ગામના બધા જ પાટીદાર કુટુંબો હિજરત કરી ગયાં ત્યારે ગામમાં ચોરી-લૂંટ ન થાય તેની જવાબદારી તેમણે સ્વીકારી. તેમની મદદમાં હિજરતી પાટીદારોની એક ટુકડી રહેતી. તેમાં શ્રી નારણભાઈ માધાભાઈ પટેલ, શ્રી આદિત્યભાઈ શિવાભાઈ પટેલ, શ્રી નરોત્તમભાઈ પટેલ વગેરે હતા. પરસ્પર સહકારની ભાવનાથી ગામે ના-કરની લડત ઉપાડી હતી.

ના-કરની લડતમાં રાસની જમીન હરાજ થઈ તે ચકલાસીના બારૈયા, ઠાકોર વગેરેએ રાખી. તે જમીન ન રખાય. પાછી આપી દેવી જોઈએ તેવું સમજાવવા માટે બોચાસણના શ્રી ભવાનભાઈ સોમાભાઈ બારૈયા, તથા ડભાસીના બે-ત્રણ આગેવાનો અને રાસના દરબાર, બારૈયા ઠાકોર વગેરે ચકલાસી ગયા. તેઓ ચકલાસી ગયા ત્યારે ચકલાસીના બારૈયાઓએ આણંદ પોલીસને ખબર આપી અને એમને પકડાવી લીધા. આમ રાષ્ટ્રની આઝાદીનું કામ સૌનું કામ છે. રાષ્ટ્રના સ્વરાજયજ્ઞમાં હાડકાં ન નખાય. એવું સમજાવવા માટે બોચાસણના બારૈયા ભાઈઓના એક પ્રતિનિધિ જિલ્લાના બીજા ગામમાં ગયા તે એક મહત્ત્વની ઘટના ગણાય.[૩૧]

ના-કરની લડતમાં બોચાસણ ગામે સરકારી અમલદારોના ભારે જુલમ સહન કર્યાં. ઘરવખરી, ઢોર-ઢાંખર તથા જમીનો પણ હસ્તામુખે હરાજ થવા દીધી. અંત સુધી મક્કમ રહીને લીધી પ્રતિજ્ઞા પાળી.

''ના-કરની લડતના સમાચાર ઇંગ્લેન્ડ પહોંચ્યા હતા. લંડનમાં 'ઇન્ડિયા મિશન લીગ' નામની સંસ્થાના પ્રતિનિધિઓ જાત માહિતી મેળવવા ભારત આવ્યા હતા. તેમાંથી બ્રેલ્સ અને શ્રીમીરાંબહેન (બ્રિટનના એડમિરલની દીકરી મિસ સ્લેડ) હિજરતી માંડવાની મુલાકાત લીધી હતી. ''સત્યાગ્રહી ખેડૂતોને ત્યાં જે હાડમારી વેઠવી પડતી એ જોઈને તેમનું હૃદય દ્રવી ઊઠ્યું હતું.''

''આ લડતમાં બોરસદ તાલુકાની પ્રજાનું ખમીર બરાબર ટકી રહ્યું હતું. સરદાર પટેલના વચનમાં તેને વિશ્વાસ હતો. તેથી તાલુકાના સત્યાગ્રહીઓમાં છેવટ સુધી લડી લેવાની હિંમત પ્રગટી હતી. આ લડત પૂરજોશમાં ચાલી હતી. ત્યારે સરદાર સાહેબે કહ્યું, ''બોરસદ તાલુકાએ ખૂબ સહન કર્યું છે અને હજી ખૂબ સહન કરવાનું છે.''

'જે તાલુકો આ લડતમાં ખુવાર હશે તેને હું સોનાનો કરી મૂકવાનો છું. કોઈપણ પોતાના નિશ્ચયમાંથી જરા પણ પાછો હઠે નહીં. હવે તો આપણું વહાણ મધ-દરિયે પહોંચ્યું છે. કોઈ પાછું પગલું ભરે નહીં. કોઈ પણ જગ્યાએ પકડાતાં પહેલાં બોરસદ તાલુકાના બહાદુર ખેડૂત ભાઈ-બહેનોને હું જરૂર મળી જવાનો છું.[૩૨]

બોરસદ તાલુકાની ના-કરની લડત ચાલતી હતી. ત્યારે સ્વામિનારાયણ સંપ્રદાયના બોચાસણ ફિરકાની ગાદીપતિ શાસ્ત્રી મહારાજે ''હરિભક્તોને મહેસૂલ ભરી દેવા જણાવ્યું ત્યારે ભક્તોની પત્નીઓ તેમના પતિને કહેતી, ''આપણે પ્રતિજ્ઞા લીધી છે. તે પ્રતિજ્ઞા પાળવી તે આપણો ધર્મ છે. શાસ્ત્રી મહારાજ એવા કેવા કે, આપણી પ્રતિજ્ઞા તોડવાનું કહે ! અને આ પ્રતિજ્ઞા તો ગાંધી ગુરુએ આપણને આપી છે. તેમાં તો આપણા ગુરુ ગાંધી છે. માટે કોઈ પણ રીતે તે પ્રતિજ્ઞા ન તોડાય.''[૩૩] શ્રી નારણભાઈ માધાભાઈ પટેલ અને બીજા સ્વાતંત્ર્ય સેનાનીઓ કહે છે કે, ''સ્વામિનારાયણ મંદિરવાળાઓ તો અંગ્રેજ સરકારનું રાજ અમર તપો તેવી માળા જપતા હતા અને ગામના મુખી મહીજીભાઈ જીજીભાઈ પટેલ (રાવ બહાદુર) સિવાય કોઈએ મહેસૂલ ના ભર્યું તે ના જ ભર્યું.[૩૪]

આ ખેડા જિલ્લામાં બોરસદ-આણંદ તાલુકાના સેંકડો ખેડૂતોએ સરકરી મહેસૂલ નહિ ભરવાની પ્રતિજ્ઞા કરીને ગામોનાં ગામો હિજરતે નીકળી ગયાં... એણે રાષ્ટ્રને ખાતર હસતે મોઢે પોતાની જમીન, ઢોર-ઢાંખર, માલ-મિલકત બધું રાષ્ટ્રની આ લડતમાં સ્વાર્પણ કર્યું અને વતનની મુક્તિ માટેની આઝાદીમાં સર્વસ્વના બલિદાનનો મહામૂલો મંત્ર આચરણમાં મૂકી દેશ અને દુનિયાના ઇતિહાસમાં અમર નામના પ્રાપ્ત કરી.''[૩૫]

**સ્ત્રી સિતમ દિન :**

ના-કરની લડત સાથે દારૂનાં પીઠાં પર પિકેટિંગનો કાર્યક્રમ ચાલતો હતો. મહાત્મા ગાંધીજીના આશ્રમમાંથી બહેનોની એક ટુકડી બોચાસણ રેલવે સ્ટેશન સામે હાલ જ્યાં વલ્લભ વિદ્યાલય છે ત્યાં છાવણી નાખીને રહેતી હતી અને આસપાસનાં ગામડાંઓમાં જઈને અહિંસક રીતે વિદેશી કાપડ અને દારૂ જેવાં વ્યસનોથી દૂર રહેવા સમજાવતી. કોઈવાર તેઓ બોરસદ દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ કરવા જતાં. એક વખત તે ટુકડીના શ્રી. લીલાવતીબહેન આસરને પકડીને લોક-અપમાં પૂર્યાં. તેમણે ન્યાયાધીશ સમક્ષ રજૂ કરવા જણાવ્યું પરંતુ મોડું થઈ જવાને કારણે તેમ થઈ શક્યું નહિ. તેમને લોક અપમાંને લોક-અપમાં રાખ્યાં. તેનો શ્રી લીલાવતીબહેને વિરોધ કર્યો. તેના પ્રતિભાવમાં પોલીસે તેમને ધમકાવ્યાં. અને તોછડી ભાષા વાપરી તમાચા માર્યા.

આ સમાચાર તાલુકાના અગેવાનોની જાણમાં આવ્યા. શ્રી. શિવાભાઈ આશાભાઈએ ''બોરસદ સત્યાગ્રહ ચળવળ'' માં એવું લખ્યું કે આ સ્ત્રી જાતિનું અપમાન છે. અને તેના વિરોધમાં તા. ૨૧-૧-૧૯૩૧ના દિવસે ''સ્ત્રી સિતમ દિન'' ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું. તાલુકાના ગામેગામથી બહેનો બોરસદ આવે, સભા ભરે, સરઘસ કાઢે. એ રીતે જાહેરમાં વિરોધ પ્રગટ કરે. જિલ્લા કલેક્ટરે આ કાર્યક્રમ નિષ્ફળ બનાવવા માટે નિર્ણય કર્યો. તેમ છતાં જાન્યુઆરીની ૨૧મીએ સવારથી જ આજુબાજુનાં ગામડાંઓમાંથી બહેનોની ટુકડીઓ આવવા લાગી. ''બોચાસણ, આંકલાવ, ભાદરણ, રાસ, ઢૂંઢાકૂવા, વડદલા, સુણાવ એમ જુદાં જુદાં ગામેથી બહેનો બોરસદ ઊતરી પડી.''[૩૬] બોચાસણમાંથી શ્રી ગંગાબહેન વૈદ્ય અને છાવણીની બીજી બહેનો જોડાઈ હતી. તેમની સાથે બોચાસણ ગામમાંથી ૨૫ થી ૩૦ બહેનો જોડાઈ.''[૩૭] યાદી માટે જુઓ પરિશિષ્ટ ૨.

આખા તાલુકામાંથી ૧૯૦૦ જેટલી બહેનો એકઠી થઈ. તેમને બોરસદની ચારે બાજુની ધર્મશાળાઓમાં ઉતારા આપ્યા. ધર્મશાળાઓ પર સખત પોલીસ જાપતો ગોઠવાયો હતો. તેમ છતાં જુદે જુદે સ્થળેથી બહેનો સરઘસ આકારે બજારમાં નીકળી. અને શ્રી. ગંગાબહેન વૈદ્યના નેતૃત્વમાં આઝાદ-મેદાન-ફૂલબાઈ માતાના મંદિર આગળ સભા યોજાઈ. રાષ્ટ્રધ્વજ ફરકાવવાની તૈયારી થતી હતી. એટલામાં તો ફોજદાર સાથે પોલીસ ટુકડી આવી પહોંચી. અને લાઠીમાર શરૂ કર્યો. શ્રી ગંગાબહેન ઘવાયાં, માથું ફૂટ્યું. આ સરઘસમાં બોચાસણની

પાંચ-છ બહેનોએ લાઠીમારનો સ્વાદ ચાખ્યો.

આ સરઘસ પર પોલીસે ગુહ્યાંગો અને છાતી પર લાઠીમાર કર્યો. તેમજ ચોટલા ખેંચ્યા, બીભત્સ શબ્દો કહ્યા. તેમના પતિ વિશે અણછાજતું બોલીને માનસિક ત્રાસ આપ્યો. આ બધું ગાંધી મહાત્માનો માર્ગ સ્વીકારીને સ્ત્રીઓએ મૂંગા મોંએ સહન કર્યું.

આ પ્રસંગને બિરદાવતાં શ્રી ગિજુભાઈ બધેકા લખે છે : ''મહાત્માજીએ સારું કહ્યું છે કે અહિંસાની લડાઈ ચલાવી છે. નહિતર આ રણચંડીઓ ધારિયાં અને કોદાળી લઈ ઊપડે તો કોઈકના ઘર ખેદાનમેદાન કરે. આ બોરસદ તાલુકાની પટલાણીઓ ધીંગા શરીરની ધીંગી અને ઊંચી પટલાણીઓ વગર હથિયારે ઊપડે તોય પોતાનાં જાડાં બલોયાથી કઈકનાં માથાં ફોડી નાખે પણ ડોસા ગાંધી, તું ખરેખર ડાહ્યો છે. તને સૌએ બરાબર મહાત્મા કહ્યો છે. એક ગાલ પર તમાચો મારે તો બીજો ગાલ ધરવાનું કહેનાર પેગંબરની નાતનો છું તું. કલિયુગના ઓ અહિંસાના પેગંબર ! ભલે તું બહાર હો કે અંદર હો, પણ તારો વિજય થયો છે. તારી અહિંસાનો વિજય થયો છે.[૩૮]

જગતભરમાં લોકશાહી, માનવ હક્કોની હિમાયત કરનાર બ્રિટિશ સરકાર હિંદમાં આઝાદી માટે ચાલતી અહિંસક લડતને કચડી નાખવા પ્રયત્ન કરતી હતી. ત્યારે પ્રત્યક્ષ લોકશાહી ધરાવતા સ્વિટ્ઝર્લૅન્ડ જેવા દેશોનું ધ્યાન આ તરફ ગયું. ત્યાંના યુવાનેતા મિ. ઝીમરમેને બોરસદ તાલુકાની આ લડતની તા. ૧૫-૧૨-૧૯૩૧ના રોજ મુલાકાત લીધી. લડતને નજરોનજર નિહાળી અભિપ્રાય દર્શાવતાં જણાવ્યું :

''આ હિલચાલ અદ્ભુત છે અને જગતમાં એનો જોટો નથી. સત્ય અને અહિંસામાં માનનારા હજારો યુવકો જર્મનીમાં છે. હું અહિંસામાં માનનારો છું અને ખરેખર તે આચરણમાં ઉતારાતી જોઈ મને બહુ આનંદ થાય છે.''

''આખા હિન્દમાં હું જ્યાં જ્યાં ફર્યો છું ત્યાં ત્યાં મેં બધી જાતના અને દરજ્જાના લોકો જોયા છે અને એમની સાથે વાતો કરી છે. મને એક પણ માણસ આ દેશમાં એવો નથી મળ્યો કે જે હિંદને સ્વતંત્ર થયેલું જોવા ન ઇચ્છતો હોય. આવા દેશમાં સ્વતંત્ર થવાની ઇચ્છા છે અને કોઈ તેને મારી શકે તેમ નથી.''

''સરકાર કહે છે કે ફક્ત થોડા માણસો જ ઇંગ્લૅન્ડથી સ્વતંત્ર થવા માગે છે. દેશના મોટા ભાગના લોકોને તો ચાલુ સરકાર જ જોઈએ છે. મેં મારી સગી આંખે જોયું છે કે એ તો હડહડતું જુઠ્ઠાણું છે. આખો હિંદ સ્વતંત્ર થવા માગે છે.''

''મેં અનુભવથી જોઈ લીધું છે કે પૂર્વના દેશોમાં અંગ્રેજ લોકોનું વર્તન તુમાખીભર્યું છે. લોકોની સાથે ભળતાં એ તો અભડાઈ જાય છે. હિંદમાં અંગ્રેજ અમલદાર પણ એવો જ છે. અરે એનામાં તો જાણે આત્મા જેવું કોઈ તત્ત્વ જ નથી.''

''પહેલાં તો મારો વિચાર હિંદમાં રહીને જ ચાલુ લડતમાં ભાગ લેવાનો હતો, પણ મને લાગે છે કે સ્વદેશ પાછા જઈને મેં જે જે અહીં જોયું છે, અને સાંભળ્યું છે તે બધું આખા યુરોપને જણાવું તો હિંદની વધારે સેવા થશે. આખો શિયાળો ગાંધીજી અને એમની લડત વિશે વ્યાખ્યાનો આપવામાં જ વિતાવવાનો છું.''

''ગાંધીજી એ સમાધાન કરવાની ના પાડી તે સારું થયું છે. સરકાર તો એમને છેતરત જ. ગોળમેજી પરિષદથી કંઈક વળવાનું નથી. હું ધારું છું કે હાલની રીતે વસંતઋતુ બેસતાં તો સરકાર થાકી જશે ને ગાંધીજી તથા મહાસભાના પ્રતિનિધિઓ સાથે મસલત ચલાવશે અને ત્યારે જ આ લડતનો નિવેડો આવશે.''[૩૯]

આ સમય દરમિયાન મહાસભા દ્વારા નાનામોટા કાર્યક્રમો જે બોરસદ તાલુકાનાં ગામડાંઓમાં નિયમિત થતા તેમાં વસતીગણતરી બહિષ્કાર, મતદાનના બહિષ્કાર દ્વારા સરકાર સાથે અસહકાર કરતા. રોજ સભા,

સરઘસના કાર્યક્રમ થતા. બોચાસણમાં બડી મૂછવાળા જમાદારનો ત્રાસ હોવાથી સભા, સરઘસના કાર્યક્રમો સવારે પ્રભાતફેરી કાઢવામાં આવતી. સાંજે મસાલ સરઘસ નીકળતું, તેમાં આબાલવૃદ્ધ સૌ જોડાતાં. રોજ સરઘસ નીકળતું. આ કાર્યક્રમોમાં વાનરસેના પણ જોડાતી. બોચાસણમાં નિયમિતપણે આવી પ્રવૃત્તિઓ થતી હોવાથી અહીં પોલીસ થાણું થયું. અહીંની પોલીસ વાનરસેના પર પણ સોટી ચાર્જ કરવામાં પાછી પાની ન કરતી. વાનરસેનાને પકડીને ડભાસી તરફના ચરા સુધી લઈ જતી. ડરાવી ધમકાવીને છોડી મૂકતી. આ વાનરસેનાની નામાવલી પરિશિષ્ટમાં છે.

''વાનરસેના વિશે મહાત્મા ગાંધી જણાવે છે કે, '.....ગંગાબહેન અને તેમની સાથેની બહેનોએ મનમાં ક્રોધ આણ્યા વિના જુલમગારોનો પડકાર કર્યો. અને આપણાં બાળકો-આપણી વાનરસેના ! આ બાળકો જેમણે રમકડાં, પતંગો અને ફટાકડાનો ત્યાગ કર્યો અને સ્વરાજના સૈનિક બન્યા. તેમને તમે હિંસક લડાઈમાં શી રીતે સામેલ કરી શકત ? આપણે કરોડો સ્ત્રી-પુરુષો અને બાળકોને સ્વરાજના સૈનિક બનાવી શક્યા તેનું એક માત્ર કારણ એ હતું કે આપણે અહિંસાની પ્રતિજ્ઞાથી બંધાયેલા હતા.''[૪૦]

સરકારે મહાત્મા ગાંધીજી અને નેતાઓને ૧૯૩૧ના જાન્યુઆરીમાં બિનશરતી છોડ્યા. હિંદના બ્રિટિશ વાઈસરૉય લૉર્ડ ઈરવીન સાથે વાટાઘાટો ચાલી. તેમાં લોકોની હરાજ થયેલી જમીનો પાછી મળે, લડત દરમિયાન રાજીનામાં આપી છૂટા થયેલા મુખી, તલાટી, મતદારો અને અમલદારો વગેરેને બિનશરતે નોકરી પર પાછા લેવાના. સરકારે આ મુદ્દા સ્વીકાર્યા. બોરસદમાં સ્ત્રીઓ પર થયેલા પોલીસ અત્યાચાર અંગે તપાસ પંચ નિમવા કાગ્રેસનો આગ્રહ હતો. વાઈસરૉય તેને માટે તૈયાર ન હતા. આ બાબત પર સમાધાન તૂટી પડે તે ગાંધીજીને યોગ્ય ન લાગ્યું. વળી સરકારે દારૂનાં પીઠાં અને વિદેશી કાપડની દુકાનો પર શાંત પિકેટિંગ કરવાનો પ્રજાનો હક્ક સ્વીકાર્યો તેટલાથી ગાંધીજીએ સંતોષ માન્યો. છેવટે બન્ને પક્ષોને સ્વીકૃત થયેલી શરતો નક્કી કરવામાં આવી અને ૧૯૩૧ના માર્ચની ૫ મીએ ગાંધી ઈરવીન કરાર પર સહી સિક્કા થયા.

કરાર થયા પછી મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ અને મહાદેવભાઈ ૧૨મી માર્ચે બોરસદ આવ્યા અને તાલુકાના કેટલાક હિજરતી ગામોની મુલાકાત લીધી. બોરસદની સભામાં ના-કરની લડતને બિરદાવતાં તેઓએ કહ્યું, ''તમારી વીરતાનું યશોગાન ઈતિહાસ ગાશે. મારું હૃદય ગાઈ રહ્યું છે. અને હું એ પ્રગટ કરી રહ્યો છું. ખેડામાં સ્થળે સ્થળે થર્મોપોલી થઈ. એ વચનમાં એ અતિશયતાનો દોષ પહોંચ્યો હોય તો એ દોષ તમે જ સુધારી લેજો. મારું ભાટચારણનું કામ નથી. મારે તો તમને કીર્તિને યોગ્ય બનાવવા છે. એટલે જેટલી સ્તુતિના તમે અધિકારી હો તેટલી સ્વીકારજો.''[૪૧]

સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું કે, સ્વરાજની ચાવી સંઘ અને સહકાર છે. માટે કજિયા-કંકાસ છોડો. રાસને માર્ચની ૧૬મીએ ગામ-પ્રવેશ કરવાની સલાહ આપી અને કહ્યું, ''સ્વરાજ વિના આ લડત બંધ રહેવાની નથી. રાસને પગલે પગલે તાલુકાના બોચાસણ વગેરે ગામોએ પણ ગામમાં પ્રવેશ કર્યો. બોચાસણે ના-કરની લડતમાં જે ભાગ ભજવ્યો તે વિશે મહાદેવભાઈ દેસાઈ લખે છે.'' બોચાસણે સત્યાગ્રહમાં બહુરંગ રાખ્યો હતો.''[૪૨]

આ લડત ૧૯૩૦ના ઑકટોબરના મધ્ય ભાગમાં શરૂ થઈ હતી. ખેડૂતો ૧૯૩૧ના માર્ચની ૧૫મી સુધી હિજરતમાં રહ્યા હતા. આ લડત દરમ્યાન મહાત્મા ગાંધીજી બોરસદમાં રહ્યા હતા. અને તાલુકાના ગામોમાં ફરતા હતા. તે સમયે બોરસદ તાલુકાની શૈક્ષણિક, સામાજિક અને આર્થિક દૃષ્ટિએ પછાતકોમોના બાળકોના સર્વાંગીણ વિકાસ માટે બોચાસણ ખાતે વિદ્યાલય શરૂ કરવાનો વિચાર આચાર્ય કાકાસાહેબ કાલેલકરની પ્રેરણાથી કરવામાં આવ્યો. સત્યાગ્રહની લડતમાં બોચાસણની સીમમાં સત્યાગ્રહ આશ્રમની બહેનોની છાવણી ચાલતી હતી. ત્યાં બહેનો શાળા ચલાવતી. તેની યાદગીરી રહે તે માટે અહીં વિદ્યાલય સ્થપાય તેમ ગાંધીજી પણ ઈચ્છતા હતા.

'ગામ લોકોએ તે માટે ઉત્સાહ બતાવ્યો અને જમીનના ખર્ચ માટે રૂપિયા પાંચસો આવ્યા.'[૪૩]

૧૯૩૧ના મે મહિનાની છઠ્ઠીએ મહાત્મા ગાંધીના કરકમળોએ વિદ્યાલયનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું અને તેના કામમાં વપરાયેલાં લેલાં બોચાસણના શ્રી.કાળીદાસ પાનાચંદ શેઠે હરાજીમાં રાખી લીધાં.[૪૪] એ દ્વારા એમણે રાષ્ટ્રીય કાર્યક્રમમાં પોતાનો ફાળો નોંધાવ્યો.

વાઈસરૉય ઈરવીન સાથે ગાંધીજીએ કરાર કરતાં બોરસદ તાલુકાના હિજરતી લોકોએ ગામમાં પુનઃ પ્રવેશ કર્યો હતો. કાગ્રેસ અને સરકાર બન્નેએ હથિયાર હેઠાં મૂક્યાં હતાં. અને લડત અંગેની પત્રિકાઓ પ્રસિદ્ધ ન કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ખેડૂતોને મહેસૂલ ભરવાની તૈયારી કરવા જણાવ્યું. તો બીજી તરફ જ્યાં મુશ્કેલી હોય ત્યાં મહેસૂલ મોકૂફ રાખવા કે માફ કરાવવાના બીજા રસ્તા લેવા સલાહ આપવામાં આવી. કાગ્રેસના ફરમાનથી ખેડા જિલ્લાની લડતને દોરતી, પ્રેરતી અને પોષતી ખેડા જિલ્લા પત્રિકા ૯મી માર્ચ અને બોરસદ સંગ્રામ સમાચાર પત્રિકા ૧૦મી માર્ચે બંધ થયાં.[૪૫]

હજી હિજરતી ખેડૂતો ગામમાં પ્રવેશ્યા નહતા. તેઓ ગામમાં પ્રવેશે તે માટે પોરસાવવા કંઈક પ્રકાશનની જરૂર હતી. એટલે નામ વિનાની કેવળ નંબરવાળી પત્રિકાઓ ૧૦મી માર્ચથી ૨૦મી માર્ચ સુધી બોરસદ છાવણીમાંથી પ્રકાશિત થઈ. તેમાં સરદાર વલ્લભભાઈ પટેલનાં હિજરતી ગામોના પ્રવાસનું વર્ણન હતું.

ગાંધી-ઈરવીન કરાર પછી હિજરતીઓની મુશ્કેલીઓ ઘટશે એવી ધારણા હતી. જો કે મહાસભાએ મહેસૂલ ભરવા તૈયાર રહેવાની ખેડૂતોને સલાહ આપી હતી. પરંતુ હિજરત પછી ખેડૂતોની આર્થિક સ્થિતિ તદ્દન બદલાઈ ગઈ હતી. તેમની મહેસૂલ ભરવાની શક્તિ જ રહી ન હતી. રાસ સાથે બોચાસણ છેવટ સુધી રહ્યું હતું. મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, કાકાસાહેબ કાલેલકર, દરબાર ગોપાળદાસ વગેરે નેતાઓ અહીં આવીને પ્રેરણા, પ્રોત્સાહન અને ઉત્તેજન આપતા હતા.

આ લડતમાં ખુવાર થનાર ખેડૂતોના સવાલોનું સુખદ સમાધાન કરવા સારુ ગાંધીજી બોરસદ તાલુકામાં વારંવાર આવ્યા. તે માટે ૩૫ દિવસ આપ્યા. ખેડા જિલ્લાના કલેક્ટરને પણ મળ્યા. ને ગોળમેજી પરિષદમાં હાજરી આપવા માટે લંડન ગયા. આ પરિષદમાં હિન્દીઓ અને બ્રિટિશ સરકાર વચ્ચે એકમતી ન સધાઈ. ગાંધીજી ખાલી હાથે પાછા ફર્યા. હિંદમાં આવતાં પહેલાં પંડિત જવાહરલાલ નહેરુ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, ઈત્યાદિ દેશનેતાઓને સરકારે પકડી લીધા હતા. તા. ૪થી જાન્યુઆરી, ૧૯૩૨ના રોજ ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની પણ ધરપકડ કરવામાં આવી. લૉર્ડ ઈરવીનની જગ્યાએ નવા વાઈસરૉય લૉડ વિલિંગડનની સરકારે રાષ્ટ્રીય ચળવળની સામે ૧૯૩૦માં લીધેલાં પગલાં કરતાં વધુ કડક પગલાં લેવાનું નક્કી કર્યું.[૪૬]

જગતમાં બ્રિટનનું સામ્રાજ્ય વિશાળ હતું. તેનો સૂર્યાસ્ત જ થતો નહોતો. તેની સામે સશસ્ત્ર લડાઈમાં આપણે ફાવીએ નહિ. આ સરકારને ફફડાવવા તો બલિદાનની, ફનાગીરીની ભાવના, ત્યાગ, સહનશીલતા જેવી કડી તાકાત જ ઉપયોગી નીવડે. સફળ થઈ શકે. આમ જનતાના અસહકાર સામે કોઈપણ શક્તિશાળી સરકાર ટકી ન શકે એમ મહાત્મા ગાંધીજી માનતા હતા. બોરસદ તાલુકાનાં કેટલાંક ગામોએ લડતના નવા તબક્કામાં આ ઠંડી તાકાતનું દર્શન કરાવ્યું.

સરકારે કરારભંગ કર્યો. સરકારની આ છેતરપિંડી સામે પ્રજાનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો અને મહેસૂલ નહિ ભરવા માટે દૃઢ નિશ્ચયી બની. સરકારે મહેસૂલ વસૂલ કરવા શક્તિનું શસ્ત્ર અજમાવ્યું. સવિનય કાનૂન ભંગની આ લડતમાં બોચાસણ ગામના પાટીદારોની ૨૫૦ થી ૩૦૦ ભેંસો એકી સાથે જપ્ત કરવામાં આવી તે બોરસદ લઈ જવામાં આવી. ત્યાં હરાજ કરી પાણીના મૂલે વેચી નાખી. તેમજ શ્રી શિવાભાઈ ખોડાભાઈ, શ્રી નરસિંહભાઈ બાબરભાઈ, શ્રી નારણભાઈ માધાભાઈ, તથા શ્રી ભવાનભાઈ સોમાભાઈ

બારૈયાની જમીનો સરકારે હરાજ કરી. શ્રી શિવાભાઈ ખોડાભાઈની પોણો વીઘુ જમીન મહેસૂલ નહિ ભરવા માટે પચાસ રૂપિયામાં વેચી મારી.[૪૭] આમ પ્રજા પર સરકારે ભારે દમન આચર્યું. મિલકત અને જમીન હરાજ થવા છતાં ખેડૂતો મક્કમ રહ્યા.

સરકાર ના કરની લડતમાં ભેદની નીતિ અપનાવી પ્રજાનો જુસ્સો તોડવા માંગતી હતી. મધદરિયે આવેલું વહાણ ન ડૂબે તે આગેવાનોએ જોવાનું હતું. ખેડા જિલ્લા કોંગ્રેસે પ્રજાનું ખમીર ટકાવવા વિવિધ કાર્યક્રમો આપ્યા. દિવસ અને સપ્તાહોની ઉજવણી દ્વારા બોરસદ તાલુકાના સત્યાગ્રહીઓનું મન પ્રવૃત્તિઓમાં રોકી રાખવામાં આવ્યું. આ કાર્યક્રમોમાં સરઘસ કાઢવું, પત્રિકાઓ વહેંચવી, વિદેશી કાપડની હોળી કરવી, કે પિકેટિંગ કરવું, દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરવું, સભા ભરવી ઇત્યાદિ પ્રવૃત્તિઓ ગોઠવવામાં આવતી.

બોચાસણના લોકો રોજ સવાર-સાંજ સરઘસ કાઢતા. આગેવાન વ્યક્તિના હાથમાં રાષ્ટ્રધ્વજ હોય. સૂત્રોચ્ચાર કરતાં કરતાં સરઘસ ગામમાં ફરી ચબૂતરા આગળના ભાગમાં સભાના રૂપમાં ફેરવાઈ જતું. બોરસદમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરવા ડાકોર અને અન્ય સ્થળોએ સ્ત્રી-પુરુષો જતાં. આમાં સ્ત્રીઓ વધુ સક્રિય હતી. પોલીસ એમને પકડી કિંખલોડ, આંકલાવ, વડદલા વગેરે ગામોમાં મૂકી આવતી. તેથી તેમને સાંજે પોતાના ગામ આવવામાં મુશ્કેલી પડતી. પુરુષો તેમની ભાળ કાઢી વાહનો ભાડે કરી લઈ આવતા. આવી મુશ્કેલીઓ હોવા છતાં સ્ત્રીઓ હિમ્મતથી, પ્રેમથી પિકેટિંગનું કામ કરતી હતી. પુરુષો પત્રિકાઓ વહેંચવાનું કામ કરતા. નજીકનાં ગામો ખડાણા, વીરસદ, વીરોલ, સીમરડા, રૂપિયાપુરા, દાવલપુરા, સુંદરણા, વડદલા અને ખાનપુર વગેરે ગામોમાં જઈ લોકો મહેસૂલ ન ભરે તેવું સમજાવતા. આ કામમાં શ્રી શિવાભાઈ ખોડાભાઈ, શ્રી નારણભાઈ માધાભાઈ, શ્રી ચતુરભાઈ શિવાભાઈ, શ્રી આદિત્યભાઈ શિવાભાઈ તથા શ્રી ભવાનભાઈ સોમાભાઈ બારૈયાએ અગત્યનો ભાગ ભજવ્યો.

ગામમાં સભા-સરઘસ થાય ત્યારે પોલીસ પણ અત્યાચાર ગુજારતી. કોઈપણ જાતની સૂચના આપ્યા વિના લાઠીમાર શરૂ કરતી. શ્રી નારણભાઈ માધાભાઈ પટેલ ખૂબ તરવરિયા યુવાન હતા. તે પોલીસની આંખમાં આવી ગયા હતા. તક મળે પોલીસ તેમને બરાબર પદાર્થપાઠ ભણાવવા માગતી હતી. એક દિવસ તેમના મિત્ર શ્રી ખુશાલભાઈ શિવાભાઈ પટેલે તેમનાં કપડાં પહેર્યાં હતાં. દેખાવમાં બંને સરખા હતા. તે દિવસે સરઘસ પર લાઠીમાર થયો. શ્રી નારણભાઈ સમજી તેમને ખૂબ પીટ્યા. અધમૂઆ થઈ ગયા.

વાનરસેના 'સ્વાતંત્ર્ય સંગ્રામ સમાચાર' પત્રિકાઓ ફળિયે-ફળિયે વહેંચવાનું કામ કરતી. તેમાંશ્રી શંકરભાઈ શિવાભાઈ પટેલ, શ્રી નરોત્તમ ભઈલાલભાઈ પટેલ, શ્રી શાન્તિભાઈ ધૂળાભાઈ પટેલ અને શ્રી મગનભાઈ નાથાભાઈ પટેલ મુખ્ય હતા.

૧૯૩૦-૩૨ની આ લડતનો કાર્યક્રમ શ્રી. શિવાભાઈ આશાભાઈ પટેલ ગોઠવતા. ''બોરસદ સંગ્રામ સમાચાર'' પત્રિકામાં તે બહાર પાડતાં. આ પત્રિકાઓ ગામેગામ પહોંચે તે માટે સ્વયંસેવકોની ટુકડી ઊભી કરવામાં આવી હતી. બોચાસણમાંથી પાંચ ભાઈઓ જ આ કામગીરી સંભાળતા હતા. તેમનાં નામ આગળ આવી ગયાં છે.

આ લડત સમયે દરબાર ગોપાળદાસે બોરસદ મામલતદાર કચેરીમાં ધ્વજ ફરકાવવાનું સૂચવ્યું. તેમાં તેમના દીકરા શ્રી. મહેન્દ્રભાઈ તથા બોચાસણનો શ્રી આદિત્યભાઈ શિવાભાઈ પટેલ તૈયાર થયા. તેમણે બંનેએ રાષ્ટ્રધ્વજ કેડે બાંધ્યો. હાથમાં લાકડી લઈને ગામડાના માણસની જેમ જ્યાં કેસ ચાલતા હતા ત્યાં કૉર્ટમાં જઈને બેસી ગયા. સિફતથી કેડેથી રાષ્ટ્રધ્વજ કાઢી લાકડીમાં ભેરવીને ''ઇન્કલાબ ઝિંદાબાદ'' સૂત્રોચ્ચાર કર્યો. પોલીસે સીટી વગાડી. પાસેની પોલીસ લાઈનમાંથી પોલીસ આવી પહોંચી. તેમને બન્નેને પકડી લીધા. ગડદાપાટુ મારી અધમૂઆ કરી દીધા. તે વખતે બોરસદ તાલુકાના મામલતદાર શ્રી મોહનલાલ શાહ હતા. તેમના રૂઆબ અને કડકાઈને કારણે લોકોમાં તે 'છોટા કમિશ્નર' તરીકે ઓળખાતા હતા. તેમની કૉર્ટમાં કેસ

ચાલ્યો. છ માસની સજા ફરમાવી, સાબરમતી જેલમાં પહોંચાડી દીધા.[૪૮]

આ સમયે વલસાડ તાલુકામાંથી સ્વયંસેવકોની માગણી આવી. તેમાં દરબાર સાહેબે બોચાસણમાંથી શ્રી આદિત્યભાઈ શિવાભાઈ પટેલ, શ્રી નારણભાઈ માધાભાઈ પટેલ, શ્રી શંકરભાઈ ધનજીભાઈ પટેલની પસંદગી કરીને મોકલ્યા. ત્યાં તેઓ દારૂના પીઠા પર પિકેટિંગ કરતા, સરઘસ કાઢતા, પત્રિકાઓ વહેંચતા. અહીં તેમને પોલીસે પકડ્યા. કેસ ચાલ્યો. ત્રણ માસની સજા થઈ.

આ લડત દરમિયાન બોચાસણમાં સવાર-સાંજ સરઘસ કાઢ્યું. પિકેટિંગ કરવા બોરસદ જવું, પત્રિકા વહેંચવી, રાષ્ટ્રધ્વજનું સન્માન થાય તેવા કાર્યક્રમ હાથ ધરવા, તેમજ મહેસૂલ ન ભરવા માટે લોકોને સમજાવવા જવું. લોકોને ખાદી પહેરતા કરવા વગેરે કાર્યક્રમ ગોઠવતા. મહાસભાના સભ્યોની નોંધણી કરવી. તે સમયે બોચાસણમાંથી ૫૦૦ જેટલી સભ્ય નોંધણી કરી હતી.

રાષ્ટ્રીય સપ્તાહની ઉજવણી નિમિત્તે કાંતણ યજ્ઞ ગોઠવાયો હતો. પોલીસે ઓચિંતા જ છાપો મારી લાઠીમાર શરૂ કર્યો. તેથી શ્રી ડાહ્યાભાઈ મંગળભાઈ પટેલ નામનો કિશોર પોલીસના મારથી મરી ગયો. આઝાદી આંદોલનને દબાવવા, કચડી નાખવા સરકાર અત્યાચાર આચરતી, સિતમ ગુજારતી. પરંતુ સરકારી હુકમનો અનાદર કરીને બોચાસણની પ્રજા સભા ભરતી, સરઘસ કાઢતી, સરકારના જુલમો છતાં બોચાસણની પ્રજા શાન્ત અહિંસક પ્રતિકાર કરતી રહી. સરકારે સિતમ ગુજારી, અત્યાચાર, કરીને અઠવાડિયામાં મહાસભાનું નામોનિશાન મિટાવી દેવાની ખ્વાઈશ રાખી હતી.

હિંદમાં જુલમ અને અત્યાચારનો કોરડો સરકાર વીંઝી રહી હતી. પ્રજા તેનો સામનો અહિંસક રીતે કરતી હતી. તેના અહેવાલ ઇંગ્લેન્ડ પહોંચ્યા હતા. તેમાં રસ લેનાર એ સમાચાર ધ્યાનથી વાંચતા. ઇંગ્લેન્ડના તત્ત્વજ્ઞાની બર્ટ્રાન્ડ રસેલ આ હકીકતોથી વાકેફ થયા હતા. તેમણે જાહેર કર્યું કે, ''જર્મનીના નાઝીઓના જેવા જુલમો હિન્દી સરકાર હિન્દના લોકો પર વરસાવી રહી છે.'' ત્યાં ઇન્ડિયા લીગ નામની એક સંસ્થા હતી. અંગ્રેજો પણ તેના સભ્ય હતા. તેના મંત્રી વી.કે.કૃષ્ણમેનન હતા. મિસ વિલકિનસન નામની અંગ્રેજ બાઈને હિન્દની આઝાદીની લડતમાં ભારે રસ. તેને હિંદની આઝાદીની લડત પ્રત્યક્ષ જોવાનું મન થયું. પોતાના અનુભવ મેળવી અંગ્રેજ પ્રજાને સાચી હકીકતથી માહિતગાર કરવાનું નક્કી કર્યું. આ સંસ્થાએ ત્રણ સભ્યોનું પ્રતિનિધિ મંડળ મોકલ્યું. તેમાં વી.કે.કૃષ્ણમેનન, મિસ વિલકિનસન અને બીજા એક અંગ્રેજ સદ્‌ગૃહસ્થ હતા. તે ભારતમાં બધે ફરતા ફરતા ગુજરાતમાં ચાલતી આઝાદીની લડત જોવા આવ્યાં. તેમણે ઘણા લોકોને મળી હકીકતો મેળવી. તે જ્યાં જ્યાં જાય એની પોલીસ ખાતાને જાહેરાત થઈ જાય એટલે લાઠીમાર થતા નહિ. આ પ્રતિનિધિ મંડળને લાઠીમારના પ્રસંગનું દશ્ય જોવું હતું. પણ જોઈ શકાતું ન હતું. તેને માટે યોજનાપૂર્વક ગોઠવણ થવી જોઈએ. તેઓ કોઈ ગામડામાં છૂપી રીતે જાય, ત્યાં સરઘસ કે સભા ગોઠવાય, ત્યાં પોલીસથાણું પણ હોય તો જ લાઠીમાર થાય અને તે પ્રત્યક્ષ જોવા મળે.

આવા લાઠીમારના પ્રસંગ ખેડા જિલ્લામાં બહુ જ બનતા. આવા પ્રસંગોમાં જિલ્લાનું પોલીસતંત્ર પાવરધું હતું. તેથી ગુજરાત પ્રદેશ કોં. સમિતિએ પ્રતિનિધિ મંડળને લાઠીમારનું દશ્ય જોવા મળે તે માટે શ્રી શિવાભાઈ આશાભાઈ પટેલને, ભાદરણ તરફ મોકલી દીધા. આ કામ મુશ્કેલ હતું. તેમણે બોરસદ તાલુકાના કાર્યકર્તાઓ સાથે વિચાર-વિમર્શ કરીને બોરસદ તાલુકાનું બોચાસણ ગામ તે માટે પસંદ કર્યું. તે માટે દિવસ નક્કી કરવામાં આવ્યો. પોલીસ ખાતાને ખબર ન પડે તે રીતે પ્રતિનિધિ મંડળના સભ્યો પાટલી રાત્રે બોચાસણ ગામમાં પહોંચી ગયા. રામજી મંદિર પાસેના શ્રી. નટવરલાલ છગનભાઈ સોનીના મકાન પર તેમને ઉતારો આપવામાં આવ્યો. બીજા દિવસે કાર્યક્રમની ઉજવણી કરવાનું અગાઉથી નક્કી થયું હતું. આ કાર્યક્રમ સરસ ઉજવવો એવું ગામમાં વાતાવરણ ખડું કર્યું હતું. સવારે નવ વાગે સરઘસનો કાર્યક્રમ હતો. તે દિવસે વહેલી સવારથી તેની તૈયારી થવા માંડી. પોલીસને જાણ થઈ. તેમણે કહેવડાવ્યું કે, સભા કે સરઘસ રાખશો નહીં.

અમને એવો હુકમ કે આદેશ છે કે એવું કંઈ થવા દેવું નહી. અમે તેમ થવા નહીં દઈએ. કેટલાક યુવકો ખૂબ જ ઉત્સાહમાં આવી ગયા હતા. સવારે નવ વાગે બ્યૂગલ ફૂંકાયું. અગાઉની સૂચના અનુસાર ગામનાં સ્ત્રી-પુરુષો નાનાભાઈની ખડકીમાં એકઠાં થઈ ગયાં. સરઘસ ગોઠવાયું. ભાઈઓ- બહેનો રાષ્ટ્રગીત ગાતાં ગાતાં ચાલવા લાગ્યાં. સૌથી આગળ બ્યૂગલ વગાડનાર પછી બે મોટા રાષ્ટ્રધ્વજ. એક રાષ્ટ્રધ્વજ શ્રી મનોરભાઈ નારણભાઈએ પકડેલો અને બીજો રાષ્ટ્રધ્વજ એક પટેલ બહેને પકડેલો. સરઘસ શરૂ થયું. એટલે પોલીસ લાઠીઓ લઈને નીકળી પડી. ખડકીને મોખરે સરઘસ રોકાયું. પોલીસે વિખરાઈ જવા સૂચના આપી. પણ કોઈ આઘુંપાછું થયું નહિ પછી વિખરાવાનો સવાલ જ ક્યાં હતો.

પોલીસની સૂચનાનો અમલ ન થયો. એટલે તે તેની કામગીરી કરવા લાગી. એક પોલીસે રાષ્ટ્રધ્વજવાળા ભાઈ પાસેથી ધ્વજ ખેંચવા માંડ્યો. શ્રી મનોરભાઈ રાષ્ટ્રધ્વજને પકડી રહ્યા હતા. સરઘસમાં ભાઈ-બહેનોએ વંદે માતરમ્ અને મહાત્મા ગાંધીની જયનો સૂત્રોચ્ચાર શરૂ કર્યો. સૂચનાનો અનાદર થતાં પોલીસ ખીજાઈ. લાઠીચાર્જ શરૂ કરી દીધો. બહેનોએ પણ રાષ્ટ્રધ્વજ જાનને જોખમે સખત રીતે પકડી રાખ્યો હતો. તેને પોલીસ વળગી પણ ધ્વજ ન છૂટ્યો એટલે બહેનો પર લાઠીચાર્જ કર્યો. એક બહેનનાં કપાળમાં લાઠી વાગતાં તમ્મર ખાઈને પડી ગઈ. મિસ વિલકિનસન અને કૃષ્ણમેનને ઝરુખામાંથી સ્વાતંત્ર્ય સૈનિકો પર થતો લાઠીચાર્જ જોયો અને એ દશ્યના ફોટોગ્રાફ પાડ્યા. આ ઘટનાને અગાસીમાંથી જોતાં જોતાં મિસ વિલકિનસનના હૃદયને ભારે આઘાત લાગ્યો. અસ્વસ્થ બની ગયાં. ને ગબડી પડવાનો અગાસીમાં અવાજ થયો. તેથી કોઈ પોલીસની નજર ત્યાં ગઈ. તેમને શંકા પડી કે કંઈક છે. તેથી લાઠીચાર્જ પર બ્રેક મારી આમાં દશેક ભાઈબહેનો ઘવાયાં હતાં. સરઘસે આગેકૂચ કરી. પોલીસ ઝંખવાણી પડી ગઈ અને ખસી ગઈ. પ્રતિનિધિ મંડળના બીજા બે સભ્યો વિલિયમ મેટર્સ અને મિસિસ વિલિયમ મેટર્સ લાઠીચાર્જના સમાચાર સાંભળી બોરસદ દોડી આવ્યાં. તેઓ પણ ઘવાયેલા સ્વાતંત્ર્ય સૈનિકોને જોઈને ભારે દુઃખી થયાં. આ હકીકત તેમણે દેશ-વિદેશના વર્તમાનપત્રોમાં પ્રગટ કરી. આ કિસ્સાથી તેમને લાઠીચાર્જનો સાચો ખ્યાલ આવ્યો. હિન્દના લોકોની હિંમત અને અહિંસક વૃત્તિનાં પ્રત્યક્ષ દર્શન પામી તેઓ આશ્ચર્યચકિત થઈ ગયાં.

**પ્લેગ સામે જેહાદ :**

સન ૧૯૩૪ થી ૧૯૩૫ના સમયમાં બોરસદ તાલુકામાં પ્લેગ ફાટી નીકળ્યો હતો. તે માટે બોરસદમાં છાવણી નાખવામાં આવી હતી. સરદાર પટેલ, દરબાર ગોપાળદાસ, ડૉ. ભાસ્કર પટેલ વગેરેની આગેવાનીમાં સો જેટલા સ્વયંસેવકોની ટુકડી બનાવી હતી. તેમાં બોચાસણના શ્રી ચતુરભાઈ શિવાભાઈ પટેલ, શ્રી શિવાભાઈ ખોડાભાઈ પટેલ, શ્રી હરમાનભાઈ માધાભાઈ પટેલ, શ્રી શંકરભાઈ ધનજીભાઈ પટેલ અને શ્રી ભવાનભાઈ સોમાભાઈ બારૈયા સ્વયંસેવક તરીકે જોડાયા હતા. તાલુકાનાં ગામોમાં ફરી સ્વચ્છતા અને આરોગ્યની પત્રિકાઓ ગામેગામ પહોંચાડવાનો અને સામૂહિક સફાઈનો કાર્યક્રમ ઉપાડેલો. સફાઈના કાર્યક્રમમાં ઘરને ખૂણે-ખાંચરે, ઓરડા, ઓસરીઓ, છાપરાં, કોઢ, આંગણાં અને શેરીઓની સફાઈ ઝુંબેશ ચલાવી હતી. ઠેરઠેર જંતુનાશક દવાઓ છાંટવી, ગાદલાં, ગોદડાં, પથારીઓ બહાર કઢાવી તડકે નખાવવાં જેવાં કામોમાં આ ભયંકર ચેપીરોગમાં જીવનું જોખમ વહોરીને પણ સ્વયંસેવક તરીકે હિમ્મત અને ઉત્સાહથી કામ કર્યું. આ સ્વયંસેવકોને દશદશની ટુકડીમાં મોકલવામાં આવતા. આ કામ કરતાં કરતાં જે પહેલો મરે તેનું સ્મારક બનાવનું તેવું આ ટુકડીના સભ્યોએ નક્કી કરેલું. પરંતુ કોઈનું મરણ થયું નહિ.

**હરિપુરા કાગ્રેસમાં :**

સન ૧૯૩૮માં સુરત જિલ્લાના હરિપુરા ગામે કાગ્રેસનું અધિવેશન ભરાયું હતું. તેના સ્વાગત પ્રમુખ દરબાર ગોપાળદાસ હતા. આ અધિવેશનમાં બેએક લાખ માણસો આવવાની સંભાવના હતી. તેમના નિવાસ, રસોડું, ભોજનાલય, સફાઈ વગેરે કામો માટે સ્વયંસેવકોની જરૂર હતી. રસોડું અને ભોજનાલય

ટુકડીમાં બોચાસણના શ્રી આદિત્યભાઈ શિવાભાઈ પટેલ તથા શ્રી મનોરભાઈ પટેલ જોડાયા હતા. પીરસવું, કોઠારમાંથી વસ્તુઓ આપવી જેવાં કામો કરતા હતા. તેમાં દશ-પંદરની ટુકડી હતી. વાસણા-બોરસદના ભાઈઓ સાથે બોચાસણના સ્વયંસેવકો કામ કરતા હતા.

હરિપુરા કૉંગ્રેસમાં સફાઈ કામમાં બોચાસણના શ્રી. ભવાનભાઈ સોમાભાઈ બારૈયા જોડાયા હતા. તેમની સાથે ડભાસીના શ્રી પુરુષોત્તમ પટેલ, શ્રી દેવાભાઈ, શ્રી ખોડાભાઈ એમ પાંચ જણા હતા. તેઓ મેદાન સફાઈ, ઉતારા સફાઈ, જાજરૂ માટેના લોટા તેની જગ્યાએ ગોઠવવા જેવાં કામો સંભાળતા હતા. આ કામ સવારના સાત વાગ્યા પહેલાં કરી નાખવાનાં રહેતા. આ કામ દ્વારા સફાઈ અને સ્વચ્છતાનું વલણ ઘડાયું. અસ્પૃશ્યતા નિવારણ કરવાની ભાવના પેદા થઈ.

**૪. આખંરી ફેંસલો - ૧૯૪૨**

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટિશ સરકારની ખોટી નીતિનો પ્રથમ પ્રતિકાર કૉંગ્રેસે પ્રાંતિક સરકારોમાંથી નીકળી જઈને કર્યો. બીજો પ્રતિકાર વ્યક્તિગત સત્યાગ્રહની લડતથી કર્યો. એ પછી ક્રિપ્સ મિશન આવ્યું. તેણે જે દરખાસ્તો મૂકી તેનો અસ્વીકાર કરવામાં આવ્યો. તે ત્રીજો પ્રતિકાર હતો. જાપાન બીજા વિશ્વયુદ્ધમાં આગળ વધી રહ્યું હતું. વિજયવાડા અને કોકોનાડા પર બોમ્બ ફેંક્યા. તેની મનવરો બંગાળાના ઉપસાગરમાં ફરી રહી હતી. તેથી હિન્દ માટે બ્રિટન કે જાપાન સરખાં હતાં. હિન્દને પૂર્ણ આઝાદી ખપતી હતી તે અંગેના લેખો મહાત્મા ગાંધીએ 'હરિજન' પત્રોમાં લખવા માંડ્યા. અંગ્રેજો હિંદ છોડીને ચાલ્યા જાય તે માટે લડત આપ્યા સિવાય કોઈ આરો નહોતો. 'હિન્દ છોડો'નું આખરી એલાન કરવાનું કૉંગ્રેસે નક્કી કર્યું.

૧૯૪૨ના ઑગસ્ટની આઠમી તારીખની મધરાતે મુંબઈમાં મળેલી કૉંગ્રેસની મહાસમિતિએ અંગ્રેજો ચાલ્યા જાવ' (ક્વીટ ઇન્ડિયા) અને તેઓ હિન્દ ન છોડે તો તો તેમની સામે દેશવ્યાપી પ્રચંડ અહિંસક આંદોલન જગવવાનો ઠરાવ પસાર કર્યો. મહાત્મા ગાંધીએ 'કરેંગે આ મરેંગે'નો મંત્ર આપી સત્યાગ્રહની વિવિધ અને તમામ રીતો અજમાવવા આદેશ આપ્યો. સરદાર પટેલે દેશને 'તત્કાળ આઝાદી જોઈએ, એક પળ પણ ગુલામી ન ખપે' તેવી ભાવનાવાળો સંદેશ આપ્યો.

સરકારે ગાંધીજી અને કૉંગ્રેસના તમામ નેતાઓને ૯મી ઑગસ્ટે પકડી લીધા. આથી દેશભરમાં સભા, સરઘસ, હડતાલ વગેરે કાર્યક્રમો યોજી સરકાર સામે પ્રજાએ બંડ પોકાર્યું. તેને કચડી નાખવા સરકારે અત્યાચારો શરૂ કર્યા. એટલે અહિંસક આંદોલને હિંસક સ્વરૂપ ધારણ કર્યું. લોકોએ પોલીસ થાણાં, તાર-ટપાલ અને રેલવેને નુકસાન પહોંચાડ્યું. આ લડતની અસર ગામડાંઓ સુધી પ્રસરી. બોચાસણ જેવા નાનકડા ગામમાં શ્રી શંકરભાઈ શિવાભાઈ પટેલ, શ્રી નરોત્તમભાઈ ભાઈલાલભાઈ પટેલ, શ્રી ઠાકોરભાઈ નાથાભાઈ પટેલ, શ્રી ચતુરભાઈ શિવાભાઈ પટેલ, શ્રી શાન્તિભાઈ ધૂળાભાઈ પટેલ અને ગાના ગામના શ્રીનારણભાઈ મગનભાઈ પટેલે મળીને રૂદેલ, ધર્મજ, વડદલા, ભાદરણ અને સીસવાની ટપાલ લૂંટેલી. બોચાસણ-પેટલાદ વચ્ચે વિશ્રામપુરા પાસે રેલવે પરના ટેલિફોનના તાર કાપેલા. તેથી તેઓ નાસતા ફરતા હતા. શ્રી શંકરભાઈ શિવાભાઈ પટેલના મોટાભાઈ અમદાવાદમાં રહેતા હોવાથી અહીંથી નાસીને અમદાવાદ જતા રહેતા હતા. તે ખાડિયાની પોળમાં રહેતા. અહીં તેમને અમદાવાદના આગેવાનો શ્રી જયંતિ દલાલ, શ્રી નાનશા ઠાકોર, શ્રી વિનોદ ભટ્ટ, શ્રી નટવર લાખિયા સાથે પરિચય થયો. અમદાવાદના આ સ્વાતંત્ર્ય સૈનિકો અમદાવાદની પોલીસ ચોકીઓ પર સળગતા કાકડા નાખી સળગાવતા. તેમની સાથે બોચાસણના શ્રી મગનભાઈ નાથાભાઈ પટેલ અને શ્રી. નરોત્તમભાઈ ભાઈલાલભાઈ પટેલ જોડાયા હતા.

સ્વાતંત્ર્ય સૈનિકો અમદાવાદથી નાસીને બોચાસણ આવતા બોચાસણમાં તેમની ટુકડીના શ્રી ઠાકોરભાઈ નાથાભાઈ પટેલ, શ્રી. નારણભાઈ મગનભાઈ પટેલ વગેરેએ મળીને રાત્રે બોચાસણના સ્વામિનારાયણ મંદિરની ધજાને સ્થાને રાષ્ટ્રધ્વજ ફરકાવી દીધો હતો. તે રાત્રે જ ગામના જૂના ચોરે જૂની પ્રાથમિક શાળાના મકાનની દીવાલે નિસરણી મૂકી શ્રી ઠાકોરભાઈ નાથાભાઈ પટેલે રાષ્ટ્રધ્વજ ચડાવી ફરકાવેલો.

સવાર થઈ ત્યારે ફોજદારે આ જોયું. તેવો જ અચંબામાં પડી ગયો. તે પોલીસને ભાંડે, પોલીસ રાવણિયાને ભાંડે. આ કેવી રીતે બન્યું ? કોણ હતું ? સ્વામિનારાયણ મંદિરના મહંતને બોલાવ્યા. અને કહ્યું તમે મંદિર પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો છે - ચડાવ્યો છે ? મહંત કહે, 'અમે તો આ ધ્વજ ચડાવતા હોઈશું ? તો ધ્વજ ઉતારી લો. મહંત કહે, 'અમે ત્યાં ચડી શકીએ તેમ નથી. અને કોઈ પણ માણસ તે કામ કરવા તૈયાર નથી. એટલે ફોજદારે બંદૂકના છરા છોડાવી ફરકતા ધ્વજને રફેદફે કરી નાખ્યો. ગામના જૂના ચોરા પરથી રાવણિયા પાસે ધ્વજ ઉતરાવી લેવડાવ્યો.[૫૦]

શ્રી શંકરભાઈ શિવાભાઈ પટેલે, શ્રી નરોત્તમભાઈ ભાઈલાલભાઈ પટેલ વગેરે પાંચેક જુવાનિયા વાસદ પાસે મહીસાગરનો પુલ ઉડાડી મૂકવાની યોજના ઘડવા માટે ગયેલા. વાસદ રેલવે સ્ટેશન પર એ સમયે એક નાનું કારખાનું હતું. ભૂગર્ભ પ્રવૃત્તિવાળા ''કુસીબલ'' સંજ્ઞાથી પોતાનો વ્યવહાર ચલાવતા હતા. આ જુવાનિયા રાત્રે રેલવે સ્ટેશને ઊતર્યા અને અંધારામાં કારખાનામાં જવાને બદલે વાસદ પોલીસ સ્ટેશનની હદમાં પહોંચી ગયા. તે સમયે પોલીસ સ્ટેશનની પચાસ ફૂટની હદમાં કોઈ પ્રવેશે તો તેને ફાયર કરવાનો આદેશ હતો. પોલીસે તેમને પડકાર્યા. બીજા પોલીસ કહે વધુ તપાસ કર્યા પછી ફાયર કરો. એટલે તેમને પકડી થાણામાં લઈ ગયા. પૂછપરછ કરી. ''કુસીબલ''ના કારખાને લઈ ગયા. પોલીસે આખી રાત તેમનો પહેરો ભર્યો. સવાર થતાં જવા દીધાં. મુંબઈથી અમદાવાદનાં તોફાનો ડામી દેવા ખાસ ટ્રેનમાં લશ્કર આવતું અટકાવવા આ બિરાદરો ઉપડ્યા હતા. પરંતુ ફાવ્યા નહીં.

શ્રી શંકરભાઈ શિવાભાઈ પટેલને જીવતા કે મરેલા પકડી લાવવાનું સરકારનું વૉરંટ હતું. અઠવાડિયામાં બેત્રણ દિવસે તેમના ઘરની જપ્તી લેવાતી. દાણા ભરેલી કોઠીઓમાં દંડા ખોસે, ઘાસ ભરેલા ઘોયામાં ભાલા ખોસે, બંદૂકની સંગીન ખોસે. તેમાં માણસ ભરાઈ રહેતો હોય તેની ખાતરી કરવા આવું પોલીસ કરતી. એક વાર શ્રી શંકરભાઈ મેડા પર ઘાસમાં હતા. નીચે પોલીસ આવી. બે ઘર વચ્ચેની દીવાલ કોચી બારું કરી પાછળથી કૂદીને ભારેલ થઈ અમદાવાદ નાસી ગયા. ઘરમાં કોટ રહી ગયેલો તે પોલીસ લઈ ગઈ. પંદર દિવસ પછી ઘરનાંને કહે : 'તમારો છોકરો તો મરી ગયો છે. જુઓ આ તેનો કોટ. તેના નામનું નાહી નાખો'. દીકરો અમદાવાદ છે તે તેઓ જાણતાં હતાં. એટલે મૌન જ રહ્યાં.

બોચાસણ જોડેના ધર્મજ ગામમાં '૪૨ની ચળવળમાં હાઈસ્કૂલનું મકાન બાળવામાં આવેલું. તેમાં બોચાસણના શ્રી ભવાનભાઈ સોમાભાઈ બારૈયા, શ્રી નરોત્તમ ભાઈલાલભાઈ પટેલ, શ્રી ઠાકોરભાઈ નાથાભાઈ પટેલ અને શ્રી શાન્તિભાઈ ધૂળાભાઈ પટેલે ભાગ ભજવ્યો હતો.

રૂદેલથી દૂધનો માવો બહાર જતો અટકાવેલો. આ લડતમાં ગામમાં દૂધની ડેરીએ દૂધ ભરવાનું બંધ કરેલું.

શ્રી આદિત્યભાઈ શિવાભાઈ પટેલ બોચાસણના. તે તેમના ધંધાર્થે અમદાવાદ રહેતા હતા. અમદાવાદના દાક્તરોનું એક મંડળ તેમના દ્વારા બોરસદ તાલુકામાં માંદા માટે દવાઓ પહોંચાડવાનું કામ કરતું. તેમની સાથે દરબાર ગોપાળદાસના દીકરા શ્રી. મહેન્દ્રભાઈ દેસાઈ હતા.

શ્રી આદિત્યભાઈ અમદાવાદમાં ન્યુ રાજપુર મીલમાં કામ કરતા હતા. તેના માલિક શ્રી મગનભાઈ ભીખાભાઈ બૉમ્બ બનાવવાની પ્રવૃત્તિમાં જોડાયેલા. તેમની મદદમાં શ્રી આદિત્યભાઈ રહેલા. આમ તેઓ તેમના નાનાભાઈ શ્રી શંકરભાઈની જેમ જ ૧૯૪૨ની 'ક્વીટ ઇન્ડિયા'ની લડતમાં જોડાયેલા.

આ નામો તો પ્રતીક છે. આમ બોચાસણની જનતાએ શક્તિ, સાહસિકતા અને દેશદાઝનાં દર્શન કરાવ્યાં હતાં.

**જેલજીવન :**

સન ૧૯૩૦ના આઝાદી આંદોલનમાં ખેડા જિલ્લામાંથી ઘણા સત્યાગ્રહી ભાઈબહેનોને જેલની સજા

થઈ હતી. ૧૯૩૦ કરતાં ૧૯૩૨ની લડતમાં અમલદારોનું વર્તન કડક હતું. બોચાસણના શ્રી શિવાભાઈ ખોડાભાઈ પટેલ, શ્રી નરસિંહભાઈ બાબરભાઈ પટેલ, શ્રી ભવાનભાઈ સોમાભાઈ બારૈયા, શ્રી આદિત્યભાઈ શિવાભાઈ પટેલ, ઇત્યાદિની મુલાકાત દરમ્યાન જાણવા મળ્યું કે પહેલાં સાબરમતી જેલમાં રાખ્યા હતા. ત્યાંથી વીસાપુર, યરવડા, નાશિક વગેરે જેલોમાં બદલવામાં આવ્યા હતા. ૧૯૩૨ની લડતમાં બોચાસણમાંથી ૬૦-૭૦ વ્યક્તિઓને જેલની સજા થઈ હતી. ઓછામાં ઓછી સજા સાડા છ માસની અને વધુમાં વધુ સજા બે થી અઢી વર્ષની થઈ હતી. શ્રી રાવજીભાઈ મ. પટેલ લખે છે કે, ''મારી બેરેક પાસે વૃદ્ધોની બેરેક હતી. તેમાં રાસ, બોચાસણ, થામણા, સંદેસર વગેરે ખેડા જિલ્લાના આશરે ૭૦-૭૫ વૃદ્ધો રહેતા હતા.''

જેલમાં તેના નિયમો હતા તે નિયમોનું ચુસ્ત પાલન થાય તેવા જેલના અધિકારીઓ આગ્રહી હતા. પોલીસ સવારે સાત વાગે આવી જાય. હુકમ આપે. બિસ્તરા લપેટ, લાઈન મેં ચલો, ડુબાડો પૉર્ટ, મોં સાફ-કરો, શરીર પર પાંચ લોટા પાણી નાખી નાહી લેવાનું, કપડાં બદલ, લાઈન મેં ચલો. આમ જેલમાં પોલીસની આજ્ઞા અનુસાર ક્રિયા કરવાની. એમાં ચૂકીએ તો તેમની ખફા નજર આપણી ઉપર થાય. જેલના નિયમોના ભંગસર શ્રી આદિત્યભાઈ પટેલને કંતાનના કપડાં પહેરવાની સજા કરેલી. તેમની બદલી સાબરમતીથી વીસાપુર થઈ. તો કંતાન પહેરવાની સજા વીસાપુર પણ ચાલુ રહી. આ કપડાં શરીરે ઘસાય એટલે ઘણી તકલીફ પડે. પણ તે સજા પૂરી કરવી પડી.

જેલના ખોરાક વિશે આઝાદીના આ સૈનિકોએ જણાવ્યું કે, સવારે નાસ્તામાં કાંજી મળે, ઘેંસ જેવી કાંજી શરૂ શરૂમાં ન ભાવે પરંતુ જીભની અમી જતી રહી અને ભૂખ્યા ન રહેવાયું એટલે તે કાંજી હોંશે હોંશે ખાતા. બપોરે દાળ-રોટલા. જુવાર કે બાજરીના. સાંજે રોટલા સાથે ભાજી, તે કાંકરી, કસ્તર અને ઇયળવાળી હોતી. રોટલા વગેરેમાં કાંકરી આવતી તેમાં નાખવામાં આવતી કે સફાઈની ખામી હતી તે કહી શકતા નથી. પરંતુ ખોરાકમાં કાંકરી આવતી.

જેલમાં નાડાપટ્ટી વણવી, રસોડા કામમાં શાક સમારવું, ડુંગળી સમારીએ તો આંખમાં પાણી પડે. હાથ ઘંટીથી સવામણ અનાજ દળવું, હાથે ફોલ્લા પડે અને ફૂટી જાય પણ કામ તો પૂરું કરવું જ પડે. કોઈ કોઈને ભાગે મુંજ ભાગવાનું કામ આવતું.

જેલમાં રાજકીય કેદીઓ ભેગા થયા એટલે રાજકારણની ચર્ચા કરે. સારાં પુસ્તકોનું વાચન કરે. કેટલીક વાર ગુનેગાર કેદીઓને સમજાવવાનું કામ સોંપે. શ્રી આદિત્યભાઈ શિ. પટેલ કહે છે કે, સાબરમતી જેલમાં ''બાળ ખોલી''ની જવાબદારી તેમને તથા શ્રી. જયશંકર જોષી (નિવૃત્ત સંયોજક, વલ્લભ વિદ્યાલય શિરે હતી.), ને બોચાસણ આ બાળ ગુનેગારોને તેઓ વાંચતાં લખતાં શીખવતા. પ્રાર્થના, ભજનગીત, ગવડાવતા. તે દ્વારા સારા માણસ કેવી રીતે થવાય તે બતાવતા. વીસાપુર જેલમાં ગુનેગાર કેદીઓને સમજાવી ગુનાહિત પ્રવૃત્તિઓ છોડી દેવાનું સમજાવતા.

જેલમાં રવિશંકર મહારાજ જેવા આગેવાનો હતા. બોચાસણના એક કેદીને દાંત દુઃખવા લાગ્યો. તે દાંત પડાવા જતા હતા. વચ્ચે મહારાજ મળ્યા. ક્યાં જાવ છો ? આ દાંત દુઃખે છે તે પડાવવા જાઉં છું ! આ જુવાન વયે તે દાંત કંઈ પડાવાતો હશે ? તમે ખોલીમાં જાવ હું દવા લાવું છું. તેઓ લીંબુ અને ગોળ લાવ્યા. આમ એમની મમતા અને વાત્સલ્ય બીજા કેદીઓને ઉત્સાહ આપતાં હતાં.

બોચાસણમાંથી આઝાદી આંદોલનમાં ભાગ લેનાર મોટા ભાગના ખેડૂતો હતા. તેમાંના કેટલાકે તો ફક્ત પ્રાથમિક શિક્ષણ જ મેળવેલ. ૧૯૪૨ની લડતમાં ભાગ લેનારાઓમાં કેટલાકે માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરેલું હતું. બોરસદ તાલુકાનાં ગામોમાં રાસ પછી આઝાદી આંદોલનમાં આગળ પડતો ભાગ લેનાર ગામોમાં બોચાસણ એક માત્ર હતું.

## ૫. સ્વાતંત્ર્ય સંગ્રામની અસર

### સામાજિક અસર

હિન્દુ સમાજ જુદી જુદી જ્ઞાતિઓમાં વિભક્ત થયેલો છે. કેટલીક જ્ઞાતિઓ પોતાને બીજી કરતાં ઊંચી ગણે છે. આ જ્ઞાતિઓને કેટલીક જ્ઞાતિઓ સાથે રોટી વ્યવહાર હતો. બેટી વ્યવહાર તો સદંતર બંધ હતો. સમાજમાં અસ્પૃશ્યતા પ્રચલિત હતી. મહાત્મા ગાંધીજીના આગમનથી કૉંગ્રેસ સમાજ અભિમુખ બની ગ્રામાભિમુખ બની. તેથી આમ જનતા આઝાદી આંદોલનમાં જોડાવા લાગી. પટેલ, વાણિયા, બ્રાહ્મણ એમ વિવિધ જ્ઞાતિઓની વ્યક્તિઓ જ્ઞાતિના ભેદભાવ વિના આઝાદી આંદોલનમાં ખભેખભા મિલાવીને જોડાઈ હતી. અને આન્તર-જ્ઞાતિય લગ્નો થવા લાગ્યાં. આઝાદી આંદોલનોને પરિણામે જુદા જુદા ધર્મના લોકો સાથે મળીને કામ કરવા લાગ્યા. એટલે હિન્દુ-મુસ્લિમ વગેરેમાં એકતા આવી. સ્ત્રીઓની સ્થિતિ તો ઘરમાં ગોંધાઈ રહેવાની હતી. આઝાદી આંદોલનોમાં બોચાસણમાંથી ૨૫ થી ૩૦ સ્ત્રીઓ જોડાઈ હતી. આમ જાહેરજીવનમાં સ્ત્રીઓ ભાગ લેવા લાગી. સભા, સરઘસ, પિકેટિંગ વગેરેમાં ભાગ લેવાથી તેમનામાં હિમ્મત, આત્મવિશ્વાસ અને સાહસ વધ્યાં. લાજ કાઢવાનો રિવાજ બંધ થવા લાગ્યો, બાળલગ્નો અટક્યાં, વિધવા વિવાહનો પ્રચાર થવા લાગ્યો. મરણ પાછળનાં કાણમોકાણ બંધ થયાં. પ્રેત-ભોજન બંધ થયાં, પ્રીતિ-ભોજન શરૂ થયાં. બોચાસણ ગામ ખૂની ગામ તરીકે જાણીતું હતું. એથી બીજાં ગામના લોકો પોતાની દીકરી દેતાં વિચાર કરતા. તેમાં મોટું પરિવર્તન આવ્યું.[૫૧]

ગામમાં અસ્પૃશ્યતા વ્યાપક પ્રમાણમાં હતી. આઝાદીની લડતને પરિણામે મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને કાકાસાહેબ કાલેલકર જેવા આગેવાનોની ગામોમાં પધરામણી થયેલી. તેઓ અસ્પૃશ્યતાને માનવ જાતનું અપમાન સમાન ગણતા હતા. માણસે માણસ સાથે સમાનતાથી વર્તવું જોઈએ. તેવો પ્રચાર કરતા હતા. એક દિવસ કાકાસાહેબે ગામના જૂના સરકારી ચોરા સામે ગ્રામજનોની સભા સમક્ષ અસ્પૃશ્યતા-નિવારણ અંગે વાર્તાલાપ કર્યો. કેટલાક યુવાનો આ કામ ઉપાડી લેવા તૈયાર થયા. ઘરડાંઓએ તેનો વિરોધ કર્યો. એ પ્રસંગથી ગામમાં અસ્પૃશ્યતા-નિવારણના શ્રીગણેશ મંડાયાં. શ્રી આદિત્યભાઈ પટેલ કહે છે કે, તેમનો ભાગીઓ રોહિત (ચમાર) હતો. તે કામને અંગે અમારા ઘરમાં હરી ફરી શકતો થયો. આજે પણ તેમની સાથે સારા સંબંધો છે. તેમ જ બારૈયા-પાટણવાડિયાને પણ ઊતરતા ગણવામાં આવતા. પાટીદાર અને વાણિયાનાં છોકરાં અને બારૈયાનાં છોકરાં પહેલાં અલગ-અલગ બેસતાં. તે ધીરે ધીરે સાથે બેસતાં થયાં. જો શાળામાં વિદ્યાર્થીઓ આ રીતે બેસતા હોય ત્યારે સમાજમાં કેવી પરિસ્થિતિ હશે ? પરંતુ આઝાદી આંદોલનથી માણસ માત્ર સમાન છે. તેની સાથે માણસ જેવો વર્તાવ કરવો જોઈએ તે વિચાર દૃઢ બન્યો. અને બારૈયા વગેરે કોમો સાથેના વર્તાવમાં પણ મોટું પરિવર્તન આવ્યું.

બોચાસણના શ્રી શંકરભાઈ શિવાભાઈ મૅટ્રિક પાસ થયા. તેમનું શરીર હૃષ્ટપુષ્ટ હતું. તેમણે ફોજદારની જગ્યા માટે અરજી કરી. તેમની પસંદગી થઈ. તે હાજર થવા જવાના હતા, ગામ લોકોને ખબર પડી કે શ્રી શંકરભાઈ શિવાભાઈ પોલીસ ખાતામાં ભરતી થવા જાય છે. ત્યારે ગામ લોકોએ તેમને સમજાવવા લાગ્યા કે તમારા મોટાભાઈ અને અમે આઝાદી આંદોલનમાં જોડાઈ લડત ચલાવીએ છીએ, તેની ઉપર પોલીસ અત્યાચાર ગુજારે છે. તમે તેમાં જોડાવ તો તમારા કુટુંબ અને ગામ માટે શોભાસ્પદ ગણાય ? ગામલોકોની દેશભક્તિ જોઈને તેમણે પોલીસ ખાતામાં જોડાવવાનું માંડી વાળ્યું. આમ સમાજ દેશનું હિત શામાં રહેલું છે તે વિચારનો કેવા કાર્યોમાં સરકારને સાથ આપવો અને કેવા કાર્યોમાં સાથ ન આપવો ઇત્યાદિમાં સમાજ નક્કી કરતો. તે માટે સામાજિક જાગૃતિ આવી. લોકો નીડર, હિંમતવાન અને સાહસિક બન્યા. પોતાના પ્રશ્નો વિશે જાગૃત બન્યા. વિચાર સ્વાતંત્ર્ય આવ્યું. સ્ત્રી-પુરુષો ખાદી પહેરતાં થયાં. ખાદી રાષ્ટ્રીય ગણવેશ ગણાવા લાગ્યો.

**આર્થિક અસર :**

જૂના ગૃહ-ઉદ્યોગો કાંતણ-વણાટ સજીવન થવા લાગ્યા. ગ્રામોદ્યોગ અને ગૃહઉદ્યોગો ને ઉત્તેજન આપવાની ભાવના જાગી. તેના પરિણામ સ્વરૂપ કાંતણ કેન્દ્ર શરૂ થયું. લોકો આઝાદીનો ગણવેશ ખાદી પહેરવા લાગ્યા. સ્વદેશી વસ્તુઓ વાપરવાનો આગ્રહ વધ્યો.

**સાંસ્કૃતિક અસર :**

આઝાદી આંદોલનમાં મહાત્મા ગાંધીજીના નેતૃત્વને કારણે વ્યક્તિગત અને સામાજિક જીવનમાં ભપકા ઓછા થયા. આડંબર ઘટ્યું. સાદાઈ અને સંયમની પ્રતિષ્ઠા થઈ. ભારતીય જીવન પદ્ધતિને મહત્ત્વ અપાયું. એથી અસ્મિતા જાગૃત થઈ. દેશની ગરિમા અને ગૌરવ થવા લાગ્યાં. દેશ માટે ફના થવાની ભાવના પ્રગટી. આમ આઝાદી આંદોલનોનો પ્રભાવ અસરકારક પરિબળ બન્યું.

**પાદટીપ**

૧૪. પાઠક, રામનારાયણ નાગરદાસ, એજન, પૃ. ૨૫૩
૧૫. પટેલ, ચંદ્રકાન્ત, એજન, પૃ. ૨૪
૧૬. પાઠક, રા. ન., એજન, પૃ. ૧૭૧
૧૭. પટેલ ચંદ્રકાન્ત, એજન, પૃ. ૨૮, ૨૯
૧૮. ખેડા જિલ્લા સંગ્રામ પત્રિકા, તા. ૨૬મી માર્ચ, ૧૯૩૦
૧૯. શ્રી ભગવાનભાઈ સોમાભાઈ બારૈયા સાથેની મુલાકાત, તા. ૨૩-૨-૧૯૮૭
૨૦. શ્રી શિવાભાઈ શંકરભાઈ પટેલ, શ્રી નારણભાઈ માધાભાઈ પટેલ મુલાકાત, તા. ૨૦-૧-'૮૭
શ્રી ભવાનભાઈ સોમાભાઈ બારૈયા મુલાકાત તા. ૨૩-૨-'૮૭
૨૧. પાઠક, રામનારાયણ ન., એજન, પૃ. ૨૬૮
૨૨. પ્રા. ચંદ્રકાન્ત પટેલ, એજન, પૃ. ૩૮
૨૩. પાઠક, રામનારાયણ ન., એજન, પૃ. ૨૦૫
૨૪. પાઠક, રામનારાયણ ન., એજન, પૃ. ૨૦૬
૨૫. પટેલ, બેચરભાઈ ૨., 'બોરસદ એક અધ્યયન', પૃ. ૨૪૬
૨૬. પાઠક, રામનારાયણ ન., એજન, પૃ. ૨૦૮
૨૭. શ્રી નારણભાઈ માધાભાઈ પટેલ, શ્રી શંકરભાઈ શિવાભાઈ પટેલ, અને શ્રી ભવાનભાઈ સોમાભાઈ બારૈયા સાથ મુલાકાત તા. ૨૦-૧-'૮૭ ના આધારે.
૨૮. શ્રી નારણભાઈ માધાભાઈ પટેલ સાથેની મુલાકાત તા. ૨૦-૧-૧૯૮૭
૨૯. શ્રી શિવાભાઈ ખોડાભાઈ પટેલની મુલાકાત, તા. ૨૦-૧-૧૯૮૭
૩૦. શ્રી રાવજીભાઈ મ. પટેલ, જીવન ઝરણાં ભાગ-૧, પૃ. ૩૬૨
૩૧. શ્રી ભવાનભાઈ સોમાભાઈ બારૈયા સાથેની મુલાકાત તા. ૨૩-૨-૧૯૮૭
૩૨. પ્રા. ચંદ્રકાન્ત પટેલ, એજન, પૃ. ૪૯
૩૩. રામનારાયણ ના. પાઠક, એજન, પૃ. ૨૧૦
૩૪. શ્રી નારણભાઈ માધાભાઈ પટેલની મુલાકાત તા. ૨૦-૧-૧૯૮૭
૩૫. શાહ અને શાહ, એજન ભાગ પહેલો, પૃ. ૯૧૫
૩૬. રામનારાયણ ના. પાઠક, એજન. પૃ. ૨૧૨
૩૭. શ્રી નારાયણભાઈ માધાભાઈ પટેલની મુલાકાત ૨૦-૧-૧૯૮૭
શ્રી ભવાનભાઈ સોમાભાઈ બોરૈયાની મુલાકાત ૨૩-૨-૧૯૮૭
૩૮. બધેકા, ગિજુભાઈ, 'બોરસદની વીરાંગનાઓ'.
૩૯. પ્રા. ચંદ્રકાન્ત પટેલ, 'સ્વાતંત્ર્ય આંદોલનમાં રાસ', પૃ.૪૮

४०. દલાલ ચંદુલાલ ભ., 'મહાદેવભાઈની ડાયરી અને બીજા લેખો', પૃ. ૧૮૦
४१. રામનારાયણ ના. પાઠક, એજન, પૃ. ૨૨૦
४२. ચંદુલાલ ભ. દલાલ, ઉપર્યુક્ત, પૃ. ૩૨૦
४૩. વિઠ્ઠલદાસ મ. કોઠારી, 'કેળવણી વડે ક્રાન્તિ', ભાગ ૧, પૃ. ૫४
४४. શ્રી ભૂપેન્દ્રભાઈ શિવાભાઈ પટેલની મુલાકાત, તા. ૧૬-૩-૧૯૮૭.
४૫. પ્રા. ચંદ્રકાન્ત પટેલ, ઉપર્યુક્ત, પૃ. ૫૬
४૬. ત્રિપાઠી બિપિનચંદ્ર અમલેશ અને અન્ય, 'સ્વાધીનતા સંગ્રામ', પૃ.૧૮૧
४૭. શ્રી શિવાભાઈ ખોડાભાઈ પટેલની મુલાકાત. તા. ૨૯-૧-૧૯૮૭
४૮. શ્રી આદિત્યભાઈ શિવાભાઈ પટેલની મુલાકાત. ૨૦-૧-૧૯૮૭
४૯. શ્રી શંકરભાઈ શિવાભાઈ પટેલ અને શ્રી ભવાનભાઈ સોમાભાઈ બારૈયાની મુલાકાત તા. ૨૩-૨-૧૯૮૭
૫૦. શ્રી ચતુરભાઈ શિવાભાઈ પટેલ સાથેની મુલાકાત તા. ૨૩-૨-૧૯૮૭
૫૧. શ્રી નારણભાઈ માધાભાઈ પટેલની મુલાકાત તા. ૨૦-૧-૧૯૮૭

## પરિશિષ્ટ : ૧

## સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિકોની નામાવલી

| ક્રમ | નામ | લડત અને સ્થળ | વર્ષ (સાલ) |
|---|---|---|---|
| ૧ | સ્વ. ભાઈલાલભાઈ પ્રભુદાસ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૨ | સ્વ. શનાભાઈ લલ્લુભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૩ | શ્રી આદિત્યભાઈ શિવાભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ, વલસાડ | ૧૯૩૦થી '૩૩ |
| ४ | શ્રી ચતુરભાઈ શિવાભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૫ | શ્રી નારણભાઈ માધાભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૬ | સ્વ. શિવાભાઈ પૂંજાભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૭ | સ્વ. જેઠાભાઈ ત્રિકમભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૮ | શ્રી. શિવાભાઈ ખોડાભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૯ | સ્વ. મગનભાઈ વાઘજીભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૧૦ | શ્રી. નરસિંહભાઈ બાબરભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૧૧ | સ્વ. હરમાનભાઈ માધાભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૧૨ | શ્રી ખુશાલભાઈ દાદાભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૧૩ | શ્રી લલ્લુભાઈ દાદાભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૧४ | શ્રી નરસિંહભાઈ ગોકળભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૧૫ | શ્રી કાશીભાઈ મરઘાભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૧૬ | શ્રી મગનભાઈ મોતીભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૧૭ | શ્રી નારણભાઈ મોતીભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૧૮ | શ્રી મગનભાઈ નાથાભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૧૯ | શ્રી મગનભાઈ ફૂલાભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૨૦ | શ્રી મગનભાઈ સોમાભાઈ બારૈયા | ના-કરની લડત બોચાસણ, ધર્મજ અને બદલપુર | ૧૯૩૦થી '૩૩ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | શ્રી પૂંજાભાઈ કાળાભાઈ પરમાર | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૨૨ | સ્વ. પૂનમભાઈ હેમાભાઈ પરમાર | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૨૩ | સ્વ. આશાભાઈ શિવાભાઈ પરમાર | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૨૪ | શ્રી મગનભાઈ નાથાભાઈ પટેલ | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૨૫ | શ્રી મોતીભાઈ કાળાભાઈ પરમાર | ના-કરની લડત બોચાસણ | ૧૯૩૦થી '૩૩ |
| ૨૬ | શ્રી શંકરભાઈ શિવાભાઈ પટેલ | હિન્દ છોડો લડત બોચાસણ, વડદલા વાસદ, ધર્મજ અને અમદાવાદ | ૧૯૪૨ |
| ૨૭ | શ્રી શાન્તિભાઈ ધૂળાભાઈ પટેલ | હિન્દ છોડો લડત બોચાસણ, વડદલા વાસદ, ધર્મજ અને અમદાવાદ | ૧૯૪૨ |
| ૨૮ | શ્રી ચતુરભાઈ હાથીભાઈ પટેલ | હિન્દ છોડો લડત બોચાસણ, વડદલા વાસદ, ધર્મજ અને અમદાવાદ | ૧૯૪૨ |
| ૨૯ | શ્રી ઠાકોરભાઈ નાથાભાઈ પટેલ | હિન્દ છોડો લડત બોચાસણ, વડદલા વાસદ, ધર્મજ અને અમદાવાદ | ૧૯૪૨ |
| ૩૦ | શ્રી નરોત્તમ ભાઈલાલ પટેલ | હિન્દ છોડો લડત બોચાસણ, વડદલા વાસદ, ધર્મજ અને અમદાવાદ | ૧૯૪૨ |
| ૩૧ | શ્રી મગનભાઈ નાથાભાઈ પટેલ | હિન્દ છોડો લડત બોચાસણ, વડદલા વાસદ, ધર્મજ અને અમદાવાદ | ૧૯૪૨ |
| ૩૨ | શ્રી હીરાભાઈ ઝવેરભાઈ પટેલ | હિન્દ છોડો લડત બોચાસણ, વડદલા વાસદ, ધર્મજ અને અમદાવાદ | ૧૯૪૨ |

## પરિશિષ્ટ : ૨

## બોરસદ ખાતે તા. ૨૧ જાન્યુઆરી, ૧૯૩૧ના રોજ 'સ્ત્રી-સિતમ દિન'ના કાર્યક્રમમાં ભાગ લેનાર બોચાસણ ગામની બહેનોની નામાવલી

| **ક્રમ** | **નામ** | **નોંધ :** |
|---|---|---|
| ૧ | શ્રીમતી ડાહીબહેન દેસાઈભાઈ પટેલ | ૨૫ થી ૪૫ વર્ષની |
| ૨ | શ્રીમતી દિવાળીબહેન પરષોત્તમ પટેલ | ઉમ્મરની ૩૦ થી ૪૦ |
| ૩ | શ્રીમતી સોનાબહેન રણછોડભાઈ પટેલ | બહેનોએ ભાગ લીધો હતો. |
| ૪ | શ્રીમતી ડાહીબહેન મંગળભાઈ પટેલ | |
| ૫ | શ્રીમતી હરિબહેન હરમાનભાઈ પટેલ | |
| ૬ | શ્રીમતી ઝવેરબહેન ચતુરભાઈ પટેલ | |
| ૭ | શ્રીમતી જીબાબહેન ધૂળાભાઈ પટેલ | |
| ૮ | શ્રીમતી બાલાબહેન ડાહ્યાભાઈ પટેલ | |
| ૯ | સ્વ. સૂરજબહેન રણછોડભાઈ પટેલ | |
| ૧૦ | સ્વ. ચંચળબહેન નારણભાઈ પટેલ | |
| ૧૧ | સ્વ. સૂરજબહેન મોતીભાઈ પટેલ | |
| ૧૨ | સ્વ. મણીબહેન ચતુરભાઈ પટેલ | |
| ૧૩ | સ્વ. રામબા પૂંજાભાઈ પટેલ | |
| ૧૪ | શ્રીમતી કાશીબહેન વલ્લભભાઈ પટેલ | |

## પરિશિષ્ટ : ૩

## 'વાનર-સેના'ના સૈનિકોની નામાવલી, બોચાસણ : ૧૯૩૦ થી ૩૩

| ક્રમ | નામ |
|---|---|
| ૧ | શ્રી શંકરભાઈ શિવાભાઈ પટેલ |
| ૨ | શ્રી ચતુરભાઈ કાશીભાઈ પટેલ |
| ૩ | શ્રી મગનભાઈ શિવાભાઈ પટેલ |
| ૪ | શ્રી ખુશાલભાઈ હાથીભાઈ પટેલ |
| ૫ | સ્વ. શિવાભાઈ કાળીદાસ પટેલ |
| ૬ | સ્વ. ચીમનભાઈ ચતુરભાઈ પટેલ |
| ૭ | સ્વ. સોમાભાઈ શિવાભાઈ પટેલ |
| ૮ | સ્વ. મગનભાઈ રણછોડભાઈ પટેલ |
| ૯ | સ્વ. અંબાલાલ શિવાભાઈ પટેલ |
| ૧૦ | સ્વ. શનાભાઈ હાથીભાઈ પટેલ |
| ૧૧ | શ્રી મણિભાઈ નારણભાઈ પટેલ |
| ૧૨ | સ્વ. મગનભાઈ ભાઈલાલભાઈ પટેલ |
| ૧૩ | સ્વ. મગનભાઈ છોટાભાઈ પટેલ |
| ૧૪ | શ્રી મગનભાઈ દેસાઈભાઈ પટેલ |
| ૧૫ | શ્રી પુરુષોત્તમ લક્ષ્મીદાસ પટેલ |
| ૧૬ | સ્વ. નરોત્તમ ભાઈલાલ પટેલ |
| ૧૭ | સ્વ. હરમાનભાઈ જીવાભાઈ પટેલ |
| ૧૮ | સ્વ. ડાહ્યાભાઈ મંગળભાઈ પટેલ |
| ૧૯ | સ્વ. રણછોડભાઈ કાશીભાઈ પટેલ |
| ૨૦ | શ્રી શનાભાઈ વાઘજીભાઈ પટેલ |
| ૨૧ | સ્વ. મોતીભાઈ બાબરભાઈ પટેલ |
| ૨૨ | શ્રી વલ્લભભાઈ બાબરભાઈ પટેલ |
| ૨૩ | શ્રી શાન્તિભાઈ ધૂળાભાઈ પટેલ |
| ૨૪ | સ્વ. મગનભાઈ નાથાભાઈ પટેલ |
| ૨૫ | શ્રી અંબાલાલ લલ્લુભાઈ પટેલ |
| ૨૬ | શ્રી અંબાલાલ શિવાભાઈ પટેલ |
| ૨૭ | શ્રી ભીખાભાઈ શનાભાઈ પટેલ |
| ૨૮ | સ્વ. ઠાકોરભાઈ નાથાભાઈ પટેલ |
| ૨૯ | શ્રી ગોવિંદભાઈ ભગવાનભાઈ પટેલ |
| ૩૦ | શ્રી મગનભાઈ મથુરભાઈ પટેલ |
| ૩૧ | શ્રી છોટાભાઈ ભીખાભાઈ પટેલ |
| ૩૨ | શ્રી ડાહ્યાભાઈ સોમાભાઈ પટેલ |
| ૩૩ | શ્રી અંબાલાલ પૂનમભાઈ પટેલ |

# 'હિંદ છોડો' ચળવળ દરમિયાન વડોદરા રાજ્યમાં દમન

◆

ડૉ. જયકુમાર ર. શુક્લ+

મુંબઈમાં મળેલી મહાસમિતિની બેઠકમાં ૮મી ઑગસ્ટ, ૧૯૪૨ની રાત્રે 'હિંદ છોડો' નામથી જાણીતો ઠરાવ પસાર કરવામાં આવ્યો. તેમાં જણાવ્યું હતું, ''....દેશમાંથી બ્રિટિશ હકૂમતનો અંત આવે એ એક અત્યંત અગત્યનો અને એટલી જ તાકીદનો મુદ્દો છે....'' મહાસમિતિની બેઠકમાં ગાંધીજીએ આપેલું ભાષણ ધ્યાન ખેંચે છે,''...સૌ માને કે આ ઘડીથી આપણે સૌ આઝાદ બન્યા છીએ....આજે છુપાઈને કશું કરવું નથી. આ ખુલ્લો બળવો છે. આ લડતમાં ખુલ્લી છાતીએ ગોળીઓ ઝીલવાની છે. એમાં ગુપ્ત પ્રવૃત્તિ પણ છે...મેં મહાસભાને હોડમાં મૂકી છે, અને મહાસભા માટે તો એટલું જ રહે છે, 'કરેંગે યા મરેંગે'.''

વડોદરા રાજ્યની ગાયકવાડ સરકારે ચળવળ થાય તો તેને દબાવી દેવાનાં પગલાં અગાઉથી લીધાં હતાં. વડોદરા રાજ્યમાં દમનની શરૂઆત ૧૮મી ઑગસ્ટ, ૧૯૪૨થી થઈ. રાજ્ય સરકારે સરઘસો કાઢવાં તથા સભાઓ ભરવા પર પ્રતિબંધ મૂક્યો. વર્તમાનપત્રો ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. ઘોડેસવાર સૈનિકો મુખ્ય માર્ગો પર પેટ્રોલિંગ કરતા હતા. વડોદરા શહેર લશ્કરની છાવણી જેવું ભાસતું હતું.

વડોદરામાં એક સરઘસ ઉપર પોલીસોએ ગોળીબાર કર્યો; તેમાં બે યુવાનો શહીદ થયા. પોલીસોના આ દમનની વિરુદ્ધમાં લોકો રોષે ભરાયા. રાજ્યના ગામે ગામ અમલદારોના દમનનો વિરોધ કરવામાં આવ્યો. દમનનો વિરોધ કરવા શિનોર ગામે ૨૨મી ઑગસ્ટના રોજ સભા બોલાવવામાં આવી. તેથી રાજ્ય સરકારે લશ્કર મોકલવાનો હુકમ કર્યો. આ સભામાં લશ્કર દ્વારા ગોળીબારો થવાની શક્યતા હતી. શિનોરમાં લશ્કર જઈ ન શકે તો નિર્દોષ લોકો ઉપર ગોળીબાર થઈ શકે નહિ. શિનોરના નિર્દોષ લોકોના જીવ બચાવી લેવાના ઉમદા હેતુથી, ચોરંદા ગામના અંબાલાલ ગાંધી નામના એક વેપારીએ, કેટલાક લોકોને ભેગા કરીને, ચોરંદા રેલવે સ્ટેશનથી લગભગ ત્રણ કિલોમીટર સુધીના પાટા ઉખેડી નાખ્યા. લોકોએ રેલવે સ્ટેશન, લાકડાના સ્લીપર્સ, ગામનો ચોરો અને ટપાલપેટીઓ બાળી નાખી. તે જ દિવસે બીજા લોકોએ ચોરંદા પછીના વેમાર ગામના રેલવે સ્ટેશનને બાળી નાખ્યું.

ઉપર્યુક્ત ભાંગફોડના પરિણામે વડોદરા રાજ્યનું લશ્કર શિનોર પહોંચી શક્યું નહિ. શિનોરની સભા ઉપર ગોળીબારો થઈ શક્યા નહિ. અનેક નિર્દોષ લોકો જાનહાનિમાંથી બચી ગયા ! ત્યાર પછી ગાયકવાડ સરકારના સૈન્ય તથા પોલીસોએ કરજણ તાલુકાનાં ૧૪ ગામોના લોકો ઉપર જુલમ ગુજાર્યો અને તેઓને ખૂબ પજવ્યા. તે ગામોમાં સૈનિકો અને પોલીસોએ સ્ત્રીઓ સાથે ગેરવર્તાવ કર્યો અને તેઓને પરેશાન કરી. સૈનિકોએ શ્રીમંત અને સારી સ્થિતિના લોકોનાં ઘરોમાં ગેરકાયદે પ્રવેશી ફરનિચરની ભાંગફોડ કરી તથા હીરા મોતી અને સોના-ચાંદીના દાગીના તથા બીજી અમૂલ્ય ચીજો લૂંટી લીધી. ગણપતપુરા, સાંદરણા, ચોરંદા, કરાલી, વેમાર, કોઠાવ, સિમલી, કાસમપુરા, બચર, ઓસલામ, અતાલી, ધાવત, નિશાળિયા અને મેથી ગામના અનેક નિર્દોષ અને આબરૂદાર લોકોની ધરપકડ કરીને તેઓને લાઠીઓ વડે સખત ફટકારવામાં આવ્યા. કેટલાંક બંધ ઘરોનાં બારણાં તોડીને તેમાંથી કીમતી વસ્તુઓ લૂંટી લેવામાં આવી. ચોરંદાના પ્રતિષ્ઠિત વેપારી અંબાલાલ ગાંધીને લોહી નીકળે ત્યાં સુધી ઘાતકી રીતે મારવામાં આવ્યા.

મિયાગામમાં, માત્ર ૫૬ માણસો બેસી શકે એવા રેલવેના ડબામાં ધરપકડ કરેલા લગભગ સો માણસોને પૂરવામાં આવ્યા. આ લોકોને ખોરાક વિના તથા અપૂરતા પાણી વડે અને બીજી અનેક મુસીબતોમાં સાત દિવસ ગોંધી રાખવામાં આવ્યા. તેઓ સાત દિવસ સુધી સ્નાન કરી શક્યા નહિ કે કપડાં પણ બદલી

+ પૂર્વ પ્રાધ્યાપક અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

શક્યા નહિ. આ ઉપરાંત અમલદારો તેમને વારાફરતી બોલાવીને મારતા હતા. આ દરમિયાન મિયાગામના લોકોએ તેમને બે વાર જમવાની તથા કેટલીકવાર ચણા વહેંચવાની વ્યવસ્થા કરી હતી.

ચોરંદા તથા આજુબાજુનાં ગામોને રૂપિયા ૪૫,૦૦૦/- નો સામૂહિક દંડ આપવાની ફરજ પાડવામાં આવી. ચોરંદા સહિત આસપાસના ૧૪ ગામોમાંથી ધરપકડ કરવામાં આવેલા નિર્દોષ લોકોએ લશ્કર તથા પોલીસના દમનમાંથી છૂટવા માટે મોટી રકમની લાંચ આપવી પડી. અંબાલાલ ગાંધીના મકાનને સીલ કરવામાં આવ્યું અને તેમનાં વૃદ્ધ માતા તથા પત્નીને ઘરમાંથી બહાર કાઢ્યાં. બીજે દિવસે તેમની દુકાનમાંથી કીમતી સામાન તથા ઘરમાંથી કીમતી દાગીનાની લૂંટ કરવામાં આવી.

અંબાલાલ ગાંધી અને બીજા લોકો સામે કેસ કરવામાં આવ્યા. અંબાલાલને ૧૨ વર્ષને છ માસની સખત કેદની સજા તથા રૂપિયા ૧૫,૫૫૦/- દંડ કરવામાં આવ્યો. પ્રેમાનંદ ભટ્ટને ૧૦ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૫,૦૦૦/- દંડ કરવામાં આવ્યો. બીજા લોકોને બેથી આઠ વર્ષની સખત કેદની સજા કરવામાં આવી. સજા પામેલા કેટલાક લોકોએ અપીલ કરવાથી તેઓને છોડવામાં આવ્યા. વડોદરાના મહારાજાએ ફેબ્રુઆરી, ૧૯૪૩માં અંબાલાલ ગાંધી સહિત કેટલાક સ્વાતંત્ર્ય સૈનિકોને મુક્ત કર્યા. ચળવળ પૂરી થયા પછી, લશ્કર તથા પોલીસદળની વિરુદ્ધમાં લોકોએ કરેલા આક્ષેપોની તપાસ કરવા માટે એક સમિતિ નીમવામાં આવી. તેનો હેવાલ મળ્યા પછી, કેટલાક અફસરો તથા સિપાઈઓ, એક નાયબ ફોજદાર, જમાદાર, હવાલદાર અને કેટલાક પોલીસોને બરતરફ કરવામાં આવ્યા. સામૂહિક દંડની વસૂલ કરેલી રકમ પણ લોકોને પાછી આપવામાં આવી. અંબાલાલ ગાંધીને મુક્ત કર્યા બાદ, વડોદરામાં તેમનું સન્માન કરવામાં આવ્યું. લોકોને સંબોધન કરતાં અંબાલાલે જણાવ્યું કે શિનોરના નિર્દોષ લોકોને બચાવી લેવાની તીવ્ર ઇચ્છાના પરિણામે રેલવેના પાટા ઉખાડવામાં આવ્યા હતા. પરન્તુ તેમાં એક પણ માણસને ઈજા થઈ ન હતી કે હત્યા કરવામાં આવી ન હતી. તેનો તેમણે આનંદ વ્યક્ત કર્યો. વડોદરા રાજ્યના તે સમયના દીવાન સર વી.ટી. કૃષ્ણમાચારીએ અંબાલાલ ગાંધી અને તેમના સાથીઓએ અનેક નિર્દોષ લોકોના જાન બચાવ્યા, તેની પ્રશંસા કરી હતી.

### સંદર્ભ સૂચિ


૧. 'કરજણ તાલુકામાં ગુજારેલા પોલીસના જુલમોની કાળીકથા' (સૂરત)

૨. ગોવિંદ સહાય, (૧૯૪૭). '૪૨ રિબેલિયન', દિલ્હી,

૩. ગુજરાત સમાચાર (દૈનિક, અમદાવાદ) નવેમ્બર, ડિસેમ્બર, ૧૯૪૩

૪. શુકલ, જયકુમાર ર. (૧૯૮૫), 'બેંતાલીસમાં ગુજરાત', અમદાવાદ.

૫. 'ગાંધીજીની આખરી હાકલ' (૧૯૪૨), અમદાવાદ.

૬. નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા, હોમ ડિપાર્ટમેન્ટ, ફાઈલ નં. ૩/૯૦/૧૯૪૨ (પોલિટિકલ, આઈ.)

# ગુજરાતના શૈક્ષણિક વિકાસમાં ગૂજરાત વિદ્યાપીઠનું પ્રદાન*

◆

ડૉ. પુનિતા હર્ણે+

**પ્રસ્તાવના :**

ગૂજરાત વિદ્યાપીઠનો ગુજરાતના શૈક્ષણિક વિકાસમાં આગવો ફાળો છે. તેના અનેક પુરાવા ભારતના આઝાદી આંદોલનના ઇતિહાસમાંથી મળી આવે છે. ગુજરાત રાજ્ય ભારત દેશના પશ્ચિમ કિનારે આવેલું રાજ્ય છે. દેશ આઝાદ થયો એ પછી ૧૩ વર્ષે ગુજરાત રાજ્ય બન્યું છે. ગુજરાત રાજ્ય આજે જે સંપન્ન સ્થિતિમાં છે તેમાં અનેક શિક્ષણશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, ગણિત-વિજ્ઞાનશાસ્ત્રીઓ, ઉદ્યોગપતિઓ, દેશનેતાઓ, બૌદ્ધિકો, શ્રમિકો, સ્ત્રી-પુરુષ સર્વેનું યોગદાન છે. તેમ છતાં આજના ગુજરાત અને પૂર્વે બૃહદ્ મુંબઈ દ્વિભાષી રાજ્ય અને સૌરાષ્ટ્ર રાજ્યવિસ્તારની આગવી ઓળખ દેશમાં અને દુનિયામાં જે રીતે ઘડાઈ અને ટકી રહી છે તેના મૂળમાં ગુજરાત રાજ્યનો શૈક્ષણિક પાયો છે જેણે ગાંધીયુગમાં ગૂજરાત વિદ્યાપીઠ મારફતે આગવી તરાહનું શિક્ષણ આપવાની હામ ભીડી. એટલે ગૂજરાત વિદ્યાપીઠ એ અંગ્રેજોની સામે પડીને મરજી મુજબની શિક્ષણવ્યવસ્થા ઊભી કરનારા હિંદના બૌદ્ધિકોની મરજી અને સઘન પ્રયત્નોનું જીવંત પ્રતિક છે.

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના ૧૯૨૦માં થઈ. તે અગાઉ અંગ્રેજો આપણા દેશમાં સ્થાપિત થઈ ચૂક્યા હતા. લગભગ એક સદી અગાઉથી તેઓ આપણા દેશમાં એમનો કારભાર ચલાવી શકે તે માટેની હિન્દુસ્તાની કારકૂનો તૈયાર કરવાની શિક્ષણ પદ્ધતિ વિકસાવી અમલમાં મૂકી ચૂક્યા હતા. મેકૉલેએ જે શિક્ષણનું માળખું રચ્યું હતું તેમાં વ્યક્તિત્વ વિકાસ કે ઘડતરને કોઈ અવકાશ ન હતો. તત્કાલીન શાળા-કૉલેજો અને અભ્યાસક્રમ સામેના તીવ્ર અસંતોષ અને અણગમામાંથી જ આપણા દેશમાં રાષ્ટ્રીય શિક્ષણના યુગની શરૂઆત થઈ હતી.

પ્રથમ તબક્કામાં એટલે કે, ૧૮૫૭ થી ૧૯૦૦ સુધીમાં અલીગઢ મુસ્લિમ કૉલેજ, પૂનાની ઇંગ્લિશ સ્કૂલ, કાશીની સૅન્ટ્રલ હિન્દુ કૉલેજ અને લાહોરની ઍંગ્લોવર્નાક્યુલર કૉલેજ શરૂ થયાં. આ બધી સંસ્થાઓને અંગ્રેજોની પ્રસ્થાપિત શિક્ષણપદ્ધતિ પસંદ ન હતી છતાં તેઓ સરકાર સાથે સંબંધ જાળવીને શિક્ષણમાં શક્ય એટલા ધાર્મિક અને સાંસ્કૃતિક સુધારા કરવા માંગતી હતી. આ સંસ્થાઓ સફળ પણ રહી હતી.

સરકારથી સ્વતંત્ર રહીને કામ કરવું એ માટે ઘણી મોટી તૈયારી કરવી પડે. જેમાં સફળતા ધીમી મળે પણ નક્કર કામ થઈ શકે. આવા ખ્યાલ સાથે ૧૯૦૦ થી ૧૯૨૦ દરમ્યાન બે સંસ્થાઓ પ્રેમમહાવિદ્યાલય, વૃંદાવનમાં અને ગુરુકુલ, કાંગડીની સ્થાપના થઈ. તેમણે કેળવણી વિષયક સુધારા કરી, દેશની પરંપરા મુજબ, સાંસ્કૃતિક અને ધાર્મિક શિક્ષણ આપ્યું. આ સમયગાળા દરમ્યાન આર્યસમાજે બંગભંગ અને થિયોસોફીના પ્રયત્નોએ શિક્ષણ ક્ષેત્રે સ્વતંત્ર પ્રયોગોને પ્રોત્સાહન આપ્યું. તેમ છતાં ભાવિના ગર્ભમાં કંઈ છૂપાયેલું હતું, અવતરણની રાહ જોતું.

ભારતના એકએક જણને જોડે અને એકેએકની અંદર મુક્તિની ઝંખના જગાડે અને સૌને જોડે એવો કેળવણી પ્રયોગ એ જમાનાની માંગ હતી. ગાંધીજીએ ૧૯૧૮માં આશ્રમની સ્થાપના કરી. આશ્રમની એક પ્રવૃત્તિ તરીકે તેમણે 'રાષ્ટ્રીય વિદ્યામંદિર'ની સ્થાપના કરી હતી. એ દિવસોમાં અલીગઢની એક સભામાં

---

* વર્ષ ૨૦૦૬માં ગુજરાત ઇતિહાસ પરિષદના ૨૪મા અધિવેશન પ્રસંગે યોજાયેલ નિબંધસ્પર્ધામાં શ્રી કરુણાશંકર કુબેરજી ભટ્ટ સુવર્ણચંદ્રકને પાત્ર ઠરેલ નિબંધ.

+ સહ અધ્યાપક, પત્રકારત્વવિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦૦૧૪

તેમણે જણાવ્યું હતું કે, ''કોઈ રાષ્ટ્ર આગેકૂચ કરી રહ્યું હોય ત્યારે રાષ્ટ્રના યુવાનોની પ્રતિનિધિરૂપ જ્ઞાનપીઠો પાછળ કેવી રીતે રહી શકે ?''

વિદ્યાપીઠની સ્થાપના અંગેનાં કારણો, ભૂમિકા સમજાવતાં અને એ દિવસોને યાદ કરતાં કાકાસાહેબ કાલેલકર કહે છે, ''અમારી આગળ લોકમાન્ય તિલકના રાષ્ટ્રીય શિક્ષણની પ્રેરણા હતી જ. બંગાળની નેશનલ કાઉન્સિલ ઑફ ઍજ્યુકેશન મારફતે શ્રી અરવિંદ ઘોષ જેવા જે કામ કરતા હતા એનો આદર્શ પણ હતો. રવીન્દ્રનાથનું શાંતિનિકેતન, આર્યસમાજના ગુરુકુળો એ બધાનું વાતાવરણ દેશમાં હતું જ. મારો પોતાનો રાષ્ટ્રીય શિક્ષણનો અનુભવ કંઈ નહીં તો દસ વર્ષનો હતો. એટલે વિદ્યાપીઠની સ્થાપના એ કાંઈ ઉતાવળિયું પગલું ન હતું. ગાંધીજીએ પોતે ૧૯૧૭માં ગુજરાતને શિક્ષણની પ્રેરણા આપી જ હતી.''

એ દિવસોમાં અસહકાર આંદોલનની શરૂઆત થઈ ચૂકી હતી. ગામે ગામે તેની મજબૂત અસર અને નક્કર પરિણામો જોવા મળતાં. કેટલીક પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓ તો આખેઆખી અસહકાર આંદોલનમાં જોડાઈ હતી. આથી વિદ્યાર્થી સરકારી શાળામાંથી છૂટો થાય તો તેને રાષ્ટ્રીય શાળામાં જોડાવાની સગવડ મળી રહેતી. પણ જો કોઈ વ્યક્તિ અસહકાર આંદોલનના પ્રભાવમાં કૉલેજ છોડે તો તેને માટે રાષ્ટ્રીય વિદ્યાપીઠનો વિકલ્પ ઉપલબ્ધ ન હતો. આથી યુવા રાષ્ટ્રપ્રેમી વિદ્યાર્થીઓ માટે એક રાષ્ટ્રીય યુનિવર્સિટી હોવી જ જોઈએ તેવી વાત ઇન્દુલાલ યાજ્ઞિક ગાંધીજીને સમજાવવામાં સફળ રહ્યા હતા. કલકત્તાની કોંગ્રેસમાં અસહકારનો અને તેની સાથે રાષ્ટ્રીય વિદ્યાલયો ખોલવાનો ઠરાવ આવે તે પહેલાં જ અબ્બાસ તૈયબજીના પ્રમુખપદે મળેલી ચોથી ગુજરાત રાજકીય પરિષદે વિદ્યાપીઠની સ્થાપનાનો ઠરાવ કર્યો હતો. આ પરિષદે શ્રી કિશોરલાલ મશરૂવાલા અને શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકના મંત્રીપદે એક સમિતિની રચના કરી તેઓને આ અંગેનું કામ સોંપી દીધું હતું. આ સમિતિએ તા. ૧૮-૧૦-૧૯૨૦ ના રોજ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાની જાહેરાત કરી.

આમ, વિદ્યાપીઠની સ્થાપનાની જાહેરાત થઈ તે સમયે કોઈ જાહેર કાર્યક્રમ થયો ન હતો. તેની સ્થાપનાની ઉજવણી સમાન કાર્યક્રમ ઉચ્ચશિક્ષણ માટે શરૂ થનારા 'ગૂજરાત મહાવિદ્યાલય'ની શરૂઆત નિમિત્તે ૧૫ નવેમ્બર, ૧૯૨૦ ના રોજ ગાંધીજીના હસ્તે રાખવામાં આવ્યો હતો.

'ગુજરાત મહાવિદ્યાલય'નો મંગળ પ્રારંભ સાબરમતીના પશ્ચિમ કિનારે એલિસબ્રીજથી કોચરબ જતાં રસ્તા પર લગભગ વચ્ચોવચ આવતા પ્રીતમનગરના પહેલા ઢાળ પાસે આવેલા ડાહ્યાભાઈ ઇજતરામ વકીલના બંગલામાં યોજાયો હતો. વિક્રમ સંવત ૧૯૭૭ ને કારતક સુદ પાંચમ, સોમવારના શુભદિને યોજાયેલ આ કાર્યક્રમમાં શહેરના અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. એ દિવસોમાં 'નવજીવન' સાપ્તાહિક જ લોકોને આઝાદી આંદોલન અને તેની કામગીરી સાથે જોડી રાખતો સમાચાર સેતુ હતો. 'નવજીવન'માં પહેલાં પાને મોટા અક્ષરે છાપેલી જાહેરાત વાંચીને અમદાવાદના કેટલાક નાગરિકો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ ઉપરાંત ખાદીનાં સફેદ વસ્ત્રોમાં સજ્જ, દેશ માટે કંઈ કરી છૂટવા તત્પર યુવાન વિદ્યાર્થીઓ સરકારી કૉલેજોને છોડીને ગાંધીજી સાથે જોડાવા આવ્યા હતા. આચાર્ય તરીકે શ્રી ગિદવાણીજી, મહામાત્ર શ્રી કિશોરલાલ મશરૂવાલા, ધર્મવક્તા શ્રી વિનાયક ભાવે, અધ્યાપકોમાં ગુજરાતના રા. વિ. પાઠક, સંસ્કૃતના રામચંદ્ર આઠવલે, અંગ્રેજીના પ્રા. વિ. પાઠક, ગણિતના મહેશ્વર ગોડબોલે, ઇતિહાસના લાલા જુગલકિશોર અગ્રવાલ, અર્થશાસ્ત્રના જેકિશન ભણસાલી તથા કાકાસાહેબ કાલેલકર તેમજ તર્કશાસ્ત્રના સીતારામ પટવર્ધન હાજર રહ્યા હતા. સાડા આઠના ટકોરે વૈદિક ઇસ્લામી પ્રાર્થનાથી સમારંભની શરૂઆત થઈ. સૌએ સાથે મળીને વંદેમાતરમ્ ગાયું. વાતાવરણ રાષ્ટ્રીય ભાવનાસભર થઈ ગયું. ભજન ગવાયું. મહામાત્ર કિશોરલાલ મશરૂવાલાને મહાવિદ્યાલયની પ્રતિષ્ઠા અંગે ટૂંકુ નિવેદન રજૂ કરી આ સમારંભના કેન્દ્રસ્થાને રહેલા વિદ્યાપીઠના કુલપતિશ્રીને આ વિદ્યાલયની પ્રતિષ્ઠા કરવા વિનંતી કરી.

ગૂજરાત વિદ્યાપીઠના સ્થાપક કુલપતિ મોહનદાસ કરમચંદ ગાંધીએ એક ગુલામ દેશમાં મળતા શિક્ષણની સામે રાષ્ટ્રીય શિક્ષણ અને ચારિત્ર્ય નિર્માણ કરતી કેળવણીનો વિકલ્પ બની રહેનારી ગૂજરાત વિદ્યાપીઠ અને તેના મહાવિદ્યાલયની શરૂઆત તેમના મતે કેટલી મોટી ઘટના છે તે જણાવતાં તેમણે પોતાના પ્રવચનના આરંભે જ કહ્યું કે, ''મારા જીવનમાં મેં અનેક કાર્યો કર્યાં છે તેમાંના ઘણાં કાર્યો માટે મારા મનમાં હું મગરૂરી પણ માનું છું. કેટલાકને સારુ પશ્ચાતાપ પણ થાય છે. એમાંના ઘણા મોટી જવાબદારીવાળા પણ હતા. પણ અત્યારે જરાયે અતિશયોક્તિ વિના હું કહેવાને ઇચ્છું છું કે, મેં એવું એક પણ કાર્ય કર્યું નથી જેની સાથે આજે કરવાના કાર્યનો મુકાબલો થાય.... આ ઉપરથી એમ નહીં માનશો કે આ મિથ્યાભિમાની માણસ બોલે છે, એમ ન માનશો કે એ બધી તપસ્યા મેં જ કરી છે, કે એ મૂળ મેં જ રોપ્યું છે. મેં તો કેવળ મંત્ર આપ્યો છે, એક વણિકપુત્ર જો કરી શકતો હોય તો મેં ઋષિનું કામ કર્યું છે....''

આ ઘટનાઓ ૨૦મી સદીના બીજા દાયકાની છે. આજે એકવીસમી સદીના પ્રથમ દસકા સુધી વિદ્યાપીઠની યાત્રા કેવી વિસ્તરી અને વિકસી છે, અને તે માટે વિદ્યાપીઠે પરિવર્તનોના અનેક તબક્કામાંથી, તાંત્રિક અનિવાર્યતાઓમાંથી પસાર થવું પડ્યું છે.

**ગૂજરાત વિદ્યાપીઠ-ઓળખ અને વિકાસ :**

ગૂજરાત વિદ્યાપીઠનો મુખ્ય દરવાજો પથ્થરનો છે. આ દરવાજો ગૂજરાત વિદ્યાપીઠના ઐતિહાસિક મકાન સમા પ્રાણજીવનદાસ છાત્રાલયના દરવાજાની પ્રતિકૃતિ છે. વિદ્યાપીઠના દરવાજા બહારની અને અંદરની દુનિયામાં આસમાન જમીનનો ફેર છે. ગૂજરાત વિદ્યાપીઠના મહાત્મા ગાંધી પરિસરમાં દાખલ થતાંની સાથે જ સ્વચ્છતા, શાંતિ અને સુઘડ વાતાવરણનો અનુભવ થાય છે.

અંદાજે ૨૭ એકર જેટલી જમીન પર ગૂજરાત વિદ્યાપીઠનું અમદાવાદ પરિસર આવેલું છે. અહીં રેંટિયો સચવાયો છે, લેખન સંશોધન વિસ્તર્યું છે અને કમ્પ્યુટર વિભાગ વિકાસ પામી રહ્યો છે. આમ કાંતણ, કલમ અને કમ્પ્યુટરનું અજોડ સંયોજન ગૂજરાત વિદ્યાપીઠની આગવી ઓળખ છે. ગૂજરાત વિદ્યાપીઠનું ગ્રંથાલય ગુજરાતભરના સંશોધકો માટે માહિતીનો ભંડાર છે. આ ભવન 'ગાંધીભવન' તરીકે ઓળખાય છે. અમદાવાદ પરિસર પર કમ્પ્યુટર સેન્ટર, યુસીક વિભાગ, ભારતીય ભાષા સંસ્કૃતિ સંસ્થાન, અહિંસા શોધભવન, સમતા અને વિકાસ કેન્દ્ર, કોશ કાર્યાલય, મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, શિક્ષણ તથા હિન્દી શિક્ષણ મહાવિદ્યાલય, આદિવાસી તાલીમ અને સંશોધન કેન્દ્ર, પ્રૌઢશિક્ષણ તાલીમ અને સંશોધન કેન્દ્ર, મહેમાનગૃહ, મુખ્ય કાર્યાલય, કુમાર વિનયમંદિર, કન્યા છાત્રાલય, અનુસ્નાતક છાત્રાલય, યોગ તાલીમ કેન્દ્ર, જિમ્નેશિયમ હૉલ, સ્વીમીંગ પુલ અને વિશાળ રમતગમત સંકુલ આવેલાં છે. એક રાષ્ટ્રીય કક્ષાના વિશ્વવિદ્યાલયની તમામ શૈક્ષણિક જરૂરિયાતો માટે પર્યાપ્ત એવાં આ મકાનો મોટે ભાગે ૧૯૬૫ પછી બંધાયેલાં છે. એ અગાઉનાં કેટલાંક ૨૦મી સદીની શરૂઆતનાં વર્ષોની યાદ અપાવતા આવાસ અને પાણીના કૂવાઓ પણ આ પરિસરમાં છે.

ગૂજરાત વિદ્યાપીઠનું ઐતિહાસિક પ્રાણજીવન વિદ્યાર્થીભવન અમદાવાદ પરિસરની અને ગૂજરાત વિદ્યાપીઠની ઓળખ છે. આ ભવન રક્ષિત સ્મારક છે. આ મકાનનું ખાત મુહૂર્ત ૧૯-૦૨-૧૯૨૩ના રોજ ડૉ. પી. સી. રૉયે કર્યું હતું. અને તા. ૧૪-૧-૧૯૨૫ના રોજ ગાંધીજીના હસ્તે ઉપયોગ માટે ખુલ્લું મુકાયું હતું. આ મકાનને ચાર ખૂણે ચાર મોટા બુરજ છે. વચ્ચે મુખ્ય દરવાજા પરનો એક બુરજ, સાથે લાંબી પરસાળ અને એક સરખા કદની નાની પણ નહીં અને મોટી પણ નહીં એવી ૭૦ થી ૭૫ ઓરડીઓવાળું બે માળનું સમચોરસ કિલ્લા જેવું આ મકાન એક જમાનામાં વિદ્યાપીઠની તમામ પ્રવૃત્તિઓને સમાવી લેતું હતું. વિદ્યાર્થીઓ અહીં જ રહેતા, અધ્યાપકો અધ્યયન કરાવતા, પુરાતત્ત્વ અને સંશોધનકાર્ય ચાલતું, કોશ કાર્યાલય સહિતની પ્રવૃત્તિ ચાલતી. આજે આ મકાનની ફરતે અનેક મકાનો અને વિભાગો બની ચૂક્યાં છે.

ગૂજરાત વિદ્યાપીઠની પ્રતિષ્ઠાને શરૂઆતના દિવસોમાં ગાંધી વિચારનું બળ, સ્નેહ અને પ્રાર્થના મળ્યાં. જેની અસર આજદિન સુધી પરિસરમાં અનુભવાય છે. મહાવિદ્યાલય માટે પ્રાર્થના કરતાં તેમણે કહ્યું હતું કે, ''હે ઈશ્વર ! આ મહાવિદ્યાલયને એવું બનાવ કે તેની અંદર જે સ્વતંત્રતાનો જાપ આપણે રાત-દિવસ જપીએ છીએ એ સ્વતંત્રતા મળે, અને એ સ્વતંત્રતાથી એકલું હિન્દુસ્તાન જ નહીં, પણ આખું જગત જેમાં હિન્દુસ્તાન એક બિંદુમાત્ર છે, તે સુખી થાઓ....''

આમ, ગાંધીજીના હાથે ઋષિકાર્યની શરૂઆત થઈ. દેશભરમાંથી અધ્યાપકો અને વિદ્યાર્થીઓ આકર્ષાયા. આમાં પ્રજાને અને વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠનું જો કોઈ મહત્ત્વનું આકર્ષણ રહ્યું હોય તો તે તેમાં એકઠી થયેલી વિવિધ પ્રકારની ઉત્તમ વ્યક્તિઓનું હતું. ગાંધીજીએ વિદ્યાપીઠનું કુલપતિપદ સ્વીકાર્યું. સરળ પ્રકૃતિ, દૃઢસંકલ્પ અને વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા ગાંધીવિચારના સ્વયંસેવી ગિદવાણીજીને તેમણે કુલનાયકપદ તથા વિદ્યાલયનું આચાર્યપદ સોપ્યું. વિજ્ઞાન અને કાયદાના સ્નાતક છતાં શિક્ષણશાસ્ત્રી અને પ્રખર તત્ત્વવેત્તા કિશોરલાલ મશરૂવાળા પ્રથમ મહામાત્ર હતા.

વિદ્યાપીઠમાં સમગ્ર ભારતનું બુદ્ધિધન જ્ઞાન ઉપાસના માટે આવ્યું. એ.ટી. ગિદવાણી, જે.બી. કૃપલાની, જીવતરામ ભગવાનદાસ, એન.આર. મલકાણી, વિનોબા ભાવે, આઠવલેજી, ગોડબોલેજી, કાકાસાહેબ કાલેલકર, પટવર્ધનજી, રામનારાયણ પાઠક, રસિકલાલ પરીખ, ધર્માનંદ કોસમ્બી, નરહરિ પરીખ, ત્રિકમલાલ મ. શાહ, નંદલાલ મ. શાહ, ગુજરાત કૉલેજમાંથી ગણિતના પ્રોફેસર સ્વામિનારાયણ જોડાયા. આ સંદર્ભે ગાંધીજીએ પણ કહેવું પડ્યું, ''અહીંયા આ વિદ્યાના કાર્યને સારુ જે સંગમ થયો છે તે તીર્થરૂપ છે. અહીં ચારિત્રવાન પુરુષો એકઠા થયા છે. સુંદર સિંધી, સુંદર મહારાષ્ટ્રી, સુંદર ગુજરાતીઓનો સંગમ થયેલો છે.'' ગુજરાતના આંગણે ભારતની બૌદ્ધિક સંપદા આઝાદી આંદોલનના સૈનિકોને તાલીમ આપવા સારુ એકત્ર થઈ હતી.

આ વિદ્યાપીઠનો ધ્યાનમંત્ર પણ રાષ્ટ્રીય કેળવણીના આ ખ્યાલને અનુરૂપ જ રખાયો : **सा विद्या या विमुक्तये ।** ગાંધીજીએ પોતે એની સમજ વિદ્યાર્થીઓને આપતાં કહ્યું હતું કે, ''તે સૂત્ર મને બહુ સરસ લાગ્યું છે... જેનાથી મુક્તિ મળે તે વિદ્યા. મુક્તિ બે પ્રકારની છે. એક મુક્તિ દેશને પરાધીનતામાંથી છૂટો કરવાની તે. એ થોડા વખતને માટે હોય. બીજી મુક્તિ સદાને સારુ છે. મોક્ષ કે જેને પરમ ધર્મ કહીએ તે મેળવવો હોય તો દુન્વયી મુક્તિ પણ હોવી જોઈએ જ. અનેક ભયમાં રહેલો માણસ નિરંતરનો મોક્ષ નથી પ્રાપ્ત કરી શકતો. નિરંતરનો મોક્ષ મેળવવો હોય, પરમ પુરુષાર્થ પ્રાપ્ત કરવો હોય તો નજીકનો મોક્ષ પ્રાપ્ત કર્યે જ છૂટકો છે. જે વિદ્યાથી આપણી મુક્તિ દૂર જાય છે તે વિદ્યા ત્યાજ્ય છે.'' સંસ્કૃત સૂત્રની સાથોસાથ એવું જ એક ઇસ્લામનું સૂત્ર પણ રખાયું : ''અલ હિકમતો ઝાલ્લતૂલ મોંમીને ફહૈસો અહક્કો બેહા'' (શાણપણ એ મુસ્લિમની ખોવાયેલ મિલકત છે, એને જ્યારે તે મળે ત્યારે તેની પોતાની કરી લેવી જોઈએ.)

**ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતકો અને સ્નેહસંમેલનો :**

ગૂજરાત વિદ્યાપીઠ યુનિવર્સિટી કક્ષાની સંસ્થા હતી. (આજે તે ડિમ્ડ યુનિ. ગણાય છે.) તેમાં કૉલેજ કક્ષાના શિક્ષણ માટે જે સંસ્થા સ્થપાઈ તેને 'ગૂજરાત મહાવિદ્યાલય' એવું નામ અપાયું. આ મહાવિદ્યાલયની શરૂઆતના દિવસોમાં ૫૯ વિદ્યાર્થીઓ સરકારી કૉલેજ છોડીને જોડાયા. ત્યાર બાદ સુરત-મુંબઈમાં આ પ્રકારનાં મહાવિદ્યાલયો શરૂ થયાં તે પણ ગૂજરાત વિદ્યાપીઠ સાથે જોડાયાં. આ ઉપરાંત આ રાષ્ટ્રીય વિદ્યાપીઠને માથે એક બીજી તાત્કાલિક જવાબદારી પણ હતી. સરકારી સંસ્થાઓમાં પરીક્ષાનો સમય હતો તે છતાં ગાંધીજી અને કૉંગ્રેસનો અનુરોધ સ્વીકારી દેશભરના જુવાનોએ કૉલેજ છોડેલી. તેમણે પરીક્ષા માટે કરેલી મહેનત નકામી ન જાય તે જોવાની જવાબદારી વિદ્યાપીઠ ઉપર હતી. કુલનાયક એ માટે દેશભરમાં ફરે અને પરીક્ષા લે એવી જોગવાઈ કરવામાં આવેલી. જો કે એ દરમ્યાન પૂનામાં ટિળક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ અને પંજાબમાં

રાષ્ટ્રીય કેળવણી મંડળ સ્થપાયાં હતાં. તેમણે વિદ્યાપીઠ વતી આ પરીક્ષાઓની વ્યવસ્થા કરી હતી. મુંબઈ, અલાહાબાદ, મદ્રાસ, પંજાબ, બનારસ, કલકત્તા અને પટણા - એટલી યુનિવર્સિટીઓના કુલ ૧૦૩૭ વિદ્યાર્થીઓ આ અખિલ ભારતીય પરીક્ષાઓમાં બેઠા હતા.

વિદ્યાપીઠની સ્થાપના સ્થાપિત શિક્ષણપદ્ધતિના વિકલ્પે રાષ્ટ્રીય શિક્ષણ પૂરું પાડવાની જરૂરિયાતમાંથી ઊભી થઈ હતી. તે માટે 'ગૂજરાત મહાવિદ્યાલય'ની સ્થાપનાની સાથે જ તેમાં વિવિધ વિદ્યાશાખાઓના અભ્યાસ માટે સાહિત્ય મંદિર, સમાજવિદ્યા મંદિર, વ્રાણિજ્ય મંદિર તથા ગ્રામસેવા મંદિર શરૂ કરવામાં આવ્યાં. ૧૯૩૦ સુધીમાં તેમાં કુલ ૩૩૫ સ્નાતકોએ ભાષા વિશારદ, દર્શનશાસ્ત્ર વિશારદ, અર્થશાસ્ત્ર વિશારદ, ગણિત વિશારદ, વિજ્ઞાન વિશારદ, સમાજવિદ્યા વિશારદ, વાણિજ્ય વિશારદ, આર્યવિદ્યા વિશારદ અને લલિતકલા વિશારદની પદવી મેળવી.

આ ૩૩૫ સ્નાતકોને પદવી આપવા માટે ૧૯૨૨ થી ૧૯૩૬ દરમિયાન થયેલા દસ પદવીદાન સમારંભોમાં એકને બાદ કરતાં નવના પ્રમુખસ્થાને કુલપતિ ગાંધીજી હતા, તો તેમાં દીક્ષાંત પ્રવચન આપવા સરદાર વલ્લભભાઈ પટેલ, કસ્તૂરબા, સી.વી.વૈદ્ય, દીનબંધુ ઍન્ડ્રૂઝ, આચાર્ય રામદેવજી અને આચાર્ય નરેન્દ્રદેવજી હાજર રહ્યા હતા.

સ્નાતકોના દીક્ષાંત સમારંભની સાથે સાથે જ સ્નેહસંમેલનો પણ યોજાયાં હતાં. તેમાં કસ્તૂરબા, દીનબંધુ ઍન્ડ્રૂઝ, ગિદવાણીજી, નરહરિભાઈ પરીખ, કિશોરલાલ મશરૂવાળા, ડૉ. સુમંત મહેતા, આચાર્ય કૃપલાનીજી, સરદાર પટેલ, રાજાજી, કાકાસાહેબ કાલેલકર, મંગળદાસ પકવાસા, મોરારજીભાઈ દેસાઈ, રવિશંકર મહારાજ તથા સ્વામી આનંદે મુખ્ય મહેમાન તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા. મુખ્ય મહેમાનોનાં આ નામો પરથી વિદ્યાપીઠના સ્નાતકો દીક્ષાંત સમારંભ તથા તે સાથે યોજાતાં સ્નેહસંમેલનમાં રાષ્ટ્રીય કક્ષાના કેવા કેવા મહાનુભાવોને મેળવવાને ભાગ્યવાન થયા હતા તે જોઈ શકાય છે.

**ગૂજરાત વિદ્યાપીઠની સંશોધન પ્રવૃત્તિ :**

વિશ્વવિદ્યાલયની બીજી મહત્ત્વની પ્રવૃત્તિ સંશોધન ક્ષેત્રે તેણે કરેલી કામગીરીની ગણાય. આમાં પણ માનવવિદ્યાને ક્ષેત્રે વિદ્યાપીઠે ઘણું સંશોધનકાર્ય કર્યું. ખાસ કરીને પ્રાચ્યવિદ્યા, ઇતિહાસ, કલા, સ્થાપત્ય, ધર્મ, તત્ત્વજ્ઞાન, સંસ્કૃત, પ્રાકૃત, પાલિ, અપભ્રંશ જેવી ભાષાઓના ક્ષેત્રમાં વિદ્યાપીઠમાં થયેલું સંશોધન મૂલ્યવાન ઠરે તેવું છે. તેનો યશ આ કાર્યની ભૂમિકા ઊભી કરનાર પુરાતત્ત્વ મંદિરના વિદ્વાનોને ફાળે જાય છે.

પુરાતત્ત્વ મંદિરના આચાર્ય તરીકે મુનિશ્રી જિનવિજયજી ૧૯૨૦ના નવેમ્બરના અંત ભાગમાં વિદ્યાપીઠમાં જોડાયા તે પછી તેમનું કાર્ય આરંભાયું. એમાં પંડિત સુખલાલજી સંઘવી, પંડિત બેચરદાસ દોશી અને શ્રી ધર્માનંદ કોસમ્બી પણ જોડાયા. આ અધ્યાપકો જરૂરિયાત મુજબ મહાવિદ્યાલયના વર્ગો લેતા ખરા, પરંતુ તેમનું મુખ્ય કામ સંશોધનનું હતું. પુરાતત્ત્વ મંદિરની પ્રબંધ સમિતિના મંત્રીઓ કાકાસાહેબ કાલેલકર અને રસિકલાલ પરીખ હતા.

**ગૂજરાત વિદ્યાપીઠ અને ગ્રામશિક્ષણ :**

વિદ્યાપીઠના શિક્ષણમાં ગ્રામશિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. એ માટે કોઈ ગામડું કે ગામડાં પસંદ કરી, આધુનિક સંશોધન પદ્ધતિ અનુસાર ગ્રામતપાસ કરાવવી જરૂરી હતી. ૧૯૨૮માં શ્રી નગીનદાસ અમૂલખરાય આડતિયા તરફથી ગ્રામકેળવણી માટે વિદ્યાપીઠને એક લાખ રૂપિયાની સખાવત મળી હતી. તેમાંય ગ્રામસેવા મંદિરની યોજના થઈ. એ પ્રવૃત્તિના ભાગ તરીકે ભારતના કુમારપ્પા જેવા અર્થશાસ્ત્રીના માર્ગદર્શનમાં માતર તાલુકાની આર્થિક તપાસ કરીને પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

પુરાતત્ત્વ મંદિરથી કરવામાં આવતી સંશોધન પ્રવૃત્તિના અનુસંધાનમાં એક સમૃદ્ધ પુસ્તકાલય પણ ઊભું થયું. એને 'શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનભંડાર' એવું નામ આપવામાં આવ્યું. એમાં કેટલાક અત્યંત દુર્લભ અને અપ્રાપ્ય ગ્રંથો અને એવાં જ અત્યંત દુર્લભ અને અપ્રાપ્ય જૂનાં સામયિકો સાચવી રાખવામાં આવ્યાં હતાં. ઇન્ડિયન ઍન્ટિક્વેરી, કલકત્તા રિવ્યૂ, રૉયલ એશિયાટિક સોસાયટી ઑફ બેંગાલનું જર્નલ વગેરે સામયિકોની જૂની ફાઈલો, વિયેના ઓરિએન્ટલ જર્નલ, જૂની પોથીઓ તથા દેશીપરદેશી ભાષાઓમાંના અનેક અભ્યાસગ્રંથો વગેરે સામગ્રી આ ગ્રંથાલયમાં સંઘરવામાં આવી છે. આજે પણ વિદ્વાનોનું તે એક આકર્ષણ બની રહ્યું છે.

**રવીન્દ્ર અને મોહનનો સંગીતપ્રેમ :**

ગુજરાતની પ્રજામાં શાસ્ત્રીય સંગીતના સંસ્કારોનું પુનર્નિર્માણ કરવામાં પણ વિદ્યાપીઠનો ફાળો હતો. શાંતિનિકેતનને બાદ કરતાં એ પહેલી જ એવી યુનિવર્સિટી હતી જેણે સ્નાતક કક્ષાએ સંગીત, ચિત્ર વગેરે કળાઓને અભ્યાસક્રમમાં સ્થાન આપ્યું હતું.

**વિદ્યાપીઠ અને વિસ્તરણકાર્યો :**

વિદ્યાપીઠના શિક્ષણ સાથે વિસ્તરણ કાર્યો આનુષંગિક અંગની જેમ જોડાયેલ છે. આ એવી વિદ્યાપીઠ હતી જેનો જન્મ જ અસહકારની લડતના યુગમાં રાષ્ટ્રીય શિક્ષણ માટે થયો હતો. 'વિદ્યાપીઠ સ્વરાજ્ય માટે સરજાઈ હતી અને સ્વરાજ્ય માટે કામ કરતી રહી' એ વિદ્યાપીઠના શિક્ષણના વિસ્તરણકાર્યનું સારરૂપ સૂત્ર છે, વિદ્યાપીઠના ઇતિહાસનો સાર છે. અસહકારમાંથી વિદ્યાપીઠ ઉદ્ભવી. ચંપારણના સત્યાગ્રહ વખતે, પોતાને ત્યાં ગાંધીજીને મુકામ આપવાની હિંમત દર્શાવવા બદલ રાજીનામું આપનાર કૃપલાની વિદ્યાપીઠમાં હતા. ૧૯૨૩માં પંજાબમાં ચાલેલા શીખોના સત્યાગ્રહમાં જોડાઈ પંડિત નહેરુ તથા ડૉ. કિચલુની સાથે ધરપકડ વહોરનાર ડૉ. ગિદવાણી પણ વિદ્યાપીઠમાં હતા. ૧૯૩૦ પહેલાંની નાગપુર, બોરસદ, બારડોલી વગેરેની લડતોમાં વિદ્યાપીઠમાંથી સત્યાગ્રહીઓ ભાગ લેતા, પણ વિદ્યાપીઠનું કામ ચાલુ રહેતું.

**૧૬ વર્ષના સ્વરાજ્યપ્રેમીઓ અને ગૂજરાત વિદ્યાપીઠ - શિક્ષણની નવી દિશા :**

૧૯૩૦ની લડત જુદા જ પ્રકારની હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોને એમાં રાષ્ટ્રમુક્તિનો શૈક્ષણિક પ્રયોગ લાગ્યો. તેમણે રોજિંદુ કામ થંભાવી દીધું. રાષ્ટ્રમુક્તિના આ નવતર પ્રયોગના આયોજનનું કાર્ય વિદ્યાપીઠે ઉપાડી લીધું. દાંડીયાત્રા નીકળે તે પહેલાં જે જે પ્રદેશમાંથી યાત્રીઓ પસાર થવાના હતા તે તે જિલ્લાઓમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોની છ ટુકડીઓ ફરી વળી. આ સિવાય દસ દસ વિદ્યાર્થીઓની બે ટુકડીઓએ અરુણ ટુકડી તરીકેની વિશિષ્ટ કપરી કામગીરી બજાવી. દાંડીયાત્રા જ્યાં જ્યાં પહોંચવાની કે જ્યાંથી જ્યાંથી નીકળવાની હોય ત્યાં ત્યાં અગાઉથી આ ટુકડી જતી ને બધી વ્યવસ્થા કરતી. એ સિવાય એક ટુકડી એવી હતી જેણે અમુક અમુક અગત્યનાં મથકોમાં મુકામ કર્યો હતો. છ જાગૃતિ ટુકડીઓમાંના નવ જણ તો કામ આટોપીને પાછા પદયાત્રામાં પણ જોડાયા હતા. આ બધામાંથી મોટા ભાગનાને જેલયાત્રાનો લાભ પણ મળ્યો હતો. જે જેલમાં ન જઈ શક્યા તે સૌએ ખાદી ફેરીનું વ્યવસ્થિત કામ કર્યું. બહેનોએ પણ આમાં ભાગ લીધો. કાગ્રેસ મહાસમિતિ એટલે કે એ.આઈ.સી.સી.ની બેઠક વિદ્યાપીઠમાં મળી હતી. ખુદ વિદ્યાપીઠમંડળે લડતનું એલાન કર્યું હતું એટલે મહાવિદ્યાલય, વિનયમંદિર ને બીજાં ત્રણ માન્ય વિનયમંદિરો તથા ત્રણ કુમારમંદિરો બંધ થયાં ને લડતમાં જોડાયાં. સૌ ન પકડાયાં ને વિદ્યાપીઠ જપ્ત ન થઈ એ કારણે શિક્ષણની એક નવી દિશા ખૂલી.

૧૯૩૧માં એક નાનો પણ ચિનગારી જેવો 'સ્વરાજ વિદ્યાલય'નો પ્રયોગ પણ વિદ્યાપીઠમાં થયો હતો. એમાં ૧૬ વર્ષથી ઉપરના સ્વરાજપ્રેમીને માટેનો પાંચ માસનો તાલીમવર્ગ ચલાવાયો હતો. એના બે વર્ગો માંડ લેવાયા ત્યાં લડત ઊપડી. લડતના વર્ગો ચલાવનારને આ વખતે સરકારે છૂટા ન રહેવા દીધા. વિદ્યાપીઠને ગેરકાયદે જાહેર કરી. તા. ૧૦-૧-૧૯૩૨ના રોજ કબ્જો લઈ પોલીસ પહેરો મૂકી દીધો.

આ સીલ બે વરસ રહ્યાં. જ્યાં બાળકો-કિશોરો કિલ્લોલ કરતાં ત્યાં બળવાનનાં વન થયાં. મકાનોને ઊધઈ લાગી. ગાંધીજી જેલમાં હતા. ત્યાં રહ્યે રહ્યે એમને ગ્રંથાલયની ચિંતા થઈ. એમણે સરકાર સાથે લખાપટ્ટી કરી ગ્રંથાલય અઠવાડિયામાં એકવાર સાફસૂફ થયા તેવી વ્યવસ્થા કરી હતી.

વ્યક્તિની માફક આખી સંસ્થા આ રીતે 'મુક્તિ ખાતર બંધનમાં જકડાય' એ ગૌરવની વાત ગણાય. તા. ૨૫ નવેમ્બર, ૧૯૩૪ ના રોજ એ બંધન છૂટ્યાં. નવેમ્બરમાં મકાનોનાં તાળાં ખૂલ્યાં. ૧૯૩૪ની સાલના ગાંધીજીના ઉપવાસ પણ હેમખેમ છૂટ્યા હતા. હવે વિદ્યાપીઠનું કામ કેમ ગોઠવવું એ વિચારવા સૌ સાથે બેઠા. ત્યારે ગાંધીજીએ સંસ્થાને મકાનરૂપે બાંધી રાખવા કરતાં, સંસ્થાના આદર્શોને વ્યક્તિના આચરણમાં ઉતારીને સ્થળે સ્થળે ફરતા કરવાનો વિચાર મૂક્યો. ''જીવતી સંસ્થાઓનો ઉદ્દેશ એવો હોવો જોઈએ કે તેમાં જે વ્યક્તિઓ તૈયાર થાય તે બધી તેને પોતાના જીવનમાં મૂર્તિમંત કરે....''

**દરેક સેવક જંગમ વિદ્યાલય :**

એટલે દરેક સેવક જંગમ વિદ્યાલય બનીને ગામડે ગામડે પહોંચે, રેંટિયાને કેન્દ્રમાં રાખીને ઉદ્યોગને સ્વાવલંબનના પાઠ આચારથી શીખવે. સ્વચ્છતા ને સ્નેહસેવાનો નમૂનો બને. રામાયણ-મહાભારતની ને એવી બીજી જ્ઞાનગમ્મતની વાતો કરે. હરિજનકાર્ય કરે. ગાંધી કલ્પનાની આ બીજી જંગમ વિદ્યાપીઠ ઈંટ-ચૂનાની નહીં, માનવોની બનવાની હતી. કેટલાક સેવકો આ મુજબ ગામડાંમાં ગોઠવાયા. એ કામ ગ્રામસેવા સમિતિ મારફત ગોઠવાયું.

આ રીતે કુમારમંદિર, ગ્રામકેન્દ્રો અને જંગમ વિદ્યાપીઠના પ્રયોગો ચાલુ હતા. એ કામ માંડ સાતેક વર્ષ ચાલ્યું હશે ત્યાં બેતાળીસનો સંગ્રામ મંડાયો. આઠમી ઑગસ્ટે દેશનેતાઓની ધરપકડ થઈ કે તરત જ વિદ્યાપીઠમંડળે એની સંસ્થાઓને લડતમાં ઝંપલાવવાની સંમતિ આપી.

બે-ત્રણ દિવસમાં જ બધાં કામો આટોપી લેવાયાં. નાનાં વિદ્યાર્થીઓને તેમને ઘેર રવાના કરી દેવાયા. ખપજોગા સેવકોને સંસ્થામાંના ગ્રંથાલય, ખાદી, ખેતી, પ્રકાશન વગેરે કામો સોંપાયાં. બાકીના સૌ લડતમાં જોડાયા. વિદ્યાપીઠનું રોજિંદું કામ આ દરમ્યાન છેક ૧૯૪૭ સુધી લગભગ ૧૩ વર્ષ બંધ રહ્યું.

**આઝાદી મળી, અપાવનાર ગયા....**

૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ ને દિવસે દેશ આઝાદ થયો. ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ ને દિવસે વિદ્યાપીઠના કુલપતિ ગાંધીજીની હત્યા થઈ. તેનાથી સમસ્ત દેશની જેમ વિદ્યાપીઠના સૌને ઊંડો આઘાત લાગ્યો. ગાંધીજીના શ્રાદ્ધદિને એટલે કે ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ વિદ્યાપીઠની સ્થાપનાથી સત્તાવીસ વરસ સુધી વિદ્યાપીઠમાં સહુ કોઈને પ્રેરણા અને માર્ગદર્શન આપનાર કુલપતિજીને શ્રદ્ધાંજલિ આપતા ઠરાવમાં જણાવાયું કે, ''ગૂજરાત વિદ્યાપીઠ સદ્ગત રાષ્ટ્રપિતાનું એક સાચું અને મૂર્તિમંત સ્મારક છે, અને તે તરીકે તેને ગુજરાતે અને દેશે ખીલવવું જોઈએ. આ કામમાં આપણે સૌ સાથસહકાર અને ફાળો આપીએ તો જ આપણે આપણા કુલપતિજી પ્રત્યે ઋણ યત્કિંચિત્ પણ અદા કર્યું ગણાય.'' (કોઠારી. ૧૯૭૩. પૃ. ૪)

વિદ્યાપીઠ સ્વરાજ્ય માટે સર્જાઈ હતી અને તેણે સ્વરાજ્ય માટે કામ કર્યું એ ખરું, પણ હવે દેશ આઝાદ થયો, સ્વરાજ્ય મળી ગયું, પછી શું ? આ પ્રશ્ન સ્વરાજ્ય મળવામાં હતું ત્યારે ઉઠાવાયો હતો. તેની ચર્ચા કરતાં ગાંધીજીએ કહ્યું હતું કે, ''કદાચ સ્વરાજ્ય મળશે ત્યારે પણ આવી કેટલીયે સંસ્થાઓ સરકારથી સ્વતંત્ર ચાલતી હશે. તે વખતે ફેર એટલો હશે કે, એ સંસ્થાઓને સરકારી સંસ્થાઓ જોડે હરીફાઈ કરવાની નહીં હોય, સરકારી સંસ્થાઓ વિરોધી નહીં મનાતી હોય, ત્યાજ્ય નહીં મનાતી હોય, છતાં તે વખતે પણ અનેક અખતરાઓ તો થયા જ કરતા હશે..... વિદ્યાપીઠનાં રૂપાંતર થયાં છે અને થતાં રહેશે....''

ગૂજરાત વિદ્યાપીઠમાં સ્વ. મહાદેવભાઈના સ્મરણાર્થે તા. ૨૮-૬-૧૯૪૭ થી 'મહાદેવ દેસાઈ

સમાજસેવા મહાવિદ્યાલય' શરૂ કરવામાં આવ્યું હતું. એમાં વિદ્યાપીઠ માન્ય વિનીત અથવા એસ.એસ.સી. પાસ થનાર માટે સ્નાતકની 'સમાજવિદ્યા વિશારદ'ની (બી.એ.ની સમકક્ષ) ડિગ્રીના ત્રણ વર્ષના અભ્યાસક્રમની જોગવાઈ હતી. પૂર્વે એક દાયકો ૧૯૨૦ થી ૧૯૩૦ સુધી ગિદવાણીજી, કૃપલાનીજી ને કાકાસાહેબ જેવાના આચાર્યપદે ગૂજરાત મહાવિદ્યાલય ચાલેલું. ૧૯૩૧ થી ૧૯૪૭ સુધીનાં લડતનાં વર્ષોમાં સ્વરાજ્યયજ્ઞમાં એની આહૂતિ અપાયેલી.

**ત્રીજો તબક્કો :**

૧૯૪૭માં સ્થપાયેલ મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયમાં ૧૯૬૩માં ફરી રૂપાંતર થયું. તે પહેલાં એટલે કે ૧૯૪૭ થી ૧૯૬૩ સુધીમાં ગૂજરાત વિદ્યાપીઠમાંથી ૩૨૮ સ્નાતકોએ 'સમાજવિદ્યા વિશારદ'ની પદવી લીધી હતી. એ પદવી લેતાં તેમણે કુલપતિશ્રી સરદાર વલ્લભભાઈ પટેલ તેમજ ડૉ. રાજેન્દ્રપ્રસાદ, જેઓ ભારતના રાષ્ટ્રપતિ પણ હતા, સમક્ષ નીચે મુજબ પ્રતિજ્ઞા લીધી હતી.

''હું પ્રતિજ્ઞા કરું છું કે, જીવન પર્યંત સ્વધર્મનું પાલન કરવા અને વિદ્યાપીઠ, દેશ અને સ્વભાષાની પ્રતિષ્ઠા વધે એવી રીતે જીવન ગાળવા નિરંતર પ્રયત્નશીલ રહીશ. પરમાત્માની કૃપા અને ગુરુજનોના આશીર્વાદથી મારી આ પ્રતિજ્ઞા પાર પડો.''

**ગૂજરાત વિદ્યાપીઠ થકી અનેક વિદ્યાપીઠો, શિક્ષણ સંસ્થાઓ :**

'સમાજવિદ્યા વિશારદ'ની પદવી લેનાર આ સ્નાતકો દેશની એવી વિદ્યાપીઠના સ્નાતકો હતા જેમને આગળ ભણવા માટે કોઈ વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મળવાનો ન હતો. તેમણે ગુજરાતી ભાષાના માધ્યમ દ્વારા ગુજરાતની સેવા કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેમાંના મોટા ભાગના શૈક્ષણિક સંસ્થાઓમાં, ખાસ કરીને નઈ તાલીમની સંસ્થાઓમાં એક આદર્શ શિક્ષક તરીકે જોડાયા, તો કેટલાકે શિક્ષણ અને ગ્રામસેવાનો સમન્વય કરતી હોય તેવી સંસ્થાઓ સ્થાપી પોતાના વિદ્યાપીઠના શિક્ષણને દીપાવ્યું ને સાર્થક કર્યું. હિંમતનગર પાસે 'વિશ્વમંગલમ્ અનેરા', પાલનપુર પાસે ગઢ મડાણામાં 'નૂતન ભારતી' તથા રતનપુરમાં 'લોકનિકેતન', મહેસાણા જિલ્લાના વિજાપુરમાં આજોલ ગામે 'સંસ્કારતીર્થ' તથા સંગપુર પાસે 'સંગમ', કડીના નંદાણા નજીક 'સંસ્કારધામ' અને સૌરાષ્ટ્રમાં ધળાજા પાસેની 'લોકશાળા' તથા ભરૂચ જિલ્લાના થવા ખાતેનું 'એકલવ્ય વિદ્યાલય' તેમ જ બારડોલી સ્વરાજ્ય આશ્રમનું 'સરદાર કન્યા વિદ્યાલય'એ આ સ્નાતકોનું સર્જન છે. આ સિવાય પણ હળપતિ સેવા, ખાદી ગ્રામોદ્યોગ, ગૃહઉદ્યોગ, મુદ્રણ-પ્રકાશન, પત્રકારત્વ, રક્તપિત્તનિવારણ, ગ્રામઆરોગ્ય એમ વિવિધ ક્ષેત્રે આ સ્નાતકોએ નામ કાઢ્યું છે. આઝાદીની પહેલી પચીસીના ગુજરાતના જાહેર જીવન પર પણ તેમનો ઠીક પ્રભાવ ને ફાળો રહ્યો છે.

ગુજરાતના શૈક્ષણિક વિકાસમાં ગૂજરાત વિદ્યાપીઠનું આ વિશિષ્ટ પ્રકારનું યોગદાન હતું.

**એક વધુ રૂપાંતર.....**

૧૯૬૩ની સાલમાં ગૂજરાત વિદ્યાપીઠનું વધુ એક રૂપાંતર થયું. એક વિશ્વવિદ્યાલય તરીકે વિદ્યાપીઠને સરકારની માન્યતા મળે તો સ્વતંત્ર ભારતમાં રાષ્ટ્રીય સરકારની આર્થિક સહાય લઈ વિદ્યાપીઠ શિક્ષણ ક્ષેત્રે વધુ સારી કામગીરી કરી શકે એવો વિચાર એ અરસામાં પ્રચારમાં આવ્યો. ૧૯૬૩ના માર્ચ મહિનામાં પ્રા.એ. આર. વાડિયા (નિયામક, તાતા ઇન્સ્ટિટ્યૂટ), શ્રી બી. શિવરામ (સભ્ય, યુ.જી.સી.) અને ડૉ. ફિલિપ (સચિવ, યુ.જી.સી.)ની બનેલી સમિતિ વિદ્યાપીઠની મુલાકાતે આવી. આ સમિતિએ વિદ્યાપીઠના કામને જોઈ યુ.જી.સી. ને ગૂજરાત વિદ્યાપીઠને યુનિવર્સિટીને સમકક્ષ ગણવાની ભલામણ કરી અને યુ.જી.સી.એ એ ભલામણ માન્ય રાખી વિદ્યાપીઠને યુનિવર્સિટી સમકક્ષ ગણવાનો ઠરાવ કર્યો. ૧૬મી જૂને વિદ્યાપીઠના તત્કાલીન કુલપતિ શ્રી મોરારજી દેસાઈના અધ્યક્ષપદે મળેલી વિદ્યાપીઠમંડળની બેઠકમાં વિદ્યાપીઠના મૂળભૂત

સિદ્ધાંતોને બાધ ન આવે તે રીતે યુ.જી.સી.ની માન્યતા સ્વીકારવાનો નિર્ણય લેવામાં આવ્યો. તેમ થતાં ભારત સરકારે યુ.જી.સી. એક્ટ ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરી વિદ્યાપીઠને કાયદાથી સ્થાપિત યુનિવર્સિટીની સમકક્ષ યુનિવર્સિટી જાહેર કરી. આમ, ૧૯૨૦માં રાષ્ટ્રીય વિદ્યાપીઠ તરીકે સ્થપાયેલી ગૂજરાત વિદ્યાપીઠ સંસ્થાએ ભારતના યુનિવર્સિટી જગતમાં પ્રવેશ કર્યો. અલબત્ત, ખાદી, કાંતણ, પ્રાર્થના અને પોતાના આગવા નિયમોનું પાલન યથાવત્ રાખીને જ.

ત્યારથી આજ સુધી વિદ્યાપીઠ યુ.જી.સી.ના આર્થિક સહયોગથી એક યુનિવર્સિટી તરીકે વિકસતી રહી છે. વિદ્યાપીઠનું આજનું સ્વરૂપ એ આ ચાર સાડાચાર દાયકા દરમ્યાન ક્રમે ક્રમે થયેલા વિકાસનું પરિણામ છે. જેને પરિણામે ગુજરાતને નિપુણ શિક્ષણશાસ્ત્રીઓ મળ્યા છે, જેમણે ગુજરાતનો શૈક્ષણિક વિકાસ સુપેરે થાય તે માટે મહેનત કરી છે.

**સ્થૂળ અને સૂક્ષ્મ વિકાસ સાથોસાથ :**

વિદ્યાપીઠે યુ.જી.સી.ની આર્થિક સહાય લેવાનું સ્વીકાર્યું તેની સાથે જ વિદ્યાપીઠના મૂળભૂત સિદ્ધાંતોને બાધ ન આવે તે રીતે વિકાસ અને વિસ્તારની પ્રક્રિયા શરૂ થઈ. વિદ્યાપીઠની ભૂમિ નવા અધ્યાપક નિવાસો, સ્વાધ્યાયગૃહ, આરોગ્ય કેન્દ્ર, મહેમાનગૃહ, વિશાળ પ્રાર્થના ખંડ સાથેનું મહાવિદ્યાલયનું મકાન, શિક્ષણ મહાવિદ્યાલય માટેનું મકાન, કુમાર વિનયમંદિર માટેનું મકાન, અહિંસા-શોધ સંસ્થાનનું મકાન, કન્યા છાત્રાલય તથા ભાઈઓ માટેના ત્રણ છાત્રાલયનાં ત્રણ મકાન, હિન્દી ભવન તથા ગ્રંથાલય માટેનાં મકાનોનું વિસ્તરણ, યોગ-તાલીમ માટેનું મકાન, આદિવાસી તાલીમ અને સંશોધન કેન્દ્રનું સંગ્રહાલય એમ વિદ્યાપીઠ નવાં નવાં ભવનો, વિદ્યાલયો ને છાત્રાલયોથી ભરાઈ ગઈ. ૧૯૭૮માં સ્નાતક કક્ષા સુધીના અભ્યાસક્રમો માટે ગાંધીનગર પાસે રાંધેજા ગામે ૩૦ એકરનું અને ગાંધીનગરને અડીને વહેતી સાબરમતીને સામે તીરે, સાદરા ગામે ૩૦ એકરનું એમ બે નવા સંકુલો ઊભા કરવામાં આવ્યા.

**શિક્ષણ અને વ્યવસાયના દરેક ક્ષેત્રો પર વિદ્યાપીઠની અસર :**

આજે વિદ્યાપીઠના અમદાવાદ ખાતેના ગાંધી પરિસર પરના મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયમાં મુખ્યત્વે અનુસ્નાતક અભ્યાસક્રમો ચાલે છે. તેના જુદા જુદા વિભાગોમાં ગુજરાતી, હિન્દી, ગ્રામઅર્થશાસ્ત્ર, ઇતિહાસ અને સંસ્કૃતિ, સમાજમાનવશાસ્ત્ર, સમાજનવરચના, પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન, કમ્પ્યુટર વિજ્ઞાન, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, ગાંધીદર્શન અને શાંતિ-સંશોધન, બૌદ્ધદર્શન, જૈનદર્શન, યોગશિક્ષણ, દશ્ય-શ્રાવ્ય તથા સુગમસંગીત એટલા વિષયમાં પારંગત (એમ.એ.), અનુપારંગત (એમ.ફિલ.) અને વિદ્યાવાચસ્પતિ (પીએચ.ડી.) સુધીના અભ્યાસની સુવિધા છે. આ અભ્યાસમાં સહાયરૂપ થવા લગભગ ચાર લાખ પુસ્તકોવાળું સમૃદ્ધ અને અદ્યતન ગ્રંથાલય તથા જે તે વિષયની તાલીમ માટે જોઈતાં સાધનો ને ઉપકરણો અહીં જે તે વિભાગમાં હાથવગાં છે.

શિક્ષણ મહાવિદ્યાલય તથા હિન્દી શિક્ષક મહાવિદ્યાલયમાં શિક્ષણ વિશારદ (બી.એડ), શિક્ષણ પારંગત (એમ.એડ.), શિક્ષણ અનુપારંગત (એમ.ફિલ.), વિદ્યાવાચસ્પતિ (પીએચ.ડી.) સુધીના અભ્યાસની સગવડ છે.

વિદ્યાપીઠનાં બીજાં બે અભ્યાસ-સંકુલ ગાંધીનગર ખાતે રાંધેજા અને સાદરા ગામે આવેલાં છે. રાંધેજા સંકુલ બહેનો માટે છે અને ત્યાં ગૃહવિજ્ઞાનમાં સ્નાતક કક્ષાનો (બી.એસસી. હોમસાયન્સ) તથા સમાજવિદ્યા વિશારદનો અભ્યાસક્રમ ચાલે છે. જેમાં છાત્રાલય-નિવાસને પણ તાલીમનો ભાગ ગણી ફરજિયાત કરવામાં આવ્યો છે. ગૃહવિજ્ઞાનમાં વધુ અભ્યાસ કરવા ઇચ્છતી બહેનો એ જ વિષયમાં પારંગત, અનુપારંગત અને વિદ્યાવાચસ્પતિ સુધી અભ્યાસ કરી શકે છે.

રાંધેજા સંકુલ પર જ બે વર્ષના ગ્રામવ્યવસ્થાપન પારંગત તેમ જ ગ્રામવ્યવસ્થાપન અનુપારંગત સુધીના અભ્યાસનું કેન્દ્ર પણ આવેલું છે.

ગાંધીનગરથી સાદરા ગામે પહોંચી શકાય છે. ત્યાં વિદ્યાપીઠનું સાદરા-સંકુલ આવેલું છે. અહીં મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયમાં ઇતિહાસ અને સંસ્કૃતિ તથા હિન્દી વિષયને લઈ સમાજવિદ્યા વિશારદ તથા સૂક્ષ્મ જીવાણું વિજ્ઞાન (માઈક્રોબાયોલૉજી)માં સ્નાતક, પારંગત તથા અનુપારંગત એટલે કે બી.એસસી., એમ.એસસી. તથા એમ.ફિલ. સુધીના અભ્યાસની સગવડ છે.

મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય એ સાદરા સંકુલનું રમતગમત અને વ્યાયામની પ્રવૃત્તિથી ધમધમતું કેન્દ્ર છે. ત્યાં વ્યાયામ અને આરોગ્ય શિક્ષણ વિશારદ, વ્યાયામ શિક્ષણ વિશારદ, વ્યાયામ શિક્ષણ પારંગત, અનુપારંગત અને વ્યાયામ શિક્ષણમાં વિદ્યાવાચસ્પતિ (પીએચ.ડી.) સુધીના અભ્યાસક્રમો ચાલે છે. ઉચ્ચ શિક્ષણમાં શારીરિક શિક્ષણ આપતી સંસ્થાઓ ગુજરાતમાં જ નહીં, ભારતની અન્ય યુનિવર્સિટીઓમાં પણ ઓછી છે, અને એ રીતે સાદરાના શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયની ગુજરાત બહાર પણ એટલી જ નામના છે.

**પ્રૌઢશિક્ષણ, નિરંતર શિક્ષણ :**

જુદી જુદી વિદ્યાશાખાઓના નવા અભ્યાસક્રમ ઉપરાંત વિદ્યાપીઠ તરફથી પ્રૌઢશિક્ષણ, નિરંતર શિક્ષણ અને વિસ્તરણકાર્ય માટેનું કેન્દ્ર પણ કેન્દ્ર સરકારના આર્થિક સહયોગથી ચલાવવામાં આવે છે.

**હિન્દી-હિન્દુસ્તાની :**

ગૂજરાત વિદ્યાપીઠમાં ધ્યેયોમાં હિન્દી-હિન્દુસ્તાનીના પ્રચારના કામને છેક ૧૯૪૬ થી પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. ગુજરાત હિન્દી પ્રચાર સમિતિ તરફથી હિન્દી બાલપોથીથી માંડી વિનીત સુધીની કુલ અગિયાર પરીક્ષાઓ, બિનગુજરાતી માટે ગુજરાતીની પરીક્ષા, ગાંધી વિચાર-પ્રચાર માટે ગાંધી-જીવનઝાંખી, ગાંધી-વિચારપ્રવેશ અને ગાંધી-વિચારપરિચય એમ ત્રણ પરીક્ષાઓ તથા હિન્દી તેમજ ગુજરાતી પ્રતિભાશોધ, ગુજરાતી જોડણી સુધાર પરીક્ષા, ગીતાપઠન પરીક્ષા એમ વિવિધ પરીક્ષાઓ ગુજરાત વિદ્યાપીઠની હિન્દી પ્રચાર સમિતિ દ્વારા લેવામાં આવે છે. આનો લાભ ગુજરાતભરની શાળા-કૉલેજના હજારો નહીં બલકે લાખો વિદ્યાર્થીઓ લઈ ચૂક્યા છે.

**ભારતીય ભાષાઓ :**

તેવી જ રીતે ભારતીય ભાષા સંસ્કૃતિ સંસ્થાન દ્વારા દેશની એકતા અને અખંડિતતા માટે દેશના ભિન્ન ભિન્ન પ્રાંતો અને પ્રાંતીય ભાષાઓ વચ્ચે પારસ્પરિક આદાનપ્રદાનને આવશ્યક ગણી તમિળ, તેલુગુ, મલયાલમ, કન્નડ, મરાઠી, પંજાબી, બંગાળી, ગુજરાતી, સંસ્કૃત, ઉર્દૂ તેમજ સિંધી ભાષા શીખવવાની જોગવાઈ કરવામાં આવી છે. વધુમાં આ સંસ્થાન ફ્રેન્ચ, જર્મન, રશિયન તથા અરેબિક ભાષાના વર્ગો પણ ચલાવે છે. અમદાવાદ કે ગુજરાત જ નહીં પણ દેશભરના વિશ્વવિદ્યાલયોમાં દેશની અને વિદેશની ભાષાઓના શિક્ષણની આવી સવલત કદાચ અહીં જ છે.

ગૂજરાત વિદ્યાપીઠનું મુખ્ય સંકુલ પરિસર અમદાવાદમાં છે તથા તેના ઉચ્ચ શિક્ષણના બે સંકુલ ગાંધીનગર પાસે રાંધેજા અને સાદરા ખાતે આવેલા છે. આ ઉપરાંત તેનાં ગ્રામસેવા કેન્દ્રો ખેડા જિલ્લાનાં દેથલી તથા ભલાડા ગામે, આણંદ જિલ્લાનાં બોચાસણ અને ભાલેલ ગામે, વલસાડ જિલ્લાના આદિવાસી વિસ્તારના અંભેટી ગામે કાર્યરત છે. આ કેન્દ્રોમાં મુખ્યત્વે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટે કુમાર તથા વિનયમંદિર ચલાવવામાં આવે છે. રાંધેજા, દેથલી અને અંભેટીમાં કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા આજુબાજુનાં ગામોમાં કૃષિ તેમજ બાગાયત ખેતી માટેના પ્રયોગ અને નિદર્શનનું કામ ચાલે છે. રાંધેજા પરિસર પર જાનકીદેવી બજાજ નિસર્ગોપચાર

કેન્દ્ર પણ આજુબાજુનાં ગામોમાં આરોગ્ય માટેની જાગૃતિ સાથે નિસર્ગોપચાર દ્વારા હઠીલા રોગોના ઉપચારનું કામ કરે છે. ૧૦ દર્દીઓ માટેનું 'પેશન્ટ કેર સેન્ટર' એ વિસ્તારમાં જાણીતું છે.

આમ, વિદ્યાપીઠ દ્વારા ઉચ્ચ-શિક્ષણ ક્ષેત્રે જેટલું કામ થઈ રહ્યું છે તેટલું જ કામ તેનાં વિસ્તરણ કેન્દ્રો સમા ગ્રામસેવાકેન્દ્રો કરી રહ્યાં છે.

**કુલપતિઓ :**

વિદ્યાપીઠના પ્રથમ કુલપતિ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી હતા. પછી એ પદભાર તેમના અનુગામી સરદાર વલ્લભભાઈ પટેલે અઢી વરસ સુધી સંભાળ્યો. તેમના અવસાન બાદ ભારતના પહેલા રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ બાર વરસ સુધી ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ રહ્યા. તેમના અવસાન બાદ શ્રી મોરારજી દેસાઈએ લગભગ ત્રણ દાયકા કરતાં પણ વધુ સમય સુધી કુલપતિપદે રહી વિદ્યાપીઠને સક્રિય માર્ગદર્શન આપ્યું. નવ્વાણું વરસની ઉંમરે શ્રી મોરારજી દેસાઈનું અવસાન થયા બાદ શ્રી રામલાલ પરીખ સાડા ત્રણ વરસ વિદ્યાપીઠના કુલપતિ રહ્યા. તેમના નિધન બાદ ગાંધીજીની દાક્તર પુત્રી તરીકે ગાંધી પરિવારમાં જાણીતાં ડૉ. સુશીલા નય્યર માત્ર પાંચ માસ માટે, શ્રી નવીનચંદ્ર બારોટ સવા વરસ માટે તથા શ્રી નવલભાઈ શાહ પાંચ માસ માટે કુલપતિ રહ્યા. ત્યાર બાદ ત્રણ વર્ષ શ્રી રવીન્દ્ર વર્મા વિદ્યાપીઠના કુલપતિ રહ્યા.તેમના નિધન પછી શ્રી નારાયણ મહાદેવ દેસાઈ આ જવાબદારી સંભાળી રહ્યા છે.

અંગ્રેજો દ્વારા સ્થપાયેલી યુનિવર્સિટીઓની પરંપરાથી જુદી અને સ્વદેશી પરંપરાને આગળ લઈ જવા માટે સ્થપાયેલી વિદ્યાપીઠો પૈકી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી અને બનારસ હિન્દુ યુનિવર્સિટી પછી ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કાળક્રમમાં ત્રીજા ક્રમે આવે છે, પરંતુ રાજનૈતિક ચેતના જગાડવા, સ્વતંત્રતા મેળવવા તથા સમાજનવરચનાના ધ્યેય સાથે શરૂ કરવામાં આવેલી વિદ્યાપીઠ તરીકે ગૂજરાત વિદ્યાપીઠ પહેલા ક્રમ પર આવે છે.

ગુજરાતના શૈક્ષણિક વિકાસમાં ગૂજરાત વિદ્યાપીઠનું પાયાનું યોગદાન છે જ. વિદ્યાપીઠે તે માટે વર્ષાનુવર્ષ સાતત્યસભર પ્રયત્નો કર્યા છે અને સતત પ્રયોગશીલ રહી છે. દેશ અને દુનિયામાં તેનું અલાયદાપણું એ તેની ઓળખ છે, એનું વૈશિષ્ટ્ય છે અને આવનાર પડકારો સામે ધરોહરને સંભાળી રાખનારી સૌથી મોટી કેળવણીની સંસ્થા છે.

આમ, 'सा विद्या या विमुक्तये' જેવા પોતાના ધ્યાનમંત્રને સતત ચિંતન-મનનમાં રાખીને ગુજરાતની પ્રજાને મુક્તિના માર્ગે લઈ જવાના કાર્યમાં ગૂજરાત વિદ્યાપીઠે સતત પ્રયત્નો કર્યા છે, ભવિષ્યમાં પણ કરશે જ. તે માટે પૂ. મહાત્મા ગાંધીની વાત ટાંકીએ તો,

''વિદ્યાપીઠે ભૂતકાળમાં જે ફાળો આપ્યો છે તેનાથી એને પૈસા આપનારાઓને પૂરું વળતર મળી ગયું છે. વિદ્યાપીઠે જેમ પૈસા આપનારને પૂરાં દામ આપ્યાં છે તેમ ભવિષ્યમાં પણ આપશે.''

**સંદર્ભ સૂચિ**

૧. કોઠારી, વિઠ્ઠલદાસ મગનલાલ, 'કેળવણી વડે ક્રાંતિ' (ભાગ-૧ અને ૨). ઑગસ્ટ, ૨૦૦૨, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૨. 'નવજીવન'ના અંકો (૧૯૨૦-૨૨). પ્રકાશક-નવજીવન પ્રકાશન મંદિર, આશ્રમરોડ, અમદાવાદ.

૩. 'ગૂજરાત વિદ્યાપીઠ'. રેડિયો રૂપક, ઑક્ટોબર ૨૦૦૬, લે. જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ

# દુઃખિનીબાલાની આત્મકથા : પીડાનો દસ્તાવેજ

◆

નિવ્યા પટેલ

'સરલાઃ એક વિધવા કી આત્મજીવની' એ હિન્દી સાહિત્યમાં એક સ્ત્રી દ્વારા આત્મકથા લખવાનો પ્રથમ પ્રયાસ છે. એની લેખિકા દુઃખિનીબાલા છે. આ દુઃખિનીબાલા કોણ છે એ ખબર નથી પડતી પરંતુ આ આત્મકથામાં એના પિતા તથા અન્ય સંબંધીઓ એને સરલા નામે બોલાવે છે તેથી એનું નામ સરલા હશે. આ આત્મકથા 'સ્ત્રીદર્પણ' સામયિકના જુલાઈ ૧૯૧૫થી માર્ચ ૧૯૧૬ સુધીના અંકોમાં ધારાવાહિક રૂપે પ્રગટ થઈ હતી. જેને પ્રજ્ઞા પાઠકે 'સરલા : એક વિધવા કી આત્મજીવની' એ નામે ઈ.સ. ૨૦૦૮માં સંપાદિત સ્વરૂપે પ્રગટ કરી.

વીસમી સદીની શરૂઆતમાં ભારતમાં કેટલાંક સ્ત્રી સામયિકોએ સક્રિય ભૂમિકા નિભાવી હતી. સ્ત્રી આંદોલનોએ પણ પોતાનું એક ક્ષેત્ર નક્કી કરી દીધું હતું. ભારતમાં રાજકીય આઝાદીની લડતની સાથે સાથે સામાજિક આઝાદીની લડત પણ ચાલી રહી હતી. બાળલગ્ન અને વિધવાઓના પ્રશ્નો તથા વિધવા પુનર્લગ્ન જેવા પ્રશ્નો છડેચોક હતા. વિધવાઓની સમસ્યાનો આરંભ બાળલગ્નો સાથે જોડાયેલો હતો. તત્કાલીન સમાજમાં સમગ્ર ભારતમાં કેટલાક મહિના વયથી શરૂ કરીને બાર-પંદર વર્ષની બાળકીઓના લગ્ન કરી દેવામાં આવતાં હતાં. કેટલાક સમાજસુધારકોએ આવાં લગ્નો અટકાવવા માટે ખૂબ મહેનત પણ કરી હતી. તેમ છતાં દહેજ કે અન્ય લાલચને લીધે ઘણીવાર નાની ઉંમરની છોકરીઓનાં લગ્ન વૃદ્ધો (૬૦-૭૦ વર્ષના) સાથે કરી દેવામાં આવતાં હતાં. પરિણામે લાંબા કાળનું વૈધવ્ય એ છોકરીઓએ ભોગવવું પડતું હતું.

'સરલા એક વિધવા કી આત્મજીવની' એ ખરેખર જોવા જાવ તો સરલાની જ આત્મકથા નથી પણ આવી અનેક સરલા જેવી વિધવાઓની પણ આત્મકથા બની રહે છે. આપણે જાણીએ છીએ કે વિધવાઓની સમસ્યાઓનો આરંભ બાળલગ્નોની સમસ્યા સાથે જોડાયેલો છે. અહીં સરલા પોતાનાં બાળલગ્ન ક્યારે થયાં એ વિશે નોંધ છે :

''યાદ નહીં કિંતુ સોચને સે એક ધુંધલા ચિત્ર દિખાઈ દે જાતા હૈ। ઉસ સમય અવસ્થા મેરી બહુત કમ થી. સુનતી હું કિ મૈં ૭ યા ૮ વર્ષ કી થી. ઘર મેં ચારો ઓર ધૂમધામ થી. ચારો ઓર આદમી હી આદમી દિખાઈ દેતે થે. ક્યોંકિ બાબજી ને અપને સબ ગાંવોં સે આદમિયોં કો બુલવા લિયા થા. મહેમાનોં કા ભી ખાસા મજમા થા. ખૂબ ચહલ-પહલ થી. યહ સબ મેરે વિવાહ કી - જિસકા અર્થ તબ તો ક્યા અબ તક મૈં નહીં સમઝી હું - તૈયારી થી... એક બેગાને લડકે કે સાથ - જિસકી સૂરત-સીરત કલ્પનાશક્તિ કો બહુત દબાને સે ભી યાદ નહીં. આતી - મૈં બેઠાઈ ગઈ, ઘુમાઈ ગઈ ઔર ક્યા-ક્યા હુઆ સો યાદ નહીં.''

જો કે આ વખતની હાલત એવી હતી કે ઢીંગલા-ઢીંગલીની રમત માનીને આકર્ષક કપડાં, ઘરેણા અને મિઠાઈઓના મોહમાં દુનિયાદારીથી સાવ અજાણ નાની બાળકીઓ ખુશી ખુશી લગ્નમંડપમાં બેસી જતી હતી.

એ સમયગાળામાં બાલ્યાવસ્થામાં જ લગ્ન કરાવી દીધું હોય અને બાલ્યાવસ્થામાં જ વૈધવ્ય પ્રાપ્ત થયું હોય એવી તો અનેક બાળકીઓ હતી. ઈ.સ. ૧૯૨૦ ના 'સ્ત્રીદર્પણ' સામયિકમાં એક ભારત મહિલા નામની લેખિકાએ 'મહાત્મા ગાંધી ઔર ભારત કી વિધવાએઁ' નામના લેખમાં નીચેના આંકડાઓ આપ્યા હતા. એ આંકડાઓ તત્કાલીન સમાજમાં વિધવાઓની સ્થિતિ કેવી હતી એ સમજવા ઉપયોગી થાય તેમ હતા.

| આયુષ્ય | વિવાહિત સ્ત્રીઓ | વિધવાઓ |
|---|---|---|
| ૦ થી ૧ વર્ષ | ૧૩,૨૧૨ | ૧,૦૧૪ |
| ૧ થી ૨ વર્ષ | ૧૭,૭૫૩ | ૮૫૬ |
| ૨ થી ૩ વર્ષ | ૪૯,૭૮૭ | ૧,૮૦૭ |
| ૩ થી ૪ વર્ષ | ૧,૩૪,૧૦૫ | ૯,૨૭૩ |
| ૪ થી ૫ વર્ષ | ૩,૦૨,૪૨૫ | ૧૭,૭૦૩ |
| ૫ થી ૧૦ વર્ષ | ૨૨,૧૯,૭૭૮ | ૯૪,૨૪૦ |
| ૧૦ થી ૧૫ વર્ષ | ૧,૦૦,૮૭,૦૨૪ | ૨,૨૩,૦૩૨ |

સ્ત્રી આંકડાઓ જોતાં ખબર પડશે કે ભારતમાં લગભગ સાડા ત્રણ લાખ વિધવાઓ પંદર વર્ષથી ઓછી વયની હતી જેમાં લગભગ સત્તર હજાર વિધવાઓ તો પાંચ વર્ષથી પણ ઓછી ઉંમરની હતી.

ભારતીય સમાજમાં છોકરા-છોકરીઓના ઉછેરમાં, શિક્ષણમાં કે લગ્નમાં ભેદભાવ જોવા મળે છે. આજે પણ કેટલાંક કુટુંબમાં બાળક જન્મતાં વેંત જ ભેદભાવ જોવા મળે છે. પુત્ર જન્મે તો પેંડા અને પુત્રી જન્મે તો જલેબી વહેંચવામાં આવે છે. ક્યારેક તો આ ભેદભાવને રિવાજ કે અંધશ્રદ્ધા રૂપે ખપાવવામાં આવે છે. આ આત્મકથામાં સરલાએ આ ભેદભાવને અનુભવ્યો છે અને એના કારણે શોધવાની કોશિશ પણ કરી છે.

સરલાના નાના ભાઈ મોહનને ભણાવવા માટે એક શિક્ષક રાખવામાં આવ્યા હતા. મોહનને ભણતો જોઈ સરલાની પણ ઇચ્છા ભણવાની થઈ ને પિતાજીને કહેવા લાગી. પિતાજી હજુ કંઈ બોલે એ પહેલા તો મા બોલી,

*"વાહ, બિટિયોં કે પઢાને કા કૌન ચોંચલા હૈ.*
*લડકિયાં ભી કહીં પઢતી હૈ ? ક્યા તુમ્હેં ભી કહીં નોકરી કરની હૈ ?"*

જો કે સરલાના પિતા સમજદાર હતા એટલે એમણે સરલાને ભણવાની તક પૂરી પાડી ને કહ્યું, "યદિ તૂઁ પઢના ચાહતી હૈ તો પઢ ! મૈં તુજે સ્વયં પઢાઉંગા." જો કે આવી અનેક સરલાઓને સૌભાગ્ય ક્યાંથી સાંપડે ?

અભ્યાસ ઉપરાંત પારિવારિક જીવન વ્યવહારમાં સ્ત્રી-પુરુષ વચ્ચે ભેદ રખાતો હોય છે. એમાંય ૨૦મી સદીના આરંભે તો આ ભેદ વધારે જોવા મળતો. એક સ્ત્રીના પતિના મરી ગયા બાદ એ સ્ત્રી સાથે સમાજ જે વ્યવહાર કરે છે એમાં અને એક પુરુષની પત્ની જ્યારે મરી જાય છે ત્યારે એ પુરુષની સાથે સમાજ જે વ્યવહાર કરે છે એ બન્નેમાં સરલા ખાસ્સો ફર્ક જુએ છે અને વ્યથિત પણ થાય છે. એવું નથી કે આ વિધવા સ્ત્રી અને વિધુર પુરુષના વ્યવહારની ભિન્નતાથી માત્ર સરલા જ વ્યથિત થાય છે, પણ એ સમયની આ ગંભીર સમસ્યા હતી જેને અનેક સ્ત્રીઓએ અનુભવી છે અને એ સમસ્યાને દૂર કરવાની કોશિશ પણ કરે છે.

દસ વર્ષની ઉંમરે સરલાના પતિના મૃત્યુના સમાચાર આવે છે, ત્યારે મા 'મેરી બચ્ચી રાંડ હો ગઈ' કહીને રડે છે ને સેંથીનું સિંદૂર લૂછે છે અને બંગડી ફોડી નાખે છે ત્યારે સરલા વિચારે છે :

"રાંડ કે માની ક્યા, ઔર મેં ક્યા હો ગઈ ઔર મુજમે કૌન-સા પરિવર્તન હો ગયા ? સમસ્ત શરીર પર ધ્યાન દિયા, સબ કુછ પહલે કા-સા. કપડે-લત્તે સબ કુછ વૈસે હી. અપને ખિલૌનોં કો દેખા. ગુડિયાં દેખી. પુસ્તકે ઉલટ-પુલટ ડાલીં. કિંતુ કોઈ અંતર ન દિખાઈ દિયા. ફિર સોચને લગી, મૈં રાંડ કૈસે હો ગઈ ઔર રાંડ હો જાને સે હુઆ ક્યા, મેરી કૌન-સી હાનિ હુઈ ઔર મુજે કૌન-સી ક્ષતિ પહુંચી ?" (પૃ. ૩૭)

સરલાને વિધવા થયે ચાર-પાંચ વર્ષ થઈ ચૂક્યા હતા. પતિના મોસાળમાંથી મિલકત મળેલી એની

માલિક સરલા બની હતી એ સંબંધથી બે-ત્રણ દિવસ એને સાસરે જવું પડેલું. વિધવાઓને સાસરીમાં કેટલો ત્રાસ ભોગવવો પડતો હશે એ સરલાના વર્ણનમાંથી ખબર પડે છે.

''સસુરાલ મેં શાયદ તીન દિન સે અધિક ન રહી થી. કિંતુ જીવન કે યે તીન દિન હમારે સમસ્ત જીવન સે ભારી હૈ ઔર ઉન્હેં મૈં કભી ભૂલ નહીં સકૂંગી. જાને પર મેરા કિસી પ્રકાર સે સ્વાગત નહીં હુઆ. ઉલટે એસા માલૂમ પડતા થા કિ ઘર મેં કોઈ બડી છૂત આ ગઈ હૈ... આસપાસની સ્ત્રીઓ તો 'અરે, યહ બડી કુલક્ષિની માલૂમ હોતી હૈ, ઈસી સે તો અભાગિની કા પૈર આતે હી યહ સોને કા ઘર રાખ હો ગયા... ઉસ દિન પહિલે-પહિલ યહ માલૂમ હુઆ કિ વિધવા કા અર્થ કુલક્ષિની હૈ, અભાગિની હૈ. જો બાત મૈં ઈતને દિનોં સે સોચ રહી થી કિ મુજમેં ક્યા પરિવર્તન હુઆ હૈ, મેરી ક્યા હાનિ હુઈ હૈ, મુજે કૌન-સી ક્ષતિ પહુંચી હૈ, વહ સમજમેં આ ગઈ... મૈં સબ તરહ સે વહી હૂં, વૈસી હી હૂં, મેરે શરીર મેં, મેરી શક્તિઓ મેં, મેરે મસ્તિષ્ક મેં બિના કિસી પ્રકાર કે અંતર હુએ હી કેવલ માત્ર વિધવા હોને સે મૈં કુલક્ષિની ઔર અભાગિની હો ગઈ. (પૃ. ૩૯)

છોકરીઓ માટે સાસરું એ પરિવર્તનનું સ્થળ છે. મા-બાપને ઘેર હસતી-કૂદતી-રમતી છોકરી સાસરે જઈને ગંભીર બની જતી હોય છે. નાનપણથી એના મનમાં સાસરે જવાની બીક ઠસાવવામાં આવી હોય છે. ત્યાં પ્રત્યક્ષ જવાનું હોય, એમાંય વિધવા બનીને જવાનું થાય ત્યારે એનું જીવન કેવું શુષ્ક બની જતું હોય છે એ સરલાને બે-ત્રણ દિવસના સાસરવાસના અનુભવમાંથી ખબર પડે છે.

''તીન દિન કે સ્વસુરાલય વાસને મુજમેં બડા અંતર કર દિયા. અબ મેરે ચેહરે પર વહ પ્રસન્નતા નહીં. તબીયત કા હરાપન જાતા રહા ઔર તબીયત હર સમય ગિરી-સી રહતી થી. હજાર પ્રસન્ન રહને કી ચેષ્ટા કરતી કિંતુ સફલતા ન પ્રાપ્ત હોતી. રહ-રહકર સસુરાલ મેં સુની હુઈ બાત 'અભાગિની', 'કુલક્ષિની' ચિત્ત કો વ્યથિત કરતી. અબ મૈં મોહન કે સાથ બાહર ભી ન નિકલતી થી. યહ સબ આપસે આપ હોને લગા કિંતુ એસા કયોં હોતા થા યહ હજાર સોચને પર ભી સમજ મેં ન આતા. બાબૂજી ઔર અમ્મા ભી ઈસકા કારણ ન પૂછતી. ઉલટે એસા માલૂમ હોતા કિ મેરા ઈસ પ્રકાર કા જીવન ઉન્હેં પસંદ થા. (પૃ. ૪૦)

સ્ત્રી અને એમાંય વિધવા સ્ત્રી હોવાને નાતે સમાજ તરફથી એને મળતા તિરસ્કાર, અન્યાય અને અસમાનતાને ખાસ વ્યક્ત કરતી આ આત્મકથામાં સ્ત્રીની બેચેની અને પીડા અનુભવાય છે. વિધવા સ્ત્રીઓનો પડછાયો પણ સારા પ્રસંગે પડવો ન જોઈએ એવી માન્યતાનો ભોગ સરલાએ પણ બનવું પડ્યું હતું. મોહનના લગ્ન લેવાયા છે ત્યારે સરલા એમાં મ્હાલવા માટે તલપાપડ છે ત્યારે આસપાસની સ્ત્રીઓને 'સરલા વિધવા હૈ, નઈ બહૂ પર પરછન કે સમય ઉસકી છાયા ભી ન પડની ચાહિયે' એમ કહેતી સાંભળે છે ત્યારે સરલા વિચારે છે.

''વિધાતા ! મૈંને ક્યા કિયા હૈ ! અપની જાન મેં મૈંને કોઈ ખોટા કામ નહીં કિયા. જો સ્ત્રિયા પરછન કે સમય ઉપસ્થિત થી ઉનમેં સે કિતની હી કો મૈં જાનતી હૂં, કિતને હી ઉનમેં સે મેરી છાયા છૂને કે યોગ્ય ભી નહીં. કિંતુ સધવા હોને સે વે માંગલિક હૈ, પવિત્ર હૈ, ઔર સબ કુછ કહને ઔર કરને કી અધિકારિણી હૈ... મુજમેં ક્યા હો ગયા ? મેરી છાયા ભી હાનિકારક ક્યોં હો ગઈ ? ક્યા વાસ્તવ મેં મેરી છાયા પડને સે સહેલી કા કુછ અનિષ્ટ હોતા ? ક્યા સધવા યા વિધવા ઔર વિધવા કી છાયા મેં ભી કુછ ભેદ હોતા હૈ, કુછ ફર્ક હોતા હૈ ? ક્યા સધવા હોને હી સે કોઈ સ્ત્રી પૂજ્ય ઔર માંગલિક ઔર ઉસકી છાયા પવિત્ર હો સકતી હૈ ? ક્યા સધવા હોને મેં કિસી કા હાથ હૈ ? ક્યા પુણ્ય યા પાપ સે કોઈ સધવા યા વિધવા હુઆ કરતી હૈ? યદિ એસા હૈ તો સધવા સદા પુણ્ય કરનેવાલી ઔર પવિત્ર ઔર વિધવા સદા બૂરી હોની ચાહિએ.'' (પૃ.૪૨)

વીસમી સદીના પ્રારંભિક દસકાઓમાં સ્ત્રીઓ માટે પુનર્લગ્ન કરવા બહુ કઠિન હતા અને પુરુષો માટે એ કોઈ કઠિન કાર્ય નહોતું. પુરુષ ગમે તેટલા વર્ષનો હોય તો પણ તે લગ્ન કરી શકતો. પાંચ વર્ષથી સિત્તેર વર્ષ સુધીના વિધુરો લગ્ન કરી શકતા હતા. સરલાનો પતિ અને એના ભાઈ મોહનની પત્ની લાડલીનું અવસાન થતા સરલાના પુનર્લગ્ન કરાવવાની કોઈને ચિંતા નહીં પણ લાડલીના શોકના દિવસોમાં જ દુઃખ પ્રદર્શિત કરવા

ભેગી થયેલી સ્ત્રીઓ મોહનના બીજા લગ્ન કોની સાથે ગોઠવવા એની વેતરણમાં હતી. લાડલીના મર્યાનું કોઈને ય દુઃખ નહોતું !

''મોહન કે લિયે કયા કન્યાઓં કી કમી હૈ, આજ ઉસકા વિવાહ હો સકતા હૈ. મોહન કો દામાદ બનાના કિસે ન રુચેગા. કોઈ કહતી, ફલાને કી લડકી અચ્છી હૈ, કોઈ કીસી દૂસરી કા નામ લેતી. યહ સુનકર કલેજા છિદ જાતા હૈ. યહ હમારી ગુડિયા કા સ્યાપા હૈ. ઉસકે લિયે રોના નહીં, વરન્ ઉસકી યાદ બિસરાને કે લિયે મોહન કે દૂસરે વિવાહ કે બાજાર કા યહ લીલાક્ષેત્ર હૈ''.

સરલા વિચારે છે કે છોકરી જન્મે ત્યારથી લઈને વિધવા બને કે મૃત્યુ પામે ત્યાં સુધી એને સામાજિક તિરસ્કારનો ભોગ અનેક પ્રસંગોએ બનવું પડે છે જ્યારે પુરુષ વિધુર બને તો એની હેસિયતમાં કોઈ ફેર નથી પડતો. અહીં સરલા પ્રશ્ન માત્ર નથી કરતી, જવાબ પણ શોધે છે.

''પુરુષ મેં કૌન-સી એસી બાત હૈ જિસકે કારણ વહ અધિક પૂજ્ય હો રહા હૈ ? માનસિક શક્તિયાં, વહ પ્રાયઃ સ્ત્રી-પુરુષોં કી સમાન હુઆ કરતી હૈ, વરન્ વાસ્તવ મેં સ્ત્રિયોં મેં બુદ્ધિ અધિક હુઆ કરતી હૈ. આત્મિક ગુણ, ધીરતા, સહનશીલતા, સત્યપ્રિયતા, ત્યાગ યે ભી પ્રાયઃ દોનોં મેં સમાન હુઆ કરતે હૈં. પઢના-લિખના, હિસાબ, જીવન કે પ્રાયઃ સભી વિભાગોં મેં સ્ત્રી-પુરુષ એકસમાન હુઆ કરતે હૈં. બુદ્ધિ ચકરા ગઈ. ફિર સોચને લગી તો યહ બાત ધ્યાન મેં આઈ કિ સંસાર મેં સમસ્ત વસ્તુઓં કી અપેક્ષા ધન કા અધિક માન હૈ ઔર ઉસ ધન સે મનુષ્ય કા ઘના સંબંધ હૈ. કદાચિન ઈસી કારણ સે સ્ત્રી કી અપેક્ષા પુરુષ કા આદર અધિક હૈ. સંસારરૂપી બાજાર મેં પુરુષ કા આદર અધિક હૈ ક્યોંકિ વહ Productive Capital હૈ, ઉપાર્જન કરતા હૈ, ક્યોંકિ ઉસકે દ્વારા ધન કી આય ઔર ઉસકી વૃદ્ધિ હોતી હૈ. સ્ત્રી લક્ષ્મી હોતે હુએ ભી પૈદા નહીં કરતી ઈસી કારણ સે ઉસકા માન કમ હૈ. (પૃ. ૪૯)

દુઃખિનીબાલા સ્પષ્ટ જણાવે છે કે સ્ત્રીઓએ સમાજમાં સન્માન મેળવવું હશે તો આર્થિક રીતે પગભર થવું જ પડશે.

અન્યાય, અસમાનતા, શોષણ અને દુર્દશા- આ બધામાંથી મુક્તિ મેળવવાનો રસ્તો સરલા આ આત્મકથામાં સ્વપ્નોનાં માધ્યમથી રજૂ કરે છે. સરલાને રાત્રે સ્વપ્ન આવે છે. સ્વપ્નમાં લાડલી સ્વર્ગમાં દસ દિવસથી પહોંચી ગઈ છે અને જે એણે સ્વર્ગમાં અનુભવ્યું એનું વર્ણન સરલા આગળ કરે છે.

''મુજે જો સુખ યહાં હૈ વહ સુખ ઔર સ્વતંત્રતા વહાં નહીં મિલ સકતી. યહાઁ એકદમ મૈં બઢ ગઈ હૂં. અબ છોટી નહીં રહી પર ઘૂંઘટ નહીં હૈ. ન યહાં મૈં આંગન યા દાલાનોં મેં કૈદ હી હૂં. એક બાત ઔર હૈ, યહાઁ મૈં સબકે સાથ મિલતી જુલતી હૂં, ઘૂમને-ફિરને ભી નિકલતી હૂં... યહાં કોઈ દુઃખી દિખાઈ હી નહી દેતા. ગરીબી કિસ વસ્તુ કા નામ હૈ, વહ હૈ ભી કુછ યા નહીં, ઈસમેં ભી સંદેહ હોતા હૈ. સભી લોગ ક્યા પુરુષ ક્યા સ્ત્રી મગ્ન - સે દિખાઈ દેતે હૈ, કિસીકો ન દુઃખ હૈ ન સુખ. ઈસ દેસ કે ફાટક પર સ્વર્ણ અક્ષરોં મેં લિખા હુઆ હૈ. ''મનુષ્ય અપની ઈચ્છાનુસાર જો ચાહે પ્રાપ્ત કર શકતા હૈ''... આ સિવાય પણ લખ્યું છે કે - 'યહાં સ્ત્રી-પુરુષ મેં કોઈ ભેદ નહીં હૈ, યહાં પુરુષ સર્વ સુખોં કા અધીશ્વર નહીં હૈ ઔર ન સ્ત્રી અંતઃપુરાબદ્ધા દાસી હી હૈ. દોનો બરાબર હૈ. દોનો હી અપની ઈચ્છાનુસાર કામ કરતે હૈ. રહને કે સ્થાન ભી અલગ અલગ સે હૈ.'' (પૃ. ૭૬)

અહીં સ્વપ્નના સ્વર્ગમાં લગ્ન, પતિ, પત્ની, સ્ત્રી દાસી જેવાં લેબલનો જ વિરોધ છે. સ્વપ્નમાં આવી દુનિયાની ઝંખના જ્યાં સ્ત્રીઓની સ્વતંત્રતા અને સમાનાધિકારની પોષક હોય એ માત્ર દુઃખિનીબાલા જ નથી કરતી પરંતુ ૧૯૦૫માં લખાયેલી રુકૈયા શેખાવત હુસૈનની રચના 'સુલતાના કા સપના' જે અંગ્રેજીમાં પ્રગટ થઈ હતી એમાં સુલતાના ખુરશી પર બેઠા બેઠા સૂઈ જાય છે અને સપનામાં જુએ છે કે પુરુષો ગપ્પા મારી રહ્યા છે ને સ્ત્રીઓ દેશ-દુનિયાના તમામ મુદ્દા સંભાળી રહી છે. આવી જ એક બીજી રચના જે ઈ.સ. ૧૯૨૦માં

'સ્ત્રીદર્પણ'માં અખબારીલાલની પ્રગટ થઈ હતી જેનું નામ 'એક સંપાદિકા કા સ્વપ્ન' જેમાં સંપાદિકા કોઈ એક લેખનું સંપાદન કરતાં કરતાં સૂઈ જાય છે અને સ્વપ્નમાં એક એવા પ્રદેશમાં પહોંચી જાય છે જ્યાં સ્ત્રીઓ જ સમાજની નિયંતા અને શાસક છે. આવા સ્વપ્નોની દુનિયામાં સ્ત્રીઓ પરાધિનતા, અત્યાચાર વગેરેમાંથી માત્ર મુક્તિ જ ઝંખતી નથી પણ એ માટે જવાબદાર વર્ગને સજા કરવાની ઇચ્છા રાખે છે.

દુ:ખિનીબાલાએ આ આત્મકથામાં પોતાના જીવનના એકાદ ખંડને જ આલેખ્યો છે, સમગ્ર જીવનને નહીં. બાલ્યાવસ્થામાં થયેલાં લગ્નથી આ આત્મકથા આરંભાય છે અને દસ વર્ષની ઉંમરે એ બાળવિધવા બને છે. સધવામાંથી એકાએક વિધવા બનતી બાળકીની મૂંઝવણો સાથે આ આત્મકથા આગળ વધે છે. આ દુ:ખિનીબાલા કે સરલા અહીં માત્ર પોતાની જ વેદના નથી રજૂ કરતી પણ પોતાના જેવી પીડા ભોગવતી સ્ત્રીઓ માટે પણ વિચારે છે, એટલું જ નહીં એ પીડાને લખીને સમાજની સામે ઉજાગર કરવાનું સાહસ પણ કરે છે.

આ આત્મકથાની લેખિકા દુ:ખિનીબાલા કોણ ? સરલા શું એનું પોતાનું નામ હશે ? આનો જવાબ મેળવવો ખૂબ અઘરો છે. કારણ કે એ સમયે છદ્મ નામથી સ્ત્રીઓ લેખનકાર્ય કરતી. એ સમયગાળામાં ઈ.સ. ૧૮૮૨માં એક અજ્ઞાત હિંદુ ઔરતે 'સીમન્તની ઉપદેશ' લખી એમાં પણ એ અજ્ઞાત હિંદુ ઔરત કૌણ ? એવો પ્રશ્ન આજે પણ તપાસનો વ્યાસ છે.

ભારતમાં સ્ત્રીઓએ લખેલી આત્મકથાનો અભાવ જ રહ્યો છે. આજે હવે ક્યાંક ક્યાંક સ્ત્રીઓ હિંમત કરવા માંડી છે. દુ:ખિનીબાલા દ્વારા ઈ.સ. ૧૯૧૫-૧૬માં 'સરલા : એક વિધવા કી આત્મજીવની લખાઈ' એ ગાળામાં ભારતમાં બંગાળી અને મરાઠી લોકસાહિત્યમાં મહિલાઓએ આત્મકથા લખવાનો પ્રયાસ કરેલો. બંગાળી સાહિત્યમાં તો પ્રથમ આત્મકથા જ સ્ત્રીએ લખી હતી. ઈ.સ. ૧૮૭૬ માં 'આમાર જીબોન' રસસુંદરી દેવી દ્વારા લખાઈ હતી. ત્યારબાદ છેક ઈ.સ. ૧૯૧૨માં વિનોદિની દાસી દ્વારા 'આમારકોથા (કથા) લખાઈ અને પછી એ પરંપરા આગળ ચાલી. બંગાળમાં જે પહેલી આત્મકથા લખાઈ તેની લેખિકા રસસુંદરી દેવીએ પોતાની તુલના 'પિંજરામાં પૂરાયેલ પક્ષી' સાથે કરી છે. જેમની ઇચ્છા એક જોડી પાંખોની છે જેનાથી એ મનચાહે ત્યાં ઊડી શકે.

મરાઠી સાહિત્યમાં સત્તરમી સદીની કવયિત્રી બહિણાબાઈએ 'આત્મનિવેદન'માં પોતાના જીવન વિશે જે કંઈ લખ્યું એ મરાઠી સ્ત્રીએ લખેલ આત્મચરિત્ર સાહિત્યનું પ્રસ્થાનબિંદુ ગણી શકાય. ત્યારબાદ ઈ.સ. ૧૯૦૭માં ક્રાંતિકારી સામાજિક કાર્યકર્તા પંડિતા રમાબાઈ સરસ્વતીએ 'માઈ ટેસ્ટિમોની' શીર્ષકથી પોતાની આત્મકથા લખી હતી. એ મૂળ અંગ્રેજીમાં લખાઈ હતી. મરાઠીમાં લખાયેલ પહેલી આત્મકથા ઈ.સ. ૧૯૧૦માં રમાબાઈ રાનડેએ 'આમચ્યા આયુષ્યાંતીલ કાંહી આઠવણી' એ શીર્ષકથી લખી હતી. આ આત્મકથાને એટલી બધી લોકપ્રિયતા મળી કે એપ્રિલ ૧૯૧૦માં એ જેવી પ્રગટ થઈ કે તરત જ જૂન તથા ડિસેમ્બર, ૧૯૧૦માં બીજી અને ત્રીજી આવૃત્તિ પ્રગટ થઈ હતી ! આપણે જાણીએ છીએ કે રમાબાઈના અગિયાર વર્ષની ઉંમરે લગ્ન બત્રીસ વર્ષના વિધુર મહાદેવ ગોવિંદ રાનડે સાથે કરવામાં આવ્યા હતા.

મરાઠી સાહિત્યમાં તારાબાઈ શિંદેનું નામ પણ જાણીતું છે. એમણે ઈ.સ. ૧૮૮૨માં વિધવા પુનર્લગ્ન પ્રતિબંધને કારણે થતી સ્ત્રીની દુર્દશા, વિવાહિત સ્ત્રીનું શારીરિક તેમજ માનસિક શોષણ અને પુરુષોના સ્વભાવગત દુર્ગુણોને કેન્દ્રમાં રાખીને 'સ્ત્રીપુરુષ તુલના' નામે લઘુનિબંધ લખ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે આ પુસ્તક તરફ પણ છેક ઈ.સ. ૧૯૭૫માં અભ્યાસીઓ અને વાચકોનું ધ્યાન દોરાયું.

પ્રો. મેનેજર પાંડે કહે છે કે – ''સ્ત્રીયોં કી આત્મકથાએ તો ઈસલિએ નહીં હૈ કિ ઉન્હેં હમારે સામાજિક ઢાંચે મેં સચ બોલને કી સ્વતંત્રતા નહીં હૈ. લેકિન પુરુષોં કી આત્મકથાએ ઈસલિએ બહુત નહીં હૈ કિ સ્વતંત્રતા તો હૈ પર આદત નહીં હૈ.''

['સરલા : એક વિધવા કી આત્મજીવની'. સંપાદક : પ્રજ્ઞા પાઠક, પરમેશ્વરી પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮]

# 'જનાન્તિકે'

# 'અતીતરાગી સૌંદર્યની આનંદયાત્રાનો આલેખ'+

◆

પ્રા. અરવિંદ વાઘેલા*

*"હું સ્વભાવથી સર્વત્ર વિહરું છું.*
*હું ઈશ્વરાધીન છું કે તે કોણ જાણે,*
*પણ હું શબ્દાધીન તો છું જ.*
*હું માનવીઓ કરતાં પુષ્પો અને પંખીઓને વધારે ઓળખું છું.*
*મારો વૈષ્ણવ કે શૈવસંપ્રદાય નથી. હું કેવળ રસસંપ્રદાયનો જ છું."*

એવું નિખાલસ ભાવે સ્વીકારનાર આધુનિક સાહિત્યના આચાર્ય ડૉ. સુરેશ જોષી ગિરા ગુર્જરીના સમર્પિત સર્જક હતા એવું એમને માટે માત્ર કહેવાયું છે, એટલું જ નહિ, સ્વીકારાયું પણ છે. વળી એમના આગમનથી ગુજરાતી સાહિત્યની દશા અને દિશા બદલાઈ ગઈ એ પણ એટલું જ સત્ય છે. ગુજરાતી સાહિત્યને કવિતા, ટૂંકી વાર્તા, નવલકથા, વિવેચન, સંશોધન, સંપાદન, અનુવાદ અને લલિત નિબંધ જેવાં ક્ષેત્રમાં સીમાચિહ્નરૂપ (Mile Stone) પ્રદાન કરનાર ડૉ. સુરેશ જોષી ઘણી બધી ચર્વિતચર્વણાને અંતે આજે તો આપણા પ્રતિભાસંપન્ન સર્જક તરીકે સર્વસ્વીકૃત થઈ ચૂક્યા છે. એમની ઓળખ કોઈ માનવતાવાદી કે મૂલ્યો પીરસનાર પયગંબર તરીકેની નથી કે કશાક જબરદસ્ત સામાજિક પરિવર્તનને ઝંખનાર કોઈ સુધારક તરીકેની નથી પણ..... જબરદસ્ત સાહિત્યિક પરિવર્તનને ઝંખનાર સંનિષ્ઠ સર્જક - કલાકારની છે.

'ડૉ. સુરેશ જોષી - ગુજરાતી સાહિત્યનો યુ ટર્ન' એવા શીર્ષક હેઠળની ચર્ચામાં એમણે ચીંધ્યા લલિત નિબંધના માર્ગ પર પ્રસ્થાન કરીએ તે પહેલાં એમની કેટલી કૃતિઓ છે તે જોવું ઇષ્ટ ગણાશે. આ ચર્ચામાં સતતપણું સાચવવા પણ એ જરૂરી છે. તેથી એક નજર નાંખવી ઉપકારક નીવડશે.

★ કવિતા 'ઉપજાતિ' (૧૯૫૬)
'પ્રત્યંચા' (૧૯૬૧)
'ઇતરા' (૧૯૭૩)

★ ટૂંકી વાર્તા

'ગૃહપ્રવેશ' અને 'બીજી થોડીક' (૧૯૫૭-૫૮)
'અપિ ચ' (૧૯૬૪)
'ન તત્ર સૂર્યો ભાતિ' (૧૯૬૭)
'એકદા નૈમિષારણ્યે' (૧૯૮૧)

★ નવલકથા

'છિન્નપત્ર' (૧૯૬૫)
'મરણોત્તર' (૧૯૭૩)

---

+ 'સુરેશ જોષી : ગુજરાતી સાહિત્યનો યુ ટર્ન' - એ વિષય પર રાધનપુર (ઉ.ગુ.) મુકામે આયોજિત સેમિનારમાં વંચાયેલ.

* સદ્ગુણા આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ. અમદાવાદ.

★ વિવેચન - 'કિંચિત્' (૧૯૬૦), 'શૃણ્વન્તુ' (૧૯૭૨), 'કથોપકથન' (૧૯૬૯), 'અરણ્યરુદન' (૧૯૭૨), 'ચિંતયામિ મનસા' (૧૯૮૨)

★ લલિત નિબંધ - 'જનાન્તિકે' (૧૯૬૫), 'ઇદમ્ સર્વમ્' (૧૯૭૧),
'અહો બત કિમ આશ્ચર્યમ્' (૧૯૭૬), 'રમ્યાણિ વીક્ષ્ય' (૧૯૮૬),
'પ્રથમપુરુષ એકવચન' (૧૯૮૭), 'ઇતિ મે મતિ' (૧૯૮૭)

ઇયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ વિપુલ અને વૈવિધ્યસભર સર્જન કર્મ કરનાર સુરેશ જોષીની સર્જન પીઠિકા પર શૈશવના સંસ્મરણો અને સંસ્કારોનું પ્રભુત્વ વિશેષ દેખાય છે. આપણી સૂક્ષ્માતિસૂક્ષ્મ નજરે સુરેશ જોષીના સર્જનને પ્રમાણીએ તો એવું જ લાગે છે કે જાણે એમના સર્જનનો પ્રત્યેક શબ્દ એમના વતન વાલોડની ભૂમિમાંથી પ્રગટ્યો છે. અદ્‌ભુતરસની સૃષ્ટિ ખડી કરતી વાલોડ ગામની સીમ, જંગલનો પ્રકૃતિરાગ અને કિલ્લાનો Fantacy Land, ઝાંખરી કાંઠાનું અરણ્ય, હરિત પીત વાંસવન સર્જકના સાથી, ભેરુબંધ છે. શબ્દે શબ્દ જાણે એમના શૈશવના સ્મૃતિજળમાંથી ઝબોળાઈને આવતો લાગે છે.

કોઈકે સાચું જ કહ્યું છે -

*'સ્મૃતિ સુમન ના કદીયે, ક્યારેય લળી ઢળીને વિલાય'.*

સામાન્યજન આવી સ્મૃતિઓને બહુ બહુ તો વાગોળ્યા કરે છે, પણ જો એ સર્જક હોય તો આવી શૈશવ સ્મૃતિઓ સર્જનબળનું નિમિત્ત બનીને નીખરે છે. સુરેશ જોષી માટે આમ જ બન્યું છે.

સુરેશ જોષી(સુ.જો.) ગુજરાતી નિબંધમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી નિબંધને વધુ સર્જનાત્મક બનાવે છે. ૧૬ મી સદીના ફ્રેન્ચ નિબંધકાર મોન્તેઈન નિબંધની ઓળખાણ 'A Trial Attempt' (કેવળ પ્રયાસ) તરીકે આપે છે. જ્યારે જે.બી.પ્રિસ્ટલી - નિબંધને માટે કહે છે કે ''સાચો નિબંધ તો પરિચિત ગોષ્ઠિરૂપ હોય અને નિબંધકાર ભાવકની સાથે પોતાના અંતરાત્માને વ્યક્ત કરવા મથતો પ્રવણ ગોષ્ઠિકાર હોય. પ્રત્યેક વાક્ય એના વ્યક્તિત્વથી મહેકતું હોય.'' સામાન્ય રીતે આપણે ત્યાં બે પ્રકારના નિબંધો લખાતા આવ્યા છે :

૧. લલિતેતર (ચિંતન પ્રધાન) નિબંધો અને ૨. લલિત, સૌદર્યલક્ષી, નિબંધો

લલિતેતર કે ચિંતનપ્રધાન નિબંધોમાં ગંભીરતા, ડહાપણ અને સભાનતા હોય છે. સૌષ્ઠવસંપન્ન, વ્યવસ્થિત આકારવાળા આ નિબંધોનું ધ્યેય ચોક્કસ માહિતી અથવા સિદ્ધાંતો રજૂ કરવાનું હોય છે.

સૌંદર્યલક્ષી કે લલિત નિબંધોમાં એનો સર્જક અંગત લાગણીઓ અથવા અનુભવોને રજૂ કરતો હોય છે. લલિત નિબંધોનું ધ્યેય માત્ર અને માત્ર આનંદ આપવાનું હોય છે. પરિણામે તેમાં નૈસર્ગિકતા, અંગતતા સરસતા અને સાદાઈ જેવાં લક્ષણો હોય છે.

સ્વાતંત્ર્યોત્તરકાળમાં આધુનિક સર્જક સુરેશ જોષી બન્ને પ્રકારના નિબંધો લખે છે. સાહિત્યના તમામ સ્વરૂપોમાં નિબંધ એક એવું સ્વરૂપ છે કે સાહિત્ય અને જીવન વચ્ચેનો ઘનિષ્ઠ સંબંધ સ્થાપી આપે છે. નિબંધ માહિતી પણ આપે, રસાસ્વાદ વળી કરાવે અને સાથે સાથે આનંદ સુધ્ધાં પમાડે. તેની આ ત્રિવિધ શક્તિને કારણે અન્ય સ્વરૂપોને મુકાબલે નિબંધનું કલાસ્વરૂપ વધુ લોકાદર પામ્યું છે. પશ્ચિમની Essay સંજ્ઞામાંથી વિસ્તૃત પામેલા નિબંધ સ્વરૂપમાં આપણે ત્યાં ગંભીર અને ચિંતનપરાયણ રચનાઓ માટે નિબંધ સંજ્ઞા દૃઢ થઈ તે સાથે પ્રસ્તુત વિષયનું હળવી રીતે નિરૂપણ કરતી અને લેખકના નિજી વ્યક્તિત્વના ઉદ્રેકો લઈને આવતી કે રમણીય ગદ્યશૈલીમાં ગતિ કરવા ચાહતી કે વિશ્વના સૌંદર્યાનુભવનું આલેખન કરતી કે સંપ્રજ્ઞપણે સર્જનાત્મક ગદ્યમાં આત્માભિવ્યક્તિ સાધતી રચનાઓની સાચી અને યથાર્થ ઓળખ માટે ''નિબંધ'' સંજ્ઞા અપર્યાપ્ત લાગે છે. આથી આવી રચનાઓ માટે આપણા વિવેચને લઘુ નિબંધ, નિબંધિકા, આત્મલક્ષી નિબંધ, વૈયક્તિક નિબંધ, સર્જનાત્મક નિબંધ, રમણીય નિબંધ કે લલિત નિબંધ જેવી સંજ્ઞાઓ યોજીને કામ ચલાવ્યું છે. આ

ઉપરાંત ચરિત્રમૂલક, આત્મકથનાત્મક નિબંધ કે પ્રવાસ નિબંધ જેવી સંજ્ઞાઓ પણ ક્યાંક પ્રયોજાતી રહી છે. અત્રે એ નોંધવું ઇષ્ટ ગણાશે કે ચિંતનપરાયણ નિબંધની સામે લલિત નિબંધ વિશે જોઈતી એવી ગહન સૂક્ષ્મ તાત્ત્વિક ચર્ચા આપણે ત્યાં થઈ નથી. નર્મદથી શરૂ થયેલી આ નિબંધયાત્રામાં સ્વાતંત્ર્યોત્તર કાળમાં સૌપ્રથમ જે સમર્થ સર્જક છે તે ડૉ. સુરેશ જોષી છે. 'જનાન્તિકે', 'ઇદમ્ સર્વમ્', 'અહો બત કિમ્ આશ્ચર્યમ્', 'રમ્યાણિ વીક્ષ્ય' અને 'પ્રથમ પુરુષ એકવચન' જેવા લલિતનિબંધસંગ્રહો દ્વારા એઓ એક નવું જ વિશ્વ આપણી સમક્ષ ઉઘાડી આપે છે. એમની સૃષ્ટિ સ્વાતંત્ર્યોત્તર સમયગાળાની નીપજ છે. એટલે સ્વાભાવિક રીતે જ પ્રકૃતિરાગ, અતીતરાગ, વતન નિર્વાસન, એકલતા, વિચ્છિન્નતા, પરાયાપણું, લાચારી અને નિઃસહાયતા જેવી આધુનિક યુગની સંકુલ સંવેદનાનો સૂર સંભળાય છે. સુરેશ જોષીના સાહિત્ય પર પ્રતિભાવાન વિદેશી સર્જકો, દોસ્તોએવસ્કી, ફ્રેડરીક નિત્શે, કીર્કેગાર્દ, ઝયાં પોલ સાર્ત્ર, આલ્બેર કામૂ, બોદલેર અને રિલ્કે જેવા સાહિત્યકારોની વિચારધારાનો વ્યાપક અને ઊંડો પ્રભાવ પડ્યો છે. ટાગોર જેવા ભારતીય સર્જકની ભાષાશૈલી અને વિચારધારાનો પ્રભાવ પણ સુરેશ જોષી ઝીલે છે. આથી આધુનિક યુગની સર્વ સંકુલતાઓ એમના નિબંધોમાં વારંવાર પડઘાય છે.

''જનાન્તિકે'' સંદર્ભે ચર્ચાનો ઉપક્રમ છે. સર્જનાત્મક ગદ્યમાં સતત અવનવા રમણીય આવિષ્કારો ને અનવરુદ્ધ અવકાશ રચી આપતું લલિત નિબંધનું સ્વરૂપ પણ સુરેશ જોષીને અન્ય કલા સ્વરૂપોની જેમ જ પ્રિય રહ્યું છે. જીવનના અંતિમ શ્વાસ સુધી તેઓ એ સ્વરૂપમાં કામ કરતા રહ્યા. એક સભાન સર્જક તરીકે પોતાની દરેક કૃતિ નવો જ ઉઘાડ લઈને આવે, સંવેદનાના કોઈ નવા સ્તરને કે નવા ખૂણાને પ્રકાશિત કરે, એ દિશામાં એમના ગંભીર પ્રયત્નો રહ્યા છે. આ પુસ્તકના નિબંધોમાં શૈશવમાં જોયેલાં પ્રકૃતિનાં લીલામય રૂપો લેખકના વિશિષ્ટ ભાવજગતને સંકોરવામાં નિમિત્ત બને છે. અસ્તિત્વપરક ભાવદશાની ખોજ અને ઓળખ એમના લેખનનાં મુખ્ય પ્રેરકબળ છે.

ડૉ. પ્રવીણ દરજી કહે છે તેમ ''જનાન્તિકે''ના નિબંધોમાં સુરેશ જોષીનું પેલું અંગતતાનું તત્ત્વ નિબિડ આત્મીયતામાં પરિણમતું હોઈ એમના સર્જક વ્યક્તિત્વનાં નિરાળાં ભાતરૂપો એકી સાથે પ્રગટી આવે છે.''

આ પુસ્તકના લલિત નિબંધો આધુનિકતાવાદી આબોહવામાં પાંગરેલી સાહિત્યિક ઘટના છે. સર્જક ચેતનાનો પ્રાણવાન અંશ તેમાં મુક્ત રીતે પાંગર્યો છે. સંગ્રહની અનેક રચનાઓમાં પ્રકૃતિનું ભરપૂર આલેખન થયું છે. જે ઇન્દ્રિય સંવેદ્યતાનો અનુભવ કરાવે છે. કેટલીક રચનાઓ લેખકને પ્રિય કવિઓ બોદલેર અને રિલ્કેની ભાવસૃષ્ટિમાંથી પ્રેરણા લઈને જન્મી છે. એમાં સર્જકની આત્મલક્ષી સંવેદના, બાહ્યપ્રકૃતિના દ્રશ્યોને નિમિત્તે, વિલક્ષણ ભાવદશા જગાડે છે. સુ.જો.ની સર્જકચેતના એકી સાથે દૃષ્ટા અને દૃશ્યને પકડમાં લઈ સ્વયં આત્મવિકાસ સાધે છે. નિબંધોમાં જાણ્યે અજાણ્યે સર્જકનું મુક્ત ચિંતન પણ આવે છે. યાંત્રિકીકરણ અને આધુનિક નગર સંસ્કૃતિની વિષમતાઓનું અને માનવજાતિ સામેના આધુનિક પડકારોનું ચિંતન-મનન પણ એમની પાસેથી મળે છે.

પોતાના શૈશવની સંવેદનશીલ, અદ્‌ભુત રસની સૃષ્ટિનું સર્જન સુરેશ જોષીએ કર્યું છે. તે અતિમોહક છે. આપણા નિબંધ સાહિત્યમાં ગદ્યનો આટલો લલિત અને સર્જનાત્મક ઉન્મેષ પહેલાં કદીયે પ્રગટ્યો નથી. દૃશ્ય-શ્રવ્ય તથા ગંધ અને સ્પર્શ તેમજ ગતિનો અનુભવ કરાવતાં કલ્પનો અને અર્થસમૃદ્ધ પ્રતીકો જનાન્તિકેના નિબંધોને અન્યથી અલગ સાબિત કરે છે. સુરેશ જોષીનો લગાવ અતીત તરફ રહ્યો છે. શૈશવનાં સંસ્મરણો, દંતકથા-પુરાણકથા કે લોકસંસ્કૃતિના ભાવતંતુઓ આ નિબંધમાં ઊડીને આંખે વળગતી બાબત છે. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, બંગાળી, ફારસી, ઉર્દૂ, રશિયન અને અંગ્રેજી જેવી આઠ આઠ ભાષાઓથી સજ્જ આ ભાષાવીર તત્સમ શબ્દોને ચમત્કૃતિપૂર્ણ રીતે પ્રયોજે છે. પ્રકૃતિ વર્ણન કરતાં ઉપમા-ઉત્પ્રેક્ષા જેવા અલંકારોનો પણ કસ કાઢે છે.

'જનાન્તિકે'ની અતીતરાગી આનંદયાત્રામાં પ્રથમ પગલું મૂકતાં જ સર્જકનું શૈશવ મહત્ત્વનું પરિબળ

બનીને આપણી સામે આવે છે. બાળપણ તો વિસ્મયનો ખજાનો છે. શૈશવને સ્મૃતિઓનું વન કહેવામાં આવે છે. 'જનાન્તિકે'ના પ્રથમ બે નિબંધો સુ.જો.ની ચૈતસિક ભૂગોળરૂપ છે. સર્જક સુ.જો.નો પિંડ કેવી ચેતનાથી રસાઈને રચાયો હશે તેની રૂપરેખા આ નિબંધો આંકી આપે છે. શૈશવ અને પ્રકૃતિ સુરેશ જોષીની નોળવેલ છે. આ તત્ત્વો લેખકને સર્જનબળ પૂરું પાડે છે. શૈશવ જગત જાણે કે એમના સર્જનમાં રૂપાંતરિત થઈને પ્રગટ્યું છે. શૈશવ પ્રત્યેનો લગાવ પ્રકૃતિરાગ, અતીત, વતનઝુરાયો, ફેન્ટસી, આદિમતાનો ભાવ અંધકારભય અને મૌન-શોક કે નિર્વાસનનો ભાવ, નિબંધોમાં પ્રધાનપણે આલેખાયો છે. પોતાનો શૈશવપ્રેમ ક્યાંય સંતાડી રાખ્યો નથી. તક મળી છે ત્યાં બાળપણને ચ્યુઇંગમની જેમ મમળાવ્યા કર્યું છે. પરિકથા કહેતા હોય એમ કહે છે : 'એ ગામના સીમાડા અદ્‌ભુત અને ભયાનક રસથી બંધાયેલા હતા. એટલો જ એનો ભૌગોલિક પરિચય આપીશ' (જના. પૃ. ૩) વળી આગળ જતાં કહે છે - 'મારા ગામમાં રાજાનો કિલ્લો હતો, વન હતું, વનમાં વાઘ હતાં, રીંછ હતાં, એક નદી હતી એનું નામ ઝાંખરી.' (જના. પૃ.૪). શૈશવની અદ્‌ભુતરસની સૃષ્ટિમાં પ્રવેશ કરાવતા શૈશવ અને કિશોરવસ્થાના પ્રસંગોને સર્જક લલિત રીતે આલેખે છે. સંસ્કૃત નામના ભાર વિનાની ઝાંખરીને કાંઠે મિત્રોએ બળજબરીથી પીવડાવેલી બીડી, સતીના વન તરીકે ઓળખાતા આંબાવાડિયામાંથી કેરીઓ ચોરવાના બાળસહજ પરાક્રમો કે મધુમાલતીનું અત્તર બનાવવાનો પ્રસંગ, ડૉ. જોષીને માટે સર્જનબળ બની રહે છે. બાલ્યકાળનાં પ્રથમ છ વર્ષ વ્યક્તિના આકાર માટે ખૂબ મહત્ત્વનાં હોય છે. આ Formative વર્ષોના સંસ્કાર આગળ મજબૂત સર્જનબળ બનીને લેખક દ્વારા પડઘાય છે.' સુરેશ જોષી કહે છે : એ 'મોટા થઈએ એટલે આપણું શૈશવ ખોવાઈ જાય છે'. 'શૈશવ ખોઈ નાંખવાની આ વેદના અને વ્યથા 'જનાન્તિકે' માં આ રીતે વ્યક્ત થઈ છે. ''મોટા થઈએ છીએ તેમ તેમ શરીર મરતું જાય છે. ઠાઠડી પર ચડાવીને ફૂંકી મારતાં પહેલાં તો ક્યારનુંયે આપણે તેને ફૂંકી માર્યું હોય છે''.

સુરેશ જોષીની લગભગ તમામ કૃતિઓમાં શૈશવની મુગ્ધતા અને વિસ્મયસભર લીલાનાં તાદશચિત્રો ખડાં થયાં છે. અગત્યનું તો એ છે કે આ બધું સર્જકે કોઈકની પાસેથી ઉછીનું કે ઉધાર લીધું નથી. એ તો એમની સ્મરણપોથીમાંથી જ કદાચ પ્રગટ્યું છે. કહે છે :

''શૈશવમાં જોયેલી સોનગઢ ગામની સીમ અદ્‌ભુત અને ભયાનક રસની સામગ્રી પૂરી પાડે છે.'' આ પ્રદેશની ઉત્કટ સ્મૃતિઓ વર્તમાનની વાસ્તવિકતાનું રૂપાંતર કરતી જાય છે. તેઓ સ્વીકારે છે કે આ સ્મૃતિઓનો વિનિયોગ સાહિત્યમાં સામગ્રી તરીકે થતો રહ્યો છે. 'કવિનું વસિયતનામું' નામની કવિતામાં કવિ કહે છે કે ''કિશોરવયમાં એક કન્યાના ચોરી લીધેલા સ્મિતનું પક્વફળ હજી મારી ડાળ પરથી ખેરવવું બાકી છે.'' આમ શૈશવથી કિશોરાવસ્થા સુધીનો વાલોડમાં વ્યતીત કરેલો કાળ લેખકથી ભુલાતો નથી. જાણે કે એ સર્જનમાં શબ્દ થઈને મહોર્યો છે !

''બાલ્યવયમાં ઇંદ્રિયોના દ્વાર આગળ બાહ્યજગત એવી તો ભીડ કરીને ઊભું રહેતું કે ન પૂછો વાત !'' (જના. પૃ. ૫). શૈશવનાં થોડાંક વર્ષો જ્યાં વિતાવ્યાં છે તે માદરે વતન વાલોડની ધરતીનો ગજબ નો લગાવ સર્જકમાં છે. નરી સહજતાથી કહે છે કે, ''આવી વ્યક્તિ આજીવિકા માટે શહેરમાં જાય ત્યારે વતન માટે સ્વાભાવિક રીતે હિઝરાય''. વતન-ઝુરાપો માત્ર ઠાલી વેદના ન બની રહેતાં સુ.જો. માટે એક સર્જનબળ બને છે. નગર સંસ્કૃતિમાં જીવતા સર્જકનું ચિત્ત તો આરણ્યક સંસ્કૃતિમાં રચ્યું પચ્યું રહેતું હોય એવું દેખાય છે. જયંત પાઠકે ગાયું છે તેમ ''થોડા વગડાનો શ્વાસ મારા શ્વાસમાં''. એમ સુરેશ જોષી નહીં નગરના, નહીં વનની ડગરના જેવું જીવન શબ્દે શબ્દે જીવે છે. વતન વિચ્છેદની આ લાગણી ઢાંકી ઢંકાતી નથી. નગર સંસ્કૃતિ સાથે સમાધાન કરી, નગરમધ્યે રહેતો, આ સર્જક આધુનિક નગરસભ્યતાથી અંજાયા વિના પ્રકૃતિમાં, શૈશવમાં અને ફેન્ટસીના વિશ્વમાં ખોવાઈ જતો આપણે જોઈએ છીએ. આ વતન લગાવ જેવો તેવો નથી. જયંત પાઠક કવિતામાં વતન નિર્વાસનને રજૂ કરે છે તો સુરેશ જોષીનો વતન ઝુરાપો નિબંધોમાં સોળે કળાએ એકસરખી રીતે મહોર્યો છે. વતનને યાદ કરતાં પાઠકસાહેબ એક ઠેકાણે કહે છે કે,

''અડધો સ્મરણમાં જીવું છું ને, અડધો હું તો સપનમાં''. સુરેશ જોષી માટે પણ આમ જ બન્યું છે. વતન સાથેનો તાંતણો તૂટી જતાં વતન વિમુખ બનેલા સુરેશ જોષી પોતાની જાતને 'નામ વગરની નદી' કહે છે. પ્રકૃતિની અરણ્ય સંસ્કૃતિ અને નગર સભ્યતાની વિસમ વિસંવાદિતાનો ઉલ્લેખ વારંવાર નિબંધોમાં થતો રહ્યો છે. વતનમાં એમણે સાપના સરી જવાનો સ્પર્શ કે વાઘની છલાંગ ભરતી ગતિનો સ્પર્શ અનુભવ્યો છે :

''આપણા બાલ્યકાળની ઘણી સ્મૃતિઓ સ્પર્શની, સ્વાદની કે ગંધની સ્મૃતિઓ હોય છે... મનથી સ્વતંત્રપણે શરીરને પણ એનું આગવું સ્મરણ હોય છે... ગંધ એ આપણી અભિજ્ઞાનની મુદ્રિકા છે''. (જના. પૃ. ૬). આ સ્પર્શ, સ્વાદ અને ગંધની સ્મૃતિમાંથી જ જનાન્તિકેની કલ્પનસૃષ્ટિ તૈયાર થઈ છે :

''શરદના પ્રારંભના દિવસોમાં બાળપણમાં અનુભવેલી કશીક સુગંધ ઘેરી વળે છે.'' ('અહો બત', પૃ.૧૯૯-૨૦૦).

''કોઈક વાર મોગરો, આંબાનો મોર અને લીમડાની મંજરીની સુવાસ, ત્રણ તંતુના ઝીણા શરબતી મલમલના વણાટવાળો અંધકાર પણ દેખાયો છે.'' (જના. પૃ. ૭૩)

''હવા શિરીષ ફૂલોની સુગંધથી તરબતર છે, બપોરનો ઊનો પવન પણ લીમડાની મંજરીની મહેકને કારણે સુખદ લાગે છે.'' (જનસત્તા, ૨૦/૪/૭૯)

નિબંધકાર સુરેશ જોષીનું મનોરાજ્ય સ્મૃતિની સ્રોતસ્વિનીને કાંઠે વસે છે. શૈશવની એ અદ્‌ભુત રસની સૃષ્ટિને યાદ કરતાં એ કહે છે : ''શૈશવ અને કેશોર્યનું સંગી પેલું દક્ષિણ ગુજરાતની પૂર્વ સરહદના તાપી કાંઠાનું અરણ્ય યાદ આવે છે મન ઝૂરે છે... ત્યાં જાણે જીવનના એક અંશનું કાળરૂપી રાવણ હરણ કરી ગયો છે. એને ફરીથી પ્રાપ્ત કરવાને માટેનો સેતુબંધ બાંધવાનો પુરુષાર્થ હજીયે કરવો બાકી છે.'' (જના. પૃ. ૩૩).

શૈશવની લગોલગ બીજું એક શોભાસ્થાન દેખાય છે તે એમનું Fantacy Element (કપોળ કલ્પન) જનાન્તિકેમાં પણ આવી Fantacy નો Fairyland જોવા મળે છે. તેમની નિરૂપણ શૈલીને કેટલાક વિદ્વાનો પાશ્ચાત્ય પ્રભાવ/અસર તરીકે ઓળખાવે છે. પરંતુ એ નિતાંત સાચી વાત નથી. આ પ્રકારની નિરૂપણ રીતિની પ્રેરણા કદાચ તેમને પશ્ચિમે આપી હશે જરૂર પરંતુ એ સ્વયંસ્પષ્ટ છે કે તેમના 'જનાન્તિકે' ના નિબંધોનું Fantacy Element તેમની શૈશવ સૃષ્ટિમાંથી આવ્યું હોવાનું પણ ઘણા વિદ્વાનોને લાગ્યું છે. એક ઠેકાણે શૈશવની સ્મૃતિઓમાં ખોવાઈ જતાં લખે છે કે ''બાળપણના એ અરણ્યાછન્ન કિલ્લામાં પરિકથાની આખી અદ્‌ભુત સૃષ્ટિ ખડી થઈ રહેતી.'' અહીં જ આગળ જતાં તેઓ એમ પણ કહે છે કે, ''અષ્ટકોણી વાવની પાળે રૂમઝૂમ પગલે સ્નાન કરવા ઊતરતી રાજકુંવરી અને રાક્ષસની કલ્પનામાં રાચતા દેવશિશુના કાલીવાણીના સ્વાદ સરખો બોરનો ખટમધુરો સ્વાદ અમે માણતા.'' આમ વાર્તાઓ અને લલિત નિબંધોમાં બળાબળ જે પ્રભાવક રીતે વરતાય છે, તે કપોળકલ્પનનું પગેરું લેખકની પેલી બાલ્યાવસ્થાની અદ્‌ભુત સૃષ્ટિમાં જ દેખાય છે. સર્જનમાં ઉત્તરોત્તર આ તત્ત્વ વધુ ને વધુ નીખરતું રહ્યું છે. નિબંધકાર પોતે કહે છે કે, ''સોનગઢના કિલ્લાની એ અષ્ટકોણી વાવની બખોલમાં, જેની છાંયમાં થઈને રોજ શાળાએ જતા એ વડદાદાની જટામાં, વાડામાં અંધારા કૂવાની આંખોમાં એને (ઊંઘ) મેં સંતાડી રાખી હતી. આજે એને કોણ લાવી આપે ?'' સાચે જ જનાન્તિકેની આ કપોળ કલ્પિત સૃષ્ટિ આપણને પણ પરિકથાના ઉડપંખ ઘોડા અને સોનેરી વાળવાળી રાજકુંવરીની યાદ અપાવે છે, આ Fantacy ના કેંદ્રમાં એમનું શિશુલોક બેઠું છે.

પ્રકૃતિરાગ તો 'જનાન્તિકે'ની પ્રથમ રચનાથી જ જોવા મળે છે. સુરેશ જોષીનું શૈશવ અને પ્રકૃતિરાગ એકબીજામાં એવા તો ઓતપ્રોત થઈ ગયા છે કે એને અલગ પાડીને જોવા મુશ્કેલ છે. તેમ છતાં જનાન્તિકેની ઇંદ્રિય સંવેદ્ય પ્રકૃતિલીલાનો પણ અદ્‌ભુત આનંદ છે. લલિત નિબંધના આ સંગ્રહમાં વતન, વતનની પ્રકૃતિ, સાતકાશીનું વન, સતીના વન તરીકે ઓળખાતું આંબાવાડિયું, ઝાંખરી નદી, તાપી કાંઠાનું અરણ્ય, હરિત-પીત કાંતિવાળુ વાંસવન અને વાઘની ત્રાડને તેઓ વારંવાર યાદ કરે છે. નગર સંસ્કૃતિમાં વસતા સુરેશ

જોષીએ જીવનભર અતીતની આ યાદોને ઝંખી છે અને આ પ્રકૃતિ વિમુખતામાંથી જન્મેલું નિર્વાસન કે પરાયાપણું આપણને એમની કૃતિઓમાં દેખાય છે. જ્યાં જ્યાં તક મળી છે ત્યાં ત્યાં પ્રકૃતિ અને સંસ્કૃતિની સમીક્ષા કરતા જાય છે. ''જનાન્તિકે'' નું વિશ્વ બહુધા પ્રકૃતિનાં રૂપોમાં સૌંદર્ય, રમણીયતા અને અકલુષિત આનંદ શોધનારનું વિશ્વ જ ભાસે છે. જનાન્તિકેની ૭ મી રચનામાં ઉનાળાની સવારનો તડકો જાણે વિધાતાની ઝોળીમાંથી અસાવધતાને કારણે પડી ગયેલો કોઈકના ભાવિ સુખનો ભાગ ન હોય એવો ભાસે છે. આ નિબંધસંગ્રહની હરકોઈ રચનાનો ઉઘાડ જ પ્રકૃતિના રમણીય રૂપોથી થાય છે. દિવસ રાત્રિના વિવિધ પ્રહરો, વર્ષા, વસંત, ગ્રીષ્મ જેવી ઋતુઓનો વૈભવ આલેખવામાં લેખકનો પ્રકૃતિરાગ છલકાય છે.

''ગ્રીષ્મમાં મોગરા અને શિરીષની અત્યુક્તિ હવામાં સંભળાય છે. પછી ચૈત્ર તરફથી વૈશાખ તરફ ઢળતાં આ અત્યુક્તિનો ઘેરો રંગ ગુલમહોરમાં ઘુંટાઈને લાલચટ્ટાક બનશે.... શીમળાના ફૂલની રતાશ પણ એવી પ્રગલ્ભ છે. શીમળો રેશમ જેવા રૂની સાથે પોતાના સ્વપ્નોને જાણે ઉડાડે છે. મહુડાની મદિર સુગંધ પણ ગ્રીષ્મના પાત્રમાં ઘૂંટાઈ છે. ગ્રીષ્મ આવે છે ને મન ઝાલ્યું રહેતું નથી. (જના. પૃ. ૨૩). સર્જક હૃદયની યૌવન ઊર્મિનો સ્વયંભૂ ઊભરો અગિયારમી રચનામાં રસકીય અભિવ્યક્તિ સાધે છે. ''સુગંધનો એવો તો ફુવારો ઊડે છે ને આ હવા જાણે કોઈ પ્રગલ્ભા પોતાના પાલવમાં પ્રિયતમને સંગોપીને ભગાડી લઈ જવા અધીરી બની હોય એવી ચારેય બાજુએથી આવીને લપેટી લે છે.'' (જના. પૃ. ૪૩-૪૪).

વતનની પ્રકૃતિનું રૂસાઘાસ, ફણસોટા વનસ્પતિ, વનરાજીનો પર્ણમર્મર વરસાદી ધારાનો મૃદુલ ટપકાર વગેરે તેમજ 'જનાન્તિકે'માં આલેખાયેલાં દૃષ્ટિ, શ્રુતિ, સ્પર્શ, સ્વાદ અને ગંધ એમ પાંચેય ઇન્દ્રિયોથી માણેલી સમૃદ્ધ સૃષ્ટિ સુરેશ જોષીના છેલ્લા શબ્દ સુધી અબાધિત રહી છે અને એમના મનના આલોકમાં ઉભરાયા કરે છે. પ્રકૃતિનાં આ બધાં જ તત્ત્વો પ્રત્યે બાલ્યાવસ્થાથી સેવેલો અનુરાગ એમના સર્જનમાં અભિવ્યક્ત થતો રહે છે. 'જનાન્તિકે' ના નિબંધોમાં આ પ્રકૃતિરાગ સૌંદર્ય તથા આનંદનો ઉદ્દીપક વિભાવ બનીને આવે છે.

સુરેશ જોષીની સર્જક વિચક્ષણતાને ચીંધતી એક વાત તે એમના નિબંધોમાં અભિવ્યક્ત થયેલો, આદિમતાનો ભાવ છે. આરણ્યક જનજીવન પ્રત્યે એમને ઉત્કટ અનુરાગ છે. ડોકાતો કે દેખાતો આ ભાવ ને આધુનિક સર્જનની નીપજ અને પશ્ચિમના સાહિત્યનો પ્રતિરવ મનાય છે, તો પણ મૌલિક છે. પ્રતિબિંબિત થયેલો આ વિભાવ એમના અતીત સાથે સીધો નાતો ધરાવે છે. મુગ્ધાવસ્થામાં, વતનની ભાગોળે, આદિમ નજરે જોયેલી આદિવાસી યૌવનાની છાતી હજી તેમના સ્મરણમાં રહી ગઈ છે, એટલું જ નહિ, નગર સંસ્કૃતિમાં એ નૈસર્ગિક છાતી જોવા પણ મળતી નથી, તેની ઝીણી વ્યથા પણ દેખાય છે. આજ રીતે વતનના ખેતરે કે વાડીમાં કોઈક નગ્ન આકૃતિ સ્નાન કરતી જોયાનું સ્મરણ પણ મને છે. એ જે આ રીતે વાચા બને છે. ''મને ક્યારેક ક્યારેક એવું શમણું આવે છે કે હું નગ્ન થઈને સ્નાન કરતો હોઉં''. પોતાના પ્રાકૃતિક પરિવેશમાંથી મળેલા આદિમતાના આ સંસ્કારો 'જનાન્તિકે'ની મોંઘેરી જણસ છે.

સુરેશ જોષીના સર્જનમાં અંધકારનું તત્ત્વ અને અંધકારના ભયનું પર્યાવરણ એ કદાચ સર્જક અભિવ્યક્તિનો એક આગવો વિશેષ છે. ''મારા હૃદયમાં તો ભયનું ટોળું વળ્યું છે, અનેક સમયના અનેક પ્રકારના ભય... બાળપણમાં શિયાળાની રાતે પવનની બારી ખુલી જવાની સાથે ઓરડામાં પેસી ગયેલા થર થર ધ્રૂજતા અંધકારના સ્પર્શથી થયેલો ભય, (જના. પૃ. ૬૬)''. અંધકારની સાથે વાઘની ત્રાડ ભળતાં ભયાનક રસની સૃષ્ટિ ચિત્તમાં અંકિત થઈ ગઈ છે. જનાન્તિકેના નિબંધોમાં અત્ર તત્ર એનાં ઉદાહરણો મળે છે.

''શિયાળાની રાતે કોઈકવાર જાગી જઈએ ને રાત્રિની નિસ્તબ્ધતાને કંપાવી નાંખતી વાઘની ત્રાડ સંભળાય ત્યારે હાંજા ગગડી જાય.'' (જના. પૃ. ૧૫). અંધકારનું દશ્યરૂપ જુઓ : ''વાઘની ત્રાડના બખિયા ભરેલો અંધકાર...'' (જના. પૃ.૭૩). અંધકારનો સ્પર્શ કરાવતાં સુ.જો. કહે છે : ''એના શીતલ સ્પર્શમાં

સાતકાશીના નિબિડ અરણ્યમાં ઘૂંટાયેલ મસૃણ અંધકારના સ્પર્શની સ્મૃતિ હતી (જના. પૃ. ૪). તો અંધકારને ગંધ અને સ્વાદથી માણતાં વર્ણવે છે : ''કોઈક વાર મોગરો, આંબાનો મોર અને લીમડાની મંજરીની સુવાસ ત્રણ તંતુના ઝીણા શરબતી મલમલના વણાટવાળો અંધકાર પણ દેખાય છે.'' (જના. પૃ. ૭૩).

અંધકારની વાત એમના પ્રત્યેક શબ્દમાં આવી છે, આદિમ અંધકારનું આલેખન એ પેલા ગ્રામ્ય વિસ્તારના અરણ્યનો અંધકાર છે. આ બધો અંધકાર બાળક સુરેશે આંખો ભરીને પીધો છે. અંધકારે આપેલ ભય-ડરની લાગણી આથી જ કદાચ 'જનાન્તિકે' ના નિબંધોમાં વીંટળાયેલી રહી છે. બાળકને સૌથી મોટો ભય કદાચ આ અંધકારનો જ હોય છે. માતાના ઉદરનો અંધકાર સૌએ ભોગવ્યો છે. આથી જ આપણને અંધકારનો ભય છે એવું સુ.જો.ને લાગે છે. એક વાત અહીંયા નોંધવી જોઈએ કે સામાન્ય જન આ અંધકારથી ડરીને કદાચ આંખો મીંચીને બેસી રહે પણ સુરેશ જોષી જન્મજાત સર્જક છે. આથી તેમનો અંધકારભાવ સર્જનાત્મક રૂપ ધારણ કરીને એમાં પ્રગટ્યો છે. એમને લાગ્યું છે કે વિશ્વમાં કદાચ દારુણમાં દારુણ અંધકાર માતાના ઉદરનો છે. આથી જ તો એમની કવિતામાં પણ 'વૃદ્ધાની યોનિનો અંધકાર' પ્રતીક બનીને આવે છે. અહીં એ પણ કહેવું જરૂરી થઈ પડે કે સુ.જો.નો અંધકાર માત્ર અંધારિયું વાતાવરણ સર્જીને બેસી રહેતો નથી પણ ''તમસોમા જ્યોતિર્ગમય'' - ઊંડા અંધારેથી પરમ તેજ તરફની તે ગતિ બની રહે છે. શ્રી ઉમાશંકર જોશી જેવાએ પણ કહેવું પડ્યું છે કે ''આવાં અંધકારભયનાં કલ્પનો ગુજરાતી સાહિત્યમાં બીજા કોઈ સર્જકે આપ્યા નથી.'' 'જનાન્તિકે'ના તેમજ અન્ય સંગ્રહના નિબંધો આ વાતનો પુરાવો છે.

આધુનિકતાના આચાર્ય તરીકે ઓળખાયેલા ડૉ. સુરેશ જોષીના સર્જનમાં તેમજ 'જનાન્તિકે'ના લલિત નિબંધોમાં વિચ્છિન્નતાનો ભાવ પણ અત્ર તત્ર વેરાયેલો પડ્યો છે. આ આધુનિક યુગ સંદર્ભ પણ તેમના અનુભવ જગતમાંથી જ આવ્યો છે. શૈશવનાં કેટલાંક સ્મરણો જેમાં મૃત્યુ, દંભ વિનાની દુનિયાની ઝંખના અને નગરજીવનની નારકીયતા આ વિભાવની પીઠિકા બને છે. આ વિચ્છિન્નતાનો ભાવ જુદે જુદે સ્વરૂપે એમના નિબંધનો શબ્દ બને છે. મૌન, શોક અને નિર્વાસનના ભાવનું બાહુલ્ય સુરેશ સર્જનમાં દેખાય છે. તે પેલી મૃત્યુની ઘટનાનો પ્રતિઘોષ છે. આ વાતને અનુમોદન આપતાં અને એ ત્રણ ત્રણ યુવાન મૃત્યુને જુદી રીતે સ્મરતા સુ.જો. કહે છે. ''ત્રણ ત્રણ યુવાન મૃત્યુ જોઈને ડઘાઈ ગયેલા દાદા અને બહેરા-મૂંગા ફોઈબા આ બે મૌનની વચ્ચે મારા બાળપણનું ઝરણું વહ્યું. એના પર પેલા શોકની ઘેરી છાયા પડી ગઈ''. લેખક કહે છે કે ''આજે કશુંક બોલતો હોઉં ત્યારે એકાએક પેલી છાયા ઘેરી વળે છે. અને મને બાલ્યવયનો એ ઓરડો યાદ આવે છે.'' પણ મૃત્યુની વાત કરતાં સુરેશ જોષી લલિતચિંતન પણ આલેખે છે : ''બાળપણમાં મરણની આછી ઝાંખી થયેલી. ત્યારે એ કીડીના ચટકા જેટલું નાનું નગણ્ય હતું.'' (જના. ૪૬, પૃ. ૧૩૩). નિબંધોમાં આવેલ નિર્વાસન, પરાયાપણું, એકલતાનો ભાવ, એમની સર્જનસૃષ્ટિનો કેન્દ્રગત વિભાવ બની રહે છે.

આપણે બધા આધુનિક માનવીઓ, દંભના મ્હોરાં પહેરીને ફરીએ છીએ, તેની વેદના પણ આ નિર્વાસનભાવમાં ઓતપ્રોત થઈ ગઈ છે. નગરસભ્યતા અને આરણ્યક સંસ્કૃતિ વચ્ચેનો ભેદ દર્શાવતાં તેઓ કહે છે :

''આપણે ઉજળિયાત તો જાણે સો ગળણે ગાળીને ઘૂંટડો ઉતારનારા. મસ્તી આપણે આંગણે ફરકે શી રીતે ? અને આ વનવાસીઓના જીવનમાં આપણા જેવા ઝાઝા વિધિનિષેધો નહીં. સ્ત્રી-પુરુષો ભેગા હાથમાં હાથ ગૂંથીને નાચે... ધોળા પર કાળો ડાઘ પાડનારા આપણે એમને જંગલી ગણીને સુધારવા જઈએ. પણ એમનામાં જે લુત્ફે હયાત છે તેના કેટલા ટકા આપણી પાસે છે !'' (જના. પૃ. ૧૪). આધુનિક માનવીઓમાં જોવા મળતો નર્યો દંભ અને નરી દુષ્ટતા જોઈ સર્જક હૃદયવેદના અનુભવે છે અને માનવી પોતાનામાં રહેલી સરળતા, નિર્દોષતા અને નિખાલસતાને ગુમાવી દાંભિક બન્યો છે. તેની વ્યથા અને વેદના પણ 'જનાન્તિકે'ના ૩ જા, ૨૭ મા, ૪૦ મા અને ૪૧ મા નિબંધમાં અભિવ્યક્ત થઈ છે. એકાદ ઉદાહરણ લો : ''ક્રોમિયમ પ્લેટેડ સૌજન્યનો ચળકાટ નથી સહેવાતો એવા સજ્જનોના શબ્દે શબ્દે ઍન્ટિસૅપ્ટિક ડિસ ઈન્ફેકટન્ટ ગંધ આવે છે.

એમની અસ્ત્રીબદ્ધ કકરી સુઘડતા, હૉસ્પિટલના ઑપરેશન થિયેટરની યાદ આપે છે. હમણાં જ ચમકતા ચીપિયા અને તીક્ષ્ણ ધારવાળી નસ્તર મૂકનાર છરી દેખા દેશે એવી ભીતિથી હૃદય ફફડી ઊઠે છે... અને એવા સજ્જનની સમક્ષ ખડા થવાનું આવે ત્યારે મને તો માથે મોત ભમતું લાગે છે (પૃ. ૯૨)".

આધુનિક સંસ્કૃતિ અને માનવ અસ્તિત્વના સંદર્ભે સુરેશ જોષી પોતાના પ્રિય એવા પાશ્ચાત્યસર્જકો બોદલેર, રિલ્કે, કામૂ, ફાફકા, સાર્ત્ર, કિર્કેગાર્દના અસ્તિત્વવાદી સાહિત્યમાંથી પ્રેરણા મેળવે છે; દા.ત. મુશળધાર વરસાદ પડે છે એ જોતાં બોદલેરની પેલી પંક્તિઓ યાદ આવી જાય છે :

*'when the long lines of rain*
*are like the bars of a vast prison'.*

Vast prison વિશાળ કારાગાર માંથી માનવજાતને મુક્ત કરવાનું વસુદેવ કૃત્ય કોણ કરશે ? સાંપ્રત સમયની વિચ્છિન્નતાને આલેખતાં ૪૫ અને ૪૬મા નિબંધમાં તેઓ મૃત્યુ જેવી માનવીય સંવેદનાને આલેખતા પોતાના પ્રિય કવિ રિલ્કેને યાદ કરતાં કહે છે કે 'મરણનો એક કાંકરો આપણા સ્પંદન રહિત સરોવરમાં કેટલાયે વમળ આંદોલિત કરી મૂકે છે.'

આ નિબંધોની સૌંદર્યયાત્રામાં ટાગોરને કેમ કરી ભુલાય ? આ નિબંધોની સૃષ્ટિમાં આવતું ચિંતન, મૃત્યુ મીમાંસા અને ગદ્ય શૈલી પણ ટાગોરનો પ્રભાવ દર્શાવે છે. 'જનાન્તિકે'ના ૧૭મા નિબંધને અંતે સુરેશભાઈ આ વાત સ્વીકારતા હોય તેમ કહે છે : ''એકધારપણું, એકસુરીલાપણું ટાળવું હોય તો કોઈકે ગાળ ખાઈ લઈને પણ ટાગોરવેડા કરવાનું માથે લેવું જ જોઈએ. ટાગોરે કાલિદાસ વેડા ક્યાં નથી કર્યા ? અને કાલિદાસે પણ વાલ્મીકિ વેડા નથી કર્યા શું ? વધુ માટે પૂછો એલિયટને ?'' 'જનાન્તિકે'નો ૧૮મો નિબંધ પણ રવીન્દ્રનાથને ટાંકીનેજ શરૂ કરે છે. આમ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સુરેશ જોષી સર્જનમાં રવીન્દ્રનાથને ટાંકીને જ વાત શરૂ કરે છે. રવીન્દ્રનાથ પડઘાતા પણ રહ્યા છે. કેટલાક આને રવીન્દ્ર પ્રભાવ તરીકે ઓળખાવે છે. પણ સાચી વાત તો એ છે કે વિશ્વસાહિત્યના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સર્જકને પણ કોઈક ઇતર સર્જકનો શબ્દ ગમી જતો હોય છે. તેનું સર્જક કર્મ તેને સ્પર્શી જતું હોય છે. આને આપણે જે તે સર્જકનું મનભાવન કહીશું. આ અર્થમાં ટાગોર સુરેશભાઈને મનભાવન રહ્યા છે. અહીં એ વાત પણ નોંધવી ઇષ્ટ ગણાશે કે ટાગોરના આવા પ્રભાવ છતાં સુ.જો.નું સર્જન કે શૈલી અનુકરણીયા અથવા કોઈ ચોક્કસ મહોરવાળી નથી બની ગઈ. મૌલિક આભા તેઓ ખોતા નથી. તેથી જ તે 'જનાન્તિકે' ગુજરાતી લલિત નિબંધનું ગિરિશૃંગ બની રહે છે.

સંગ્રહમાં સુરેશ જોષીનું શૈલીદાસ્ય, કલ્પન, પ્રતીક કે પ્રસંગોનું પુનરાવર્તન જેવી કોઈક મર્યાદા દેખાય છે. છતાં ગુજરાતી સાહિત્યના તીખા તોખાર, જાગૃત અભ્યાસી, ટેકનિક તજ્જ્ઞ અને સવિશેષ તો લાગણીભીના સર્જક તરીકે સુરેશ જોષી સદાયે યાદ રહેશે. એક કવિતામાં ભાવકને કહે છે કે ''કદાચ કાલે હું નહિ હોઉં''. એ વાત કદાચ ક્ષર દેહે યથાર્થ લાગે. પરંતુ એમનો અક્ષરદેહ તો આજેય આપણી વચ્ચે વિહરે છે.

**સંદર્ભગ્રંથ :**


૧. સુરેશ જોષી, 'જનાન્તિકે'.

૨. ડૉ. માલા કાપડિયા, 'સુરેશ જોષીની સર્જનયાત્રા'.

૩. મણિલાલ હ. પટેલ, 'નિબંધકાર સુરેશ જોષી'.

૪. ચંદ્રકાંત ટોપીવાળા, 'સુરેશ જોષી' (ગ્રંથકાર શ્રેણી).

૫. ડૉ. બહેચરભાઈ પટેલ, 'સૌંદર્યલોક'.

૬. સુરેશ જોષી, 'કિંચિત્'.

૭. પ્રા. જે.સી.પટેલ, 'શબ્દસૃષ્ટિ' (ડિસે, ૯૩) 'જનાન્તિકે' દષ્ટિપાત.

# અલ્ઝાઈમર્સ ડિમેન્શિઆ

◆

ડૉ. પ્રણવ શેલત*

◆ **ડિમેન્શિઆ શું છે ?**

ડિમેન્શિયા, એ અવસ્થા છે જેમાં માનસિક ક્ષમતા ઘટે છે. મુખ્યત્વે યાદશક્તિ ઘટે છે. વ્યક્તિ માટે એ તમામ કાર્યો કરવાં અઘરાં બને છે. જે કાર્યો તે અત્યંત સરળતાથી કરી શકતી હતી. ચેકબુકની જાળવણી અને ચોખ્ખો હિસાબ જાળવવામાં મુશ્કેલી, કાર સલામત રીતે ચલાવવામાં મુશ્કેલી, અથવા ભોજનની તૈયારી કરવામાં અસમંજસતા વગેરે અમુક ઉદાહરણો છે. તેને અણીને સમયે વાપરવા માટે યોગ્ય શબ્દો નથી મળતા અથવા જ્યારે ઘણું બધું એક સાથે કરવાનું આવે ત્યારે તેઓ ગૂંચવાઈ જાય છે. ડિમેન્શિયાના શિકાર લોકોના વ્યક્તિત્વમાં પણ પરિવર્તન આવે છે. દર્દી આક્રમક, ઉગ્ર માનસિકતાવાળા તથા શૂન્યમનસ્ક (ઉદાસીન) હતાશ થઈ જાય છે.

◆ **ડિમેન્શિયાનાં કારણો કયાં છે ?**

અલ્ઝાઈમર રોગ, એ ડિમેન્શિયાનો સર્વસામાન્ય પ્રકાર છે, પરંતુ; ડિમેન્શિયાનાં, અન્ય ઘણાં કારણો હોઈ શકે છે, જેમાં સામેલ છે. સ્ટ્રોક્સ, વિટામિન બી-૧૨નું ઘટતું સ્તર, થાઈરોઈડ અવસ્થા, હતાશા, એઈડ્સ અને અન્ય પ્રકારનાં સંક્રમણો. તે ઉપરાંત વૃદ્ધ લોકોમાં, ઔષધોપચાર અને અન્ય માંદગીને કારણે જટિલતાઓ ઉદ્ભવી શકે. એ ડિમેન્શિઆ સમાન જ લાગે છે, કેમ કે તેનાથી યાદશક્તિ પર પ્રભાવ પડી શકે છે. આ સઘળાની આકારણી નિદાન કરાતા પૂર્વે થઈ જવી જોઈએ.

◆ **અલ્ઝાઈમર રોગ શું છે ?**

અલ્ઝાઈમર રોગ એ મગજની બીમારી છે. તેને કારણે મગજનાં જ્ઞાનતંતુ કોશોનો નાશ થાય છે. આથી તમારી યાદશક્તિની ક્ષમતા તથા સ્પષ્ટ રીતે વિચારવાની ક્ષમતા પર પ્રભાવ પડે છે. તેઓ જાણે છે કે સામાન્ય રીતે આની શરૂઆત ૬૦ વર્ષ પછી થતી હોય છે તેમજ અડધાથી વધુ લોકો ને ૮૫ વર્ષ અને એથી વધુ વયે અલ્ઝાઈમર થઈ શકે છે. આ વધતી ઉંમરનો સામાન્ય હિસ્સો નથી.

◆ **અલ્ઝાઈમર રોગ કેટલો સામાન્ય છે ?**

આપણે સૌ જાણીએ છીએ કે આપણે જેમ જેમ વૃદ્ધ થઈએ છીએ, અલ્ઝાઈમર રોગ થવાની શક્યતાઓ વધતી જાય છે. ૬૫ ની વયની, કુલ ૧૫માંથી ૧ વ્યક્તિને આ રોગ થઈ શકે છે. તેમજ ૮૫ થી વધુ વયના લોકોમાં કુલ ૩ માંથી ૧ ને અને આબાદીના અડધાથી વધુ લોકોને આ રોગ હોઈ શકે છે. આપણે એ પણ જાણીએ છીએ કે અમુક કુટુંબોમાં વંશપરંપરાગત આના જીન્સનું વહન થતું હોય છે, જેને કારણે રોગનાં વિકાસનું જોખમ ખૂબ વધે છે. આપણા પર્યાવરણમાં પણ અમુક એવાં તથ્યો છે જે આ રોગનું આક્રમણ શરૂ કરે છે પરંતુ એ તથ્યો હજી સુધી જ્ઞાત નથી.

◆ **જ્યારે અલ્ઝાઈમર રોગ થાય ત્યારે શું થાય ?**

આ રોગની શરૂઆત અત્યંત ધીમે થાય છે. હકીકતમાં અમુક લોકોને ખબર નથી પડતી કે તેઓને અલ્ઝાઈમર રોગ થયો છે. તેઓ તેમની ભૂલવાની બિમારીને, બીમારી નહીં પરંતુ વધતી જતી વયને કારણે સર્જાતી અવસ્થા ગણાવતા હોય છે. જોકે સમય જતાં એમની યાદશક્તિની સમસ્યાઓ વધુ વકરતી જાય છે, અલ્ઝાઈમરનાં શિકાર લોકો તેમની વાહન હંકારવાની ક્ષમતા, રસોઈ કરવાની ક્ષમતા, અખબાર વાંચવાની ક્ષમતા વગેરે ખોઈ બેસે છે. તેઓ અત્યંત સહેલાઈથી શૂન્યમનસ્ક થઈ જતા હોય છે, તેમજ સરળ બાબતો

---

*સાઈકિયાટ્રીસ્ટ, ૧૦૯, સાંઈ એવન્યુ, ગેલેક્સી સિનેમા સામે, નેશનલ હાઈવે નં. ૮, નરોડા, અમદાવાદ

એમને અત્યંત ગૂંચવણ ભરેલી લાગતી હોય છે. અમુક લોકો સતત ચિંતાગ્રસ્ત, ગુસ્સાવાળા અથવા ઉગ્ર, હિંસક બની જાય છે. અમુક વખતે અલ્ઝાઈમરના શિકાર લોકોને સેવા મદદનીશની જરૂર પડે છે જે ઘરે અથવા હૉસ્પિટલ (નર્સિંગ હોમ)માં તેમની તમામ જરૂરિયાતો પૂરી કરવામાં મદદરૂપ બને (ભોજન કરાવવા માટે, સ્નાન કરાવવા માટે વગેરે).

**◆ અલ્ઝાઈમર રોગનાં સંકેતો કયા ?**

અલ્ઝાઈમર રોગનાં લક્ષણો વિશે જાણી લેવું અત્યંત મહત્ત્વનું છે. જો તમને સંકેતો વિશે જાણકારી હશે તો તમે તાત્કાલિક યોગ્ય મદદ મેળવી શકશો. અલ્ઝાઈમરના રોગનાં આરંભિક લક્ષણો અને રોગ થયા પછીનાં લક્ષણોની યાદી નીચે મુજબ છે :

**◆ વહેલાં લક્ષણો**

– હાલની ઘટનાઓ યાદ રાખવામાં મુશ્કેલી પડે.
– લોકોનાં નામ અને સ્થળોનાં નામ યાદ રાખવામાં મુશ્કેલી પડે.
– ગણિતનાં સર્વસામાન્ય દાખલા ઉકેલવામાં તકલીફ.

**◆ પછીનાં લક્ષણો**

– હાથ કેવી રીતે ઘસીને સાફ રાખવા અથવા વાળ કેવી રીતે ઓળવા એ ભૂલી જવું.
– સર્વ સામાન્ય ચીજ વસ્તુઓ જેવી કે ટેબલ, ઘર, સફરજન વગેરેનાં નામ ભૂલી જવા.
– ઘરથી દૂર ભટક્યા કરવું.

**◆ વહેલામાં વહેલી તકે ડૉક્ટરને મળો :**

જો તમને કે તમારા પરિવારમાંથી કોઈને એવો અનુભવ થાય કે તમારા ભૂલી જવાને કારણે તમારા સામાન્ય જીવનમાં ખલેલ પડે છે તો, તાત્કાલિક ડૉક્ટરને મળવું જોઈએ. વહેલામાં વહેલી તકે ડૉક્ટરને મળવાથી એ જાણી શકાશે કે, તમારી ભૂલી જવાની અવસ્થાને માટે નિમિત્ત શું છે. જો તમને અલ્ઝાઈમર હોય તો, એ રોગ વિશે વહેલી જાણકારી મળવાથી તમને અને તમારા પરિવારને એ વિશે ચર્ચા કરી તમારા ઉપચાર અને કાળજી વિશે યોજના બનાવવા પૂરતો સમય મળશે.

તમારા અલ્ઝાઈમર રોગના નિદાન માટે તમારા ડૉક્ટર નિમ્નવર્ણવેલ કરશે :

– તમારા સામાન્ય સ્વાસ્થ્યની તપાસ કરશે.
– તમારા પરિવારના સ્વાસ્થ્ય વિશે તમને પ્રશ્નો પૂછશે.
– તમારા પરિવારના કોઈ સભ્ય સાથે તમારી ભૂલવાની સમસ્યા વિશે વાત કરશે.
– એ વિશે પણ જાણશે કે વાહન હંકારવા, ચેક લખવા અને પરિવાર તથા મિત્રો સાથે ચર્ચા વિચારણા જેવાં રોજિંદાં કામો તમે કેટલી સારી રીતે કરી શકો છો.
– તમારી યાદશક્તિ, સવાલોના જવાબો શોધવાની, ગણતરી કરવાની અને ભાષાની યોગ્યતા વિશે પરીક્ષા લેશે.
– તમારા રક્ત અને મૂત્રની તપાસ કરવા જેવા તબીબી પરીક્ષણ કરાશે.
– મસ્તિષ્કનું સૂક્ષ્મ પરીક્ષણ, જે સીએટી સ્કૅન તરીકે પણ ઓળખાય છે; એ કરાશે જે દ્વારા તમારા મગજનું ચિત્ર જોઈ શકાશે.

**◆ અલ્ઝાઈમર રોગનો ઉપચાર કયો છે ?**

અલ્ઝાઈમર રોગના ઉપચાર માટે દવાઓ ઉપલબ્ધ છે, પરંતુ તેનો કોઈ કાયમી ઇલાજ નથી. અમુક દવાઓ છે જે તમારી સ્મૃતિ લુપ્ત થવા અને અન્ય લક્ષણોને વધુ વકરતાં થોડા સમય માટે રોકી શકે છે. અલ્ઝાઈમર રોગ જલદી પરખાઈ જતાં, આ દવાઓ વધુ સારી અસર દર્શાવે છે. આ દવાઓ તમને સારી

ઊંઘ આવે એ માટે, તમારી ચિંતા ઓછી થાય એ માટે તથા તમે ઓછી તાણ અનુભવો એ માટે મદદરૂપ બને છે. આ દવાઓ પ્રત્યક્ષ રીતે ઉપચાર નથી કરતી પરંતુ માત્ર તમે સારું અનુભવો એ માટે મદદરૂપ બને છે.

**◆ શું અલ્ઝાઈમર રોગને અટકાવી શકાય છે ?**

અલ્ઝાઈમર રોગનું મૂળ કારણ હજી સુધી અજ્ઞાત છે એટલે એને અટકાવવા વિશે આશ્વાસન આપવા સિવાય બીજી કોઈ ખાતરી આપી શકાય નહીં. આની શોધ દરમિયાન પૂર્ણ રીતે નિયંત્રિત કરી શકાય એવાં અમુક જોખમી તત્ત્વો વિશે જાણવા મળ્યું છે, એટલે અમુક બાબતો તમારા જીવનમાં અપનાવી લેવી તમારા માટે હિતાવહ રહેશે. જેવી કે માનસિક અને શારીરિક રીતે સક્રિય રહેવું, સામાન્ય બ્લડ પ્રેશર જાળવી રાખવું તથા સીટ બેલ્ટ (કમરપટો) અને હેલ્મેટ પહેરવાથી, માથા પર થતી ઈજા ને ટાળી શકાય છે. આમ કરવાથી તમને અલ્ઝાઈમરનું ડિમેન્શિઆ થવાની શક્યતાઓ ઘટી જાય છે. આ યાદ રાખવું જરૂરી છે કે અલ્ઝાઈમરનાં રોગ સિવાય પણ ડિમેન્શિઆનાં ઘણાં કારણો હોઈ શકે છે. આ તમામ લક્ષણોને યોગ્ય પ્રમાણમાં આહાર અને વ્યાયામથી તેમજ ધૂમ્રપાન છોડી દઈ તથા દારૂની માત્રા મર્યાદિત કરી રોકી શકાય છે. તમારા ડૉક્ટર તમને ડિમેન્શિઆને રોકવા માટે જરૂરી એવી સ્વાસ્થ્યવર્ધક જીવનશૈલી અપનાવવાની સલાહ આપી શકે છે.

**◆ અલ્ઝાઈમર રોગ પર થતી શોધ વિશે જાણવા જેવું શું છે ?**

આ રોગના નીતનવા ઉપચારો શોધી કાઢવા માટે સંશોધકો અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. અલ્ઝાઈમરના ઉપચાર માટે વધુ સારી પદ્ધતિ શીખવા માટે તેઓ સ્મૃતિ સમસ્યાના શિકાર અર્થાત્ યાદશક્તિ સાથે સંકળાયેલ સમસ્યાઓના શિકાર લોકો સાથે મળીને સંશોધન કરી રહ્યા છે. તેઓ આ રોગ રોકવા માટેના, અને ધીમો કરતા તથા લક્ષણો ઘટાડવા માટેના પ્રયત્નો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

**◆ હું અલ્ઝાઈમરનો શિકાર હોવાનું નિદાન હાલમાં જ થયું છે. શું હું સ્વતંત્ર રીતે જીવી શકીશ ખરો ?**

પાછલા અમુક વર્ષોમાં, અલ્ઝાઈમરનાં રોગની સારવાર માટે ઘણી નવી પદ્ધતિઓ અને બાબતોની જાણકારી મળી છે. વહેલામાં વહેલી તકે રોગનું નિદાન કરવામાં આવે અને યોગ્ય દવાઓના ઉપયોગ દ્વારા અલ્ઝાઈમરના રોગના આક્રમણને પાછળ ઠેલી શકાય છે. (ઉગ્રતાને ઓછી કરી શકાય છે.) હાલમાં તો તમે તમારું સ્વાસ્થ્ય અને સ્વતંત્રતા જાળવી રાખવા સક્રિય રહો અને :

- નિયમિત રીતે તમારા ડૉક્ટરની મુલાકાત લો.
- દવાઓ નિયંત્રિત રીતે લો. મદદ માટે ટાઈમર ખરીદો તથા પોતાના પરિવારના સભ્યોની સૂચિ બનાવી સાથે રાખો.
- સ્વસ્થ, સંતુલિત આહાર લેવાની કોશિશ કરો.
- રોજ કસરત કરો
- મદિરા સેવન ન કરો.

**◆ હું શું ડ્રાઈવિંગ કરી શકું ?**

અલ્ઝાઈમર રોગના શિકાર હોવાનું નિદાન થવાનો અર્થ એ નથી થતો કે તમારું ડ્રાઈવિંગ લાયસન્સ તરત જ રદ કરવામાં આવશે. પરંતુ દરદીએ પોતે, તેના પરિવારના સભ્યોએ તેના ડૉક્ટરે, દરદીની ડ્રાઈવિંગ ક્ષમતા પર ચાંપતી નજર રાખવી જોઈએ. ડિમેન્શિયાના શિકાર વાહનચાલકો સામાન્ય રીતે નિમ્નવર્ણવેલ ભૂલો કરતા હોય છે :

- ખોટી ઝડપે ગાડી હંકારવી.
- દિશા-નિર્દેશોને વાંચી ગૂંચવાઈ જવું.
- ગાડીનાં કદ અને આકાર તથા રોડનાં આકાર તથા કદ વિશે અનુમાન બાંધવામાં ભૂલો કરવી
- એક્સીલેટર અને બ્રેક પેડલ વચ્ચે હંમેશ ભૂલ કરવી.

સ્પષ્ટ શબ્દોમાં કહી શકાય કે આ લક્ષણો ડ્રાયવર અને રસ્તા પર ચાલનારા રાહદારીઓ બન્ને માટે જોખમી હોઈ શકે છે. અલ્ઝાઈમરના દરદીઓ પાસે યાત્રા માટે ડ્રાઇવિંગ સિવાયના પણ ઘણા વિકલ્પો છે :

– એમની દેખરેખ રાખવા માટે સ્થાનિક ટેક્સી-ચાલકો સાથે વાતચીત કરી શકાય છે.
– મિત્રો અને પરિવારના સભ્યો વારાફરતી તેમને બહાર લઈ જઈ શકે છે.
– ડિમેન્શિઆની શરૂઆતની અવસ્થામાં અને વ્યક્તિનું એ યંત્રણા સાથે રૂબરૂ થયા બાદ, જાણકારી મેળવી લીધા બાદ તે સાર્વજનિક વાહન-યંત્રણાનો ઉપયોગ કરી શકે છે.
– મેડિકલ અને વ્યક્તિગત જરૂરિયાતો ઘરે જ પહોંચાડી શકાય છે.
– મિત્રો અને પરિવારના સભ્યો, નિયમિત રૂપે હળવા-મળવાનું આયોજન કરી શકે છે.

ડૉક્ટરની સલાહ માની, તેનો અમલ કરી અને ડ્રાઇવિંગ પર પોતાની નિર્ભરતા ઘટાડી લાંબો સમય સુરક્ષિત રહો.

**◆ હું મારા રોગનાં માનસિક પ્રભાવોની સાથે કેવી રીતે નિભાવી શકું ?**

એક વાર અલ્ઝાઈમરનાં શિકાર હોવાનું નિદાન થઈ જાય એ પછી વ્યક્તિના મગજમાં વિચારોનું ઘમાસાણ મચતું હોય છે. નકારાત્મક મનોભાવોથી, ક્રોધની ભાવના અને ક્રોધથી ઉદાસીનતા સુધી, આ તમામ મનોદશાનો સામનો કરવો પડી શકે છે. તમારી ઉત્તેજના અને ઉદાસીનતા, હતાશાની ભાવનાઓને શાંત કરવા નિમ્નવર્ણવેલ ક્રિયાઓ કરો :

– કોઈ જર્નલ લખવી શરૂ કરો અથવા કોઈ રચનાત્મક પ્રવૃત્તિમાં મન પરોવો.
– વ્યક્તિગત અથવા માનસિક સલાહકાર પાસે સલાહ લો.
– જ્યાં સુધી શક્ય હોય, પોતાની અનુસાર દરેક પ્રવૃત્તિઓ કરો.

પોતાના રોગના નિદાન વિશે તમારી પોતાની પ્રતિક્રિયાઓ અને મનોદશાનું વહન સ્વાભાવિક છે, પરંતુ તમે એમાંથી મુક્તિ મેળવી શકો છો. તમે તમારા ડૉક્ટરને હતાશા, ઉદાસીનતા, ક્રોધ અથવા નિરાશા વગેરે મનોદશા વિશે હંમેશા અવગત કરાવતા રહો. રોગને નિયંત્રિત કરવા માટે બીજાઓ સાથે ચર્ચા-વિચારણા કરવી એ પ્રથમ પગલું છે.

**◆ હું મારા ભવિષ્યની યોજના કેવી રીતે બનાવી શકું ?**

આ રોગ સમય સાથે વૃદ્ધિ પામે છે, એટલે અલ્ઝાઈમરના નવા રોગીઓ પાસે પોતાની ખાનગી અને આર્થિક જિંદગીને સુનિયોજિત કરવા માટે પૂરતો સમય હોય છે. હવે આ યોગ્ય સમય છે નિમ્નવર્ણવેલને તદ્દન નિયંત્રિત કરવાનો,

– તમારી આર્થિક વ્યવસ્થા કરી લો.
– તમારા કોઈ પણ મિત્ર અથવા પરિવારના સભ્યને આર્થિક અને વ્યક્તિગત નિર્ણયો લેવાની સત્તા આપો.
– પોતાના પરિવારના કોઈ સભ્યને અથવા નજીકના મિત્રને પાવર ઑફ એટર્ની આપો.
– દીર્ઘકાળ સુધીની સારવાર માટેની તમારી ઈચ્છાઓ જણાવી દો.
– ઘરે, સેવાઓ આપનાર સ્થાનીય સંસ્થાઓ અને નર્સિંગ હોમ વિશે તપાસ કરી લો.
– પરિવારના સભ્યોને અથવા મિત્રોને પત્ર લખો અથવા ફોન કરો.
– તમારા વકીલને મળો અને તમારા વિલને મરજી મુજબ તૈયાર કરો.

આ તમામ કાર્યો માત્ર ઉત્તમ જ નહીં પરંતુ મુશ્કેલીભર્યા સમયમાં તમને માનસિક શાંતિ પણ આપશે.

◆ **મારે મારા પરિવારજનોને, મિત્રોને અને સહકર્મીઓને શું કહેવું જોઈએ ?**

અલ્ઝાઇમર રોગ વિશેની માહિતી સૌને જણાવવાથી અને પોતાના રોગના નિદાન માટે સૌને જણાવવાથી તમારા મિત્રોને અને તમારા પરિવારને તમને હર સંભવ સહયોગ આપવામાં મદદ મળશે પોતાની આજુબાજુના લોકોને આ રોગ વિશે શિક્ષિત કરવાથી, આ રોગ પ્રત્યે અને તમારા વર્તનમાં થયેલ પરિવર્તનને કારણે તેમને થઈ રહેલી ચિંતામાં ઘટાડો થશે. ક્યારેક આત્મીય અને અત્યંત વ્યક્તિગત બાબતો કોઈને કહેવી અત્યંત મુશ્કેલ હોય છે, એટલે એ પ્રક્રિયાને સરળ બનાવવા માટે નીચે કેટલાક નિર્દેશ આપેલા છે,

– જાણકાર બનો : જ્યારે તમે એમની સાથે વાતચીત કરો, પોતાના ડૉક્ટર પાસેથી બ્રોશર અને અન્ય જરૂરી માહિતી ભેગી કરો.
– પોતાના પ્રિયજનોને સહયોગ દેનાર શૈક્ષણિક ગ્રુપમાં ભાગ લેવા આમંત્રિત કરો.
– પોતાની ભાવનાઓ લોકોને જણાવો : પોતાના પ્રિયજનોને જણાવો કે તમે પોતે તમારા રોગના નિદાન માટે કેવી લાગણીઓ અનુભવી રહ્યા છો. એ રીતે એમને પણ પોતાની મનોદશા વિના સંકોચે જણાવવા પ્રોત્સાહિત કરો.
– પોતાના પ્રિયજનોને એ બાબતનું આશ્વાસન આપો કે તમે હજી પણ ઇચ્છો છો કે તેઓ તમારા જીવનમાં સામેલ રહે. એમને જણાવો કે તમે હજી પણ સામાજિક સમારોહ અને અવસરોમાં જવા માટે ઉત્સુક છો.

◆ **શું હું કામ કરવાનું ચાલુ રાખી શકું છું ?**

હજી સુધી કાર્યરત હોય એ અલ્ઝાઇમરના રોગીઓને અમુક વિકલ્પોનો સામનો કરવો પડતો હોય છે. પોતાની ક્રિયાની યોજના વિશે સૂચિત નિર્ણય લેવા માટે પૂરતો સમય લો. ઘણા ખરા અલ્ઝાઇમરના રોગીઓ પોતાનાં આ રચનાત્મક પગલાંઓ ભરી થોડો સમય વધુ સક્રિય રહી શકે છે !

– તમારી કામકાજ સંબંધી જીવનશૈલી વિશેનાં, સંબંધિત સલાહ સૂચનો માટે તમારા ડૉક્ટર સાથે વાતચીત કરો.
– તમારી સ્થિતિ સમજાવવા માટે તમારા માલિકને મળો.
– જરૂરી કામોને યાદ અપાવનાર રિમાઈન્ડર (વારંવાર યાદ કરાવ્યા કરે) નોટ્સ (યાદી) અને કેલેન્ડર જેવી પદ્ધતિ વિકસાવો.
– તમારી તબીબી અને નિવૃત્તિ યોજનાઓ તપાસી લો.
– જલદી નિવૃત્તિ લેવાની યોજના બતાવવી શરૂ કરી દો.

ખુલ્લી ચર્ચા-વિચારણા અને સામૂહિક શિક્ષણ, સૌને તમારા જીવનમાં સામેલ કરવામાં મદદ કરી શકે છે.

◆ **પોતાના ડૉક્ટર સાથે વાતચીત કરવા માટે શું સૂચનો છે ?**

તમારા રોગના પ્રભાવોને સંભાળવા, લેવા જરૂરી આરંભિક પગલાંઓમાં પોતાના રોગને સમજવો અને પોતાના ડૉક્ટર સાથે વાતચીત કરવી વગેરે છે. અહીં અમુક બાબતો આપેલી છે જે તમારી, તમારા ડૉક્ટર સાથેની વાતચીતને અત્યંત સરળ બનાવી દેશે :

– પોતાના મિત્રને પોતાની સાથે લાવો.
– પૂછવાના સવાલોની સૂચિ પહેલેથી તૈયાર રાખો.
– ડૉક્ટર દ્વારા અપાતા જવાબો અને ખુલાસાની નોંધ કરો.
– પોતાના સવાલો પૂછતાં ક્ષોભ ન અનુભવો અથવા જે વિશે ચર્ચા કરવાની હોય એ વિશે ગમે

ત્યાંથી માહિતી ભેગી કરી લો.

◆ **શું નર્સિંગ હોમ અત્યંત જરૂરી છે ?**

આ ખરેખર તો અત્યંત વ્યક્તિગત બાબત છે, સામાન્ય રીતે પોતાના પ્રિયજનને હૉસ્પિટલમાં દાખલ કરતાં દરેકે દરેક સ્વજનને ગ્લાનિનો અનુભવ થતો હોય છે. ઘર પર જ જો પૂર્ણ મદદ મળવાની, સુરક્ષાના ઉપાયો (સ્ટવમાંથી નોબ કાઢવા જેવા) અને આખા દિવસો સંભાળવા જેવા વિકલ્પોની સાથે ઘણા લાંબા સમય સુધી ઘર પર રહી શકાય છે. એક સારું નર્સિંગ હોમ, સુરક્ષિતતા અને સામાજિક વાર્તાલાપ પૂરો પાડી શકે છે જે આનંદ અને સુરક્ષા બન્ને આપે છે.

◆ **શું મારી દૃષ્ટિ સાથે સંકળાયેલ મારી સમસ્યાઓ મારા વર્તન પર અસર કરી શકે છે ?**

અલ્ઝાઈમરના ઘણા ખરા રોગીઓમાં દૃષ્ટિદોષની સમસ્યાઓ વિકસી શકે છે. એમને અમુક ચીજ વસ્તુઓ સાથે ટક્કર થવા, સાધારણ ચીજો ગોતવા, પોતાના ખાસ વાતાવરણમાં જ પોતાનો રસ્તો શોધવા, વાંચવા અથવા દાંત સાફ કરવા વગેરે જેવાં કામોમાં હાથ અને આંખો કે સામંજસ્ય જેવી તકલીફો થઈ શકે છે.

આસપાસના વાતાવરણમાં બદલાવ કરીને પણ તમે દૃષ્ટિદોષની સમસ્યાને હળવી કરી શકો છો. સામાન પર મોટા મોટા નિશાનો કરી અને વધુ પ્રકાશ આપે એવા વધુ વૉલ્ટેજવાળા બલ્બોનો ઉપયોગ કરી, આ દેખાવાની સમસ્યાને હળવી કરી શકાય છે.

◆ **દિવસનો સમય મારા વ્યવહારને કેવી રીતે પ્રભાવિત કરી શકે છે ?**

અલ્ઝાઈમર રોગના શિકાર ઘણા બધા રોગીઓનાં લક્ષણો સાંજના સમયે વધુ બગડી જતાં હોય છે. આને સામાન્ય રીતે ''સન ડાઉનિંગ'' કહેવાય છે. પૂર્ણ આરામ અને શાંત, આરામદાયક અને પૂર્ણ હવા-ઉજાસવાળા વાતાવરણથી ''સનડાઉનિંગ''ના પ્રભાવને હળવો કરવામાં મદદ મળે છે.

◆ **મારા માટે કઈ પ્રવૃત્તિઓ અત્યંત ઉત્તમ છે ?**

સામાન્ય પ્રવૃત્તિઓ તમારા માટે ઉત્તમ છે. જાણીતી પ્રવૃત્તિઓ જેવી કે કપડાંની ઘડી કરવી, લોટ વાળવો, અથવા બગીચામાં માળી કામ (માટી ખોદવી વગેરે) સુવિધાજનક હોઈ શકે છે. પાલતું જનાવરોને પાળવા, મનને શાંતિ અને આરામ આપે એવું સંગીત વગાડવું અને બગીચામાં છોડોની વાવણી વગેરે જેવાં કામો અંગે પણ વિચાર કરો. આ દરેક કાર્યોને નાના નાના તબક્કામાં વિભાજિત કરી દો. આ તમામ પ્રવૃત્તિઓને રોજીંદી પ્રવૃત્તિઓ સાથે સાંકળી લો.

◆ **મારે ક્યા પ્રકારની કસરતો કરવી જોઈએ ?**

તમને જે વ્યાયામ સરળ લાગતા હોય, તે જ કરો, ચાલવું, તરવું, ટેનિસ રમવું, નૃત્ય કરવું વગેરે અથવા બગીચામાં કામ કરવા જેવી પોતાની મનપસંદ પ્રવૃત્તિઓ કરવી એ ઉત્તમ પર્યાય છે, એ ધીરે ધીરે વધારો અને સત્યને સ્વીકારો.

◆ **મને એ બાબતની ખાતરી કેવી રીતે થઈ શકે કે હું યોગ્ય આહાર જ લઈ રહ્યો છું ?**

શક્ય હોય ત્યાં સુધી તમારા આહારને સરળ બનાવવો વધુ મદદગાર સાબિત થશે. અલગ અલગ પ્રકારની અનેક વાનગીઓ એક જ થાળીમાં પીરસાવી ન જોઈએ. જો માંસ પીરસવામાં આવ્યું હોય તો એ અલગ અલગ ટુકડાઓ કરેલ હોવું જોઈએ. દહીં, ઈંડા તથા દાળ જેવો નરમ આહાર પચવામાં સરળ હોઈ શકે છે.

◆ **મારી અવસ્થામાં પોષણ કેટલી મહત્ત્વની ભૂમિકા ભજવી શકે ?**

સામાન્ય રીતે ખાવા-પીવાનાં કારણોસર અલ્ઝાઈમર રોગ થયો હોવાની કોઈ વૈજ્ઞાનિક સાબિતીઓ હજી સુધી મળી નથી, પરંતુ શોધ દરમિયાન એ સ્પષ્ટ છે કે વિટામિન ઈ અલ્ઝાઈમર રોગનાં કેટલાંક પરિણામોનાં વિકાસને લગભગ ૭ મહિના સુધી ધીમો વિલંબિત કરી દે છે. કોઈ વિશ્વસનીય પુરાવા નથી,

પરંતુ અન્ય વિટામિન્સ અથવા પોષક તત્ત્વ અલ્ઝાઈમરના રોગોને રોકી, ફરી વાળી, હળવા-ધીમા કરી શકે છે અથવા એનાથી બચાવી પણ શકે છે.

તો પણ, સ્વસ્થ આહાર અલ્ઝાઇમરના રોગીઓ માટે મહત્ત્વપૂર્ણ છે. પોષણની ઊણપને કારણે વજન વધી અથવા ઘટી શકે છે. તથા ઉચ્ચ રક્તદાબ, ઉદાસીનતા, પરિશ્રમ, દાંતોની તકલીફ અથવા મળમૂત્ર પર નિયંત્રણ જેવી અનેક અન્ય સમસ્યાઓનું કારણ બની શકે છે.

**◆ રાતે સારી ઊંઘ આવે એ માટે શ્રેષ્ઠ ઉપાય કયો ?**

તમારા માટે પૂર્ણ આરામ સહિત. નિયમિત કાર્યક્રમ બનાવવો અત્યંત જરૂરી છે. દિવસે વ્યાયામ કરવાની બાબતને પ્રાધાન્ય આપો અને દિવસે સૂવાનો સમય સીમિત કરી નાખો. દિવસ ઢળતા કેફી પીણાં ઓછાં લો અને રાત્રે પણ સૂવાનો નિયમિત એક જ સમય નક્કી કરી લો.

અલ્ઝાઇમર્સ ડિમેન્શિઆનાં ચેતવણી આપતાં લક્ષણો :

૧. યાદશક્તિ ઓછી થવી.

૨. રોજબરોજના કામ કરવામાં પરેશાની.

૩. ભાષામાં તકલીફો.

૪. સમય અને જગ્યાનું અનુમાન ન રહેવું.

૫. અનુમાન લગાવવામાં ભૂલ અથવા ખામી.

૬. ચીજવસ્તુ ખોઈ નાખવી.

૭. સામાન્ય વિચારોમાં તકલીફો.

૮. મૂડ તથા વર્તનમાં બદલાવ.

૯. વ્યક્તિત્વમાં બદલાવ.

૧૦. પહેલ કરવામાં ખામી.

# ગ્રંથસમીક્ષા

**'ભગવદીયમ્'** (લેખ-સંગ્રહ), લેખક : પ્રિ. ડૉ. બહેચરભાઈ પટેલ. **પ્રકાશક :** લેખક પોતે, **પ્રકાશન-સ્થળ :** એ/૨, ઉદયગિરિ સોસાયટી, શ્રદ્ધા હાઈસ્કૂલ પાસે, જોધપુર, સેટેલાઈટ, અમદાવાદ-૧૫, **પ્રથમ આવૃત્તિ, વર્ષ :** ૨૦૧૩, **કિંમત :** રૂ. ૧૫૦/-

ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ લેખક, પ્રૌઢ વિવેચક, ગહન સામાજિક નિસ્બત તથા પ્રતિબદ્ધતા ધરાવતા ચિંતક અને અગ્રગણ્ય શિક્ષણશાસ્ત્રી ડૉ. બહેચરભાઈ પટેલ આ વખતે એક વિશિષ્ટ પ્રકારનો ગ્રંથ લઈને આપણી સમક્ષ ઉપસ્થિત થયા છે. 'ભગવદીયમ્' નામથી પ્રગટ થયેલો પ્રસ્તુત ગ્રંથ, લેખકના બાવીસ વિવેચનલેખોનો સંગ્રહ છે; અને તેમાં સમાવિષ્ટ જુદા જુદા લેખો સંસ્કૃત સાહિત્ય તથા ભારતીય દર્શનશાસ્ત્રને અનુલક્ષીને લખાયેલા છે. એક દૃષ્ટિએ આ લેખસંગ્રહ ડૉ. બહેચરભાઈ જેવા પીઢ વિદ્વાન તથા બહુશ્રુત સમાલોચકના એક નવા જ સ્વરૂપને આપણી સમક્ષ પ્રગટ કરે છે; અને એ સ્વરૂપ છે એમની સંસ્કૃત ભાષા-સાહિત્ય તથા ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની અનેરી નિષ્ઠાનું, જે આ સંગ્રહના વિવિધ લેખોમાં સુપેરે ઝળકી ઊઠે છે.

લેખકે પોતાની કેફિયતમાં જણાવ્યું છે તેમ, આ સંગ્રહના 'મોટા ભાગના લેખો, શ્રીમદ્ભગવદ્ગીતા, શ્રીમદ્ભાગવત અને ભારતીય ધર્મ-દર્શન વિશે છે તેથી ગ્રંથનું શીર્ષક 'ભગવદીયમ્' રાખ્યું છે... ''આરંભના છ લેખો શ્રીમદ્ભગવદ્ગીતાનાં છ વિવિધ પાસાંને અનુલક્ષીને લખાયેલા છે. તેમાં ૧. શ્રીમદ્ભગવદ્ગીતા : જ્ઞાનસમીક્ષા, ૨. ગીતાની ભૂમિકા : વિષાદયોગ, ૩. ગીતાની 'દિવ્યસંપત્તિ', ૪. ગીતાની 'યોગ' - ભાવના, ૫. 'નમીને, પ્રશ્ન પૂછીને, સેવીને જ્ઞાન પાત્ર તું' તથા ૬. શ્રીમદ્ભગવદ્ગીતા અને 'અખે ગીતા' જેવા વિષયોનું સમીક્ષાત્મક નિરૂપણ કરવામાં આવ્યું છે. ત્યાર પછીના ચાર લેખોમાં શ્રીમદ્ભાગવતનો દાર્શનિક વૈભવ તથા સાહિત્યિક રસાસ્વાદ બન્ને ઉજાગર થાય તેવા વિષયોની છણાવટ કરવામાં આવી છે : ૧. મહારસ અને મહાજ્ઞાનનું મહાકાવ્ય : શ્રીમદ્ ભાગવત, ૨, ભાગવતની જ્ઞાનમીમાંસા, ૩. ભાગવત ગીતાવલિ : રસાનુભૂતિ અને જ્ઞાનાનુભૂતિ અને ૪. ભાગવત સંપ્રદાય અને ભક્તિપ્રવાહ. વચ્ચે એક લેખમાં પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના જીવન અને વ્યક્તિત્વનો ભાવસભર આલેખ પ્રસ્તુત કરવામાં આવ્યો છે જે શ્રીમદ્ભગવદ્ગીતા તેમજ શ્રીમદ્ભાગવત એ બન્ને ગ્રંથોના સંદર્ભમાં ખૂબ જ ઔચિત્યપૂર્ણ કડીરૂપ બની રહે છે.

ભગવદ્ગીતા, ભાગવત અને શ્રીકૃષ્ણ એ ત્રણ વિષયોની સાધકબાધક ચર્ચા કર્યા પછી લેખકે પોતાને અત્યંત પ્રિય 'મુંડકોપનિષદ્' એટલે કે અથર્વવેદના શિરોવ્રતધારી ઉપાસકોના ઉપનિષદના તત્ત્વજ્ઞાનની હૃદયાવર્જક સમીક્ષા કરી છે. ત્યાર પછી, ઉપરોક્ત સર્વ વિષયોમાં અનુસ્યૂત વેદાન્તદર્શન મુખ્યત્વે શાંકરવેદાન્તનું મર્મગામી નિરૂપણ કરતા, શ્રી શંકરાચાર્યકૃત 'વિવેકચૂડામણિ'એ ગ્રંથનો અત્યંત સરળ ભાષામાં પણ સચોટ પરિચય કરાવ્યો છે; અને આ રીતે, ભારતીય ધર્મ-દર્શનની પ્રસ્થાનત્રયી અથવા પાયાની ધારણાઓના મહત્ત્વના ત્રણ આધારરૂપ ગ્રંથો - ઉપનિષદો, વેદાન્તસૂત્રો તથા ભગવદ્ગીતાની, જાણે કે, તત્ત્વલક્ષી પર્યેષણા પ્રસ્તુત કરી છે. આગળ જતાં 'શિવપુરાણ' અંતર્ગત આવતી, પાંચમી 'ઉમાસંહિતા'નું વિવરણ કરતાં લેખકે તેમાં નિરૂપિત ઉમાચરિત્રગત દુર્ગાસ્વરૂપોનો નિર્દેશ કર્યો છે અને ઉમા હેમવતીના પ્રાકટ્યની તેમજ શતાક્ષી વગેરે અવતારોની કથા પણ ઉલ્લેખી છે. વળી, દુર્ગા, ઉમા, પાર્વતી, સતી, જગદંબા, ભગવતી, પરામ્બા, પરમેશ્વરી, મહાકાલી, મહાલક્ષ્મી, મહિષાસુરમર્દિની, ચંડિકા, કાલિકા, સરસ્વતી આદિ વિવિધ રૂપોથી વિવિધ પ્રકારે ઓળખાતી શક્તિના સ્વરૂપની માહિતી પણ આપી છે. અવતારનો સિદ્ધાન્ત જેમ વિષ્ણુને તેમજ શિવને વિશે સાચો છે તેમ શક્તિને વિશે પણ સાચો છે; કેમકે, શક્તિના પણ વિવિધ અવતારો હોય છે. આ સર્વ બાબતોની વિસ્તારથી ચર્ચા કર્યા પછી લેખકે ''મા ઉમિયા : પાટીદારોની કુળદેવી''ની વાત કરીને લેખનો ઉપસંહાર કર્યો છે.

શક્તિનાં વિવિધ સ્વરૂપોનું વર્ણન કર્યા પછી લેખક, આગળના લેખ (૧૫)માં, 'શક્તિની ભક્તિ'ના સ્વરૂપની વાત માંડે છે અને ગુજરાતી સાહિત્ય-વિશેષતઃ, મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય કે જેના લેખક અઠંગ અભ્યાસી છે, તેમાં શક્તિની ભક્તિનું જે સબળ આલેખન થયું છે તેની વિસ્તારથી ચર્ચા કરે છે; એટલું જ નહિ, પણ ગુજરાતી શિષ્ટસાહિત્ય તથા લોકસાહિત્યમાં આ 'શક્તિભક્તિ' ખૂબ જ વ્યાપકપણે પ્રતિબિંબિત થઈ છે તેની સદૃષ્ટાંત ચર્ચા કરે છે.

ત્યારબાદ, શક્તિનું અવલંબન કરતા શક્તિસંપ્રદાયની વાત કરતાં કરતાં, લેખકે, ગુજરાતમાં જે શક્તિસ્વરૂપો પ્રચલિત છે અને જે શક્તિપીઠો સ્થપાઈ છે તેના પ્રભાવ તળે નવરાત્રિ, માતાજીની જાતર, ગરબા-ગરબી, નવચંડી, હોમહવન, ઉપવાસ, વ્રતો, ભવાઈ, યાત્રા ઇત્યાદિ વિવિધ ધાર્મિક સાંસ્કૃતિક સ્વરૂપો વિકસ્યાં છે અને જે અનેકવિધ લોકનૃત્યગીત-સંગીતના પ્રકારો ગુજરાતના લોકજીવનમાં ઓતપ્રોત થયા છે તેની પણ માહિતી આપી છે. અને શક્તિની ઉપાસના કાવ્યરૂપે, ગરબારૂપે, ગરબીરૂપે જે રીતે અભિવ્યક્ત થઈ છે, તેનાં જે લોકપ્રિય ઉદાહરણો મળે છે તે લેખમાં ટાંક્યાં છે. આ સંદર્ભમાં લેખકના, ''ગુજરાતનું મધ્યકાલીન ને અર્વાચીન જીવન અને સાહિત્ય ભક્તિભાવનાથી અને શક્તિભાવનાથી ભાવભીનું ને હર્યુંભર્યું છે''. એ શબ્દો, હૃદયસ્થ કરવા જેવા છે.

સ્વામિનારાયણ સંપ્રદાયની આચારસંહિતાને શબ્દસ્થ કરતી, આજ્ઞાપોથી જેવી 'શિક્ષાપત્રી'ને કેન્દ્રમાં રાખીને લખાયેલો એક આખો લેખ (૧૬) આ સંગ્રહમાં સમાવિષ્ટ થયો છે. એમાં લેખકે સ્વામિનારાયણ સંપ્રદાય, તેનું તત્ત્વજ્ઞાન, ધાર્મિક વિશિષ્ટતા, આચારસંહિતા આદિની સાથે સાથે આ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના ભવ્ય પુરુષાર્થનો પરિચય કરાવ્યો છે; અને, તેમણે રચેલા તથા સંપ્રદાયના અન્ય સંતોએ સર્જેલા સાહિત્યની સંક્ષેપમાં માહિતી આપી છે. પણ તેમનું મુખ્ય ધ્યાન 'શિક્ષાપત્રી'ની ભાષા, તેનું સ્વરૂપ, જીવન જીવવાના તેના નિયમોની યાદી, ભક્તોનાં લક્ષણો, સંપ્રદાયનાં શાસ્ત્રો, સુવચનો, નીતિવાક્યો, આજ્ઞાઓ, દૈવીસંપત્તિનું સ્વરૂપ તથા વિવરણ આદિ પર કેન્દ્રિત થયું છે. આ બધી બાબતોની ચર્ચા કરતાં લેખકે તુલનાત્મક અભિગમ અપનાવ્યો છે. સ્વામિનારાયણ સજ્જન જે વ્રતો, નિયમો આદિનું પાલન કરે છે ને જે આજ્ઞાઓને આચરણમાં ઉતારે છે તેવા પ્રકારનાં વ્રતો, નિયમો, આજ્ઞાઓ ઉપર અન્ય ધર્મ-સંપ્રદાયોમાં પણ ભાર મૂકવામાં આવે છે. જૈન ધર્મના ગુણો, બૌદ્ધોનો 'સમ્યક્' આચાર ધર્મ, ખ્રિસ્તી ધર્મની દસ આજ્ઞાઓ - Ten commandments, ભગવદ્ગીતામાં નિરૂપિત સ્થિતપ્રજ્ઞ આદિનાં ગુણચિત્રોનો પડઘો શિક્ષાપત્રીમાં પણ સંભળાય છે. આમ 'શિક્ષાપત્રી'માં વ્યાપક માનવધર્મ તથા સાધુસંતો તથા જનતાના વિશેષ સાંપ્રદાયિક આચારધર્મ બન્નેનો સમાવેશ થયો છે. આ બધા જ વિષયોની સમીક્ષા કરીને લેખકે સ્વામિનારાયણ ધર્મના ચારિત્ર્યલક્ષી અભિગમની પ્રશંસા કરી છે.

આ સંગ્રહનો એક બહુ જ નોંધપાત્ર તેમજ વિશિષ્ટ લેખ છે : ''સ્વામી સચ્ચિદાનંદકૃત ધર્મ-દર્શન-મીમાંસા'. આ લેખમાં ડૉ. બહેચરભાઈ પટેલની આધુનિક જીવનદૃષ્ટિનો તથા મૂલ્યબોધને વરેલી વિવેચનશૈલીનો આપણને સુંદર પરિચય સાંપડે છે. લેખ ઠીકઠીક લાંબો છે (પૃ. ૧૦૯-૧૨૬), કેમકે એમાં લેખકે સ્વામી સચ્ચિદાનંદજીનાં ધર્મ-દર્શન વિશેનાં, આધુનિક જીવનબોધ પ્રગટ કરતાં, તેમના મૌલિક તેમજ ક્રાન્તિકારી ઉપદેશને વાચા આપતાં, વિવિધ પુસ્તકો લઈને, દરેકની સ્વતંત્ર, તટસ્થ, સમભાવપૂર્ણ સમાલોચના કરી છે. આ બધાં પુસ્તકોના વિષયો વિધવિધ છે પણ તેમને સ્વામીજીનું સ્વતંત્ર જીવનદર્શન તથા લાક્ષણિક લેખનશૈલી 'એકત્વ' અર્પે છે. સ્વામીજીનાં નીચેનાં પુસ્તકોની સમીક્ષા આ લેખમાં સુલભ બને છે : ૧. ભારતીય દર્શનો (૧૯૭૯), ૨. શિવતત્ત્વનિર્દેશ (૧૯૮૧), ૩. સંસાર-રામાયણ (૧૯૮૪), ૪. શ્રી કૃષ્ણલીલારહસ્ય, ૫. વેદાન્ત-સમીક્ષા (૧૯૮૬), ૬. ધર્મ (૧૯૮૭), ૭. ગીતા અને આપણા પ્રશ્નો અને ૮. શું ઈશ્વર અવતાર લે છે ? (૧૯૮૯). આ આઠ પુસ્તકોમાં સ્વામીજીનો જે સુધારક, આધુનિકતાવાદી, માનવજીવનશૈલી, વિશ્વકલ્યાણલક્ષી, વાસ્તવવાદી, નિર્ભીક, નિખાલસ ઉપદેશ છે તેની ડૉ. બહેચરભાઈએ વિસ્તૃત, છણાવટ

કરી છે ને સ્વામીજીનાં મૌલિક, સ્વતંત્ર, તર્કસંગત અને પૂર્ણતઃ બૌદ્ધિક મંતવ્યોની સરાહના કરી છે.

આ લેખસંગ્રહના છેલ્લા પાંચ લેખો જુદાં જુદાં પાંચ પુસ્તકોની સમાલોચના કે સમીક્ષારૂપે છે. આમાંનો પ્રથમ સમીક્ષાલેખ ડૉ. પૂર્ણિમા શાહના, અમદાવાદના ભો.જે.અધ્યયન-સંશોધન વિદ્યાભવનના ઉપક્રમે અપાયેલા વ્યાખ્યાન પર આધારિત, લલિતકળાલક્ષી ગ્રંથ 'ભક્તિ-આંદોલન પ્રેરિત નાટ્યનૃત્ય પ્રકારોમાં ભક્તિરસ અને મધુરભાવ' વિશે છે. ''અમેરિકાની ડ્યૂક યુનિવર્સિટીમાં નૃત્યનાં પ્રાધ્યાપિકા, પ્રસિદ્ધ નૃત્યાંગના તથા સંગીત-નૃત્ય-નાટ્યનાં નિષ્ણાત વિદ્વાન હોવા ઉપરાંત ડૉ. પૂર્ણિમાબેન ભારતીય ભક્તિઆંદોલન તેમજ ભક્તિસાહિત્યનાં ઊંડાં અભ્યાસી તેમજ વિવેચક છે તેની પ્રતીતિ તેમનો પ્રસ્તુત ગ્રંથ કરાવે છે.'' ડૉ. બહેચરભાઈના મતે ''લેખિકાનો આશય નાટ્ય-નૃત્યમાં કેન્દ્રિત 'ભક્તિરસ' અને 'મધુરભાવ'ના મૂલગામી સંશોધન-અધ્યયનનો છે અને તે તેમણે રૂડી રીતે પાર પાડ્યો છે... વિશેષમાં ગુજરાતીમાં સર્વપ્રથમ તેમણે જ અલવાર-સાહિત્ય સાથે નાટ્યનૃત્યનું ઐતિહાસિક તથા ધાર્મિક અનુસંધાન સૂક્ષ્મતા તથા સાતત્યપૂર્વક નિરૂપ્યું છે તે તેમનું ગુજરાતી સાહિત્યને મૌલિક પ્રદાન છે'', એમ કહીને ડૉ બહેચરભાઈએ, ડૉ. પૂર્ણિમાબેનના ગ્રંથનાં છ પ્રકરણોની પ્રકરણવાર સમીક્ષા કરી છે અને 'ઉપસંહાર'માં પૂર્ણિમાબેને વર્તમાન નૃત્યાંગનાઓના પ્રદાનની વાત ચાલુ રાખી છે તેની પ્રશંસા કરી છે તથા નાટ્યનૃત્યમાં 'નટી'ની ભૂમિકાની પ્રાચીનતા અંગેની પૂર્ણિમાબેનની રજૂઆતને બિરદાવી છે; પણ, ગુજરાતમાં ફાલેલીફૂલેલી ભક્તિની ઉજ્જ્વળ પરંપરાને લેખિકાએ પોંખી નથી તેનો ડૉ. બહેચરભાઈએ વસવસો દર્શાવ્યો છે.

આગામી બે લેખો પણ લલિતકળાના બે પુસ્તકોની ડૉ. બહેચરભાઈએ કરેલી સમીક્ષાના રૂપમાં લખાયેલા છે. આ બન્ને લેખો, અભિનય વિશેનાં, આ લખનારનાં બે પુસ્તકો વિશે છે. આમાંનું પ્રથમ પુસ્તક અંગ્રેજીમાં છે અને તેનો વિષય છે સંસ્કૃત સાહિત્યશાસ્ત્રની સુપ્રસિદ્ધ 'અષ્ટનાયિકા'ઓ. 'The Eight Darlings of Indian Aesthetics'એ શીર્ષકથી પ્રગટ થયેલા આ પુસ્તકનું પ્રકાશન અમદાવાદની, નર્તનકલાને વરેલી 'પરંપરા ઍકેડેમી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ' એ સંસ્થાએ કર્યું છે. જ્યારે બીજા પુસ્તકનો વિષય છે. 'શ્રી નંદિકેશ્વરવિરચિત अभिनवदर्पणम्' જે ગુજરાતી અનુવાદ, મૂળ સંસ્કૃત પાઠ, વિસ્તૃત પ્રસ્તાવના, સચિત્ર અભિનયમુદ્રાઓ તથા સંક્ષિપ્ત ટિપ્પણો સાથે 'સરસ્વતી પુસ્તક ભંડાર' દ્વારા પ્રકાશિત થયું છે. ડૉ. બહેચરભાઈએ નાટ્યનૃત્ય તથા અભિનયલક્ષી આ બન્ને પુસ્તકોની પૂરી સજ્જતાથી, સંપૂર્ણ નિપુણતાથી, હૃદયના ઉમળકાથી, સાધકબાધક તથા ઉષ્માપૂર્ણ વિવેચના પ્રસ્તુત કરી છે અને એ રીતે, એ બન્ને પુસ્તકોના લેખક તથા પ્રકાશનને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. આ સંગ્રહના છેલ્લા બે લેખો પણ, શ્રી જગદીશભાઈ ત્રિપાઠીનાં બે પુસ્તકો - 'પૂર્ણપુરુષની વિભાવના' તથા 'મુક્તિમાર્ગની વિચારધારા'-ની પ્રસ્તાવનારૂપે અગાઉ પ્રકાશિત થયેલા છે. ડૉ. બહેચરભાઈએ વિશ્લેષણાત્મક વિવેચનપૂર્ણ સમીક્ષા દ્વારા એ બન્ને પુસ્તકોને આવકાર્યાં છે.

સમગ્ર રીતે જોતાં, 'ભગવદીયમ્'ના વિવિધ લેખોમાં ડૉ. બહેચરભાઈ પટેલનું ભારતીય દર્શનશાસ્ત્રનું તથા સંસ્કૃત સાહિત્યનું ઊંડું અધ્યયન-પરિશીલન સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થાય છે, એ તો ખરું જ. સાથે સાથે એ લેખોમાં, સર્વત્ર, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પર્યેષણા કરનાર એક પ્રૌઢ સંશોધકની તથા સાહિત્યમીમાંસાના એક અગ્રગણ્ય અભ્યાસીની છબી પણ મૂર્તિમંત થાય છે. વેદાન્ત જેવા ગહન વિષયને તદ્દન સરળ, પ્રાસાદિક શૈલીમાં સમજાવવાની અનેરી કળા લેખકને વરી છે. વળી, લલિતકળા તથા સાહિત્યશાસ્ત્રના વિષયોના વિવેચનની તેમની હથોટી પણ પ્રશંસનીય છે. આ પ્રકારનો વિશિષ્ટ અભ્યાસગ્રંથ પ્રગટ કરવા માટે ડૉ. બહેચરભાઈ આપણા અભિનંદનના અધિકારી છે.

**– ડૉ. અમૃત ઉપાધ્યાય**

# અહેવાલ

◆

**ડૉ. અમૃત ઉપાધ્યાય***

**'સત્રિય નૃત્ય'** વિશે પ્રખર નૃત્યવિવેચક પદ્મશ્રી ડૉ. સુનીલ કોઠારીનો વાર્તાલાપ.

નવમી ઑગસ્ટ, ૨૦૧૩ની સમી સાંજે, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે, સંસ્થાના હીરાલાલ ભગવતી સભાખંડમાં, પ્રખર નૃત્ય-વિવેચક પદ્મશ્રી ડૉ. સુનીલ કોઠારીએ આસામના 'સત્રિય' શાસ્ત્રીય નૃત્ય વિશે એક રસપ્રદ વાર્તાલાપ આપ્યો હતો. સળંગ દોઢ કલાક સુધી ચાલેલા આ દશ્ય-શ્રાવ્ય કાર્યક્રમમાં, ડૉ. સુનીલભાઈએ, ભારતના આઠમા શાસ્ત્રીય નૃત્યપ્રકાર 'સત્રિય નૃત્ય' વિશે અમૂલ્ય માહિતીનો જાણે ખજાનો ખુલ્લો મૂક્યો હતો.



ડૉ. સુનિલ કોઠારી ડાબી તરફ - લેખક સાથે

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના અધ્યક્ષપદે યોજાયેલા આ કાર્યક્રમના આરંભે, વિશ્વકોશ ટ્રસ્ટનાં વિદુષી કાર્યકર્ત્રી બહેનશ્રી પ્રીતિ શાહે, શ્રી સુનીલભાઈનો, વિશ્વવિખ્યાત નૃત્ય વિવેચક, પ્રખર નૃત્યેતિહાસકાર તથા કેન્દ્રીય સંગીતનાટક અકાદમી પુરસ્કૃત નૃત્યશાસ્ત્રી તરીકે પરિચય આપતાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમ માટે, આ પ્રસંગે ડૉ. કોઠારી જેવા વક્તા પ્રાપ્ત થયા તે અત્યંત આનંદ તથા ગૌરવની વાત છે.

ત્યાર પછી કવિશ્રી ચન્દ્રકાન્ત શેઠના હસ્તે, નાટ્યાચાર્ય શ્રી ચન્દ્રવદન ચીમનલાલ મહેતા તથા ડૉ. સુનીલ કોઠારીએ, જુગલબંધી રૂપે રચેલા, વિશ્વનાટ્યભ્રમણને લગતા, તેમના ગુજરાતી ગ્રંથનું વિમોચન થયું હતું. સાથે સાથે તાજેતરમાં જ (મે, ૨૦૧૩માં જ), દિલ્હી ખાતે, 'માર્ગ' (MĀRGA) જેવા, લલિતકળાને વરેલા, મુંબઈથી પ્રકાશિત થતા, સુપ્રસિદ્ધ અંગ્રેજી સામયિકની પ્રકાશક સંસ્થાએ પ્રકાશિત કરેલા, ડૉ. સુનીલ કોઠારીએ વર્ષોના પરિશ્રમથી તૈયાર કરેલા, 'સત્રિય નૃત્ય' વિશેના સચિત્ર, માતબર અંગ્રેજી ગ્રંથનો, સુજ્ઞ શ્રોતાસમુદાયને પરિચય કરાવવામાં આવ્યો હતો.

પછી, શ્રી ચં. ચી. મહેતા કે 'ચાંદામામા' સાથેના પોતાના સહવાસ તથા સહલેખનનો મુદ્દો લઈને શ્રી સુનીલભાઈએ પોતાનું સ્વાનુભાવરસિક, માહિતીસભર વક્તવ્ય શરૂ કર્યું હતું અને શુદ્ધ સરળ વાતચીતની ગુજરાતી ભાષા-શૈલીમાં ૧૯૫૮થી શરૂ થયેલી તેમની નૃત્યકળાયાત્રાનો, ઐતિહાસિક દૃષ્ટિબિંદુથી, માહિતીપૂર્ણ ચિતાર પ્રસ્તુત કર્યો હતો; જેમાં તેમનાં મુંબઈનાં, વડોદરાનાં, કલકત્તાનાં, દિલ્હીનાં, બલ્કે, વિશ્વભરનાં સ્થળોનાં સંસ્મરણો ઓતપ્રોત થયેલાં હતાં.

જો કે આ પ્રસંગે તેમણે મુખ્ય વાત તો, આપણા દેશના જુદા જુદા શાસ્ત્રીય નૃત્યપ્રકારોના સ્વરૂપ વિશે કરી હતી અને તેમાં મુખ્યત્વે મણિપુરી નૃત્યશૈલી તથા આસામની 'સત્રિય' નૃત્યશૈલીની સગોત્રતાનો મુદ્દો કેન્દ્રસ્થાને રહ્યો હતો. આની સાથે, ઓડિસ્સી નૃત્યને એક પ્લાસ્ટિક કળાશૈલીરૂપે રાષ્ટ્રીય સ્તરે શાસ્ત્રીય નૃત્યપ્રકાર તરીકે, જે માન્યતા મળી તેની વાત પણ વક્તાએ કરી હતી. પણ સૌથી વધુ લક્ષ તેમને સત્રિય નૃત્યકળા, તેની

* બી/૧૦૧-૧૦૨, સારાંશ ગ્રીન્સ, કેસરિયાજી નગર પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭

પરંપરા, તેના આશ્રમો, ગુરુઓ, સાહિત્ય, સંગીત, સંપ્રદાય, તાલીમ વગેરે પર કેન્દ્રિત કર્યું હતું અને યોગ્ય સમયે, પોતાના વક્તવ્યની પુષ્ટિ અર્થે, તેને સચિત્ર, સદષ્ટાંત, તાદશ, સચોટ કરવા માટે ચલચિત્રની મદદ લીધી હતી.

ઉપરોક્ત સર્વસાધારણ ભૂમિકારૂપ પ્રવચન પછી, શ્રી સુનીલભાઈએ 'સત્રિય' નૃત્યના સ્વરૂપની વિશિષ્ટતા કે શાસ્ત્રીયતા સમજાવવાના તેમના પ્રયાસોનો શબ્દો દ્વારા તથા તસવીરો દ્વારા ચિતાર આપ્યો હતો. આસામની આ મનોહર કળાશૈલીને રાષ્ટ્રીય સ્તરે લઈ આવીને, તેને ભારતની આઠમી નૃત્યશૈલી કે શાસ્ત્રીય નૃત્યના આઠમા પ્રકારરૂપે સ્થાપિત કરવાના એમના પોતાના તથા અન્ય કળાપ્રેમીઓના સન્નિષ્ઠ, પદ્ધતિસરના, વિદ્યા-દર્શન-સાહિત્ય-સંગીત-સંસ્કૃતિલક્ષી, સુદીર્ઘ, સબળ પ્રયાસોનો શ્રી સુનીલભાઈએ સવિસ્તર, સદષ્ટાન્ત ખ્યાલ આપ્યો હતો. વિશેષમાં, તેમણે આ સિદ્ધિ મેળવી તેમાં કળામર્મજ્ઞ મુલ્કરાજ આનંદ, ભૂપેન્દ્ર હજારિકા, વિવિધ સત્રોના ગુરુઓ, અન્ય નૃત્યવિવેચકો આદિનો જે પ્રોત્સાહક સાથ-સહયોગ મળ્યો હતો તેની પણ ખૂબ જ નિખાલસપણે વાત કરી હતી.

મૂળ વિષય પર આવતાં શ્રી સુનીલભાઈએ જણાવ્યું હતું કે 'સત્રિય' નૃત્યશૈલીને, રાષ્ટ્રીય સ્તરે, આઠમા નૃત્યપ્રકાર તરીકે માન્યતા આપવામાં જે વિલંબ થયો તેનાં કેટલાંક કારણોમાંનું એક કારણ હતું ત્યાંના લોકોની સુસ્તી. પછી બીજું કારણ હતું સ્થળની દુર્ગમતા. ઉપરાંત એ પ્રદેશની અજાણ ભાષા-સંસ્કારપ્રણાલી પણ અડચણરૂપ હતી. પણ આ તો માત્ર બાહ્ય કારણો હતાં. ખરું કારણ તો એ હતું કે જેમ મણિપુરી નૃત્યશૈલી માટે પ્રયાસ કરનાર ગુરુદેવ ટાગોર, મણિપુરી ગુરુઓ, મુંબઈની ઝવેરી બહેનો વગેરે હતાં તેવાં આ સત્રિય નૃત્યકળા માટે જહેમત ઉઠાવીને કામ કરનાર ઓછાં હતાં. પણ આ બધી નકારાત્મક બાબતોને અવગણીને ડૉ. સુનીલ કોઠારીએ લાંબો પરિશ્રમ કરીને, અનેક અવરોધો પાર કરીને, આસામી ભાષા શીખી લઈને બંગાળી, અંગ્રેજી, સંસ્કૃત વગેરેની મદદથી, ત્યાંના આશ્રમો, સ્થળો, મંદિરો, દુર્ગમ સ્થળો ખૂંદીને documentation, recording વગેરે કરીને સત્રિય નૃત્યની સંપૂર્ણકળાને, તેના આશ્રમગત મૂળ રૂપમાં તથા સુધારેલા અર્થાત્ proceneum stage પર રજૂ થઈ શકે તેવા રૂપમાં, લેખો દ્વારા, વક્તવ્યો દ્વારા, ફોટા દ્વારા રાષ્ટ્રીય સ્તરે રજૂ કરીને, છેવટે અવિનાશ પરિશ્વા જેવા વિશ્વવિખ્યાત છબીકાર (ફોટોગ્રાફર)નો સાથ લઈને, સત્રિય નૃત્યકળાની જે અજોડ સેવા કરી છે તેનું તેમણે નમ્રતાપૂર્વક બયાન કર્યું હતું.

પણ આ બધી વાતોમાં સૌથી રસિક વાત એ હતી કે, નૃત્ય જેવી દશ્યકળાની વાત, તેના પ્રયોગો દર્શાવ્યા સિવાય કદાપિ પૂરી ન થાય અને પ્રતીતિકર ન બને એ વાત લક્ષમાં રાખીને, એક અનુભવી નૃત્યવિવેચકને છાજે તેવી રીતે, ડૉ. સુનીલભાઈએ, પડદા પર ચલચિત્રરૂપે સત્રિય નૃત્યની તાલીમનાં અનોખાં દશ્યો નિદર્શનરૂપ પ્રસ્તુત કર્યાં હતાં અને શબ્દોમાં વિવરણ કરીને એ દશ્યો અથવા ચિત્રોની સમજૂતી આપી હતી. અને, આગળ જતાં, સત્રિય નૃત્યનો એક આખો પ્રયોગ-સમૂહમાં તથા duet રૂપે રજૂ કરીને, સત્રિયનૃત્યના સ્વરૂપનો ખરેખરો ખ્યાલ આપવામાં તેમણે પ્રશંસાપાત્ર સફળતા પ્રાપ્ત કરી હતી.

**સ્મરણાંજલિ**

# ગુજરાતના પ્રખર ઇતિહાસવિદ અને સંશોધનકાર સન્માનનીય પ્રાધ્યાપક ડૉ. રમણલાલ કક્કલદાસ ધારૈયા

(જન્મ : ૮-૧-૧૯૧૯. નિધન : ૩૦-૪-૨૦૧૩).

◆

ડૉ. અંજના શાહ*

ત્રણેક પેઢીના ઇતિહાસના અધ્યાપકો અને શિક્ષકોના ઘડવૈયા માનનીય ડૉ. આર.કે.ધારૈયાસાહેબનું તેમના વિદ્યાર્થીઓના હૃદયમંદિરમાં જે સ્થાન છે, તે અમર અને અવિસ્મરણીય છે. આજે પણ તેઓશ્રી ઇતિહાસના અધ્યાપકો માટે પ્રેરણાસ્રોત અને 'રેડી રેકનર' ની જેમ માર્ગદર્શક છે.

૮ જાન્યુઆરી, ૧૯૧૯ના રોજ જસદણ મુકામે જન્મેલા; રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં (જ્યાં ગાંધીજી પણ શિક્ષણ પામેલા) માધ્યમિક શિક્ષણ પામેલા અને બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા મુરબ્બીશ્રી ધારૈયાસાહેબે ભારતીય સંસ્કૃતિ અને ઇતિહાસ વિષય સાથે ડબલ એમ.એ.ની પદવી અને સરદાર પટેલ યુનિવર્સિટીમાં 'સાતમી સદીનું ભારત' વિષય ઉપર મહાનિબંધ તૈયાર કરી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી, અભ્યાસક્ષેત્રે તેજસ્વી કારકિર્દી પ્રસ્થાપિત કરી. એમ.એ. (ઇતિહાસ)માં સમાજવિદ્યાઓનાં જૂથમાં સર્વપ્રથમ આવી, ગુજરાત યુનિવર્સિટીમાં ૧૯૫૮માં શ્રી સી.એલ. સુવર્ણચંદ્રક મેળવવા સદ્ભાગી બનેલા.

આર. કે. ધારૈયાસાહેબે અમદાવાદની દીવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા, કાંકરિયામાં ૧૦ વર્ષ શિક્ષક તરીકે; ભરુચની જયેન્દ્રપુરી આર્ટ્સ-સાયન્સ કૉલેજમાં ૧ વર્ષ અને શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં ઇતિહાસ વિષયના વ્યાખ્યાતા તરીકે ૧૦ વર્ષ તેમજ ગુજરાત યુનિવર્સિટીના રીડર, પ્રાધ્યાપક અને અધ્યક્ષ તરીકે ૧૫ વર્ષ સુધી અધ્યાપન અને સંશોધન ક્ષેત્રે સેવાઓ આપી. એમની આ દીર્ઘકાલીન સેવાઓથી ગુજરાતનું શિક્ષણ જગત ઊજળું બન્યું છે. ગુજરાતના ઇતિહાસ વિષયના અધ્યાપકો, શિક્ષકો, સરકારી નાનામોટા ઑફિસરો અને સમાજ રાજકારણના અગ્રણીઓના તેઓશ્રી ઘડવૈયા હતા. વર્ષો સુધી તેમણે આઈ.એ.એસ.ની ''સ્પીપા'' ઍકેડેમીમાં સેવાઓ આપી હતી. તેમના માર્ગદર્શન હેઠળ નવ વિદ્યાર્થીઓએ સંશોધન મહાનિબંધ તૈયાર કરી પીએચ.ડી.ની પદવી મેળવી છે.

લેખન ક્ષેત્રે ડૉ. ધારૈયાસાહેબ જેટલું કાર્ય બહુ ઓછા અધ્યાપકોએ કર્યું છે. લગભગ સંશોધન કાર્યમાં ઉપયોગી થાય તેવા ૧૦ જેટલા સ્વતંત્ર ગ્રંથો; સહલેખક તરીકે ૧૫ થી વધુ પાઠ્યપુસ્તકો, પાંચેક જેટલા સંશોધન ગ્રંથો ઇત્યાદિ તેમનું અક્ષરદેહરૂપી મૂલ્યવાન પ્રદાન છે; જે સદીઓ સુધી અમર બની રહેશે. જૈફ વયે પણ ''પ્રવૃત્તિમાં નિવૃત્તિ'' વિતાવતા ધારૈયા સાહેબે જુદાં જુદાં પ્રસિદ્ધ સામયિકોમાં લેખો લખ્યા છે. તેમનું શિરમોર સમું સંશોધન કાર્ય ''Gujarat in 1857'' કહી શકાય અને ગ્રંથોમાં ''ઇતિહાસનું તત્ત્વજ્ઞાન તથા ઇતિહાસલેખન અભિગમ''ને પણ મૂકી શકાય.

પોઇન્ટ્સ અને નોટ્સ તૈયાર કર્યા વગર મુ. ધારૈયાસાહેબે ક્યારેય વર્ગમાં પગ મૂક્યો નહોતો; અને એ જ એક 'સાચા તથા સુસજ્જ અધ્યાપક'નું બિરુદ છે.

આજે ભલે ધારૈયા સાહેબ આપણી વચ્ચે નથી પરંતુ સૌ શિક્ષકો માટે તેઓશ્રી પ્રેરક અને પ્રોત્સાહક

* પ્રાધ્યાપક અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

તથા દીવાદાંડી સમાન છે.

**ડૉ. ધારૈયાસાહેબનું સંશોધન કાર્ય :**

૧. Gujarat in 1857; ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત - ૧૯૭૦. (U. G. C. grant)

૨. *Gandhiji and Social Change in Gujarat*. (1915-1940) U.G.C દ્વારા પુરસ્કૃત

૩. સૌરાષ્ટ્રનાં સ્વાતંત્ર્ય આંદોલનો : ભાગ ૧ (૧૮૫૭-૧૯૧૯), ભાગ ૨ (૧૯૨૦-૧૯૪૭)

**ગ્રંથલેખન**

૧. 'પ્રાચીન ભારતીય રાજ્યશાસ્ત્ર' (એમ.એ. માટે)

૨. 'ઐતિહાસિક પદ્ધતિ'

૩. 'ઇતિહાસનું તત્ત્વજ્ઞાન તથા ઇતિહાસલેખન અભિગમ' (એમ.એ. માટે). યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ દ્વારા પ્રકાશિત

૪. 'મધ્યપૂર્વનો ઇતિહાસ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ દ્વારા પ્રકાશિત.

૫. 'આધુનિક ભારતનો ઇતિહાસ તથા ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો' ભાગ ૧ (૧૮૮૫-૧૯૧૯), યુનિ. ગ્રંથનિર્માણ બૉર્ડ દ્વારા પ્રકાશિત

૬. 'આધુનિક ભારતનો ઇતિહાસ તથા ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો' ભાગ ૨ (૧૯૨૦-૧૯૪૭), યુનિ. ગ્રંથનિર્માણ બૉર્ડ દ્વારા પ્રકાશિત

૭. આઈ.એ.એસ. પ્રિલીમીનરી પરીક્ષા, ભાગ ૧ માટેનું પુસ્તક - લીબર્ટી પ્રકાશન (Indian History for u.p.s.c. Examination (Part I) (૧૯૯૨)

૮. 'પ્રાચીન ભારતીય રાજ્યશાસ્ત્ર અને સંસ્થાઓ'. (લીબર્ટી પ્રકાશન)

૯. 'પ્રાચીન ભારતનો ઇતિહાસ'

૧૦. 'ગ્રીસનો ઇતિહાસ'

૧૧. 'રોમનો ઇતિહાસ'

૧૨. 'અર્વાચીન યુરોપનો ઇતિહાસ'

૧૩. 'દૂરપૂર્વનો ઇતિહાસ' (ચીન અને જાપાનનો ઇતિહાસ)

૧૪. 'અર્વાચીન ભારતનો ઇતિહાસ' (ભાગ ૧)

૧૫. 'અર્વાચીન ભારતનો ઇતિહાસ' (ભાગ ૨)

૧૬. 'ભારતનો ઇતિહાસ' (મધ્યયુગ : સલ્તનત અને મુઘલ મરાઠાયુગ)

૧૭. 'મધ્યકાલીન ભારતનો ઇતિહાસ' (સલ્તનતયુગ)

૧૮. 'ગુજરાતનો ઇતિહાસ'

૧૯. 'અર્વાચીન અમેરિકાનો ઇતિહાસ'

૨૦. 'અર્વાચીન રશિયાનો ઇતિહાસ'

૨૧. 'ઐતિહાસિક નિબંધો'

૨૨. 'ભારતનો બંધારણીય ઇતિહાસ'

૨૩. 'આધુનિક વિશ્વનો ઇતિહાસ'

# ગુજરાત લોકકલા ફાઉન્ડેશન

ટ્રસ્ટ રજિ. નં. ઈ/૯૪૬૬

**જોરાવરસિંહ જાદવ**
મેનેજિંગ ટ્રસ્ટી

## *લોકકલાવિદ્ શ્રી જોરાવરસિંહ જાદવને ગુજરાત સરકારનો ગૌરવ પુરસ્કાર*

ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સ્થાપક, જાણીતા લોકકલાવિદ્, લોકસાહિત્યકાર અને લેખક શ્રી જોરાવરસિંહ જાદવની લોકકલાક્ષેત્રની પાંચ દાયકાની સંનિષ્ઠ સેવાઓની વિશેષ નોંધ લઈને ગુજરાત સરકારે ૨૦૧૨-૧૩ના વર્ષનો લોકકલા માટેનો ગૌરવ પુરસ્કાર જાહેર કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, લોકકલાને પોતાનું જીવન સમર્પિત કરીને ધરતીની ધૂળમાં રમનારા, ચીંથરેવીંટ્યા રતન જેવા અંતરિયાળ ગામડાંના અસંખ્ય કલાકારોને શ્રી જોરાવરસિંહજીએ વૈશ્વિક સ્તરે મૂકી આપ્યા છે. ગુજરાત સહિત દેશભરની મૃતઃપ્રાય થઈ રહેલી લોકકલાઓને એમણે પુનઃ ધબકતી કરી છે. ગ્રામ્ય લોકકલાકારોને મનોરંજન કાર્યક્રમો અને પ્રચાર માધ્યમો દ્વારા નગરોમાં પ્રસ્થાપિત કર્યા છે. આવા કલાકારોને રોટલો અને ઓટલો અપાવવા ભગીરથ પ્રયત્નો કર્યા છે. તેમના પ્રયાસોથી ભૂલાઈ ગયેલા ભવાઈ કલાકારોની ભૂંગળો પુનઃ વાગતી થઈ છે. ઉપરાંત રાજ્યભરના વિકલાંગ લોકકલાકારોને એમણે આંગળી પકડીને ઊભા કરી સમાજમાં ગૌરવપૂર્વક પ્રસ્થાપિત કર્યા છે. દેશ વિદેશમાં તેમની કલા રજૂ કરવા માટે જતા આવતા કર્યા છે. ગુજરાત લોકકલા ફાઉન્ડેશન સાથે આજે દેશભરના ૫૦૦૦ જેટલા લોકકલાકારો સંકળાયેલા છે, જેમના આર્થિક અને સામાજિક વિકાસ માટે એમનું ટ્રસ્ટ પ્રતિબદ્ધ છે. તથા ભારતીય પરંપરિત લોકકલા-લોકસંસ્કૃતિની વિરાસતને જાળવવા સતત કાર્યશીલ છે. શ્રી જોરાવરસિંહજીને એમના અમૃત મહોત્સવ વર્ષની પૂર્વ સંધ્યાએ હાર્દિક શુભકામનાઓ અને અભિનંદન.

---

**૨, પ્રોફેસર્સ કોલોની, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯**
**ફોન : ૦૦૯૧-૭૯-૨૭૯૧૧૯૯૦, ટેલીફેક્સ : ૦૭૯-૨૭૯૧૧૩૦૭. મો. ૯૮૨૪૦૨૮૩૨૬**

# નવીનચંદ્ર ગીરધરલાલ પારેખ

૧૪, શિવબાગ સોસાયટી, ભૈરવનાથ રોડ,
મણિનગર, અમદાવાદ - ૩૮૦૦૨૮
ફોન : ૦૭૯-૨૫૪૩૧૦૮૧. ફેક્સ : ૦૭૯-૨૫૮૯૩૮૯૬
E-mail : narenchemicals@rediffmail.com


૧૩-૮-૨૦૧૩

સૂર્યની ઉપાસના, સૂર્ય મંદિરો અને મૂર્તિઓ તથા સૂર્ય શક્તિના સંચય દ્વારા માનવકલ્યાણ જેવા મહત્ત્વના વિષયોને સ્પર્શતું પુસ્તક **''ઊગતા રહેજો ભાણ''**નું વિમોચન આપણા રાજયના મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૧૫-૭-૨૦૧૩ના રોજ કર્યું તે પ્રસંગની લાક્ષણિક તસ્વીર અત્રે પ્રસ્તુત છે. ઉપરોક્ત પ્રસંગે ડૉ. રસેશ જમીનદારના પુસ્તક 'ગુજરાતના સ્થળ નામોનો સાર્થ કોશ' તથા ડૉ. મકરંદ મહેતાના પુસ્તક 'ગુજરાતનો રજવાડી વારસો'નું પણ વિમોચન થયું હતું.

વધતી જતી ઉંમરને લક્ષમાં રાખ્યા વગર ત્રણ વર્ષ જેવા લાંબા સમય દરમિયાન જે કાંઈ પ્રાપ્ત થયું તેમાં ઘણા મહાનુભાવો તરફથી માર્ગદર્શન, સૂચનો તથા ખૂટતી માહિતીઓ વિષે દિશાસૂચનોનું પ્રદાન મને પ્રાપ્ત થયું. રૂબરૂ મળી આભાર અને આદર વ્યક્ત કરવાની પ્રબળ ઈચ્છા હોવા છતાં કથળતા જતા સ્વાસ્થ્યને લીધે પત્ર દ્વારા આપશ્રીએ અર્પેલા યોગદાનનો હું ઋણ સ્વીકાર કરી આભાર વ્યક્ત કરું છું.

પુસ્તક 'ઊગતા રહેજો ભાણ' ગુજરાત રાજયના 'પુરાતત્ત્વ ખાતું, અભિલેખાગાર ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૭'' દ્વારા પ્રકાશિત થયું છે.



**ડાબેથી ડૉ. રસેશ જમીનદાર, સાંસ્કૃતિક વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરા, શ્રી નવીનચંદ્ર, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, શ્રી ડાહ્યાભાઈ પટેલ અને ડૉ. મકરંદ મહેતા**



The Hutheesing Temple - The temple was completed by Harkuvar Sethani the wife of Sheth Kesrising Hatheesing who started building it in 1840. It shows three styles of Architecture The Solanki, The Islamik & Jain.



Sheth Kesrising Hatheesing



Harkuvar Sethani



*Mother & Child*



*Meera*



*Shringar*

(જુઓ નવીનચંદ્ર ડી. પારેખનો લેખ)



૧. સૌજન્ય : નલીની રાવ (અમેરિકા)
અશ્વોને બદલે સાત પક્ષીઓ (હંસ) દ્વારા જોડેલા રથમાં સૂર્ય
અને ગોળાકાર ધરી પર ગોઠવેલા આઠ ગ્રહોનો પાટ



૨. સૌજન્ય : એન. રામ. ફ્રન્ટ લાઈન
દ્વાદશ આદિત્ય



૩. સૂર્ય, વડોદરા



૪. સૌજન્ય : રવિ હજરનીસ, સૂર્ય સરખેજ



૫. ડૉ. ભાભાનું સૂર્ય શિલ્પ



૬. ભોળાદનો સૂર્ય - હાલ ધોળકામાં



(ચિત્ર ૧નો પક્ષીઓવાળો ભાગ)